અમૂલ્ય રત્નોનો ભંડાર અને બુદ્ધિનો સાગર

મનને આનંદ આપનારી અને રડતાને

હસાવનારી

# બીરબલ અને બાદશાહ

## ની અતિરસીલી અને અદ્ભુત વાર્તાઓ

**લખનાર**

**પીયોગી-કુન્તનપુરી .પી .**

**છપાવનાર**

**શાનારણલાલ મોતીલાલ બુકસેલર .,**

**રીચીરોડઅમદાવાદ--**

આવૃત્તિ ૧લી પ્રત ૪૨૦૦

સને ૧૯૧૨.

શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાંશા પ્રેમચંદ નાહાલચંદ-

તથા ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપી.

ઠે, ખાડીયા ગેટ.અમદાવાદ--

# અનુક્રમણિકા

## ભાગ પહેલો


- અકબર
- બીરબલ
- ઠગવા જતાં ઠગાણી
- તેરી ચુપ ઓર મેરી બી ચુપ
- કરણી તેવી ભરણી
- સમય સુચકતા
- ફાંસીને બદલે માન
- હાજર જવાબ
- બીરબલ સરસ કે તાનસેન ?
- મશ્કરીની મજાહ
- મનની મનમાં રહી
- જેને મુકી લાજ તેને નાનું સરખું રાજ


## ભાગ બીજો


- નફટ નોકર અને શેઠ
- એ પણ ખોયું અને તે પણ ખોયું
- બુદ્ધિનું પરાક્રમ
- તર્કશક્તિની ચમત્કૃતિ
- સમો વરતે તે સાવધાન
- પાપનો પ્રકાશ
- બોલનો તોલ
- અકલની કસોટી ?
- સત્યનો જય
- ઉદારતા
- ઊતરનો જવાબ

## ભાગ ત્રીજો


- બુધીશાળી કોને કેવો ?
- ચંદ્રાકાંતા અને બીલબલની ભેટ
- બગડેલી બાજી સુધારી
- વનો વેરિને વશ કરે છે
- કંકણ અને કેસની ગણત્રી
- ચોરની છત્રીશ કળા
- સબસે બડી ચુપ
- મહાન પુરૂષની માન્યતા
- ચમત્કૃતિ ભરેલો પ્રશ્ન
- પ્રાણ વ્હાલો કે પ્યાર !
- પરીક્ષકોની બલીહારી ?


## ભાગ ચોથો


- બે સ્ત્રીઓનો ઝઘડો
- સવાલ-જવાબ
- હસાવતો ઈનામ લે
- જેવી વાત તેવી રીત
- મરતાને બચાવે તે બહાદૂર
- હાનિકારક હાંશી
- બે ઘડીની મોજ
- એક અકલવાન હજારને હરાવે
- મ્હોટામાં મ્હોટું કોણ ?
- અમારા બેમાંથી કોણ મ્હોટું ?
- વિસામો કોને નથી ?
- સ્વર્ગ અને નરક કોણ પ્રાપ્ત કરે છે ?
- દીવા નીચે અંધારૂં
- આ બંને ઉદાશ કેમ ?
- બુદ્ધિવાન તેજ બળવાન

- તમારો ગુરૂ કોણ ?
- છેક હાથથી ગયો
- પેઠેલું લાકડું પાછું કઢાવ્યું

## ભાગ પાંચમો

- દેવા અને ભીમાનો ઝઘડો
- અમારા બેમાંથી ખાનદાન કોણ ?
- ચારમાંથી ચોર કોણ ?
- ફુલમાં કયું ફુલ મ્હોટું ?
- બગડી એ કેમ સુધરે ?
- ચાર ગુણવાળી સ્ત્રી
- રાઘુ તો મહા તપશ્વિ છે !

## ભાગ ૬ ઠો

- અકલ શું નથી કરી શકતી ?
- પાનમાં પાન કયું મહોટું ?
- નીમકહરામ કોણ ?
- રામ રાખે તેને કોણ ચાખે ?
- ખરાઅને ખોટા વચે કેટલો અંતર છે

## ભાગ ૭ મો

- આ ચોર કે શાહુકાર !
- દાન કરતી વખતે કોનો હાથ નીચે
- નદી શા માટે રડે છે ?
- સબસે બડા કોણ ?
- અકબરનો પ્રપંચ

## ભાગ આઠમો


- મનની મહોટાઈ
- અવગુણ ઉપર ગુણ
- દીકરાની વાત માએ કબુલ રાખી
- ઓરમાન ભાઈઓનો ઝઘડો
- રાજાના માથાનો મલ્યો
- ખરા નામની ખુબી
- મને મારો માલ અપાવો
- ચાર પહેલવાનોની માંગણી
- હજામની પરીક્ષા
- આ ઘોડો શું કહે છે ?
- સોબત તેવી અસર
- સમસ્યા સમજવી સહેલ નથી


## ભાગ નવમો


- અધર લટકતો મહેલ
- કવીની બલીહારી
- શું પ્રીયા રીસાઈ જાય છે ?
- ચોરાની ચતુરાઈ ચતુર આગળ ચાલે નહીં
- મીઠી મસકરી
- લક્ષ્મીપતી તે લાખેણો
- સવાલ જવાબ
- આ બેમાંથી ચોર કોણ ?
- ચીઠીઓ મુકવાની યુક્તી


## ભાગ ૧૦ મો


- ગળે પડુ ચાકરડી

- બીરબલ અને ગંગ કવી
- વાણી-વીનોદ ૧
- વાણી વીનોદ-૨
- વાણી વીનોદ-૩
- બહુ તરનારો પાણીમાંજ ડુબે
- બે ભેદ ભરેલા મુસાફરો
- હથેલીમાં હાથી ડુબ્યો


## ભાગ અગીયારમો


- દાંત આપ્યા છે તે ચાવણું આપશેજ
- ભાટનો દીકરો જન્મથીજ ભાટ
- સવા ગજની ચાદર
- મુર્ખની મીત્રતાઈ
- બ્રજ ભાષાની બલીહારી


## ભાગ બારમો


- વગર વિચાર્યું કરનાર પસ્તાય છે
- કાં પુતળું બાંધો કાં પુતળાં લો
- કીયા ન હોતો કર દેખો ?
- ઈનસાફની ખુબી
- જાત વિના ભાત પડે નહીં
- રાજાનો હજામ પણ ચાલાક હોય છે


## ભાગ તેરમો


- પાંચ સવાલના જવાબ
- અદલ ઈનસાફને હરતાલના પાણીમાં ધોઈ નાંખો

## ભાગ ચૌદમો


- શહાણાઓની પરીક્ષા
- બીન અકલી હજામ
- કાળી અને બીરબલ
- લંપટ વ્યસની
- અવલોકનની ખુબી


## ભાગ પંદરમો


- લાડ અને કપુર
- દુરીજનની દુષ્ટતા
- રંડીયોકા ચાર સદા ખુવાર
- શીપાઈ રૂપ શીશી


## ભાગ સોળમો


- સોનીની ચાલાકી
- કયો દેશ બેશરમી હશે ?
- બુદ્ધિની બાજી
- માટીમાંથી નીકળવું અને માટીમાં સમાવું


## ભાગ સતરમો


- ભમરો
- શું આ ધર્મશાળા છે ?
- આ સ્વપ્નું કેવું ?
- રાતે સાડલે રાંડ, પાશેર લઈ ગઈ ખાંડ
- જેનું ખાવું તેનું ગાવું
- પાણી અને અગ્નિ

- પોતાની માને કોણ ડાકણ કહેશે ?
- ભલાઈ કરતાં ભુંડાઇ કેમ થાય ?
- કીર્તિને કાળ ન ખાય
- કવીની કલ્પના
- આંધળો અને શાહ
- ચપટીમાં ઉરાડવું


## ભાગ અઢારમો


- પૃથ્વીનો મધ્ય ભાગ કયો ?
- ગપીદાસનો ગપ ગોલો
- વણીક કળા-૧
- વણીક કળા -૨
- શાહ અને વાણીઆઓ
- રૂપનું પુતળુ
- બહુ રૂપી ઠગ
- રમલ જોનારનું અપમાન

# ભાગ પહેલો

-0:0-

## અકબર

-0:0-

અકબર બાદશાહનો જન્મ વિક્રમ સંવત ૧૫૯૮ હીજરી સને ૧૯૨૯ તારીખ ૫ મી રજબ માસમાં રવિવાર ઇ. સ. ૧૪૫૨ ના અક્ટોબર મહીનાની તા. ૧૫ મીને દિવસે સિંધમાં આવેલા અમર કોટમાં થયો હતો. અકબરના બાપનું નામ હુમાયુ અને માતાનું નામ મરિયન મકાની ન્યાય બુ ને હમીદા હતું. રાજ રહિત બનેલો હુમાયુની બુરી દશાના વાગતા પડઘાની વખતે અકબરનો જન્મ થયો હતો. ઉગ્યાં તે આથમવાના છે. ખીલ્યાં તે કરમાવાનાજ છે. અને ચઢતી તેની પડતી છે. એજ હુમાયુ એક વખતે દીલ્લીના તખ્તપર બિરાજતો હતો પણ તેના કમનસિબના યોગે કરીને તે દુખરૂપી અખાતમાં પડી અતિશય દુખ સહન કરતો હતો. માટે કર્મની ગતી ન્યારી છે. વાસ્તે સંતપુરૂષોએ કહ્યું છે કે, 'ધન અધિકાર કે સંપતીનો મદ ન કરતાં સકળ જગત નાશવંત છે એવું સમજી સત્યસ્વરૂપ સચ્ચિદાનંદના યેશોગાન ગાવા.

હુમાયુએ પાછી કમર બાંધી અને દુશ્મનોની ઉપર ચઢાઇ કરી, દુશ્મનોને હરાવી સંવત ૧૬૬૧ માં દિલ્લીની રાજધાની પાછી મેળવી હતી. પણ નસીબમાં સુખ ભોગવવાનું ન હોવાથી ટુંક વખતમાં મેળવેલા સુખનો ત્યાગ કરી પોતાની કરણીનો જવાબ દેવાને ઇ. સ. ૧૫૫૬ ના જાનેવારી મહીનાની તારીખ ૨૪ મીને દીને ચાલી નીકળ્યો. તેના મરણ બાદ અકબરની ઉમ્મર ૧૩ વરસની હતી, તોપણ પોતે સારા સલાહકાર મંત્રી બહેરામખાંને રાજ્યનો તમામ કારભાર સોંપી રાજના અદલ ન્યાયને દીપાવતો હતો.

બહેરામખાંની ખરાબ ચાલ જોઇ અકબરે તેના હાથમાંથી રાજની તમામ સત્તા છીનવી લઇ પોતાના હાથમાં લીધી, તુરક અને પઠાણો પોતાના રાજમાં ઉંચા હોદ્દા ઉપર હતા. તેમને બહેરામખાંનો ભય દૂર થતાંજ તેઓ મુગલોને વેરી સમજી તેઓની સાથે ખટપટ અને પ્રપંચથી વરતવા લાગ્યા. તોપણ તેની તલભાર પરવા ન રાખતાં અકબરે પોતાની બુદ્ધિ બળના યોગે કરીને ક્ષત્રી અને યવનોને એક સરખા ગણી સરવેના મન જીતી લીધા અને શામ દામ દંડની યુક્તીથી દોસ્ત અને વેરીઓને વશ કરી લીધા. ટોડરમલ જેપુરના રાજા ભગવાનદાસજી અને જોધપુરના રાજા માનસીંહજી જેવા ચાલાક બુદ્ધિશાળી અને રણધીરોને ખુબ શીક્ષા આપી હરાવ્યા. પોતાના દેશની ચઢતી કળા કરવા માટે, પ્રજાને વિવેકી

બનાવવા વાસ્તે વિદ્યા હુન્નર વધારવા પુષ્કળ ધનની યાહુતી આપી પ્રજાને સુખરૂપ બનાવી દારૂ વ્યભિચાર, ગોવધ, સતી થવાનો, ગુલામ કરવાનો અને જજીઆ વેરો વગેરેના દુષ્ટ રીવાજો બંધ કરી પ્રાચીન ગ્રંથોના તરજુમાં ન્યાયના પુસ્તકો વગેરે લખાવી તેમજ કૃષિકાર વિદ્યા ગણિત, કાવ્યાદિક અનેક પ્રાચીન વિદ્યાને પુનઃ સજીવન કરી આર્યભૂમિને દીપાવી.

પ્રતાપી અકબરની દરબારમાં બીરબલ, ફઇજી, અબુફજલ, તાનસેન, ગંગકવિ, જગન્નાથ પંડિત વગેરે ઘણાજ હુંશીઆર કવીઓ અને બુદ્ધિમાન પુરૂષો શોભતા હતા. આવા મહાન પુરૂષોનો યોગ્ય સત્કાર કરી તેમની સાથે નિરંતર આનંદમાં કાળ ક્રમણ કરતો હતો. તે યવન છતાં સુર્યનો ઉપાસક હતો, એટલુંજ નહી પણ દરરોજ સુર્યના દર્શન કરી હાથમા માળા લઇ સુર્યનો પાઠ કર્યા પછી જ જમતો હતો. આહા ! સતસંગની કેવી બલિહારી છે !

એ શુરવીર ગુણવંત અને સરસ્વતિ મંદીરના દેવ રૂપ દેવાંસી નરને આજે પણ સર્વ કોઇ યાદ કરી હાલના વખતના કુબુદ્ધિવાળા રાજાઓને ધીકારે છે. એવો આ મુગલ કુલ દીવાકર અકબર બાદશાહ પણ પોતાના પુત્ર જહાંગીરને રાજ સોંપી આખરે ૬૨ વરસની વયે આ ફાની દુનીઆનો ત્યાગ કીધો.

-O-

# બીરબલ

હવે બુદ્ધિશાળી બીરબલનો જન્મ ક્યાં અને ક્યારે થયો? તેમજ તેણે કોની પાસે અભ્યાસ કર્યો? મુખ્ય નામ શું હતું? તે વિષે હજુ કશો પતો મળતો નથી. માત્ર એટલુંજ અજવાળામાં આવ્યું છે કે તેના બાપનું નામ મહિદાસ કીંવા શીવદાસ કે બ્રહ્મદાસ હતું. કેટલાક તેને બ્રહ્મ ભાટ અને કેટલાક બ્રાહ્મણ માને છે. પરંતુ ઘણાક દાખલા દલીલોથી સિદ્ધ થાય છે કે તે બ્રાહ્મણજ હતો, પરંતુ તે કઇ જાતિનો બ્રાહ્મણ હતો તે સાબીત થઇ શકતું નથી?

બીરબલ ગરીબ પણ કુલીન હતો, હિંદી, સંસ્કીત, ફારસી અને કાવ્યનું ઉંચું જ્ઞાન ધરાવતો હતો, તેમજ ઘણો ચંચલ, ચતુર, હાજર જવાબી, સમય સુચક, શુરવીર, દયાળુ અને ધર્માભિમાની હતો.

એકવાર બીરબલે વીચાર્યું કે, 'મેં બહુ પ્રયાસ વડે અનેક રત્નોનો ભંડાર એકઠો કીધો છે, પરંતુ તે અમુલ્ય રત્નોની પરીક્ષા કરનાર પુરૂષ મળે તોજ તેની ખુબી અને કીંમત પ્રસિદ્ધમાં પ્રકાશી નીકળે! મારી ખુબીઓને જાણનાર તો હાલમાં અકબર સીવાય મારા જોવામાં આવતો નથી. તે ગુણીજનોનો દાતાર અને કદરદાન છે, જેથી ત્યાં જવાની જરૂર છે, એવો વીચાર કરી બીરબલ દીલ્લીએ જઇ દાખલ થયો, તે વખતે તેની પાસે ફક્ત પાંચ રૂપીઆજ હતા. દીલ્લી શહેરનો ઠાઠ માઠ જોઇ બીરબલ ચકીત બની ગયો. આ રંગ બેરંગી નગરની દરબારમાં દાખલ થઇ શકે એવી દશામાં ન હોવાથી તેણે પોતાના મનને ગમતો પોશાક મેળવી મોટા આદમ્બરથી રાજ દરબારમાં દાખલ થવાને માટે છડીદારને અરજ કરી, પણ છડીદારે તેની દરકાર ન કરતાં બીરબલને દરબારની બહાર હાંકી કાઢ્યો! આ જોઇ બીરબલ વીચાર રૂપી સાગરમાં ડુબી ગોથાં ખાવા લાગ્યો. હવે શી રીતે બાદશાહની મુલાકાત લેવી! ગમે તેમ બનો, ગમે તેમ થાઓ, પણ પાછી પાની ભરવી નહીં. કામ કીધા વગર પાછું જવું એતો કાયર માણસનું કામ છે.

બીજે દિવસે બીરબલના જાણવામાં આવ્યું કે, 'દરરોજ સવારના પહોરમાં અકબર બે કલાક મહેલના ઝરૂખામાં બેસી દરેકની ફરીયાદ સાંભળે છે.' તેથી બીરબલે રાખ ચોળી, લંગોટી પહેરી, ફાટેલી ગોદડી અને તુટેલું તુમડું લઇ ઝરૂખા નીચે જઇ બુમ મારી કે 'ફરીયાદ! ફરીયાદ !! કરી બોલ્યો કે 'પાયા હીરા લાખકા, આયા બેચન કાજ, છીના લીયા છકડ લગા, ગોહરી દગાહી બાજ.' આ દુહો સાંભળી શાહે વીસ્મયતા સાથે પુછ્યું કે ' મારા નગરમાં તેવા કોણ શીતમગર છે?' ત્યારે બીરબલે અનેક કવીતાઓ ગાઇ શાહને ખુશ કીધો. શાહે તરત બીરબલને પોતાની પાસે બોલાવીને અમુલ પોષાક આપી દરરોજ પોતાની પાસે આવવાની પરવાનગી આપી. છેવટે બીરબલે રૂસવતખોર છડીદારની વાત જણાવી

જોહાકીદોર બંધ પડાવ્યા. કેટલીક વારતાઓ ઉપરથી શાહની સાથે બીરબલને બીજે પ્રકારે મુલાકાત થઇ હોય તેમ જણાય છે.

બીરબલની ઉંચા પ્રકારની કવીત્વ શક્તી જોઇ રાજાએ કવીરાયનો ખેતાબ આપી પ્રધાન મંડળમાં ઉંચી પદવી પર ચઢાવી રાજા બીરબલના ઇલકાબ અને નગરકોટની મોટી જાગીર આપી બીરબલની ચાતુરી અને તેની મધુરી અને રસીલી વારતાઓથી તેણે રાજાની પ્રીતી સંપાદન કરી હતી, અને તે વારતાઓ ઘેર ઘેર પ્રસરવાથી જગત જનમાં પ્રીય થઈ પડી છે. અને બીરબલના સહવાસથીજ હીંદુ ધર્મ ઉપર શાહની આસ્થા બેસવા પામી હતી.

બીરબલે કેટલીક લડાઇઓમાં વીરતા દરશાવી વેરીઓનો નાશ કરી વીજય ડંકો ગગડાવ્યો હતો. અફઘાનીસ્થાનના રોશનીઆ અને મુસુફગાઇ પઠાણ લોકોની સામે ચઢાઇ લઇ ગયો હતો અને મહા યુદ્ધ કરતાં કરતાં સંવત ૧૬૪૧માં તેનું અકસ્માત મરણ નીપજ્યું હતું અને અકસ્માત મરણની ખબર પડતાં શાહનું રૂદય વીંધાઇ ગયું હતું, એટલું જ નહીં પણ તેની દીલગીરી ઘણો સમય સુધી શાહના મનમાં નીવાસ કરી રહી હતી. એજ તેના મહાન્ ગુણોની ખાત્રી આપનાર દાખલો બસ છે! ૩૧૪ વરસ થયાં છતાં એ મહાન પુરૂષની રમુજ આપનારી વારતાઓ હજુ સુધી ભરતખંડમાં ફુલની સુગંધી પેરે પ્રસરી રહેલી છે.

-0-

પ્રીય વાંચક ! શહેનશાહ અને બીરબલ વચ્ચે અનેકવાર અનેક ચાનાક આપનારી અને શિક્ષણ આપનારી વારતાઓ થઇ છે તે વારતાઓનો એટલા બધો ભંડાર ભરપુર ભર્યો છે તે ઉલછતાં ખુટે એમ નથી. આ ભંડારમાંથી જે સાર ગ્રહણ કરવા લાયક વસ્તુઓ મળી આવી છે તે વાંચક તારી સન્મુખ રજુ કરૂં છું.

-0:0-

## વારતા ૧ લી

-0:0-

## ઠગવા જતા ઠગાણી.

### મધર મકોર હરાય કાઠી, તાસં બુદ્ધી ત્રીયાકી માઠી.

અકબરનાં અમલમાં દહાડે દહાડે બીરબલનું માન વધતું ગયું. તેમજ રાજા પણ બીરબલના જ્ઞાન બળથી અંજાઈ જવાથી પોતાના સ્નેહીઓની માફક તેને સદા ચાહતો હતો. બીરબલ પ્રત્યે અકબરનો ઘોડો પ્રેમ જોઇ અદેખાઓના દુષ્ટ અંતકરણમાં આગ સળગી ઉઠી. આ આગ ઓળવવાને અદેખાઓએ કાંઇ કચાસ રાખી નહોતી. આવા દુરાચરણીઓની દુષ્ટ ચાલ જોઇને અકબરે તેઓને અનેકવાર તેમ નહીં કરવાને શખ્તની સખ્ત ચેતવણી આપી ધુળ ભેગા કરી નાખ્યા હતાં. છતાં શેઠની શીખામણ ઝાંપા સુધી, કુતરાની પુંછડી ગમે તેટલીવાર જમીનમાં દાતો તોપણ વાંકી ને વાંકીજ, પડી ટેવી તેતો ટળે કેમ ટાળી. એ કહેતીને અનુસરીને તે અદેખાઓ પોતાની અદેખાઈની આનેશને ઓળવવા માટે વારંવાર હુરમ સાહેબના કાન ભંભેરતા કે, 'નામદાર ! જેમ એક જાદુગર પોતાની કળાથી જોનારના ચીતને ચોરી લે છે, તેમ આ બીરબલે પોતાની કળારૂપી જાદુના યોગે કરીને બાદશાહને આંજી નાખ્યો છે. બાદશાહ બીરબલ બીરબલ પોકારી રહ્યો છે, બીરબલ કહે તેજ ખરૂં. એમ આપના ભાઇને વજીરાત મળેલી જોઇ ઘણા ખુશી થયા હતા. પણ તે ખુશી ક્ષણવારમાં પાણીના પરપોટાની પેઠે નાશ પામી. આ જોઇ આખી સભા દુખમાં ડબાઇ ગઇ. એટલું જ નહીં પણ ભરસભાની અંદર આપના ભાઇને દીધેલો વજીરનો ઓછો છીનવી લઇ બીરબલને આપ્યો. એ થોડું અપમાન ! એ અપમાન અમને થયું નથી ! પણ આપના નામવરને થયું છે ? આનો વિચાર તમારે કરવાનોજ છે, આનો બદલો કેમ વાળવો તે તમારા હાથમાં છે. જ્યાં સુધી તમે બીરબલની સત્તા છીનવી લેશો નહીં ત્યાં સુધી તમારા ભાઇની ચઢતી કળાનો કદી ઉદય થનાર નથી ?' પોતાના ભાઇનું આવી રીતે અપમાન થયેલું સાંભળીને બહુ ખેદ પામી, વિચાર રૂપી સાગરમાં ડુબી ગઇ. પોતે હાથ પછાડીને કહ્યું

કે, 'આજે ભાઇનું અપમાન તો કાલે મારૂં અપમાન કરાવશે તો પછી મારે શું કરવું ? માટે વેરનો બદલો લેવો જોઇએ.'

એક દહાડો રાજા હુરમના મહેલમાં ગયો અને હુરમના કોમળ કંઠમાં હાથ નાંખી વીનોદની વાતો કરતો કરતો રતી રંગ રણ ભુવનમાં દાખલ થઇ આનંદની મોજ લુંટવા લાગ્યો. આ લીલાની તાનમાં તલ્લીન બનેલા રાજાનું મન હરી લઇને બીરબલને પાણીચું આપવાની યુક્તી રચીને તે બોલી કે, 'આપ આવી રીતે મને ચાહો છો અને પ્રીતીના પ્રવાહમાં ખેંચવા માટે મારી મનકામના પુરણ કરો છો, છતાં તેવા ઘાઢા પ્રેમના પ્રમાણમાં મારા મનને રમાડવામાં બહુજ ભેદ રાખોછો. આ શું ખોટું છે ? શું તમે સ્વાર્થ જેટલી સગાઈ રાખતા નથી ? આને સાચો પ્રેમ કોણ કહેશે ? એ શુદ્ધ પ્રેમની ખુબીનો પ્રકાશ ક્યાં છે? તમે ગમે તેમ મલકાંઓ પણ તમારા રદય મંદીરમાં વાસ કરી રહેલા શુદ્ધ પ્રેમનો પ્યાલો પીવાને હજુ હું નશીબવંત બની નથી. તો પછી આજ વૈભવને શું કરવાનો છે ? આ અમોલીક અલંકારો શું કરવાના છે ? એનો પ્રપંચી પ્રેમને આભારી છે. આવા પ્રપંચી પ્રેમનું સેવન કરવા કરતાં આ પ્રાણને પરલોક પાઠવી દેવો એ વધારે સારૂં છે.' આ પ્રમાણે હુરમે અનેક તરેહનાં ચરીત્રો કરી બતાવી રડવા લાગી. આ તરેહનો દેખાવ જોઇ રાજા અકળાઇ જઇ હુરમના મનને જીતી લેવા માટે અનેક યુક્તી રચીને કહ્યું કે, 'અહો દીલબર ? જરા આમ જો, મનની ઉદાસીને ઉરાડી નાખ ? આમ શા માટે અકળાય છે ? આ પ્રાણ તારા છે તારા પ્રાણ મારા છે, હું તને ચાહું છું અવરને ચાહતો નથી, છતાં કટુ વચનો કહી મારી છાતી શા માટે ભેદી નાંખે છે ? અટક હોય તો કાઢી નાંખ, અટકમાં, હું તારા દુખી દીલનું ઓશડ કરવા તત્પર છું, તો પછી શા માટે મનનું દુખમાં મનમાં સમાવે છે.' રાજાનાં આવાં વચનો સાંભળતાંજ રાણી તરત બોલી ઉઠી કે, હવે બસ કરો, બહુ થયું, આમ મીઠું મીઠું બોલી મને શું સમજાવો છો ? હું તો કેદીની સમજી ચુકી છું કે તમારી આગળ કશુંએ ચાલનાર નથી. જો તમે મારા માન મર્તબાની કદર બુજી હોત તો શું મારા ભાઇને આપેલો ઓદ્ધો પાછો છીનવી લેત ? જો મારા મનને રાજી રાખવું હોત, અને મને ખરા અંતઃકરણની લાગણીથી ચહાતા હો તો એકદમ બીરબલને આપેલો ઓદ્ધો છીનવી લઇ મારા ભાઇને આપો ? જો આમ નહીં કરો તો હું તરત ફાની દુનિયાનો ત્યાગ કરી દઇશ !' રાણીના આવા કઠોર શબ્દો સાંભળતાંજ રાજા દીગમુંઢ થઇ ગયો, અહા ! સ્ત્રીઓ કેવી અવર ચંડીલીઓ હોય છે ? કેવળ પોતાનો સ્વાર્થ સાધવા સારૂં સારા નરસાનો જરા પણ વીચાર ન કરતાં સર્વનું અકલ્યાણ કરવા યત્ન આદરે છે ? ધીકાર છે સ્ત્રી હઠને ? ભલે તેની હઠ પાર પમાડે તેની તલભાર પરવા નથી ? એક જશે તો એકવીશ આવશે, પણ તેની હલકી હઠને આધીન થઇ બીરબલ જેવા રત્નોનો તીરસ્કાર તો હરગીશ કરનાર નથી ? ક્યાં હાથી ને ક્યાં ઘોડો ? ક્યાં ગુણી ને ક્યાં અવગુણી ? રાંડોથી રાજ રહી શકે

એમ નથી ? રાંડોથી ગયેલી આબરૂ પાછી મેળવી શકાતી નથી ? તો પછી શા માટે રાણીને વશ થઇ બીરબલ જેવા વીરભદ્રનું અપમાન કરૂં ? એક રાણીના હઠને માટે આપેલા વચનને ફોક કરૂં ? વચન પાળે તે રાય ? બાકીનાનેતો બાયલાજ સમજવા ?' આવી રીતે મનને દ્રઢ કરીને અકબરે હુરમને ધમકાવીને કહ્યું કે , 'અરે હઠીલી તારી અકલ કેમ ગુમ થઇ ગઇ છે ? બુદ્ધીશાળી બીરબલ જેવા રાજસ્થંભને તોડી નાખવા કેમ તત્પર થઇ છે ? આવું ઉદ્ધત પગલું ભરવાથી કોને હાની થશે ? તેને માટે તેં કંઇ વીચાર કીધો છે? આંખ ઉઘાડી ઉંડાણમાં ઉતરી તપાસી જોયું છે ? બીરબલ જેટલી બુદ્ધિ તારા ભાઇમાં છે ? બીરબલ જેટલી શક્તી તારો ભાઇ ધરાવે છે ? હું કહુંછું કે બીરબલ જેટલી તારા ભાઈમાં નથી અને તું પણ સમજે છે તો પછી મારી આજ્ઞાનો અનાદર કરાવવા કેમ ઉન્મત બની છે ? આટલું કહેતાં પણ તું નહીં સમજીશ એમાં તારીજ ખુવારી છે. તારા હઠને ખાતર હું મારી અદલ રાજનીતી, ટેક અને નેકને એબ લગાડવા વીવેકી બીરબલનું અપમાન કરીશ નહીં.' રંગ છે અટંકી ગુણગ્રાહી નીતીવાન રાજાને !

કોઠી ધુવે કાદવ નીકલે ? બહુ તાણવા જતાં તુટી જશે એવો સમય જોઇને રાણીએ વીચારયું કે, 'આ તલમાં તેલ નથી. શહેનશાહની શુદ્ધ પ્રીતી બીરબલ ઉપર છે. તે મારી ખોટી ખડખડથી તુટવાની નથી તો પછી આડો રસ્તો લેવામાં શું લાભ છે ? એના કરતાં તો શાહને વશ કરી ઉપાય યોજીશ તોજ પાર પાડશે.' મન સાથે આવો ઠરાવ કરી હસ્તા મુખડે શાહને કહ્યું કે, 'તમારા અદલ ન્યાયની મને ખાત્રી થવાથી હું આપના અવીચલ પ્રેમને ધન્યવાદ આપું છું.'

અકબરે કહ્યું કે, 'જો આ તારા શબ્દો કપટ રહીત હશે તો તેથી હું ઘણો જ સંતોષ પામ્યો છું. હું તને શુચવું છું કે જો બીરબલનું બુદ્ધીબળ કોઇ પણ યુક્તીથી માત કરી શકો તેવો ઇલાજ શોધી કહાડો ? તો તમારા ભાઇને થયેલા અપમાનનો બદલો વળી શકે.' રાણીએ કહ્યું કે, 'જો આપનો વીચાર છે તો પછી મારી ક્યાં ના છે. લ્યો તારે ભલે થઇ જાય. જોઇએ કેવી ગમ્મત પડે છે ? આમ મારી ઉપર ગુસ્સો બતાવી કોપ ભુવનમાં નીવાસ કરો અને બીરબલને બોલાવીને કહો કે, આજે રાણી પોતાની મેળેજ આવી મને મનાવી જાય. જો આ યુક્તીમાં નહીં ફાવશો તો તમને આપવામાં આવેલો ઓદ્ધો પાછો છીનવી લેવામાં આવશે. આમ થશે તોજ મારી ટેક રહેશે. લાખ જતાં પણ શાખ રહેવી જોઇએ. માત્ર નોકનાજ નાણા છે, માટે જેમ બને તેમ જલદી કરો. જો બીરબલ મને સમજાવવા આવશે તોપણ હું સમજીશ નહીં, એઠલે પોતાની મેળેજ નીરાશ થઇ લજીત બની ચાલ્યો જશે. જો જો આપ આ ભેદ બીરબલને કહેશો નહીં.'

રાણીની આવી પ્રપંચ રચના જાણી શાહે વીચાર્યું કે, 'બીરબલ હરેક રીતે રાણીને સમજાવી મારી પાસે મોકલ્યા વીના રહેનાર જ નથી એવી મને પુરી ખાત્રી છે.' રાણીની આ કપટી ગોઠવણ અમલમાં મુકવા સારૂ દરબારી લોકો જાણે તેમ રાણીની સાથે તકરાર ઉઠાવી એકમેકથી છુટા પડ્યા. પછી અકબરે રાણીને સમજાવી લાવવા કહ્યું. આ આજ્ઞા થતાં જ બીરબલે વીચાર્યું કે એમાં શી મોટી વાત છે. ધણીધણીઆણીની તકરાર વધુ વખત નીભવાનીજ નથી. પરંતુ એની મેળેજ રાણી સાહેબ શાહને મનાવા જાય તેવી યુક્તી રચું તોજ મારૂં નામ બીરબલ ખરૂં ? એટલું કહી બીરબલ રાણીની સામે જઇ સલામ કરી ઉભો રહ્યો. બીરબલને આવેલો જોઇએ રાણી મન સાથે બડબડી કે, ;અરે ! મારા ભાઇનું માન ભંગ કરનાર આવી ચડ્યો છે, ખરેખર આજ એનો ઘાટ ઘડી નાખું? ઘણા દીવસથી માતેલા સાંઢની પેઠે જ્યાં ત્યાં માથું મારી સહુ કોઇને સેહમાં દબાવતો હતો. પરંતુ ઘણું કરે તે થોડાને માટે ?' આવા આવા તર્ક વિતર્ક કરી મનમાં કુલાતી હતી તેટલામાં બીરબલે કરી આપેલ સંકેત પ્રમાણે એક પટાવળો આવી કહેવા લાગ્યો કે, 'શાહે હુકમ ફરમાવ્યો છે કે થયેલી વાત મુજબ ફલાણો હેતુ જલદી પાર પાડવા ઠીક સંબંધ ધરાવે છે. માટે એ વિષે બીલકુલ બીજા યત્ન આદરશો નહીં, પણ આપણું ચીંતવેલું કામ જેમ જલદીથી સીદ્ધ થાય તેમ તે માટે ઝટપટ ધ્યાન આપવું, નહીં તો વચમાં કાંઇ રાજ ખટપટમાં વીઘન આવી પડશે.' એટલું કહી પટાવાળો ત્યાંથી ચાલી ગયો. પટાવાળાના બોલવા તરફ ખાસ રાણીએ ધ્યાન રાખ્યું હતું તેથી તે સમાચાર સાંભળી મનમાં વીચારવા લાગી કે,'એવી તે વાત શું હશે ? ગમે તેમ હોય પણ છુપા ભેદથી ભરેલી વાત છે ? ઓ બીરબલ ! ઓ બીરબલ ! આ શું કહી ગયો તે તો મને જરા સમજાવ? આમાં મને કંઇ ખબર પડતી નથી. બીરબલે ધીમેથી કહ્યું કે, 'અહો શાહજાદી ! શાહનો એવો હુકમ છે કે આ ભેદ ભરેલ વાતનો ભરમ બે દહાડા સુધી કોઇપણ માણસને જાણવા દેવો નહીં. તેથી તે ભેદનો ભરમ આપની આગળ ખુલો કરી દેવાને લાચાર છું. ધીરજ રાખો, શા માટે અકળાઓ છો ? વાજતે ગાજતે માંડવેજ આવશે ? જુઓ કુદરતનો ચમત્કાર કેવો છે ? એક ક્ષણમાં તમારા ચહેરામાં કેટલો બધો ફેરફાર થયેલો જોવામાં આવે છે ? આ જોઇ મારી અજાયબીનો પાર રહ્યો નથી ? શું કરૂં, સત્તા આગળ શાણપત ચાલતી નથી. કામના દબાણને લીધે આપની આગળ વધુ વખત રોકાઇ શકતો નથી.' એટલું કહી બીરબલ ચાલી નીકળ્યો. બીરબલને ગયેલો જોઇ રાણીએ ઊંડો નીશાશો નાખી બોલી કે, 'હાય ? આતો ધર્મ ધાડ નડી? તસુ વેતરવા જતાં ગજ વેતરાઇ ગયું ? ઠગવા જતાં હું ઠગાઇ? શાહે ઠીક શાણશામાં સપડાવી પોતાનું કામ કાઢી લેવાનું આ ચોકઠું ગોઠવ્યું છે. મને ફસાવી શું બીજી રાણી પરણશે ? અને તે પરણવા માટે આટલી બધી ખટપટ ઉઠાવી છે ? રંગ છે રાજા તારા પ્રંપચી પ્રેમને ! બીરબલને કાઢતાં હુંજ નીકળી જઇશ. માટે મારૂં ડહાપણ આ વખતે કંઇ કામમાં આવે એમ નથી તો પછી શા માટે

ખાવીંદની હજુરમાં જવું નહીં ? નહીં જઇશ તો બધી બાજી બગડી જશે અને પસ્તાવાનો પાર નહીં રહે.' આમ બોલી રાણી તરત કોપભુવનમાં બેઠેલા રાજા આગળ જઇ બે હાથ જોડી બોલી કે, 'અહો પ્રાણનાથ ! મારા ભાઇને માટે લીધેલ હઠ માટેની બનેલી કસુરની ક્ષમા કરો.' રાજાએ રાણીની આવી બનેલી સ્થીતી જોઇ મનમાં બીરબલની બુદ્ધિને શાબાશી આપી બોલ્યો કે, 'ઓ હઠીલી રાણી તારી ચતીરાઇ ક્યાં ગુમ થઇ ગઈ ? કાં તું ઠગાણી કે બીરબલ ? આ તારી રચેલી યુક્તીમાં તું ફસી કે બીરબલ ફસ્યો ? જોયો બીરબલની બુદ્ધિનો ખેલ ? હવે તુંજ વીચાર કરકે વજીરનો હોદ્દો ભોગવવા લાયક કોણ છે ? તારો ભાઇ કે બીરબલ ? જોજે ફરીને મારા કામની આડે આવતી નહીં.' રાજાના શબ્દો સાંભળતાં જ રાણી શરમાઇ ગઈ. અને શાહે બીરબલની યુક્તીનાં વખાણ કરી તેના માનમાં વધારો કીધો.

સાર - સ્ત્રીઓ પોતાના અક્કલ્હીન ભાઇ સારૂ પતી સાથે કેવું તોફાન મચાવે છે ? પરપુરૂષોને જડમુલથી ઉખેડી નાખવા સ્ત્રીઓ કેટલી બધી હદની બહાર જઇ કેવી રીતે ખટપટ ચલાવે છે ? માટે પારકી બુદ્ધિએ ચાલનારી બની સદગુણી પુરૂષોને માન આપી પોતાનાં કરી લેવા.

પ્રીય વાંચક ! પહેલી વાત તે ધ્યાનથી વાંચી હશે ? જેમ રાણીએ બીરબલને ઠગવા માટે જે પ્રપંચ રચ્યો હતો તેમાંથી બીરબલ કેવી ચાલાકીથી છટકી જઇ રાણીને પાણીથી પાતળી ભનાવી દીધી. તેમ તું જો આ જગતના કાલા માથાના માનવીઓની સાથે કામ પાડતા શીખશતો તું કદી પણ ઠગવાનો નથી, ચાલ હવે નીચેની વાત વાંચ.

-O-

# વારતા ૨ જી

-O:O-

## તેરી ચુપ ઓર મેરી બી ચુપ.

-O:O-

### ચોપાઈ.

ચાતુર ને ચતુરા પણ રહ્નાય, ભુપ ચતુરની ચહે ભેટ,
મહીમાં મોહીની મંત્ર એનેટ

સુંદર તેહેવારોની મોજ લુટવા માટે ન્હાના મ્હોટાઓ અણમોલો શણગાર સજી પોતાની મનોહર રમાઓને રમણીક બનાવી મ્હોટા ઉત્સાહથી લીલી લીલોત્રીથી શોભા રહેલા મનહર ઉપવનમાં ઉતરી પડી ગાન તાન અને મૃદંગોના નાદથી આખા ઉપવનને ગજાવી મુક્યું હતું. આમ તરેહ તરેહજાતની રમત ગમ્મતમાં મનને રમાડતાં રમાડતાં દીવસને જતાં કેટલીવાર લાગે? રાત પડી જવાથી સર્વકો આનંદની લ્હેરોમાં ડોલતાં ડોલતાં નગરમાં દાખલ થવા લાગ્યા. આ સમયનો લાગ જોઇ અકબર વેષ બદલી નગર ચરચા જોવા માટે, અને પ્રજા સુખી કે દુખી છે, તેનો અભીપ્રાય જાણવાના હેતુથી મુખ્ય મ્હોલાઓમાં પ્રવેશ કરવાના નાકા રોકી જ્યાં ત્યાં થતી ચરચાઓ જોતો અને બોલતી વાતો સાંભળતો ઉભો. એટલામાં એક ગોરી છબીલી ચતુર છેલાને રતી રણમવા માટે શોધવા સારૂ આવતા જતાં પુરૂષોની તરફ એકી નજરથી જોઇ રહી હતી. જોતાં જોતાં તેણીની નજર રાજાની ઉપર પડતાને વારજ તે રમણીક રમાએ રાજાને કટાક્ષબાણ મારયું. આ મોહની મંત્રનો પ્રયોગ થતા જ ચતુર બાદશાહ ચેતી જઈ શું ચમત્કાર બને છે તેનો અનુભવ લેવા માટે તેણીની સાથે રાજા પણ ચાલ્યો. થોડે છેટે ગયા પછી તે નીચ નારીએ ખુલ્લી રીતે જણાવ્યું કે મારી શેઠાણીના શેઠ વીદેશ પધાર્યા છે તેથી તેણી કામાતુરી બની છે તે કામ શાંત કરવા માટે આપ પધારો ? એમ વાત કરતાં બંને જણ શેઠાણીના રંગમહેલમાં દાખલ થયા. આ જોઇ શેઠાણી તરત દોડી આવીને હસ્તે મુખડેથી બોલી કે, અહો કામદેવ ? રંગ વીલાસના ભોગી ? મારા મનના મનોરથને સફળ કરનાર ભોગી ભ્રમર અંદર પધારી આ સેજ પર વીરાજમાન થાઓ. એટલામાં હું અંદર જઇ હમણાં આવું છું. એટલું કહીને દાસીને સાથે લઇને દીવાનખાનામાં દાખલ થઇ દાસીને કહ્યું કે, આવનાર પુરૂષની ચાલાકી જોવા માટે આ ભરેલા દુધના કટોરાને લઇને તેના હાથમાં આપી કહેજે કે આ દુધ શાનું છે ? અરે એ દુધ

તો ગાયનું કીંવા ભેંસનું છે એમ કહી રાજા તે દુધ પી ગયો. તે ખબર દાસીએ શેઠાણીને દીધાથી શેઠાણી મનમાં સમજી ગઇ કે એ બીલકુલ મુર્ખ છે. ફરી તેની પરીક્ષા કરવા માટે એક ગુલાબના કુલની છાબ ભરી દાસી સાથે મોકલી, રાજા એ તે છાબ લઈ પલંગ ઉપર ઉંધા વાળી દાસીને પાછી આપી. દાસીની આવી હકીકત સાંભળી શેઠાણીએ પોતાનું કપાળ કુટીને બોલી કે શું આ નરપશુ મારી સોબત કરવા લાયક છે? દાસી? લે આ અતલસના તાકાની ઘડી ઉઘાડીનાખી ખુબ જોશથી ચોળી નાખીને તે આવનાર અણઘડ પુરૂષના હાથમાં આપી કહેજે કે અસલની પેઠે આ અતલસના તાકાની ઘડી કરી આપો. દાસીના હાથમાંથી રાજાએ તે અતલસ લઇ તેની અસલની પેઠે ઘડી કરવાની ઘણી માથાકુટ કીધી પણ તે ફોક થવાથી કંટાળી જઇ તે અતલસના તાકાને જમીન પર ફેંકી દીધો. દાસીએ તરત સમયસુચકતા વાપરી તરત નીચે નમી જમીનપર પડેલા તાકાને ઉંચકી લઇ મો કરમાયા સરખું કરી શેઠાણીના અંગ ઉપર ફેંકીને બોલી કે, શેઠાણી સીદને માથાકુટ કરો છો? મનને ગમતો હોય તો આલીંગન આપી મોજ માણી લો, અને તેની સાથે સુરંગ લુટવો ન હોય તો તેને રૂખસદ આપી દો? બીજાની ક્યાં ખોટ પડી છે? માર ધકો અને કાઢ બહાર; શેઠાણીએ કહ્યું કે, 'એ ઉપાય ઠીક છે જા ત્યારે, એને પાછો વળાવી નગરના ચોકમાં જા, અને એક ચાલાક ચતુર નરને શોધી લાવ.' શેઠાણીનો હુકમ થતાંજ દાસીએ રાજાને ઘરના દાદરે નીચે ઉતારી મુકી બીજાની શોધ કરવા ચાલી,આ જોઇ રાજાએ વીચારયું કે, આવી રીતે મને તરછોડી કાઢી મુક્યો એનું કારણ શું હશે? આમાં કંઇક ભેદ હોવો જોઇએ? આ ભેદ જાણવા માટે ધીરજનું કામ છે, અને તેમ ન કરતાં જો દબાણ ચલાવવા જઇશ તો આનું પરીણામ માઠું આવશે. આટો ખાવો અને ભસવું એ કેમ બને? માટે હવે બીજો કોણ આવે છે? તે શું કરે છે? તે કામ કાઢી જાય છે કે ખાસડા ખાઇને જાય છે? માટે તે જોવાની જરૂર છે. આવો વીચાર કરી રાજા પાછો ઉપર જઇને દીવાનખાનાની અંદર સંતાઇ પેઠો. આ વારતાનો નાયક બીરબલ પણ પોતાના સ્નેહીઓની સાથે ફરતો ફરતો અને વીનોદી વારતાઓના રંગમાં સરવેને તરબોલ કરતો કરતો મોડી રાતે નગરમાં દાખલ થયો. જેમ જેમ પોતાના મકાનો આવતા ગયા તેમ તેમ તેઓ છુટા પડતા ગયા. છેવટે પોતે એકલો એકલો ડોલતો ડોલતો ચાલતો હતો એટલામાં પહેલી દાશી તરત તેની પાસે આવી કહ્યું કે, 'આપ જરા મારા સાથે આવી મારી શેઠાણીની વીરહપીડા મટાડશો?' રસીક તો રસ લુટવાનો સદા ભુખ્યો જ હોય છે? તો પછી બીરબલ જેવો વીહારી શા માટે ના પાડે? હસ્તે ચેરે બીરબલે તે દાસીને કહ્યું કે, ચાલ તારી છણકાની શેઠાણી ક્યાં રહે છે તે બતાવ.' દાસીએ તરત આંખ મારી બીરબલને પોતાની સાથે લઇ ગઇ અને શાહની પેઠે બેસવા જણાવ્યું. ચાલાક બીરબલે ચોતરફ નજર ફેરવાને તે પલંગ પર ન બેસતાં તેની આગળ ઉભો રહ્યો, કારણ કે શાહ જે પલંગપર આવી બેઠો હતો તે દાસીનો હતો તેથી તે પલંગપર બેસવું અયોગ્ય

ગણી બેઠો નહીં. આ સમાચાર શેઠાણીને થતાંજ આનંદ પામી. રંગમાં આવી મન સાથે બોલી કે, 'આ ગુણીયેલ નર હોય એમ જણાય છે. જરૂર એ મારા મનની વેદના મટાડશે. હવે નીરાશ થવું નહીં પડે. હવે રંગ જામશે ખરો. એટલું કહી તે શેઠાણીએ દુધનો કટોરો ભરી દાસીને આપી કહ્યું કે, 'જા, તે ચતુર નરને આપ.' વારૂ બાઇ ! એટલું કહી તરત દાસીએ દુધનો પ્યાલો લઇ બીરબલને આપ્યો. તે લઇને બીરબલે કહ્યું કે, 'અહો દાસી તારી રમણીક રમાને કહેજે કે મારૂં દુધ બ્રાહ્મણનું છે.' આ સંદેહ ટાળતાં જ તે છબીલી ઘણી જ ખુશી થઇ અને લ્હેરે ચઢી ફુલની છાબ ભરી મોકલાવી. તે છાબ લઇ તેમાંથી બે સુંદર ગુલાબનાં ફુલ ઉંચકી લઇને બીરબલે કહ્યું કે તારી ગુણીયલ ગોરીને વીદીત કરજે કે તારા ને મારા સિવાય આ છાની વાત બીજો કોઇ પણ જાણી શકનાર નથી ! બીરબલે આટલી ખાત્રી આપવા છતાં તેણીને પુરતો સંતોષ ન મળવાથી ફરીને ચોળી નાંખેલા અતલશના તાકાને ઘડીબંધ બનાવવાને મોકલ્યો. ત્યારે તે ચોળી નાખેલા તાકાને લઇ બીરબલે બરાબર ઘડ બેસાડી કહ્યું કે, 'જા, તારી ચતુર શેઠાણીને કહે કે, નિર્ભયી તારી મનકામના પુર્ણ કરવાને તત્પર થા. શીદને અકળાય છે. ઉન્મદ બની મર્યાદા લોપવા જતાં ડર રાખવાથી કદી પણ કાર્ય સિધ્ધ થતું નથી. ન કરે નારાયણને વાતને વા લઇ જશે તો પછી તે વાતને ઢાંકી દેવામાં મારામાં શક્તિ છે. માટે જરા પણ ચિંતા રાખીશ નહીં.' દાસીના મુખેથી સર્વ હકીકત સુણતાંજ તે રમણીક સુંદરી રતી રણ રમવાને અલંકારી આભુષણો સજી ઝાંઝરોનો રણકારો બોલાવતી બીરબલના કોમળ કંઠમાં કમર સરખા પોતાના નાજુક કરને નાંખી હસ્તે મુખડે ભેટીને ચુંબનો આપી લઇ મદનભુવનમાં લઇ જઇ વિરહ અગ્નિને શાંત કરી આનંદ પામી. આખી રાત કામશાસ્ત્રનો લહાવો લઇ બંને જણ આનંદ પામ્યાં. સહવાર પડી, નીરૂપાયે બીરબલને ત્યાંથી જવાની રજા થઇ, રંગ મહેલની બહાર આવી અપરાધ થયો હોય તેની ક્ષમા માગી મસ્તક નમાવી કોમળ સ્વરે કહ્યું કે,'અહે મદન મુરતી ! તમારા ચરણકમળની અભીલાષીણીને ફરીને પધારી ક્યારે દર્શન દેશો ? જો જો ભુલી જશો નહીં ? આ તન મન ધન આજથી તમને અરપી ચુકી છું. માટે જુદાઇ રાખશો નહીં. ઇચ્છા હોય તે બે ધડક હુકમ ફરમાવશો. જરા પણ મનમાં શંકા રાખોતો આપને મારા સમ છે.' આવી રીતે બંને પ્રેમની વારતા કરી આંખોનાં અણીયારાં નચાવતાં નચાવતાં છુટાં પડ્યાં. રંગ રસમાં તરબોલ થઇ પાછા ફરેલા બીરબલની જે જે બીના બની હતી તે તે સઘળી છુપી રીતે અકબરે જોઇ હતી.તેથી તે દીલગીરના દરિયામાં ડુબી જઇ ખેદ પામી મન સાથે કહેવા લાગ્યો કે, 'રંગ છે બીરબલ રંગ છે તારી બુદ્ધિને ? તારા જેવી બુદ્ધિ જો મારામા હત તો હું શું મુરખ બનત ? મોંમાં નાખેલો કોળીઓ પાછો કાઢવો પડત ? આ પણ કુદરતની ખુબી છે ! જેના નસીબનું હોય તેજ ભોગવે. મેં તો પ્રથમ કોળીએ માખી જેવું કરયું, હશે બન્યું તે ખરૂં. પણ એ ખરો અકલબાજ બ્રાહ્મણ છે ? તેને પુછતા તે ખરી વાત કરશે કે નહીં ? તે મરતાં પણ છાની વાત

કહે તેવો નથી? તેની સાથે કાંઇ ઓરજ ખુબી લડાવી કળા શીખી લઇ તેના જેવો પ્રવીણસાગર બનું!' આવો વીચાર કરતો કરતો બાદશાહ બીરબલની પુંઠે જઇ તેના ઘરની બધી નીશાની યાદ રાખી પોતાના મહેલમાં આવ્યો. પણ મન સ્થિર થયું નહીં. તેથી પોતાના ચટકેલા ચિત્તને શાંત કરવા માટે ત્વરાથી એકાંત મહેલમાં બેઠક કરી પોતાના ખાસ નોકરોને તે બીરબલના ઘરની ચોક્કસ નીશાનીઓ આપી કહ્યું કે, 'એ નીશાની વાળા ઘરમાં પ્રવીણ બીરબલ રહે છે તેને તરત માન સહીત અહીં બોલાવી લાવો, હાકેમનો હુકમ થતાંજ હજુરીઆઓ વીજળીના વેગ સમાન દોડી જઇ નીસાનીઓ વાળા ઘરમાં દાખલ થઇ બીરબલને કહ્યું કે, 'ખુદાવીંદ તમકું બાદશાહ અબીકા અબી બુલવાતે હૈ.' બીરબલે આ એકાએક બાદશાહનું તેડું આવેલું જોઇ મનમાં વીચારયું કે, 'મારૂં શું કામ હશે? શું પાપનો ઘડો ફુટી ગયો? પ્રથમ આવનાર પુરૂષ શાહ પોતે તો નહીં હોય? ગમે તેમ હોય? પણ ગયા વગર તો છુટકો થનાર નથી, હરી ઈચ્છા બળવાન છે. જો દિવસ પાધરો હશે તો પડશે પાશા પોબાર? હાર ખાવાની કશી પણ જરૂર નથી. બીરબલ તરફથી તરત ઉત્તર ન મળવાથી બાદશાહના અનુચરનો મીજાજ પવનની પેઠે અધર ઉડવા લાગો. અને આગના ભડકાની પેઠે ભડકી ઉઠી બોલ્યો કે, ક્યુંજી કુછ ધ્યાનમે આતા હય યા નહીં? દેર કરને કા એ બખ્ત નહીં? ફિર હમારે કુછ કહેના પડે વો અચ્છા નહી હૈ? અછી હૈ તરહસે ચલોગે તો ઠીક હૈ, નહીં તો બેઈજ્જતસે લે જાનેકુ પડેગા! બીરબલે ધીરજથી કહ્યું કે, ખાંસાહેબ? ચાલો હું તમારી સાથે આવું છું. પછી કંઈ છે. એટલું કહી બીરબલ પોષાક સજી ઇષ્ટદેવનું સ્મરણ કરી તે અનુચરોની સાથે લઈ અકબરના મહેલમાં દાખલ થઇ રાજ રીતી પ્રમાણે આશીરવાદ આપી બેઠો. બાદશાહે આનંદી ચેરેથી પુછ્યું કે, તુમારા હૈ. અચ્છા બીરબલ? કલકી રાત કીધર ઔર ક્યસી ગુજારી? ડરના નહીં. ખુશ હોકે સચ્ચા કહેના. યે ઇનસાફી અમકા જમા હૈ. બીરબલ મનમાં સમજી ગયો કે બાદશાહે બધી વાત જાણી છે અને પ્રથમ આવનાર પુરૂષ પણ પોતેજ હોય એમ અનુમાન કરી શકાય છે માટે હાથી આગળ પુળો પડ્યો છે તોપણ થયું શું? જેને રામ રાખે તેને કોણ ચાખે? માથે આવી પડ્યા પછી પાની ભરવી એતો કાયરનું કામ છે? યુક્તી લડાવ્યા વગર છુટકો નથી. આવો વીચાર કરી બીરબલે ચાલાકીથી ઉતર આપ્યો કે, નામવર આપકા નોકરને કલકી રાત બીછાનેમેં ગુજારી. ઔર મેં કુછભી જાનતા નહીં હું. બીરબલનો આવો ઉડામણો જબાબ સાંભળી લઇ આંખના ભમરો ચડાવી શાહે સીપાઇને હુકમ કીધો કે, યે બીરબલકું મહેલકી પીછલી બારીસે ઉંધે શીર લટકા દો. જબ કુછ મેરેકુ બાત કહેનેકુ ચાહે તબ ઉસકુ ઉપર ખીંચ લે કે મેરી પાસ લે આના. આવો હુકમ થતાંજ યમરાજ રૂપી સીપાઇઓએ બીરબલને ઘડામાં દોરી નાંખી કુવામાં ઉતારે તેવી દશા કરી. આ ત્રાસદાયક બનાવ પહેલી રસીક રંભાએ પોતાના મહેલના ઝરૂખામાં બેઠે બેઠે જોયો અને બારીએ ઉંધે મસ્તકે લટકી રહેલા કમભાગ્ય નરને

તરત ઓળખી કાઢી મનમાં બોલી કે, હા એજ મારા મનની મુરાદ બર લાવનાર હૈયાનો હાર બીરબલ જ છે અને તેની આવી અપદશા કરનાર પણ પ્રથમ આવી માનભંગ થઇ પાછો જનાર તે નામદારજ હોવો જોઇએ ? હશે હવે તેને આવી દુખદ દશામાંથી કોઇ પણ પ્રકારે ઉગારવો. એવો વીચાર કરી પોતાની દાસીને કહ્યું કે, એક રૂપીઓનો ટોપલો ભર પહેલો પુરૂષ સામે લટકેલો છે તેની નજદીક જઈ ટોપલો ઠલવી પાછો ભરી તરત ચાલી આવજે. તરત દાસી ગઈ અને સુચવ્યા મુજબ કરી પાછી ઘેર આવી. રૂપીઆનો ટોપલો ઠલવી પાછો ભરી ચાલી ગયેલી દાસીને જોઇ બીરબલ સમજી ગયો કે આટલા રૂપીઆ ખરચતાં છુટકો થતો હોય તો યત્ન આદરો એમ પ્રેમાળ પ્રીયાએ સુચવ્યું છે. બીરબલે સીપાઇઓને કહ્યું કે, મને ઉપર લો, બાદશાહને મારી પાસે બોલાવો. મારે તેમને કંઇ કહેવાનું છે. બીરબલની આ વાત સાંભળી સીપાઈઓએ બીરબલને ઉપર ખેંચી લીધો. અને રાજાને વાકેફ કીધો. તેથી બાદશાહ તરત તેની પાસે આવી પૂછ્યું કે ક્યા કહેના મંગતા હય ? બીરબલે કહ્યું કે, હજુર ? યેહી કહેતા હું કે કુછ નજરાણા લેકે ગરીબ બમનકું છોડ દેના ચાહીયે ઇસમેં ખુદા રાજી હય. બીરબલનું આવું સાંભળી બાદશાહ ચીરડાઈ જઈ બોલ્યો કે, ક્યું બદમાસી નહીં છોડતા ? બસ તેરેતો વોહી હાલ મુનાસબ હય. લેકર જાઓ ઉસકો, ફીર લટકા દો. રાજાનો હુકમ થતાંજ કઠોર અંતકરણવાળા સીપાઇઓએ તરત બીરબલને આંચકો મારી ઉભો કરી પાછો ઉંધે મસ્તકે લટકાવી દીધો. આ જોઇ તે મનોરમા બહુ ખેદ પામી અને ઉંડો નીશાશો મુકી મનમાં બોલી કે 'મારી આબરૂ ઢાંકવા માટે આ વીરરત્ન કેટલી બધી વેદના સહન કરે છે, ધન્ય છે એની જનેતાની કુખને ? ઓ વ્હાલા તારૂં દુખ મારાથી જોયું જવાતું નથી. લાચાર છું, તું જરાપણ ડરીશ નહીં આ પ્રાણ તારા માટે નીરમાણ થયેલા છે. મારાથી બનશે તેટલી મદદ કરી કાળના મુખમાંથી છોડાવીશ.'આમ લવારો લવતી લવતી પાછી ઘરમાં ગઇ અને હીરા માણેક જેવા અમુલ્ય રત્નોના ટોપલા ભરી દાસીને મોકલી પણ તેથી બાદશાહ મોહ ન પામતાં પોતાના વચનને પાળવા માટે દ્રઢ રહેલો જોઇ તે કામીનીએ આબરૂની દરકાર ન રાખતાં તે સુંદરીએ તરત દહીંની દોણી ભરી દાસીને આપી કહ્યું કે, 'જા, ઝટ જા, અને તે જોઇ શકે તેમ તેની આગળ ઉંધી વાળી ચાલી આવ.' દાસી તરત ગઈ અને બીરબલ જોય તેમ દહીંની દોણી ઊંધી વાળી ચાલી ગઈ. આ છેવટની સમશ્યા થતાં જ બીરબલ મન સાથે વીચાર કરી કહ્યું કે, રમાએ અંધારી રાતની અંધારી વાતને અજવાળામાં લાવવાની રજા આપી ચુકી છે તો પછી આ દુખ શા માટે સહન કરવું જોઇએ? આટલું બોલી બાદશાહને અરજ કરવા સીપાઇને જણાવ્યું. સીપાઇએ તરત બીરબલને ઉપર ખેંચી લઇ રાજા સન્મુખ ઉભા કીધા. રાજાને જોઇ બીરબલ ફીકા ચહેરે બોલ્યો કે, સિરતાજ? કલ મેં રાતકી વખ્ત ઇશ શહેરમેં ગમ્મત દેખનેકે લીયે નીકલા થા. ઉસ વખ્ત એક ઓરતને મુજે ઇસારા કીયા,મેં ઉસકે પીછે ચલા. ઉસને

કહા કે મેરી શેઠાનીકા ખસમ ઘર નહીં હે, ઓર વો ખાવીંદકે શીવાય બડી બેજાર થઈ રહી હે. ઊસ લીયે આપ ચલીયે ઓર વસ્લકી મજાહ ચખીયે? મેં તો ઉસકી સાથ ગયા. મહેલમેં દાખીલ હુવા, બતી જલ રહીથી, એક પલંગ બીછાયા હુવા થા, વ્હાં જાકે મેતો બેઠ ગયા, પીછે ઉસકી શેઠાનીને એક દુધકા કટોરા ભર કર મેરે આગળ ભેજા, ઓર લાંડી બોલી કે દુધ કીસકા હે, મેંને જુવાબ દીયા કે ભેંસ કે ગાઈકા હોગા એસા કહેકર દુધ પી ગયા, ફીર ફુલોંસે ભરી એક છાબ મેરા તરફ ભેજી, મેં તો વો ફુલોકા બીછાના બના કર સો ગયા, બાદ એક અતલસકા કપડા મસલકે ભેજા ઓર કહા કે ઇસકું અચ્છી તરાહશે જમા કે દો. મેને બ્હોત મહેનત કી લેકીન ઉસકી ગઠી ન જમનેસે ચીડાકે ફેંક દીયા. યહે સબ હકીકકત સેઠાની સુનકર બડી ખફા હો ગઇ, ઓર કહેને લગી કે એસે હેવાન ગધેકું કહાંસે ઉઠા લાઇ? માર ધકા ઓર નીકાલ દે બહાર. એસા કહેકે લોંડીને મુજે આકે ઉઠા કર બુરે હાલશે દાદરસે નીચે ગીરા દીયા. ઉસ્સે મેરા તો હડી નરમ હો ગઇ, ખુનભી નીકલા મગર કરના ક્યા? ઇશક બાજી હે બુત પરસ્તે હર દ્રશુ રાકાર નેસ્ત, ધોલ છકડ લાત મુકી આબરૂ દરકાર નેસ્ત ઓર લેને ગઇ પુત ઓર ખો આઇ ખસમ વઇસા મેરે પર હાલ ગુજરા. ક્યા કહુ નામદાર સારી રાત મુસીબતમેં નીકાલી ઓર ફજરસે ઉંધે સીરસે લટકબ હું? સુના હોગા કે રંડીયોકે યાર સદા ખ્વાર, કાટોંકા બીછાના ઓર જુતીઓકાં માર,' બીરબલની આવી મુખવાણી સાંભળતાંજ બાદશાહ ખડ ખડ હસી પડી બોલ્યો કે, 'વાહ બીરબલ વાહ! તુને અચ્છી બાત બનાઇ? તેરા તો નહીં મગર મેરી તો એસી બે આબરૂ હુઇથી? ખુદા જાને કેસી ચાલાક ઓરત? એસી ઓરત મેને અબતક દેખી નહીં હે? તુને તો ખુબ એસ આરામ લુટ લીઆ ઓર મેને તો માર ખાયા, નીંદ ગુમાય, મુરખ બનકર મકાન પે આયા?' બીરબલે ગંભીરતાથી કહ્યું કે 'જહાંપના? જુ કીશ લીએ કહેતે હો કે આપપે એસી ગુજરી? તોબાહ! તોબાહ. બાદશાહે કહ્યું કે, 'બીરબલ, અબ સતાના છોડ દે, બોત હુઇ, કુછ કહેનેકી બાત નહીં? અબ ખુદાકે વાસ્તે જી જલાના નહીં. અબતો તેરીબી ચુપ ઓર મેરીબી ચુપ. બોત બાત ફેલાનેસે ઇજતપે ધબ્બા પડેગા. લેકીન તેરી બાહોંસી દેખ કે મેં બહોત ફીદા હુઆ હું, ઓર ચહાતા હું કે અબ મેરી ચસ્મોકે આગુસે કભીતું દુર મત રહેના, જો ચહીએ સો, લે જા. ઓર હમેશ મેરા રાજકારોભારમેં કાબીલ હોકર મોજ ઉડા. આજસે મેં તેરેકુ કોલ દેકર કસમ ખાકર કહેતા હું કે તેરેસે કોઇ તરેહકી જુદાઇ નહીં રખુંગા ઓર અજીજ દોસ્તકી મુવાફીક નીભાઉગા'. બીરબલે પોતાના નસીબનો ઉદય થયેલો જોઈ બાદશાહને હાથ જોડી નમ્રવાણીથી બોલ્યો કે, 'જેસા આપકા હુકમ, મેંતો આપકા તાબેદાર હું. જો કુછ ફરમાવોગે વોહ ફરમાન બજાનેકે લીયે બંદાભી શીર જુકાકે હાજર હે.' અરસ પરસ સ્નેહની નીકટ ગાંઠ બંધાઇ. ત્યાર બાદ સર્વ વાતે બીરબલ સમૃદ્ધિવાન બની બાદશાહના દરબારમાં સર્વથી માનીતો અને બુદ્ધિશાળી ગણાવા લાગ્યો.

સાર - સમજાય એવો છે એટલે વધારે લખવાની કશી જરૂર નથી પણ એટલું તો કહ્યા વગર ચાલતું નથી કે બુદ્ધિશાળી પુરૂષ ને સૌ કોઈ ચાહે છે. અને બુદ્ધિબળે કરીને એક ગરીબ માણસ પણ ઉંચા પદને પામી મોટું માન મેળવે છે. માટે આ જગતમાં જેમાં બુદ્ધિ અને ચતુરાઇ છે તેજ અમુલ્ય વસ્તુ છે.

-0-

# વારતા ત્રીજી.

-૦:૦-

## કરણી તેવી ભરણી.

-૦:૦-

દીલમાં કદી ડહાપણ જાય ડુલી, તકદીર આગળ તદબીર લુલી.

અકબરની દરબારમાં બીરબલ પણ એક બુધ્ધીવાન પુરૂષ હોવાથી બાદશાહ તેને બહુ ચાહતો હતો. બીરબલની સંમતીથી રાજકારોબારમાં ફેરફાર અને સુધારણા કરવામાં આવતી હોવાથી, તેથી મુસલમાન અમલદારો આગની પેઠે મનમાં બળી ખાક થઇ જતા હતા. બીરબલને તેને ઓદ્ધા પરથી હાંકી કાઢવા માટે અનેક પ્રપંચો રચ્યા પણ તે પાણીના પરપોટા જેવા લાગવાથી બહુ ખેદ પામ્યા. છતાં પણ હીંમત મુકી નહીં. 'હીંમતે મરદા તો મદદે ખુદા' એ કહેવતને અનુસરીને પોતાનો પ્રયાસ ચાલુ રાખી મુસલમાન કારભારીઓએ ઠરાવ કીધો કે દુશ્મન અને રોગને ઉગતાજ છેદાય તો ઠીક. વધારે વખત ગુમાવવાથી સર્વ ઉપાય ફોકટ જવાના, અને બીજી જાતનો માણસ પોતાનો પક્ષ સબળ કરવા પોતાની જાતનાઓને જ્યાં ત્યાં ગોઠવી દઇ આપણી જાતનું કાસલ કાઢી નંખાવશે માટે તે પહેલાં તેનું કાસલ કાઢવું એ સમાન બીજો એકે ઉપાય સરસ નથી. પરંતુ તે યુક્તી શી રીતે રચવી? બાદશાહ પાસે બીરબલ વગર બીજો કોઇ વાત કરી શકતું નથી. ફક્ત એક ઈમામ નામનો હજામ નામદારની હજામત કરવા જાય છે તે વાત કરી શકે તેમ ગોઠવણ થઇ શકે એમ છે. આવો વીચાર કરી તે હજામને પોતા પાસે બોલાવી લાલચમાં નાખી સમજાવી લીધો અને સરવે હકીકતથી માહીતગાર કીધો. હજામ લોભી હતો પછી પુછવું શું? લોભને કંઇ થોભ છે, અને લોભે લક્ષણ જાય? પૈસો જોઇ મુનીવરનું મન પણ ચળે, તો પછી એક અકલહીણ હજામ જેવા માણસનું કાળજુ કેમ ઠેકાણે રહે? આ ખટપટીઓનું કામ કરવાની તે હજામે હામ ભીડી હા પાડી. એક વખતે તે હજામ બાદશાહની હજામત કરવા ગયો. તે વખતે બીરબલની ઘેર હાજર જોઇ, તે તકનો લાભ લઇ બાદશાહને હાસ્યયુકત વાતોથી રીઝવીને કહ્યું કે, 'ખુદાવીંદ! આજે આપની હજામત કરતાં મને વીચાર થયો કે આપના વડીલોની ઘણીજ નાજુક પ્રકૃતી હતી, કેમકે આવો હલકો અસ્તરો ફેરાવતાં છતાં પણ સહન થઇ શકતો નહીં, મેં તેમની બહુ વરસ સુધી સેવા બજાવી છે, અને તે દરમ્યાન કોઇ વખતે

પણ મારી પર રીસ કરી નહોતી. તેથી તે મને બહુ યાદ આવે છે, અને આપને પણ આવતા હશે. કેવી તાજુબીની વાત છે કે તેઓનો કશો સંદેશોજ નહીં. તેમ આપે પણ કશી ખબર મંગાવી નહીં.' બાદશાહે હસીને કહ્યું કે, 'અલ્યા અકલના બારદાન શું તું ગાંડો બન્યો છે કે ? અરે ! મુવેલા તેના સમાચાર શા. આપણી સાથે એનો સંબંધ કેવો ? જે સ્વર્ગમાં જાય છે તેના સમાચાર ભું લોકના માનવીઓ લાવી સકે છે ? કદી પણ નહીં. તેમ હલકારા મારફતે ચીઠી કે ખબર મોકલી શકાતી નથી.' હજામે કહ્યું કે, 'જહાંપના, એમ તે હોય? સ્વર્ગવાસીઓના સમાચાર મળી શકે તેમ છે પણ એ કામ તો બીરબલ જેવો જ બજાવી શકે એમ હું માનું છું. કારણ કે એક સમે આપનાજ વડીલોએ બીરબલને સ્વર્ગમાં પોતાના વડીલો અને મીત્રમંડળની ખબર કાઢવા મોકલ્યો હતો. તે વખતે ખરચ તો વધારે થયું હતું, પણ આપના વડીલોના ખબર લાવ્યો હતો. બીરબલને જ્યારે સ્વર્ગમાં મોકલ્યો ત્યારે સુગંધી તેલોથી સ્નાન કરાવી સ્મશાનમાં ચીતા ખડકી મોટી ધામધુમથી અને વાજાના મધુર અવાજ સાથે ચીતામાં સુવાડી સળગાવી દીધો હતો, અને તે ધુમાડાની મારફતે આકાશે ચઢી ગયો હતો. અહા ! શું એની પુણ્યાઇ અને ચાતુરીની વાત કહું ? એવું કામ તો તેનાથીજ થઇ શકે ? માટે ગરીબ પરવર ! ધર્મના કામમાં ઢીલ કેવી માટે ઉતાવળેથી બીરબલને મોકલી સમાચાર મંગાવ્યા.' હજામનું આવું ચમત્કૃતિ ભરેલું બોલવું સાંભળી બાદશાહે સત્ય માન્યું, મોટા લોકોને કાન હોય છે પણ શાન હોતી નથી તે મુજબ કશો વીચાર ન કરતાં બીરબલને બોલાવી વડીલોની ખબર લાવવાનો બાદશાહે હુકમ કીધો. આ હકીકત જાણી બીરબલ મનમાં સમજી જઇ મનમાંને મનમાં વીચાર કરવા લાગ્યો કે, 'મારૂં કાશલ કાઢવા માટે આ ઘાટ સામા પક્ષવાળાએ ઘડ્યો છે. પણ ચીંતા નહીં, હું ખરો કે તેઓનો ઘાટ ઘડી દુશ્મનોની છાતી એ શુળ સમાન થઇ મળપતો ફરૂં ? પણ આવી રીતે આ વાત ઠસાવનાર કોણ હશે ? તેને ઓળખવો જોઇએ. એવું ધારી રાજાને કહ્યું કે, 'નામવર, હું એક વખત તમારા વડીલોના હુકમને માન આપી સ્વર્ગમાં ગયો હતો, પણ આ છાની વાત કોઇની આગળ કોઈએ કરવી નહીં એવી તમારા વડીલોએ ધમકી આપી હતી. તેથી તેની આજ્ઞાનો ભંગ ન થાય તેવા હેતુથી આ વાત આપને મેં જણાવી નહોતી. તો પછી આ વાત આજે આપને કાને કેમ આવવા પામી ? તેથી મને મહા ખેદ થાય છે. જો આ વાત તમારા વડીલોની જાણમાં આવશે તો તમને શ્રાપ દેશે. બાદશાહે બનેલી હકીકતથી વાકેફ કરીને બીરબલને કહ્યું કે, બની તે બની હવે તેનો શોચ કરવો નકામો છે. માટે તું એકવાર જઇ ખબર લાવીશ ત્યારે સહુ ઠીક થઇ જશે ? બીરબલે કહ્યું કે, સ્વર્ગ લોકમાં જવું એ વાત માનવીને ખરેખરી દુઃખરૂપ છે પણ મંત્ર બળવડે કરીને તે કામ સફળ થાય છે. તે મંત્રની વીધી હું જાણું છું. આ મંત્રનો પ્રયોગ કરવા માટે માત્ર લાખો રૂપીઆની જરૂરછે તે મળ્યા બાદ અનુષ્ઠાન કરી આજથી છમાસની અંદર તમારા વડીલોના સમાચાર લઈ તમારી પાસે

પાછો આવીશ. બાદશાહે બીરબલની સઘળી વાત કબુલ કરી. બીરબલ રૂપીઆ લઇ પોતાને ઘેર આવીને એવી યુક્તી રચી કે સ્મશાનથી તે અરધા કલાક સુધી કોઇના જાણવા કે જોવામાં ન આવી શકે તેવી રીતે એક ભોંયરૂં બનાવ્યું અને તેની અંદર એવી જાતનું યંત્ર ગોઠવ્યું કે જેની ઉપર પગ મુકતાં નીચે ઉતરી જઇ બીજે રસ્તે ચાલ્યું જવાય, તેવી પ્રકારની ગોઠવણ કરી બાદશાહને વીદીત કરાયું કે કાલ રાતના મારૂં અનુષ્ઠાન પુરૂં થાય છે માટે ચીતા ખડકાવી જે તૈયારી કરવી છે તે કરી લેવી. બીરબલનું કહેવું સાંભળી બાદશાહે હજામના કહેવા મુજબ, ચીતા અને સર્વ સામગ્રી સજ કરાવી એટલે બીરબલ તેમાં બેઠો. અને જોવાને ઉલટેલી મેદનીની સમક્ષ સળગાવી દેવાનું કહ્યું તેથી આગ ચીતાની ચોમેર મુકી, ગુલાલ અબીલ ધુપ તથા ચીતાના ધુમાડામાં બીરબલે કરી રાખેલા સંકેત મુજબ પસાર થઇ કોઇ ન જાણી શકે તેવી જગામાં જઈ નીવાસ કીધો. આથી સર્વ કોઇએ જાણ્યું કે બીરબલ પરલોકમાં ગયો. બાદશાહ પોતાના વડીલોના સરવે સમાચાર મળશે, અને બીરબલના દુશ્મનો પોતાના વચમાંથી સદાનું નડતું કાસલ ગયું એમ જાણી બહુજ ખુશી થયા. અને આવી યુક્તી રચનાર હજામને બક્ષીસો આપી તેની તારીફ કરવા લાગ્યા. છ માસ પુરા થતાં ઇમામની કપટ પટુતાનો બદલો લેવા માટે બીરબલે અદભુત રૂપ ધારણ કરી બાદશાની સમક્ષ જઇ ઉભો અને કહ્યું કે, તમારો બીરબલ તમારા વડીલોના સમાચાર લાવ્યો છે. આવા વેષધારી બીરબલનું શ્વરૂપ જોઇ રાજા સહીત દરબાર ચકીત બની ગઈ. રાજાએ આદર સત્કાર કરી તમામ હકીકત પુછી ત્યારે બીરબલે જણાવ્યું કે, મારી ચેહને અગનીનો સ્પર્શ થતાંજ અંતરીક્ષથી દેવલોક આવી મારો હાથપકડી પુષ્પોનો હાર પહેરાવી વેમાનમાં બેસાડી સ્વર્ગ લોકમાં લઇ ગયા. સ્વર્ગની અલૌકીક લીલા નિહાલતાંજ મારા આનંદનો પાર રહ્યો નહીં. આંખને આંજી મનનું આકર્ષણ કરી રહેલી અપ્સરાઓ ? તેના મધુર સ્વરો ? તેની દિવ્ય ચક્ષુઓ ? તેનાં અદભુત આભુસણો ! તેનો નવલ નાટ્યારંભ ! અવણીય અમ્રુતનો સ્વાદ ? મનોહર કીન્નરોનાં ગીત ? આંખ સમીપ ચમત્કારીક બનાવો ખડા થયા ? અહા ! રાજા યોગીઓ યજ્ઞ યાગાદી સુકર્મો કરનારા સ્વર્ગ સુખ સંપાદન કરી શકતા નથી, તો પછી અધમ પ્રાણી કેમ સંપાદન કરી શકશે ? પુર્વના સંસ્કારીજ તે સુખને સંપાદન કરી શકે છે ? નામદાર ? સત્ય કહું છું કે અન્યાસે સંપાદન થયેલા તે પરમ સુખ, અમોલ વૈભવો તજી આ દાભીંક દુનિયાના આપ સ્વારથી લોકોના સમાગમમાં આવ્યો છું તે તમારા વડીલોએ દીધેલા સમાચાર તમને આપવાને ખાતર આવ્યો છું જો તમારા વડીલોએ તેમ કરવાની ફરજ ન પાડી હોત તો હું દગલબાજ દુનીયામાં કદી પણ પાછો પગ મુકત નહીં ? શું કહું ? સઘળી વાતે સુખી છતાં દુઃખી છે. એ દુઃખનો ડાક્ટર ત્યાં નથી. તેઓ મહા દુઃખ ભોગવે છે. તેઓએ કહ્યું છે કે તું જઇને કહેજે કે અમારા માથા પર બાલનો બોજો વધી જવાથી અમારા શરીરને કદરૂપી બનાવી કાંટા પેઠે ડંખ મારે છે. તમારા ઇમામ હજામનો

બાપ અહીં છે પણ ઇમામ જેવો હલકા હાથવાલો નથી, માટે તરત ઇમામને મોકલાવજે. જલદીથી મોકલાવજે. જો નહી મોકલાવીશ તો તને અને તારા બાદશાહને શ્રાપ દઇશું. માટે તમારા વડીલો પ્રત્યે વહાલ રાખવો હોય અને આશીરવાદ લેવો હોયતો આપણા ઇમામને તરત મોકલી આપો. આ પ્રમાણે બીરબલની કથા સાંભળી રાજાએ તરત ઇમામને બોલાવી સ્વર્ગમાં જવાનો હુકમ કીધો. આ હુકમ થતાંજ ઇમામના ગાત્ર ગળી ગયાં. અને મનમાં કહેવા લાગ્યો કે લેનેકુ ગઇ પુત તો ખો આઇ ખસમ. કરણી તેવી ભરણી. આ કારસ્તાન બીરબલનું છે? કીયા ન હોય તો કર દેખ? પણ એ સજીવન શી રીતે થયો? ઘાટ ઘડવા જતાં મારોજ ઘાટ ઘડાઇ ગયો. ચોરને કહીયે ચણા ઉપાડ્યા તેનું આ ફળ પારકાનું કાપવા જતાં મારૂંજ કપાઈ ગયું? મારા જેવો બીજો બેવકુફ કોણ હશે કે સારા નરસાનો વીચાર કરયા વગર લાલચમાં આપમતલબીઆ, અદેખા અને બીજાનું બુરૂં કરનારાઓની જાળમાં સપડાઈ હોળીનું નાળીયર બની મેં જે આગ સળગાવી છે તેનો ભોગ મારે આપવો પડશે. હવે સમજાવ્યો સમજે એવો રાજા નથી તે પોતાની હઠ પુરી કરશે. નસીબ? એમાં કોને દોષ દેવો! એતો હાથનાં કર્યાં હૈયે વાગ્યાં આ પ્રમાણે વીચાર કરે છે તેટલામાં રાજાનો હુકમ થતાંજ સીપાઇઓએ તરત ઇમામ હજામને પકડી સ્મશાનમાં લઇ ગયા અને ચીતા ખડકી અંદર સુવાડી આગ લગાડી દીધી.

સાર - દરેક કાર્ય આરંભતા પહેલાં વીચાર કરવાની જરૂર છે. જે ઉધ્ધત બની અનીષ્ઠ કાર્ય કરવાને તત્પર થાય છે. તેની દશા ઇમામ હજામ જેવી થાય છે. જો બીરબલે પોતાના દુશ્મનોને હરાવવા માટે આ તર્કશક્તીઓનો ઉપયોગ કર્યો ન હોત તો શું તે લાખો રૂપીઆ મેળવી કાલના પંજામાંથી છુટવા પામત? કદી નહીં? માટે દરેક માણસે પ્રપંચીઓના સહવાસમાં આવતા બીરબલની પેઠે બુધ્ધિને દોડાવી દુનીઆના દગલબાજ લોકોને નાશ કરી પોતાનો જય મેળવવો.

-0-

# વારતા ચોથી

-O:O-

## સમય સુચકતા

-O:O-

## કરામત કીરતારની જાણે બુદ્ધિ જરૂર, કૃપા હોય કીરતારની તોજ મળે તલપુર.

બાદશાહે ભરાયલી દરબારમાં સવાલ પુછ્યો કે, અત્રે વિરાજમાન થયેલા દરબારીઓના મનમાં હમણાં શું વિચાર હશે! તે કોઇ કહેશો? આ સવાલ સાંભળી તમામ ઉમરાવો ભયભીત બની ગભરાવા લાગ્યા. તેઓના મુખપરની લાલી ઉડી ગઇ? સવાલનો જવાબ આપવાની શક્તી ન હોવાથી, શું જવાબ આપે? અને જો ખોટો આપે તો તો અપમાન થાય? તેથી દરબારીઓ કંઇ પણ જવાબ ન દેતાં મોં નીચું કરી આનો જવાબ કોણ આપે છે તેની રાહ જોતા બેઠા. આનો જવાબ આપવાની ઉમરાવોમાં તાકાત નથી એવું સમજીને બાદશાહે બીરબલને પુછ્યું કે, આનો જવાબ તમે આપી શકશો? બીરબલે કહ્યું કે, જી સરકાર? કહી શકીશ? પણ દરેકનો જુદોજુદો કહું કે બધાઓનો સાથે કહું. બાદશાહે અજાયબ પામીને કહ્યું કે બસ એકજ જવાબમાં કહો? બીરબલે કહ્યું કે, નામદાર! અહીંઆં બેઠેલા તમામ જનોનો મનમાં એવો જ વીચાર છે કે જ્યાં સુધી શશી અને રવી તપે છે ત્યાં સુધી તમારૂં રાજ, તમારૂં સુખ, તમારૂં તેજ તપી અવીચલ રહી અથાગ સુખના ભોગતા થાઓ. એવો સઘળાઓનો વીચાર છે. જો મારા જવાબમાં આપને કંઇ શંકા થતી હોય તો આ વિરાજમાન થયેલા અમીર ઉમરાવોને પુછી ખાત્રી કરો? આ પ્રમાણે ચમત્કારી યુક્તી જોઇ બાદશાહ અને દરબાર બીરબલની ઉપર ફીદા ફીદા થઇ ગયા.

**સાર**-જો બીરબલે આ વખતે પોતાની બુધ્ધિનો ચમત્કાર દેખાડ્યો ન હોત તો બાદશાહ અને વી રૂધ પક્ષ એકમત થાત? માટે દરેક માટે બીરબલ જેવી ચાતુરી વાપરી પોતાના મીત્ર મંડળમાં કિંવા સભામાં સર્વને સંતોષકારી જવાબ આપી જય મેળવવો.

-O-

# વારતા પાંચમી

-O:O-

## ફાંસીને બદલે માન

-O:O-

દુરિજન દાગ લગાડવા કાર્ય કરે પ્રતિકૂળ,
પણ ભગવાન પાધરો, મહાજન પણ અનુકૂળ

દીલ્લી શહેરમાં એક હીરાચંદ નામનો દાભિંક સઠ અને બીજાનું અકલ્યાણ કરનાર માણસ રહેતો હતો. તેની સાથે તેને માધુ નામનો એક મહાપાપી મીત્ર રહેતો હતો. તેના તે પાપી મીત્રના પાપના શિક્ષણ તેને વધારે પાપી બનાવનાર હીરાચંદને વધારે ધીકારતા હતા, આનો કાટ કાઢવા માટે નગરવાસીઓએ એવી અફવા ઉડાડી કે જો સહવારમાં કોઇ માણસ હીરાચંદનું મોં જોય તો તેને તે દીવસે ખાવાને મળતું નથી ? આ અફવા ફેલાતી ફેલતી એકદમ રાજાના કાને અથડાઇ, તેની સચાઇ શોધવા માટે બાદશાહે હીરાચંદને પકડી મંગાવી એકાંત સ્થળમાં બેસાડી રાખ્યો. બીજે દીવસે સવારમાં બાદશાહે ઉઠતાં વારજ તેનું મોં જોઇ બોલ્યો કે, હવે મને ખાવાનું મળે છે કે નહીં તેની ખાત્રી કરૂં. બાદશાહને જમવાનો વખત થયો. રાજા જમવા બેઠો. જેવો રાજા કનક થાલમાંથી અન્નનો કોળીઓ ઉપાડી મુખમાં મેલવા જાય છે તેવોજ ઉપરથી ભોજન થાળમાં ઘરોળી પડ્યો તેથી બાદશાહને સુગ ચઢી અને ખાધા વગરજ ભોજન ઉપરથી ઉઠી નીકળ્યો, અને બીજી રસોઇ બનાવવાનો હુકમ આપ્યો. આ બનાવથી બાદશાહને ખાત્રી થઇ કે હીરાચંદનું મોં જોયું તેનો આ ચમત્કાર છે ? માટે તેવા પાપીનો નાશ કરવો એજ ઉત્તમ માર્ગ છે ! એવો ઠેરાવ કરી ચંડાલોને બોલાવી હુકમ આપ્યો કે, આ પાપીને એકદમ ફાંસીએ લટકાવી દો. રાજાનો હુકમ થતાંજ ચંડાલો તેને લઇ ચાલ્યા. પણ રામ રાખે તેને કોણ ચાખે ? પુરો નસીબવાન ! હજી કંઇક પાપ કરવાનાં બાકી રહ્યાં હશે તેથી રસ્તામાં બીરબલ મળ્યો. બીરબલે આવી દશાએ પહોંચેલા હીરાચંદની ભયાનક કથા સાંભળી દીલગીર થયો અને તેથી બીરબલને દયા આવવાથી તેને એકાંતમાં લઇ જઇને કહ્યું કે, અલ્યા હવે તું જરા પણ ડરીશ નહીં, જે વખતે તને ફાંસીએ લટકાવતી વખતે પુછશે કે તારી ઇચ્છા શી છે ? એમ પુછે ત્યારે તું એટલુંજ કહેજે કે, મારૂં મોઢું જોવાથી માણસોને ખાવાનું મળતું નથી, પણ રાજાનું મોં જોતાં આજે મને ફાંસીની શીક્ષા થઇ છે, માટે મારે એટલુંજ લોકોના પરોપકાર માટે જાહેર કરવા માગું છું કે

કોઈ પણ બાદશાહનું મોં સહવારમાં જોશો નહીં, નહીં તો મારા જેવી દશાએ પહોંચશો ! એટલું કહી બીરબલ ચાલી ગયો. હીરાચંદને ફાંસીના માચડા પર લઇ જઇ ચંડાલોએ પુછ્યું કે, બોલ હવે તારી શી ઇચ્છા છે. હીરાચંદે બીરબલનું કહેલું કહેવાથી ચંડાલો વીસ્મય થઇ બાદશાહ પાસે જઈ સઘળી બીના વીદીત કીધી. આ વાત સાંભળતાંજ બાદશાહ ઉલટો અકળાયો અને પોતાની ફજેતી થશે એમ માની ચંડાલોને કહ્યું કે, જાઓ તેને મારી પાસે લાવો. રાજાનો હુકમ થાતાજ ચંડાલોએ હીરાચંદને લાવી રાજાની હજુરમાં ઉભો કીધો. રાજાએ તેને ઈનામ આપી કહ્યું કે, જા તારા અપરાધની તને ક્ષમા કરવામાં આવે છે. માટે આ વાત કોઇની આગળ કરતો નહીં. હીરાચંદને વીદાય થયેલો જોઇ, બાદશાહે ચંડાલોને પુછ્યું કે, તમને રસ્તામાં કોઇની ભેટ થઇ હતી ? ચંડાલોએ કહ્યું કે, હા સીરતાજ ! બીરબલજી. બાદશાહ તરત સમજી ગયો કે આ સઘળી ખુબી બીરબલનીજ છે, શાબાસ છે એની વીશાલ બુધ્ધિને ! એમ વખાણ કરતો ને મનમાં ને મનમાં આનંદમયી બન્યો.

**સાર**-અકલની કેવી બલીહારી છે ? અકલવાન મોતમાંથી પણ બચાવી શકે છે. માટે અકલ એજ કીરતારની કરામત છે.

-0-

# વારતા છઠી

-૦:૦-

## હાજર જવાબ

-૦:૦-

એક દીવસે બાદશાહે ભર કચેરીમાં બીરબલને પુછ્યું કે, દરેક પ્રાણીમાત્રની નજરે સુરજ અને ચાંદો જણાય છે, તે સુરજ ચાંદાના પ્રકાશથી સઘળી વસ્તુઓ નિહાળી શકાય છે. પણ કોઇ એવી વસ્તુ હશે કે સુરજ અને ચાંદાના પ્રકાશમાં પણ ન દેખાય?

**બીરબલ**--નામદાર! તેમના પ્રકાશ પાડવા છતાં પણ અંધારૂં નજરે જોઇ શકાતું નથી.

**બાદશાહ**--આ જગતમાં કોનો વિશ્વાસ નહીં કરવો?

**બીરબલ**--આંખે કાણો, હાથે ઠુઠો, પગે લુલો, અને ટુંક ગરદનીઓ એ ચાર નીશાનીવાળાઓથી હમેશાં અલગ રહેવું.

**બાદશાહ**--નીમકહરામ કોણ?

**બીરબલ**--આપણું ખાઇ આપણું બુરૂં કરે તે.

**બાદશાહ**--નીચમાં નીચ કોણ?

**બીરબલ**--દેશનો દુશ્મન.

બીરબલના આ હાજર જવાબો સાંભળી રાજા અને કચેરી બીરબલને ઘણો ધન્યવાદ આપી પ્રસન્ન થયા.

**સાર**--બુદ્ધિશાળીની ખુબી એજ છે કે હજારો માણસોની વચમાં હાજર જવાબ આપી પારકાઓને પોતાના કરી શકે છે.

-૦-

# વારતા સાતમી

-0:0-

## બીરબલ સરસ કે તાનસેન ?

-0:0-

દીલ્લીપતી બાદશાહની દરબારમાં બીરબલનું ચલણ વધારે હતું. બીરબલને પુછ્યા વગર બાદશાહ પાણી પણ પીતો નહીં, તેથી તમામ મુસલમાન અધીકારીઓ ઘણા નારાજ રહેતા હતા. અને નીરંતર એજ વીચાર કરતા કે આનું પાપ કેમ ટળે ? કબાબમાં હડી સરખો થઇ નડનાર બ્રાહ્મણે તમામ રાજકારોબારની સત્તા પોતાને હાથ કરી લીધી અને આપણું પાણી ઉતારી પાણીથી પાતળા બનાવી આપણી ઉપર હુકમ ચલાવે છે એ થોડી ખેદની વાત છે ? એ થોડું અપમાન છે ? એ અપમાન કેમ સહન થઈ શકે ? માટે અપમાનનો બદલો વાળવો જોઇએ ? માટે કોઇપણ પ્રકારે તેને તેના હોદ્દાપરની ભ્રષ્ટ કરાવી આપણી જાતીનાજ માણસને તેના હોદ્દાપર લાવવો. આ હોદ્દાને લાયક તાનસેન છે, જેણે પોતાના ગાયનકળાથી તમામ હીંદુ મુસલમાનોને વશ કરી લીધા છે તેથી કોઇને કાંઇ કહેવાનું રહેશે નહીં આવો ઠરાવ કરી આ ખટપટી મંડળમાંના એક અમીરે પોતાના હીરા બાગમાં તાનસેનની ગાયન કળા સાંભળવા માટે બાદશાહ સહિત તમામ અમીર ઉમરાવોને આમંત્રણ દીધું. અમીરના આમંત્રણને માન આપી બાદશાહ સહિત અમલદારો પધારી અમીરના બાગને દીપાવ્યો. ઠાઠમાઠથી શોભી રહેલા બાગને વધારે શોભાવવા માટે તાનસેને પ્રથમ દીપક રાગ છોડ્યો. તે રાગના પ્રભાવથી તત્કાળ તમામ જ્યોત પ્રકાસીત થઇને જ્યાં ત્યાં ઝગઝઘાટ કરી દીધાથી બાદશાહ અને બીજાઓ અજાયબીમાં ગરકાવ થઇ ગયા. આ અજાયબીમાં મોહીત પામેલાઓને વધારે મોહીત કરવા માટે તાનસેને સમય સમયની રાગરાગણીઓ ઉત્તમ આલાપથી ગાઇ બતાવી સકળ સભાને ચકીત કરી નાંખી ? તથા સકળ સભા આનંદમયી બની જઇ ગરજી ઉઠી કે વાહ ? રે વાહ ! તાનસેન ! તેં ઠીક રંગ જમાવ્યો છે ! શાબાશ તારી ચાતુરીને ? તાનસેન કી તાનમેં સબી બન ગયે ગુલતાન આ હરષ ગરજના શાંત પડ્યા પછી ખુશ મીજાજમાં બેઠેલા બાદશાહની શાંતવૃતી જોઇને અમીર ઉમરાવો કહેવા લાગ્યા કે, 'સીરતાજ ! બીરબલથી તાનસેન કેટલા ગુણવાન અને જ્ઞાનવાન છે ? તેનો પ્રત્યક્ષ દાખલો જુઓ ? હવે તેના વખાન કરવાની જરૂર નથી. માટે તેમની યોગ્યતા પ્રમાણે તેનો સત્કાર થવો જોઇએ ? જો એને બીરબલનો હોદ્દો આપવામાં આવે તો કોઇપણ ક રાજી નથી. સકળ સભા એજ ઉમેદ રાખે છે. આનો ઉત્તર આપતાં બાદશાહે કહ્યું કે, તમો જે કહો છો તે ખરૂં છે પણ બીરબલની તુલના થઇ શકે એમ નથી. બીરબલ તો બીરબલ જ છે. તાનસેન બીરબલની બુદ્ધિને જીતી શકે એમ નથી. તાનસેન ગાયનકળાનો રાજા છે પણ રાજ રંગ શું

છે તેનું તેને જરાપણ ભાન નથી. તેની ખાત્રી તમોને થોડા વખતમાં કરી બતાવીશ એ પ્રમાણે વાદવિવાદ ચલાવ્યા પછી પોતે પોતાને સ્થાનકે રવાના થઈ ગયા.

બીજે દીવશે બાદશાહે ઇરાનના શાહને એક પત્ર લખ્યો કે, આપ તરફ બીરબલ અને તાનસેનને મોકલ્યા છે તેમનાં આ પત્ર વાંચતાંજ શીરચ્છેદ કરાવશો. આ મતલબનો કાગળ લખી પોતાની મહોર છાપ મારી બીરબલ અને તાનશેનને આપી કહ્યું કે તમે બંને જણ મોટા ઠાઠ માઠથી ઇરાનના શાહ પાસે જાઓ અને આ કાગળનો જવાબ લઈ આવો.

રાજાનો હુકમ થતાંજ બંને જણ મોટા ભપકાથી ઇરાનના દરબારમાં દાખલ થઇ રાજનિતિ મુજબ નમન કરી શાહના હાથમાં પત્ર મુક્યો. પત્ર વાંચતાંજ સાહે સીપાઇઓને સ્વાધીન કરી હુકમ કીધો કે, આ બંનેને લઇ જઈ મારી નાખો. શાહનો હુકમ થતાંજ સીપાઇઓએ તરત તે બંનેને પકડી લઇ ચાલ્યા. આ જોઇ તાનસેન ઘણો ભયભીત બની રડવા લાગો.

બીરબલ - કેમ તાનસેન રડો છો કેમ? તમારૂં ડહાપણ ક્યાં ગયું દુખ વખતે ડહાયો પુરૂષ કદી પણ ધીરજ મુકતો હશે? મારા કરતાં તમે અનેક ગુણવાન છો તેથી તમારા જાતભાઇઓએ મારી જગા તમને અપાવવા માટે બાદશાહને ભલામણ કરી છે, માટે બાદશાહે આપણા બંનેના પરાક્રમની પરિક્ષા કરવા માટે અહીં સુધી આપણને મોકલ્યા છે તેથી આપ આપના ગુણના પ્રતાપવડે માથે આવી પડેલા સંકટનું નિવારણ કરો.

તાનસેન - ભાઈ તમે મોટા પરોપકારી છો, તમારું બુદ્ધિબળ અગાધ છે, હું આપને શરણે છું. મુરખાઓઅની વાતનો અને અદેખાઓના પ્રપંચો સામે તમો જરાપણ વિચાર કરશો નહીં. એ મુરખાઓનો હું ભોગ થઇ પડ્યોછું. માટે મારી મશ્કરી ન કરતાં મારા નીકળી જતાં પ્રાણની રક્ષણ કરવાની યુક્તિ રચી મને બચાવો.

બીરબલ - ઠીક છે નીડર થઇ ઉભો એટલે સંકટ રહિત થશો? જે વખતે આપણને આ સીપાઇઓ શીરચ્છેદ કરવા તત્પર થાય તે વખતે ઘણાજ હર્ષની સાથે મને પાછળ હઠાવી સીપાઇઓને કહેજો કે ભાઇઓ પહેલું મારૂં માથું કાપો અને હું તમને પાછળ હઠાવી કહીશ કે ભાઇ એનાથી પહેલાં મારૂં શીર છેદો એ પ્રમાણે અત્યંત ઉત્સાહ બતાવ્યા પછી મારે જે કહેવું હશે તે કહીશ.

બીરબલ અને તાનસેનને મારી નાંખવા માટે સીપાઇઓ લઇને વધ સ્થળે ઉભા કીધા તે જોઇ પ્રથમ કરી રાખેલા સંકેત મુજબ આ બણે જણે ખુબ ગડબડ મચાવી મુકી આ જોઇ તે સીપાઇઓ અજબ પામ્યા કે કાળ સમીપ ઉભો છે છતાં તેનાથી જરાપણ ન ડરતા કેવા આનંદમય બની ઉભા છે. આ બંને મુરખાઓ કહે છે કે પહેલાં મારૂં માથું કાપો અને પછી એનું કાપો આમ છે. હવે શું કરવું માટે આ ભેદી માણસોની ભેદ ભરેલી વાતોથી શાહને વાકેફ કરવા જોઇએ. પછી જેવો તેનો હુકમ. આવો વિચાર કરીને આ બંને જણને શાહની સમક્ષ ઉભા કર્યા. બંનેની હકીકતથી શાહને વાકેફ કીધો. આ હકીકત સાંભળી રાજાએ

અચરત થઇ કહ્યું કે આ જગતમાં માણસને પ્રાણથી વધારે વ્હાલી બીજી કોઇ વસ્તુ નથી? તેમ છતાં તમે બેફીકરા બની માંહોમાંહ પ્રાણ આપવા આટલા અધિરા કેમ બની ગયાછો. એમ કરવાનું કારણ શું છે. બીરબલે ધીરજથી કહ્યું કે એ વાત પૂછશો નહીં અને અમે કહેશું પણ નહીં. આ વાત કરવામાં અને અમારા રાજાને નુકશાન થાય એમ છે. અને આમ કરવામાં અમારી શાહની શી ઉમેદ છે તે કેમ પાર પડી શકે? તમારી ઉપર જે પત્ર આવ્યો છે તેમાં કાંઇ અગત્યની મતલબ હોવી જોઇએ? એનો વીચાર આપેજ કરી લેવો, જો અમારો પ્રાણ અમારા ધણીને લેવો હોત તો તેમાં તેમને કાંઈ મુશ્કેલ નહોતું; પણ ખાસ કારણને લીધે જ આપના તરફ માથાં વઢાવવા મોકલ્યા છે. માટે વીલંબ ન કરતાં એક્દમ મારૂં મસ્તક ઉરાડી દો અને પછી તાનસેનનું.' બીરબલના આવા મારમીક શબ્દો સાંભળી શાહે મનમાં વીચાર કરી આનું ખરૂં કારણ શું છે તે જાણવાની ઉત્કંઠાથી આ બંનેને કહ્યું કે,'જ્યાં સુધી તમે તે ખરી વાતથી મને વાકેફ કરશો નહીં ત્યાં સુધી તમારાં માથાં કાપવામાં આવનારજ નથી? બીરબલે કહ્યું કે. 'ઠીક છે. અમારી ના નથી. પણ અમારી વાત જાણી લીધા પછી તુરત તમારો હુકમ અમલમાં મુકાવજો, અને એ વાત અમારા ખાવીંદના કાને બીલકુલ જવા દેવી નહીં? શાહે કહ્યું કે, તે મારે કબુલ છે.' બીરબલે ધીરજથી કહ્યું કે, 'અમારા શાહને તમારૂં રાજ લેવાની બહુ ઉમેદ છે, પણ તે ઉમેદ પાર પડી શકતી નથી, કારણ આપ સિંહ સરખા બલવાન છો. એથી લડાઇ કરી આપને જીતી શકાય એમ ન જણાવાથી તે કાયર બની બેઠા હતા. હાલમાં મકેથી બાદશાહને ત્યાં એક પીરજાદા પધારેલા છે, તેમને બે હાથ જોડી પુછ્યું કે, ઇરાનનું રાજ મારા તાબામાં શી રીતે આવે? અમારા બાદશાહને આશીરવાદ આપી પીરજાદાએ કહ્યું કે, ઇરાનનો શાહ મહા પ્રતાપી છે! એના તપોબલને લીધે એનું રાજ તમને મળી શકનાર નથી. પણ જો તેમના હાથથી બે માણસોનો વગર અપરાધે ભોગ આપશો તો એની મેળેજ તે શાહ મરણ પામશે. તકશીર વગરના બે જણા મરાય તેમાં જે પહેલો વધ થાય તે શાહની ગાદીનો હકદાર થશે. અને પછી જે વધ થશે તે બીરબલની પદવી પામશે!' તે પીરજાદાના વચનો ઉપર ઇતબાર રાખી બાદશાહે અમને વિશેષ પ્યારના કારણથી આપની તરફ આ યુક્તી રચીને મોકલ્યા છે. આ વાત હમારી છે તે તમને જણાવીને તમારી ખાત્રી કરાવી આપી છે. માટે હવે જરી પણ ઢીલ કરશો નહીં. પહેલાં મારૂં અને પછી તાનસેનનું શીરચ્છેદ કરો, જેથી વહેલું કામ સીદ્ધ થાય? બીરબલની આ વાણી સાંભળી શાહ હેરત પામીને કહ્યું કે, આમ છે તો પછી શા માટે મારા પગ મારે હાથે કાપવા તત્પર થાઉં? માટે જેવા આવ્યા તેવા તમારા દેશમાં જાઓ, અને મારો પત્ર તમારા શાહને આપજો. આજ લગી તમારા શાહને વડીલ સમજી તેના હુકમ માથે ચડાવતો હતો, પણ આ એનું આવું બુરૂં કાવતરૂં જાણી મને ધીકાર છુટે છે. અને તે ધીકાર ભરેલી લાગણીથી જ એના હાથના લખેલા પત્રનો અમલ ન કરતાં તમને

જીવતદાન આપી છોડી મુકું છું.' શાહનાં આવાં વચન સાંભળી બંને જણા નારાજ થઇ ઇરાનની સરહદ છોડી કેટલેક દીવસે દીલ્લી આવી બાદશાહને મળીને શાહનો પત્ર આપી ત્યાં બનેલી સઘળી હકીકતથી વાકેફ કરી ઉભા રહ્યા. શાહનો પત્ર વાંચી બાદશાહે દરબાર ભરી તાનસેન અને બીરબલને સભા ભરી સમક્ષ પુછ્યું કે, તમે શી રીતે જીવતા આવ્યા ? તે સાંભળી તાનસેનને ત્યાં સઘળી બનેલી હકીકત કહીને કહ્યું કે, 'ગરીબ પરવર ! જો બીરબલે બુદ્ધિ રૂપી બલનો ઉપયોગ ન કીધો હોત તો મારો પ્રાણ કદી પણ બચવા પામત નહીં? આ સાંભળી બાદશાહે પોતાની જાતવાળાઓને કહ્યું કે, 'મેં તમોને પ્રથમજ કહેલું કે બીરબલની બુદ્ધિ આગળ તાનસેનના ગુણ ઢંકાઇ જાય. તેનો આ પ્રત્યક્ષ દાખલો જોયો? કહો હવે બીરબલ સરસ કે તાનસેન ? આ બેમાંથી કોણ વધે ? બાદશાહનું આવું વાક્યબાણ સાંભળી બીરબલનું અદેખું મંડળ નીચું ઘાલી પશ્ચાતાપ કરવા લાગ્યું. અને હવે બીરબલની સાથે સ્નેહભાવથી વરતવું એમ તેમના મન સાથે પ્રતિજ્ઞા કરી.

**સાર** - ઇશ્વરની કૃપા વગર તાત્કાળીક બુદ્ધી પ્રાપ્ત થઇ શકતી નથી ? તે મહા શક્તીવાનની શક્તીથી બીરબલે તાનસેનને બચાવી પોતાના વેરીઓને પોતાના કરી લીધા.

-o-

# વારતા આઠમી

-O:O-

# મશ્કરીની મજાહ

-O:O-

## મશ્કરી મરતાં અવરની, આપ બને મુરખ ખરેખર.

ગ્રીષ્મ રૂતુમાં બાદશાહને ઠંડા જળથી નાહવાની મરજી થઇ જેથી પોતે હુરમ અને બીરબલ ત્રણે જણ જમુનાજીના એકાંત ઘાટ ઉપર ગયા. અને બંનેએ પહેરેલો પોષાક બદલી બીરબલના ખભાપર મુક્યો અને બીરબલને એક પોતાના બાળક સમાન ગણતા હોવાથી તેની કાંઇ પણ શરમ ન રાખતાં બંને જણ જમુનામાં નાહવા લાગ્યા. આ વખતે પુંઠ વાળીને ઉભેલો બીરબલ તે તરફ જોઇ શકે તેમ પણ નહોતું. મોટા માણસ ગમે તેટલી પ્રીતી રાખતા હોય તથાપી નીતીથી ચાલવું એજ વ્યાજબી છે. એમ જાણી બીરબલ ગુપચુપ કપડાં ખભા ઉપર રાખી ચંદ્રની જ્યોતિ નીહાળતો હતો. તેવામાં બાદશાહે બીરબલને મશ્કરીમાં કહ્યું કે, 'કેમ બીરબલ તારા ખભા ઉપર એક ગધેડાનો બોજો મુકેલો છે કે નહીં? બાદશાહની મશકરીનો ભાવ સમજી જઇને બીરબલે ટકોરમાં કહ્યું કે, 'નારે સરકાર? એક ગધેડાનો તો શું પણ બે ગધેડાનો બોજો મારા ખભા ઉપર હાલ પડ્યો છે?' આ સાંભળતાંજ બાદશાહ ચુપ થઇ ગયો અને પોતાની મશકરીને બાને પોતેજ મજા મારવા લાગ્યો.

**સાર** - બીરબલ જેટલી શક્તી હોય તોજ બીજાની મશકરી કરવી. નહી તો તે સહન કરી લઇને સમય સાચવી લેવો.

-O-

# વારતા નવમી

-O:O-

## મનની મનમાં રહી.

-O:O-

અકબરે હીંદુ અને મુસલમાનોના ધર્મ પુસ્તકોનો સારો અભ્યાસ કીધો હતો, હીંદુ ધર્મનો સાગર કે જે મહાભારતના નામથી જગપ્રસિદ્ધ છે તે મહાભારતના શાહના વાંચવામાં આવ્યું તેથી તેના મનમાં બહુ અભીલાષા ઉત્પન્ન થવાથી ફરી ફરીને કૌરવ પાંડવ યુદ્ધની વાતો વાંચી વીચારી જોયું કે, 'જે પ્રમાણે પાંડવોનાં સ્વ પરાક્રમનું આ ભારથ રચાયું છે તે પ્રમાણે મારા પરાક્રમ અને પ્રતાપનું પુસ્તક કે જેનું નામ 'બાદશાહી ભારથ'નું નામ રાખવામાં આવે કે નહીં? તે જાણવા અને જોવાની તેના મનમાં નીરંતર રટણા લાગી રહી. બીરબલને એકાંતમાં બોલાવી પોતાના મનનો હેતુ સમજાવી બાદશાહે કહ્યું કે, 'આજ દીન સુધી જે જે નામાંકિત નરો થઇ ગયા છે તેઓની અચળ કીરતીના લેખ વાંચવામાં આવે છે. તે મુજબ મારૂં ભારથ રચાવવાની ઉમેદ રાખું છું માટે તે વીશે ખાસ તજવીજ કરવા તમને ભલામણ કરૂં છું. અને તે બનાવવા માટેના જે જે સાધનો જોઇએ તે તે પુરા પાડવા તત્પર છું.' તે સાંભળી બીરબલના સ્વધર્માભીમાનના અંકુરો અંતરમાં સ્કુરી આવવાથી મન સાથે વીચાર કરવા લાગ્યો કે જો અકબર ચરીત્ર બનાવવાનું કહ્યું હોત તો ઠીક થાત પણ ભારથ રચવાનું કહે છે. એમ કેમ બની શકે? જો ના કહુંછું તો માર્યો જઉં છું. યુક્તી વગર ધનન અને મનન આશા સફળ થનાર નથી. આવેલો વખત જવા દેવો એ મુરખનું કામ છે. ગયો અવસર પાછો આવતો નથી. જે કામ કીધું તે આપણું. આજનું કામ કાલ પર મુલતવી રાખવાથી પસ્તાવું પડે છે. એનેજ મોઢે ના કહેવરાવું તોજ મારૂં નામ બીરબલ ખરૂં.' આવો વીચાર કરી યુક્તીથી બાદશાહને કહ્યું કે, 'જહાંપનાહ! અકબરી ભારથ બનાવવામાં કંઇ અડચણ નથી. જેમ ભારથમાં એક લાખ પચીશ હજાર શ્લોક છે તેમજ આપના ભારથના પણ રચાવા જોઇએ. માટે દર શ્લોક દીઠ એક રૂપીઓ ફક્ત રચામણીનો પડશે, અને તે કુલે શ્લોક લખવાનો ખરચ સવા લાખ રૂપીઆ થશે તેજ આપને વીચારવા જેવું છે? જો તેનો બંદોબસ્ત થશે તો ભારથ બનાવવાને જરા પણ વાર નહીં લાગે. પછી જેવો આપનો હુકમ.' બીરબલનો આ ઉત્તર સાંભળી બાદશાહે કહ્યું કે, 'હીંદના બાદશાહને ખજાને શી ખોટ છે? સવા લાખ લઇ ભારથ રચવાને શરૂ કરો, પણ તે રચાઇ ક્યારે તૈયાર થશે?' બીરબલે કહ્યું કે, 'છ માસમાં થશે.' આ સાંભળી બાદશાહ ઘણો આનંદમયી બની જઇને તરત ખજાનચીને બોલાવી સવા લાખ રૂપીઆ બીરબલને ઘેર મોકલવાનો હુકમ આપ્યો. સવા લાખ રૂપીઆ બીરબલને મલતાંજ, બીરબલે તે રૂપીઆનો સારો ઉપયોગ કરી પોતાના જન્માંતર માટે

સુખડી બાંધી. હવે ભારથનું કામ બાકી રહ્યું, તે માટે અનેક યુક્તી શોધતાં શોધતાં છ માસની મુદ્દત પણ પુરી થવા આવી, એટલામાં બાદશાહે પુછ્યું કે, 'કેમ બીરબલ? ભારથ પુરૂં કરી આપવાની અવધી આજે પુરી થાય છે, માટે ભારથ તઇયાર થયું છે?' બીરબલે છાતી ઠોકીને કહ્યું કે, 'જહાંપનાહ? થોડુંક બાકી છે, એ કંઈ જેવું તેવું કામ નથી. એતો અકબરી ભારથ બનાવવાનું છે?'

પ્રીય વાંચક! બીરબલે હજી સુધી ભારથની એક લીટી પણ તાણી નથી છતાં કેવી શમય સુચકતા વાપરી બાદશાહને સમજાવી દઈ લાખો રૂપીઆ મેળવી સન્માર્ગે વાપરી નામના મેળવી?

વાંચક બીરબલે ઘેર જઇ કોરા કાગળોનાં મોટા પુસ્તકના કદ જેટલા પાના કાપી આગળ પાછળ લાકડીની પાટલીઓ રાખી સુંદર રેશમી વસ્ત્રમાં તેને મજબુત બાંધી ઉપર રેશમી ગુંઠેલી પાટી વીંટી તેને બગલમાં મારી બાદશાહની પાશે આવ્યો. બીરબલની બગલ ઉપર બાદશાહની નજર પડતાં હર્ષ સાથે બાદશાહે પુછ્યું કે. કેમ બીરબલ! ભારથ પુરૂં થયું?' બીરબલે કહ્યું કે, 'હાજી જનાબ થયું!' એમ કહી બાંધેલું પુસ્તક છોડવા માંડ્યું, તે જોઇ શાહ આનંદીત ચહેરે જોવા આતુર બન્યો, તે જોઇ બીરબલે કહ્યું કે,'નામદાર! ભારથ પુરૂં થઇ ગયું છે પણ જરા થોડી મતલબ બાકી રહી છે તેનો ખુલાસો હુરમ સાહેબ પાસે ગયા વગર થનાર નથી માટે જો આપનો હુકમ હોય તો હું જઇને પુછી આવીને પછી તમારૂં ભારથ વાંચું.' બાદશાહે ભારથ પુરૂં થયું છે કે નહીં તેની ખાત્રી કરીને ખુસીની સાથે બીરબલને કહ્યું કે, 'જાઓ જે પુછવું તે પુછી આવો, અને ત્યાંથી આવવા પછી તમે મારા ભારથના સ્વરૂપનું દીર્ઘ દર્શન કરાવજો.' છોડેલા પુસ્તકને ફરીથી બાંધી ઉલ્લાસની સાથે જનાનખાનામાં જઈ હુરમ સાહેબની આગળ આ ભારથ મુકી કહ્યું કે, 'આ અકબર ભારથ છે, તે સરકારને બતાવ્યું છે, પણ તેમાં કાંઈક અધુરી રહી ગયેલી મતલબ પુરી કરવા માટે આપ સમક્ષ હજુરના મંજુરી મેળવવા આવ્યો છું. જો આપનો હુકમ હોય અને મારા બોલવા પર આપ માઠું ન લગાડો તો તે મતલબને માટે આપને અરજ કરૂં.' હુરમ સાહેબે પ્રસન્નતાથી કહ્યું કે ખુશીની સાથે પુછ, મને તારા બોલવાથી જરા પણ રીસ ચઢનાર નથી?' હુરમનું આવું બોલવું સાંભળી ચાલાક બીરબલે હાથ જોડી વિનંતી કરી કે, 'નામદાર! જેવી રીતે ભારથમાં પાંડવોની સ્ત્રી દ્રૌપદીના પાંચ ભરથાર હતા, તેજ પ્રમાણે આપના પાંચ ભરથારના નામ શું શું છે? તે ફક્ત જાણવાની જરૂર છે! બાકી તો બધી રીતે આ પુસ્તક ભારથના સમાન થઈ ચુક્યું છે.' પાંચ ભરથારનું નામ સાંભળતાંજ હુરમના ગુસ્સાની હદ રહી નહી પરંતુ તે વીવેકી અને મર્યાદાશીલ હોવાથી પોતાના ગુસ્સાને દબાવી મોટા માણસનો ધર્મ શું છે તે સમજી જઇ બોલ્યા, પછી અબોલા ન થતાં વચન પાળવું એટલે હવે ઉપાય શો? માટે બીરબલને કહ્યું કે, 'બીરબલ! તમને અને સરકારને આવી મજાક કરવાની બુદ્ધિ કોણે

આપી? કે આવું ભારથ બનાવ્યું ! શું આ પુસ્તકમાં પુળો મુકવા છે?' એટલા શબ્દો ઉચ્ચારીને તરત દાસીને બોલાવીને કહ્યું કે, 'આ પુસ્તકને લઇ જઇને સળગતી ભઠ્ઠીમાં નાંખી તરત બાળી દે, તેમ જ તે બળી ખાખ થઇ જાય ત્યાં સુધી તું ત્યાંજ ઉભી રહેજે.' આ હુકમ થતાંજ દાસી તે પુસ્તકને લઇ જઇ બાળી નાંખી હુરમને વીદીત કીધું. તે સાંભળી બીરબલ મનમાં બહુ રાજી થયો. પણ અંતરનો ભાવ ન બતાવતાં ઉદાસી બાવા જેવો બની કંઈ પણ કહ્યા વગર ગુપચુપ હુરમનો આવાસ છોડી નીશાશા નાખતો અને અફસોસ કરતો બાદશાહ પાસે આવ્યો. બીરબલનો ઉતરી ગયેલો ચ્હેરો જોઇ શાહે અચરતથી પુછ્યું કે, 'કેમ બીરબલ ! શું થયું ? આમ આવી રીતે ઉદાસ બની જવાનું કારણ શું? બીરબલે બનેલી બધી હકીકત કહી સંભળાવી બોલ્યો કે, 'એમાં મારો શો ઈલાજ ? કેમકે ખરી બીના પૂછ્યા વગર છુટકોજ નહોતો ? અને પુછતાં આ પરીણામ આવ્યું. એમાં મારો શો અપરાધ? જો બરાબર ભારથ બનાવી એ તો આ નવું અને પ્રાચીન ભારથ સમાનજ તમામ હક ધરાવે છે કે નહીં ? તે ખાસ કરીને તપાસવાની જરૂર છે ? જેટલી વાતની ખામી તેટલીજ પુસ્તકમાં ખામીજ ગણાય, માટે મેં પુછ્યું, પણ હુરમ સાહેબને તો આપ વગર અન્ય પુરૂષ ભાઇ બાપ સમાન હોવાથી મારો પ્રશ્ન સાંભળતાં તે બહુજ કોપાયમાન થઇને, વખત અને પૈસાનો ભોગ આપી બનાવેલું ભારથ એક ક્ષણમાં બાળી નંખાવ્યું. હવે કરવું શું ? ધોબીનો કુત્રો નહીં ઘાટનો કે વાટનો એવી મારી દશા થઈ છે. જો મારી મતલબ પુરી કરવામાં આવે તો ફરીને ભારથ બનાવતાં વાર લાગવાની નથી.' બીરબલની નીરાશા જોઈ તરત અકબરે કહ્યું કે, 'બસ બહુ થયું, ભારથ બનાવવા જતાં ઘરમાં ભારથ જાગશે એનું કેમ ? માટે જવા દે.' બાદશાહની આવી ઈચ્છા જોઇ તરત બીરબલે કહ્યું કે, 'જેવી આપની મરજી.' એટલું કહી રજા માગી પોતાને ઘેર ગયો.

**સાર** - ગમે તેવી જાતનો માણસ હોય, અને ગમે તેટલા ધનની અને ઓહ્દાની તેને પ્રાપ્તી થઇ હોય તો પણ પોતાના ધર્મનું અભીમાન મુકવું નહીં. અને બીરબલની પેઠે સાવધાન બની કાર્ય કરાવનારને રીઝવી પોતાનું કાર્ય કરી લેવું.

-o-

# વારતા દસમી

-0:0-

## જેને મુકી લાજ તેને નાનું સરખું રાજ.

-0:0-

કિંચિત કારણ કારણે નીચ નરે તજી લાજ,

થાય ભલે નિજનું બુરૂં, પરનું બગડે કાજ.

દીલ્લીમાં એક કુટીલ અને પ્રપંચ રચી પોતાનો નીચ હેતુ સફળ કરનારી નઠોર નારી રહેતી હતી, તે દુષ્ટ નારીની સાથે તેણીની પડોશણને કાંઇક કારણથી તકરાર થઇ, તે પડોશણનો ઘાટ ઘડવા પોતાના છોકરાને મારી નાંખી મોટેથી બુમ મારી કે આ પાપિણીએ પ્રપંચ કરી મારા છોકરાને મારી નાખ્યો છે. આ રાંડને પકડો! હાય! હાયરે!! એ દુષ્ટાએ મારૂં સત્યાનાશ વાળી મુક્યું છે. એક દીવસના ઝઘડાનું આવી રીતે વેર રાખી વેરણ બની આજે મારા નિરપરાધી બાળકને હત્યારીએ પ્રાણ હરી લીધો છે! એનો બદલો લીધા વગર કદી રહેનાર નથી! આમ આ તે દુરાચારણી અધમ નારી પોતાના હાથે પોતાના બાળકનો નાશ કરી તે નિરદોષ પડોસણને વળગી પડીને તેને કહેવા લાગી કે, અરે પીશાચણી! ભુંડા કરમ કરનારી! તેં આવી રીતે લોહી પીધું! હવે તું ક્યાં જનાર છે! ચાલ રાંડ ચાલ! સરકારમાં! તારી કરણીના ફળ ચખાડું! અરે છીનાલ! ઘણા વખતથી તારા પાપનો ઘડો ભરાયો છે તે આજે ફોડી નાખું, જ્યારે મારા છોકરાના ખુન માટે તને શુળી ઉપર ચડેલી જોઇશ ત્યારેજ મારી ઉછળતી છાતી અને ઉકળતું રૂધીર શાંત થશે. આમ ગાળો દેતી તેને પકડી ઇનસાફની અદાલતમાં લઇ ગઇ. તમાસાને તેડું હોતું નથી. તે મીસાલે કેટલાક લોકો આ નીચ નારીનો તમાસો જોવા ગયા. ન્યાયને દીપાવનાર બીરબલ જેવા ન્યાયાધીશે આ નીચ નારીની સઘળી ચકીકત સાંભળી લઇને તેની પડોશણને પુછ્યું કે, તેં આના છોકરાનું ખુન કીધું છે? તે ગરીબ બાઇએ કહ્યું કે, ના હું આ બાબતમાં કશુંએ જાણતી નથી તેણે મને ખરાબ કરવા માટે તદ્દન ખોટો આરોપ મુક્યો છે. આ માટે બીરબલે બહુ બારીકાઇ થી તપાસ ચલાવી, પણ સત્ય શું છે તે તરી ન આવવાથી અંતે બીરબલે પોતાની તર્કશક્તી ચલાવીને ફરીયાદણને કહ્યું કે, તમો બહાર જઇને બેસો. થોડા વખત પછી તમને બોલાવીશ. ફરીયાદણ બહાર ગયા પછી પ્રતિવાદણને પુછ્યું કે, જો તમે છોકરાનું ખુન કીધું નથી એમ એની ખાત્રી કરવા માટે આ અદાલતમાં બેઠેલાં તમામ લોકોની સમક્ષ તમો

નાગાં થઈ જઇ ક્ષણવાર ઉભાં રહો. બીરબલનો આવો હુકમ સાંભળી તે બાઇ બોલી કે, સાહેબ, જોઈએ તે શીક્ષા કરો, પણ મારી એબ કોઇને બતાવનાર નથી. પ્રાણ કરતાં પણ મારી એબને વધારે પ્રીય ગણું છું, પછી આપ માલિક છો. આ પ્રમાણે બાઈનું બોલવું સાંભળીને તેને બહાર જવાનું કહીને ફરીયાદણને અંદર બોલાવીને કહ્યું કે, તમારા છોકરાનું આ બાઇએ ખુન કરયું છે તે સાબીત કરી આપવા માગતાં હોવ તો આ ક્ચેરી જોઇ શકે તેમ તમે તમારાં તમામ લુગડાં કાઢી નાખી નાગાં થઇ જઇ ઉભાં રહો એટલે વધુ પુરાવાની જરૂર રહેસે નહીં. આ સાંભળતાંજ પોતાની પાપી ધારણા પાર પાડવાની આશાએ ઝટ પટ નાગી થઈ જવાની તજવીજ કરવા લાગી. આ જોઇ બીરબલને ખાત્રી થઈ કે આ ફરીયાદણ હડહડતી લુચી અને દગલબાજ છે એમાં જરા પણ શક નથી. માટે એને માર મારીને જીવ મુંઝાય તેવી ગતીએ પહોંચાડ્યા વગર તે ખરી વાત કહેનાર નથી. એનો વીચાર કરી બીરબલે તેને સખ્ત માર મારવાનો સીપાઇઓને હુકમ આપ્યો. આ હુકમ થતાંજ સીપાઇઓએ માર મારી ખરી વાત કબુલ કરાવી. આ વાત સાંભળતાંજ બાદશાહ વગેરે સર્વ લોક કંપી ઉઠ્યાં. તેના ઘોર કર્મની શીક્ષા બદલ તેને જીવતી બાળી મુકવાનો અનુચરને હુકમ આપ્યો. બીરબલના આવા કઠોર હુકમે દુરાચરણીઓની છાતી વીંધી નાખી અને પહેલી બાઇને મોટા માનની સાથે અદાલતમાંથી ઘેર જવા રવાના કરી. બીરબલની આ ચમત્કારીક તપાસથી નાગરીકો અને બાદશાહ એક અવાજે વખાણ કરવા લાગ્યા. કરશે તે ભરશે બીજા શું કરશે.

**સાર** - દરેક માણસે દુરાચરણનો ત્યાગ કરી સદાચરણી બનવું. જુઓ પાપીઓની શી દશા થાય છે. પોતાનો દુષ્ટ હેતુ પાર પાડવા માટે પોતાનું અને બીજાનું નિકંદન કાઢવા જતાં શી હાની થાય છે તેઓ દાખલો આ વારતા પરથી લેવો.

-O-

# વારતા અગીઆરમી

-0:0-

## નફટ નોકર અને શેઠ

-0:0-

અકુલિન કુલિન થવા ચાહે પણ કદિ કુલિન બને નહિ !
શું તે કાચ તે મણિ રત્ન સમ કદિ પણ પ્રકાશી શકે સહિ ?

એક શાહુકારને ત્યાં એક સીદી નોકરી કરતો હતો. તેના ઉપર શેઠની સારી ચાહના હતી. એક સમે કાંઇ કારણસર તે નોકરને ઠપકો આપ્યો. તેથી સીદી ભાઇનો મીજાજ છેક આકાશે ઉડ્યો ! આંધળાને આંધળો કેમ કહેવાય ? ખુમારીમાં ને ખુમારીમાં બકવા લાગ્યો કે, શું મારી માએ એને માટેજ પેદા કીધો છે ? મારૂં તકદીર જોર કરશે તો-તેરે મગન બોહત હે તો મેરે ભુપ અનેક-ઠાકરને ચાકર ઘણાં અને ચાકરને ઠાકર ઘણા આવો વીચાર કરી પલાયન થયો ફરતો ફરતો દીલ્લી શહેરમાં આવી કામે વળગ્યો.

એક વખત આ શેઠ કાંઈ કારણસર દીલ્લી ગયો. રસ્તામાં તે ગુલામની શેઠને ભેટ થતાં શેઠે તેને પોતાની પાશે બોલાવી કહ્યું કે, 'કેમ અંતે તું નીમકહરામ બની બેઠો કે ? જાતપર ભાત કદી પડતી હશે ? અંતે નીચ તે કદી ઉંચ કહેવાશે ?' શેઠના રદયભેદક વાક્યો સાંભળતાંજ તે રાતો પીલો બની જઇ શેઠને કહ્યું કે, 'અરે બદમાસ બદમાસી ક્યું કરતા હે ગુલામ હોકર મુજે ગુલામ બનાના ચાહતા હે. દગા કર ઘર છોડ ઇધર ભાગ આયા. બોત દીનસે તેરા પતા લગા, અબ ચલ ઘરકું.' આ ગલે પડુ ગુલામની કઠોર વાત સાંભળતાંજ શેઠ સજ્જડ થઇ જઇને કહ્યું કે, 'નીમાજ પઢતાં મસજીદ કોટે વળગી શું ઉલટો ચોર કોટવાલને દંડશે ? અરે મુરખા ? ચોર ચંડાલ, ગુલામ બની જીંદગી ગુજારનાર તે કદી શેઠનો દાવો કરી શકે ? સીંહનું રૂપ ધારણ કરી ફરનારા શીયાલવાને સીંહની ઉપમાં આપી શકાશે ? ગુલામ તે ગુલામ ? માટે તારી નીચતા જવા દે, નહી તો તેનો તને તારો ભોગ આપવો પડશે ?' આમ તકરાર કરતા બંને જણ ખુબ લડવા લાગા. આ જોઇ તરત ચોકીદારો દોડી આવી બંનેને પકડી અદાલતમાં ઉભા કીધા. બીરબલે આ બંનેની ચમત્કારીક તકરાર સાંભળી લઇને અનુચરોને હુકમ આપ્યો કે, 'આ સામેના મકાનની જુદી જુદી બારીમાંથી ડોકી બહાર કઢાવી

આ બંનેને ઉભા રાખો.' સીપાઇએ હુકમ મુજબ બંનેને ઉભા રાખ્યા તે જોઇ બીરબલે હુકમ કીધો કે જુઓ છો શું ? ગુલામનું ડોકું ઉડાવી નાંખો. આ હુકમ સાંભળતાંજ સીદી ગુલામ ડરી જઇને તરત પોતાનું ડોકું પાછું ખેંચી લીધું. અને શાહુકાર તો જરાપણ ન ડરતા અડગ થઇ ઉભોજ રહ્યો, આ જોઇ બીરબલે કહ્યું કે, ' આ બેમાંથી ખરો ગુલામ સીદી છે એમાં જરાપણ શક નથી. પોતાનો અપરાધ છુપાવવા માટે આ ખરા અને પ્રમાણીક શેઠના પ્રમાણીકપણાને ડાઘ લગાડવાને માટેજ ગળે પડ્યો છે. અલ્યા નીચ ! તારી નીચતા મુકી દઈ તારા શેઠને તાબે થા. નહી તો તારી કરણીના ફળ તને ચાખવા પડશે ?' બીરબલનો આવો કડક હુકમ થતાંજ તે ગુલામ તમામની ક્ષમા માગી પોતાના શેઠને તાબે થયો. બીરબલની આ ચમત્કારીક ઈન્સાફની ખુબીથી શાહ સહીત તમામ કચેરી ચકીત બની ગઇ.

**સાર**--પારકો માલ પચાવી પાડવા માટે પારકી સ્ત્રીઓનું હરણ કરવા માટે, નીચમાંથી ઉંચ થવા માટે, કદીપણ બગરૂપ ધારણ કરી બીજાને ગળે પડવાની પડેલી ખોટી ટેવને સુધારવી. આવી દાદાગીરી કરવા જતાં બળીદાન દેવું પડે છે. વાંચો કે ગુલામ હોઇ શેઠ બનવા જતા કેવીરીતે સપડાઇ ગયો. માટે સત્ય હોય તેજ પ્રકાશી નીકળે છે.

-0-

# વારતા બારમી

-0:0-

## એ પણ ખોયું અને તે પણ ખોયું

-0:0-

જગમાં પ્રબળ પ્રતાપી તું, વિશ્વ વિશજ વિત્ત,
શુર મુનીવર નર નારીનાં. ચિત્ત બગાડે ખચિત્ત.

કોઇ એક બ્રાહ્મણ પોતાનાં પાપને ધોઇ દેહનું કલ્યાણ કરવા માટે કાશીએ જવાની ઉમેદ રાખતો હતો, પણ મહા મુશીબતથી આખી જીંદગીમાં રળી રળીને એકઠા કરેલા એક હજાર રૂપીઆની શી ગોઠવણ કરવી ! કોને ત્યાં તે રાખવા ? તે માટે તેની ચીંતામાં ને ચીંતામાં રાત દીવસ પોતાનો કાળ ક્રમણ કરતો હતો તેનો આ દાંભીક વીચાર યાત્રા કરવા જવામાં કાંટારૂપ થઈ પડ્યો હતો. એક સમે તેજ ગામમાં રહેનાર એક વૃદ્ધ ફકીર જે દરેક વાતે પંકાતો હતો તે સાંજે સવાલ કરતો કરતો તે લોભી બ્રાહ્મણના ઘર આગળ આવ્યો, તે જોઇ આ બ્રાહ્મણે તે દાનેશમંદ ફકીરને પુછ્યું કે ' સાંઈ મોવલા મારા હજાર રૂપીઆ, હું યાત્રા કરીને આવું ત્યાં સુધી તમે રાખશો ? સાંઈએ કહ્યું કે ' છટ ! ઐસી જંજાળમેં હમ કભી નહીં ગીરેંગે ? એ દગલબાજ દુનીયાકી મોહ માયા જાળ તોડ ખુદાકી બંદગી કરતે કે લીયે એ ફકીરી લી હૈ. ઉસ ફકીરીમાં મીટી દાલને કે લીયે હમકુ મોહની દીખાતા હૈ મેરે સીવાય ઔર ગામમે સાહુકાર નહી હૈ. ફકીરનો આવો વીચાર જાણી તે બહુજ નીરાશ થઇને ફકીરને કહ્યું કે 'મઉલા આપ ગમે તેમ કરશો ના કહેશો મને ધમકાવશો પણ તમારેજ મારા રૂપીઆ રાખવા પડશે. તમારા જેવા પ્રમાણીક અને નીરલોભી માણસને આ ગામમાં જોતોજ નથી. તો પછી કોને આપું ? સાંઈએ જોયું કે આ સમજાવ્યો સમજે એમ નથી અને જેમ કહીશ તેમ તે પોતાની હઠને પકડી બેસશે. માટે દરગાહની જગા વીસાલ છે તેના એકાદ ખુણામાં ભલે દાટી જાય આપણે એના રૂપીઆ સાથે શી નીશબત છે ? પાછો આવશે ત્યારે લઈ જશે.' આવો વીચાર કરી તે મઉલાએ તેને કહ્યું કે, 'અચ્છા બમન તુમકું નાખુશ કરનેકું હમ નહી

ચાહતા હૈ. ઈસ લીયે તુમેરે હાથસે રૂપીયે દાટ દેના ઓર જભ ચહીયે તબ ખોદકે નીકાલ લેના. આટલું કહી તે ફકીર પોતાને રસ્તે પડ્યો આથી તે ખુશ થઇ સાંઇના દરગાહના એકાદ ખુણામાં ખાડો ખોદી પોતાના રૂપીઆ દાટી સાંઇ મવલાની રજા લઇ તે બ્રાહ્મણ નીચીંત બની યાત્રા કરવા પંથે પડ્યો. પાપ રહીત બનવા માટે યાત્રાના મોટા મોટા ધામો ફરવા લાગો. આ વીશ્વાસીને આવતાં વાર લાગવાથી તેના દાટેલા ધન ઉપર મવલાની દાનત બગડી, મોહીની જોઇ મન ચળ્યું, 'રામ રામ જપના ઓર પરાયા માલ અપના' આવો વીચાર કરી તે ફકીરે તેના દાટેલા ધનને ખોદી કાઢી લઇ લીધું. જો તે જીવતો આવસે અને પુછશે કે મારા રૂપીઆ ક્યાં ગયા? તો કહીશ કે કોને કહે છે? કોણ સાક્ષી? માણસ ભુલી ગયો શું મને ગળે પડવા આવ્યો છે? એ શું કરનાર છે? એનાથી શું થનાર છે? દુનીયામાં એમજ થતું આવ્યું છે. ઉંચો નીચો પગ પડ્યા વગર દોલત એકઠી થતી નથી. રંક, રાય બનવા માટે યત્ન કરે છે? ચાકર શેઠ બનવા માટે શેઠના ઘરમાં ઘા મારે છે કોઇ ધરમનો પૈસો પચાવી માલેતુજાર બન્યા છે, કોઈ રાંડીરાંડોને રડાવી શ્રીમંત બન્યા હશે, કોઇ ત્રસ્ટીઓ બની ત્રીજોરીનું તળીયું ઝાટકી નાખી ધનવાન થયા હશે, ચાકરીથી તો ભાખરીજ મળે છે પણ લક્ષાધિપતી બની શકાતું નથી, પ્રમાણીક તો સદા દુખી છે; અને અધમજ સુખી છે. બગલમાં રામ અને પેટમાં છુરી રાખનારજ આ જગતના અનુપી સુખનો લહાવો લઇ શકે છે તો પછી આમ તો હું આવી રીતે હાથમાં આવેલી લક્ષમીને કેમ જતી મુકું આવા વીચારમાં ભ્રમીત બનેલા ફકીરે પોતાના ભેખનો કાંઇપણ વીચાર કર્યા વગર તેના રૂપીઆ પોતાના ગોલખમાં નાખી દીધા. કેટલાક માસ વીત્યા પછી તે બ્રાહ્મણ ફરતો ફરતો પોતાને ઘર આવી પોતાનું દાટેલું ધન સાંઇની દરગાહમાં લેવા ગયો. ખોદતાં રૂપીઆને બદલે હાથમાં કોલસા આવવાથી તે બહુ દીલગીર થયો. અને માથે હાથ મુકી હાય રે મારા રૂપીઆ! કરી પોક મુકી. આ ફકીર પણ તેની બાજુમાં બેસી રડવા લાગ્યો. આ ઢોંગી સાંઇનો ઉતરી ગયેલો ચેરો જોઇને કહ્યું કે, 'મોવલા તમારી હદમાંથી મારા રૂપીઆ કોણ લઇ જાય? ગરીબને સંતાપવામાં તમને શો લાભ છે.' આમ વીશ્વાસઘાત કરવાથી દુનીઆમાં તમારો ઈતબાર કોણ કરશે? જરા ખુદાથી ડરો.' આ સાંભળી તે ફકીર બોલી ઉઠ્યો કે, ' ક્યું બદમાસ મુજે ગળે પડતા હે. કીને રખા ઓર કીને દેખા; જા ઇધરસે કાફર, નહીં તો હડી તુટ જાયગી.' આ જવાબથી તે બામણ ઉંડો નીશ્વાસ મુકતો ઘેર આવ્યો અને મન સાથે વીચાર કરવા લાગ્યો કે, 'લોભીનું ધન ધુતારો ખાય? સદ રસ્તે વાપરી લહાવો લીધો હોત તો આંસુ પાડવા પડત નહીં. દોહી કુતરાને પાયા સરખું મેં કિધું છે પછી કોને દોષ દેવો! કરમની ગતી વીચીત્ર છે! કરમ કરાવે એ કોઈ ન કરાવે! મારા રૂપીઆ ફકીરજ પચાવી પાડ્યો છે. પણ પુરાવો શું? ખરૂં છે કે, ઘેટે કપાસ ખાવા જતાં ગાંઠની ઉન પણ ગુમાવી. એવો ઘાટ ઘડાયો છે? ચીંતા નહીં, એ ચોરોને હું મુકનાર નથી. એ દેશે, હું લઇશ. અકબરના

દરબારમાં બીરબલ જેવા ચંચલ બુદ્ધિવાળા અનેક વીરનરો શોભી રહ્યા છે? તેઓ જરૂર મારો ચોર પકડી આપશે? એવો વીચાર કરી તે બ્રાહ્મણે બાદશાહની સમક્ષ આવી નમનતાઇથી બનેલી હકીકત વીદીત કીધી. કોઇ ન જાણી શકે એવી રીતે કરવામાં આવેલી આ ચોરીનો શી રીતે ઇન્સાફ કરવો તેના વીચારમાં પડેલા બાદશાએ બીરબલ સામે નજર નાંખી તે જોઇ બીરબલે હાથ જોડી કહ્યું કે, 'ખુદાવીંદ! આટલી બધી ફીકર કરવાની કશી જરૂર નથી? આપનો હુકમ હોય તો નીમી સવારમાં એનાં નાણાં એને અપાવું. આપનો પગાર, ને આપની બક્ષીસો બેઠો બેઠો લઉં છું તે શા માટે? રાજ ખટપટના મામલામાં નડતી અડચણો અને વીચીત્ર પ્રકારના ઉભા થતા મુકરદમાઓમાં ગુંથવાઇ ગયેલા કોકડાં રૂપ ઘોટાલા આવી પડે તે વખતે તેનો બારીક, દીર્ઘ દષ્ટી અને તરકશક્તીથી તેનું તત્વ શોધી તેનો નીરતાર લાવવો એજ રાજમંત્રીનું મુખ્ય કર્તવ્ય કરમ છે? માટે આપને વીચાર કરવાનું કશુંએ કારણ નથી.' બીરબલનું આવું ઉત્તમ ભાષણ સાંભળી બાદશાહે હર્ષના ઉભરા સાથે બીરબલને કહ્યું કે, 'ભલે તમે આનો કેવી રીતે નીરતાર લાવો છો તે જોવાને હું ઘણો આતુર છું.' બાદશાહનો હુકમ થતાંજ, તરત બીરબલે કીમતી દાગીનાઓ લાવી તેની એક પોટલી બાંધી નોકરના હાથમાં આપી તેના કાનમાં કંઇક વાત કહીને ફકીરની પાસે મોકલ્યો. ફકીરને ઘેર ગયેલા માણસની પાછળ ફરીયાદીને જવા માટે ઉદ્દેશીને બીરબલે કહ્યું કે હમણાં મારા માણસ અને ફકીરને વાતચીત થતી હશે, માટે મહારાજ તમે ત્યાં જાઓ અને તમારા રૂપીઆ આપી દેશે!' આ હુકમ થતાંજ તે બ્રાહ્મણ ફકીરના તકીઆ તરફ રવાના થયો. દાગીનાની પોટલી લઈ જનાર સીપાઇ સાંઇ આગળ જઇને સાંઇને કહેવા લાગો કે સાંઇજી મારો ભાઇ પરદેશ ગયો છે તે આ તરફ આવવાનો હતો, પરંતુ હજુ સુધી તે આવ્યો નહી, તેથી તેની તપાસ કરવા જવાને મને જરૂર છે, પણ આ દાગીનાની પેટીને લીધે મારાથી જઇ શકાતું નથી તે વચમાં શુળ રૂપ થઇ પડી છે. તે શુળને ટાળવા માટે આવ્યો છું આપ સીવાય મારા દાગીનાની પેટી રાખી શકાય એમ નથી આ બને વચ્ચે ઘણીવાર સુધી રીકઝીક ચાલ્યા પછી તે દાગીના લાવનારને દાગીનાની પેટી ઉપાડી તેમાના મુલ્યવાન દાગીના સાઇને બતાવ્યા તે જોતાજ સાંઇ લલચાઇ જઇ તે દાગીના સઈત પેટી પચાવી પાડવાને ઉત્કંઠીત થયો એટલામાં પહેલો બામણ આવી ફકીરને કહેવા લાગો કે ફકીર સાહેબ! મારા જેવા બીજાના માલને સવાહ કરવાને અધમ બનશો નહી અને મેં યાત્રાએ જતી વખતે આપને જે માલ સોંપ્યો છે તે મહેરબાની કરી પાછો આપો! જો આનો માલ નહી આપીશ તો પાપનો ઘડો કુટી જશે અને આંગણે આવેલા બધા પાછા જાશે? તેમ આ માલ આગળ બામણનો માલ કુચ બીસાતમાં નથી? માટે જો તેના રૂપીઆ આપીશ તોજ આ માલ હજમ થઇ શકશે!' આવો વીચાર કરી ફકીરે તરત બામણને રૂપીઆ આપી દીધા. તે લઇને બ્રાહ્મણ તો રસ્તે પડ્યો. એટલામાં કરી રાખેલા સંકેટ મુજબ એક

બીજો માણસ આવી તે દાગીનાની પેટી લાવનારને કહ્યું, કે, 'તમારો ભાઇ ઘેર અવી પહોતો છે.' આ સાંભળી હર્ષ ઘેલા સરખો બની જઇ, સાંઈ પાસેથી દાગીનાની પેટી લઇને રસ્તે પડ્યો. તે જોઇ સાંઇ વિમાસણમાં પડી વીલે મોઢે મનમાં બડબડવા લાગ્યો કે, 'હોંસશે આઈ, ગમશે ગઇ. કૈસી બની, એબી ગઈ ઓબી ગઈ.'

**સાર**--પૈસો ઝેર વેર અને કાળો કેર વરતાવે છે. માટે પારકા ધનની કદી પણ આશા રાખવી નહીં. પારકાનું લેવા જતા બે આબરૂ બની પોતાનું ગુમાવવું પડે છે. કહ્યું છે કે, 'સત્યા સત મત છોડ સત છોડે પત જાય, સ્તકી બાંધી લક્ષ્મી ફિર કબુ મીલે આયે.'

-o-

# વારતા ૧૩ મી

-0:0-

## બુદ્ધિનું પરાક્રમ

-0:0-

## બળથી બુદ્ધિ આગળી જો ઉપજે તાત્કાળ.

બાદશાહે બીરબલને કહ્યું કે, અહો સમય સુચક બીરબલ? બળદનું દુધ લાવી આપો. ' બીરબલે કહ્યું કે, 'બહુ સારૂં સરકાર?' આમ કહી બીલબલ તરફ એક ઘોડાને નદીમાં લઇ જઇ ઉભો રાખી તેને ખરેડો અને માલેસ કરવા લાગો. બીરબલને આમ કરતાં જોઇ બાદશાહે તેને પોતાની પાસે બોલાવીને પુછ્યું કે, તે આ શું કરવા માંડ્યું છે? બીરબલે કહ્યું કે, હજુર! આ ઘોડાની ઘોડી બનાવું છું. બીરબલનો જવાબ સાંભળી બાદશાહ અજાયબી પામી બોલ્યો કે, અરે! મુરખના સરદાર? કદી નર ફીટી નારી થતી હશે? આનો ઉત્તર આપતા બીરબલે કહ્યું કે, ઘોડાની ઘોડી ન બને ત્યારે બળદનું દુધ ક્યાંએ નીકળતું સાંભળ્યું છે? બીરબલનો આવો તરત અને ચમત્કારીક ખેલ જોઇ બાદશાહને બહુ ખુશી થઇ તેના ગુણની તારીફ કરવા લાગ્યો.

-0-

# વારતા ૧૪ મી

-O:O-

## તર્કશક્તિની ચમત્કૃતિ

-O:O-

### યોગ્ય સમય વાપર અરે ? તર્ક બુધ્ધિ તત્ખેવ.

એક સમે ભર કચેરીમાં બાદશાહે બીરબલને પુછ્યું કે, આપણા આ નગરમાં કેટલા કાગડા હશે ? બીરબલે કંઇ પણ વિચાર કર્યા વગર ભર કચેરીમાં કહ્યું કે, નામવર ! સાહઠ હજાર પાંચસો ને બાવન કાગડા છે ? આ જવાબ સાંભળી તમામ દરબાર છક બની ગઇ. બાદશાહે પુછ્યું કે, કદાચ એથી ઓછા વધતા હોય તો ? બીરબલે કહ્યું કે સરકાર ! જો મારી ગણતરીથી ઓછા થાય તો જાણુવું કે તેટલા કાગડા પોતાના સ્નેહીઓને મળવા માટે બહારગામ ગયા છે. અને જો વધારે થાય તો જાણવું કે બહારથી પોતાના સ્નેહીઓના સમાચાર લેવા આવ્યા છે ? બીરબલની આવી તર્કશક્તિનો ચમત્કાર જોઇ બાદશાહ ઘણો ખુશી થયો.

-O-

# વારતા પંદરમી

-O:O-

## સમો વરતે તે સાવધાન

-O:O-

એક દીવસે બાદશાહે બીરબલને પુછ્યું કે, 'અહો ! દાનેશમંદ બીરબલ ! ચાડી કરનાર શી શીક્ષાને લાયક છે ? બીરબલે પોતાની ચાડી કરનારાઓનો ઘાટ ઘડવાનો દાવ આવેલો જોઇ બોલ્યો કે, 'એવા ચાડીઓના નાક કાન કાપી નાખવાની શીક્ષા લાયક છે ?' બીરબલનો આવો જવાબ સાંભળી બાદશાહે કહ્યું કે, 'તેં જે કહ્યું તે ઠીક છે. તે ચાડી કરનારાઓ પોતાના સ્વાર્થ માટે, બીજાનું બુરૂં કરવા અધમ બની કાનમાં આવી પારકી આડી અવળી વાતો ભેરવે છે માટે તેના નાક કાન કાપી નાંખવામાં આવે તો બેશક તેઓ તેમ કરતા અટકે એમાં જરા પણ શક નથી.

**સાર**--પોતાની પુંઠે પડેલા દુશ્મનનું વેર લેવાનો સમય આવતાં કદી પણ ચુકવું નહીં.

-O-

# વારતા સોલમી

-O:O-

## સમો વરતે તે સાવધાન

-O:O-

### ભલે હોય બહાદુર પણ અંતે ચોર તણા પગ કાચા.

દીલ્લીમાં રહેતા એક મહોટા ધનાઢ્યના ઘરમાં ચોરી થઇ, તેની બારીક તપાસ કરવા છતાં કશી શોધ ન મળવાથી લાચાર બની તે ધનાઢ્યે બીરબલની સમક્ષ પોતાની ફરીઆદ રજુ કરી. બીરબલે પણ તે ચોરીની તપાસ ચલાવી પણ તેમાં તે ન ફાવવાથી બીરબલે પોતાના તે વિશાળ બુદ્ધિવાળા મગજમાંથી એક સરસ યુક્તિ શોધી કહાડીને ચાર વાંસની સરખાં માપની લાકડીઓ મંગાવીને તે ધનાઢ્યના ચાર સરદાર ચાકરોના હાથમાં અકેક આપીને કહ્યું કે, 'તમોને આપેલી અકેક (લાકડી) રાત્રી પોતાની પાસે રાખી બીજે દીવસે મને આપી જવી. એટલે હું મારા ઇલમથી તુરત તે ચોરને પકડી કાઢીશ. એ ઇલમના જોરથી ચોરી કરનારની લાકડી એક રાતમાં ચાર આંગળ વધી જશે.' આમ કહી ચારે જણને રવાના કીધાં. જેણે ચોરી કરી હતી તેણે પોતાની ચોરી પકડાઇ ન જાય તેટલા માટે પ્રથમથી ચાર આંગળ કાપી નાંખી બીજે દીવસે ચારે જણ સાથે મળીને બીરબલની પાસે ચારે લાકડીઓ લઇ આવી ઉભા. ચોર પોતાના ડહાપણથી ચોર બને છે. જારી અને ચોરી કરનાર ગમે તેટલી ચાલાકી વાપરી પોતાના અપરાધને ઢાંકવાની યુક્તીઓ રચતો હોય તો પણ તે સપાટામાં આવ્યા વગર રહેતો નથી ? પાપ પોતાની મેળેજ પ્રકાશી નીકળે છે. આ ચારે જણને લાકડી પકડી ઉભેલા જોઇને બીરબલે એક પછી એકની લાકડી લઇ માપી જોવા લાગ્યો. ચાર આંગળ ઓછી લાકડી હાથમાં આવતાંજ તેનો તરત હાથ પકડીને તેને એકાંતમાં લઇ જઇને કહ્યું કે. 'ચોરીનો માલ ક્યાં છે ? લાવી હાજર કર, નહીં તો ચામડી ઊતારી લુણ ભરવામાં આવશે ? જાણતો નથી કે આ અદલ રાજ અકબર શાહનું છે ?' આ સાંભળી ચોર ગભરાઇ જઇને ચોરેલો માલ બીરબલની સમક્ષ તે ધનાઢ્યને આપી ક્ષમા માગી.

**સાર**--ચોરીનો ધંધો કરી પોતાના પાપી પેટનું પોષણ કરનારા ચોરો પોતાની ચોરી છુપાવવા જતાં છતાં બુદ્ધિમાન ન્યાયાધીશોની યુક્તિમાં કેવી રીતે સપડાઇ જાય છે ? માટે આ દાખલાથી સાવધાન થઇ અનીતિ તજી નીતી ગ્રહણ કરવી.

-O-

# વારતા સત્તરમી

-0:0-

## બોલનો તોલ

-0:0-

બોલી બોલ અમોલ હૈ, બીન તોળ્યા મત બોલ,

પહેલી ભીતર તોલકે, પીછે બહાર ખોલ.

એક વખતે બાદશાહે બેઠેલા અમીર ઉમરાવો અને ડાહ્યા પુરુષોને એક પછી એકને પુછ્યું કે, 'સત્તાવીસમાંથી નવ જાય ત્યારે બાકી શું વધે?' ત્યારે કેટલાએક દોઢ ચતુરો જાણે કાંઈક ગંભીર વિચાર કરતા હોય એવું ડોલ કરી બેસી રહ્યા. ત્યારે કેટલાએક અકલ શુરાઓએ જબાબ આપ્યો કે, સત્તાવીસમાંથી નવ જતાં અઢાર રહ્યા. આનો ઉત્તર બરાબર ન મળવાથી બાદશાહે બીરબલને પુછ્યું. તે સાંભળી બીરબલે કહ્યું કે જહાંપના! સતાવીસમાંથી નવ જતા ધુળ રહે છે, કેમકે સતાવીસ નક્ષત્રોમાંથી નવ નક્ષત્ર વર્ષાદ સાથે મજુર સંબંધ ધરાવનાર છે પણ જો તે નવ નક્ષત્ર વર્ષ્યાં વીના ખાલી ગયા તો પછી ધાન્યની પાકની શી આશા? આમ છે તો પછી બાકી ધુળ રહે કે નહીં? આ સાંભળી તમામ કચેરી આનંદમાં તલ્લીન બની ગઈ.

-0-

# વારતા અઢારમી

-0:0-

## અકલની કસોટી ?

-0:0-

## સમય વરતે તેજ સુજાણ, નહિ તો નર નહિ, પણ ખર જાણ.

એક વખતે બાદશાહ સહવારમાં ઉઠતાને વાર તરત મો ધોઇ ખીદમત ગારોમાં બુધ્ધિ કેટલી છે તેની પરીક્ષા કરવા માટે ખીદમતગારોને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, 'જલ્દી જા કે બુલા લાઓ.' પણ કોને બોલાવી લાવવો તેના વીચારમાં પડી આમથી તેમ ખીદમતગારોને જોઇને બીરબલે પુછ્યું કે ' કેમ દોડા દોડી કરી મુકી છે ?' તે સાંભળી એકે કહ્યું કે, બાદશાહને હુકમ ફરમાયા હૈ કે, જલ્દી બુલાકે લાઓ, માટે કોને બોલાવી લાવવો તેના વિચારમાં દોડી રહ્યા છે, આનો આપ કાંઇ ઈલાજ બતાવો તો ઠીક. નહીં તો નોકરીથી જઈશું !' આની દીનવાણી સાંભળી દયાળુ બીરબલે પુછ્યું કે, 'જ્યારે તમને આ હુકમ આપ્યો ત્યારે બાદશાહ શું કરતા હતા ?' આના ઉત્તરમાં ખીદમતગારોએ કહ્યું કે, 'મો ધોઈ ઉભા હતા. બીરબલે કહ્યું કે, 'જાઓ ત્યારે હજામને બોલાવી લાવો.' એટલું કહી બીરબલ ચાલી ગયો, બીરબલના કહેવા મુજબ ખીદમતગારો હજામને બોલાવી બાદશાહની સન્મુખ ઉભો કીધો. હજામને જોતાજ બાદશાહ વિસ્મય પામી ખીદમતગારોને કહ્યું કે, ' એ કામ તુમારા નહીં હૈ. ઓર કોઇ બુધ્ધિવાનકા કામ હૈ. સચ્ચા બોલો એ ઉપાય કીસને બતાયા.' બાદશાહનો આવો આગ્રહ જોઇ ખીદમતગારે કહ્યું કે, 'નામદાર ! બીરબલજીને બતાયા.' તે જાણી શાહ ઘણો આનંદ પામી બીરબલની તારીફ કરતો પોતાની દરબારમાં બુધ્ધિમાન નર રત્નો સુર્યના તેજ સમાન પ્રકાશી રહ્યા છે એવાં તરંગમાં ગર્વાનંદ થયો.

**સાર**--રાજ દરબારમાં કિંવા સભા સ્થાનમાં અથવા મીત્ર મંડળમાં પણ અકલની પરીક્ષા લેવાને સેજ ઇસારો કરયો હોય તો તે વખતે ન ગભરાતા ગંભીરાઇથી પોતાની બુધ્ધિની કસોટી કરાવવી. જેથી ઉત્તમ ગણના થઇ શકે છે ?

-0-

# વારતા ઓગણીસમી

-0:0-

## સત્યનો જય

-0:0-

### કદી ન કરો કોઇ ભુલીને, વણીક તણો વિશ્વાસ.

પોતાની વૃદ્ધાંવસ્તામાં કામ આવે, અને પોતાના છોકરા ન જાણી શકે તેમ એક વણીકે બીજા વણીકને ત્યાં એક હજાર રૂપીયા અનામત મુક્યા હતા. કેટલોક વખત વિત્યા પછી કંઇ કારણને લીધે આ વૃધ્ધ વણીકે તે વણીકની પાસે ઉઘરાણી કરી. પણ તેણે તો ' સાકરના હીરાની પેઠે ગળી જઇને કહ્યું કે કેમ ? સાંઠે બુધ્ધિ નાઠી ? ગામમાં કોઇ ન મળ્યુ તો હુંજ મળ્યો.' આમ બંને જણ લાંબા લાંબા હાથ કરી લડતા લડતા અકબરની કચેરીમાં જઇ બીરબલ જેવા ન્યાયાધીશની આગલ પોતાની ફરીયાદ નોંધાવી. પ્રતિવાદીને પુછતાં જણાવ્યું કે, 'આ બુઢો મને ગળે પડે છે ! રૂપીઆ કેવા ને વાત કેવી ! એ માટે આપે આપની ખાત્રી કરી લેવી હોય તો બોલાવો એના ત્રણે છોકરાઓને, જો તેઓ કહેકે આ વાત સાચી છે તો હું રૂપીઆ આપવાને તૈયાર છું, બીરબલે તરત સીપાઇને મોકલી ત્રણ છોકરાઓને બોલાવી પુછી જોયું તેના ઉત્તરમાં આ ત્રણમાંના એક વડીલ છોકરાએ કહ્યું કે, 'ન્યાયધીશ શાહેબ, હમણા અમારા બાપનું ચિત્ત ઠેકાણે નથી. તેથી તેના બોલવા પર કોઇ જાતનો ઇતબાર રાખશો નહીં, તેની ડાગલી ચશકી જવાને લીધે નાહક. કોઇની આબરૂ ઉપર હુમલો કરે છે, માટે તેમ ફરી ન કરે, અને તેની ચશકી ગયેલી ડાગરી ફરી ઠેકાણે આવે એવી એને શીક્ષા કરવી ઘટે છે ! ફરીયાદીના છોકરાનું આવું બોલવૂં સાંભળી બીરબલે બુઢાને પુછ્યું કે, 'આ વીશે હવે તમે શું કહેવા માગો છો ? બુઢાએ કહ્યું કે, હું દીવાનો નથી કે નથી બુધ્ધિ નાઠી. જે કહું છું તે સત્ય છે. છોકરાઓ પૈસાના સગાજ છે, પણ મારા નથી, છોકરાઓને કાંઇ પણ ન આપવાથી મને તજી દીધો છે. દુનિયા લોભી અને સ્વાર્થ જેટલોજ સંબંધ રાખે છે એ આપ સાહેબની જાણીતી બહાર નહિ હોયે ? મારા ઘડપણમાં કામ આવે એવા હેતુથી આ વણીક વેપારીને છોકરાઓ ન જાણે તેમ મેં એક આંબાના ઝાડ નીચે રૂપીઆ ગણી આપ્યા હતા. ત્યારે હવે આનો સાક્ષી કોણ હોય ? બીરબલે કહ્યું કે, આમ છે તો પછી શી હરકત છે. તમે જાઓ અને આંબાને જઇને કહો કે, નામદાર સરકાર મારાં વતી તમને સાક્ષી પુરવા ફરજ પાડેલ છે માટે તે વીશે તારો શું વીચાર છે. અને તું કેવી રીતે સાક્ષી આપવા ઈચ્છે છે. બીરબલનું આ અજાયબ જેવું બોલવું સાંભળી સકળ દરબાર જનોને કાંઈક નવાઇ જેવું લાગુ. આંબા આગળ જવાને વાદીને હજી બહુ વખત થયો નથી એટલામાં બીરબલ બોલી

ઉઠ્યો કે, હજી સુધી વાદી ઝાડ પાશે જઇ આવ્યો નથી ? કેટલી બધી વાર ? આ સાંભળતાંજ પ્રતિવાદી બોલી ઉઠ્યો કે, તે ઝાડતો ઘણું દુર છે એટલે વાર તો લાગવાનીજ ? આનું આવું બોલવું સાંભળતાજ બીરબલે તરત તેનો હાથ પકડી લઈને કહ્યું કે, ડાહી માનો દીકરો થઇને લીધેલા રૂપીઆ આપી દે નહીં તો સખ્ત શિક્ષાને પાત્ર થઇશ. તેજ થાપણ ઓરવી છે-એમ તારા બોલવા પરથી મારી ખાત્રી થઇ છે. જો તે રૂપીઆ લીધા નથી તો પછી ઝાડ બહુ દુર છે તેની તને શી ખબર ? બીરબલના આ વાક્યો સાંભળતાજ તે પ્રતિવાદી ગભરાઇ જઈને પોતાના અપરાધની ક્ષમા માગી પચાવી પાડેલા રૂપીઆ વાદીને સ્વાધીન કીધા. આ જોઇ તમામ કચેરી બીરબલની ચાલાકીના વખાણ કરવા લાગી.

**સાર**--અંતે સત્ય હોય તેજ તરે છે. પારકાની દોલત પચાવી જતા શી દશા થાય છે તેનો વીચાર કરીનેજ દરેક માણસે આ માયીક જગતમાં પોતાનો વ્યવહાર પ્રમાણીકપણાથી ચલાવવો. તોજ જશ અને આબરૂ વધે છે. પોતાની દાનત ન બગડે અને શુદ્ધ રહે તેટલા માટે કોઈની પણ દોલત એકલે હાથે ન રાખતા પાંચની સમક્ષ રાખવી.

-0-

# વારતા વીસમી

-0:0-

## ઉદારતા

-0:0-

ઉત્તમ પાપી ઉચ્ચ પદ, નમ્ર બંને નિરંધાર,
દયા ક્ષમા સુ ઊદારતા, અધિક કર ઉપકાર

કળા કૌશલ્યતામાં જે માણસ પ્રવીણ હોય છે તેને લક્ષ્મી અનુકુળ ન રહેવાથી તે માણસ સદા દારિદ્રવસ્થા ભોગવે છે. આવો એક માણસ એક દીવસે બીરબલની પાશે જઇને કહ્યું કે, મારા આ ઘડપણને લીધે મારો ધંધો મારાથી બરાબર ચાલી શકતો નથી. આપ જાણો છો કે વીધા અને લક્ષ્મીની વચ્ચે બાપા માર્યા જેવું વેર ચાલે છે ? વળી જ્યાં વિધા ત્યાં લક્ષ્મી નહીં અને લક્ષ્મી ત્યાં વિધા કવચીતજ વાસ કરે છે, તોપણ તેથી દીલગીર ન થતાં હું એમ માનુ છું કે, હુન્નર એજ સાચો કીંમતી હીરો છે ? અને આપ જેવા કદરદાનો તેની કદર જાણો છો ? દયાવંત ! ઓછામાં પુરૂં પંદર દીવસ થયા મારા કમનશીબે મારો એકનો એક કમાઉ દીકરો ગુજરી ગયો છે, તેથી મારા હાથપગ ભાંગી પડવાને લીધે મારી મતી મુઝાઇ જવાથી મહા મુશીબતમાં આવી પડ્યો છું અને તે દુર કરવા માટે આપની પાશે આવ્યો છું માટે મને થોડા ઘણા ધનની સહાયતા અપાવશો તો ઇશ્વર આપનો સદા જય કરશે ! આ સાંભળી બીરબલે થોડાક રૂપીઆ અને એક સાકરનો કાંકરો તે કારીગરને આપી કહ્યું કે, હાલ તમારા પોષણ માટે આ જુજ રકમ લઇ જાઓ અને આ સાકરના કાંકરાનો આપ આપની કારીગરીને કેળવી સુંદર ન પારખી શકાય તેવો હીરાને ટક્કર મારે એવો એક હીરો બનાવી લાવો એટલે બધી ઉપાધી મટી જશે. કારીગરે કહ્યું કે, ચાર દીવસની અંદર તેનો હીરો બનાવી આપને લાવીને બતાવીશ. એટલું કહીને પોતાને ઘેર આવી તે સાકરના કાંકરાનો એવો સરસ હીરો બનાવ્યો કે જે જોતાં એકવાર ઝવેરી લોકો પણ ગોથું ખાઇ જાય !

આ બનાવતી હીરો લઇ તે ત્રીજે દીવસે બીરબલને જઇ બતાવ્યો. આ જોતાંજ બીરબલ ઘણો ખુશી થઇને તે કારીગરને બાદશાહ પાસે લાવ્યો, પણ આ વખતે બાદશાહ કાંઇ કારણથી એકાંતમાં રોકાયા હતા, તે તકનો લાભ લઇ, કારીગરને બહાર બેસાડીને પોતે શાહ પાશે જઇને કહ્યું કે, 'એક જવેરી એક નવી તરેહનો હીરો લઇ આવેલ છે, અને તે આપને રાખવા લાયક છે માટે હું તે હીરો લઇને આપને બતાવવાને લાવ્યો છું,' એટલું કહી બીરબલ તે બનાવટી હીરાને બાદશાહના હાથમાં મુક્યો. તે જોઇ બાદશાહ ઘણો ખુશી થઇને

બોલ્યો કે, 'હમણા આ હીરાને તમારી પાશે રાખો, અને તમે બંને જણ બાર વાગ્યા પછી દરબારમાં આવજો.' આના ઉત્તરમાં બીરબલે કહ્યું કે, 'જહાંપના ? એક અંગતનાં કામ માટે બહાર જવાનો છું. તેથી આવતા વાર લાગી તો જવેરી આવી પાછો ન જાય તેટલા માટે આ હીરો આપની પાશેજ રાખો.' બાદશાહે તરત હીરો લઇને પોતાની કમ્મરમાં નાખ્યો. આ જોતાંજ બીરબલ રજા માગી પોતાને ઘેર ગયો અને કારીગરને કેટલીક યુક્તી બતાવી બાર વાગે કચેરીમાં આવવાને ભલામણ કરી.

બાર વાગ્યા પછી તે કારીગર દરબારમાં આવી બીરબલને ભેટ્યો, તે જોઇ બીરબલે બાદશાહને કહ્યું કે, 'હજુર હીરાવાળો જવેરી આવ્યો છે, માટે હવે શું હુકમ છે ?'

બાદશાહને હીરાની સુરતા ન રહેવાથી પોતાના લુગડા ઉતારી સ્નાન કીધું તે વખતે હીરાને જળનો સ્પર્શ થતાંજ તે સાકરનો હીરો પ્રવાહી રૂપ બની પાણીના પ્રવાહમાં તણાઈ ગયો. ઝવેરી આવવાની ખબર મળતાંજ બાદશાહે બીરબલને કહ્યું કે, ' બીરબલ ! લાવો તે હીરો ?' બીરબલે કહ્યું કે, 'નામદાર ! મારી પાસેથી લઇને આપે આપની કમરે ખોસ્યો હતો.' તે સાંભળતાંજ શાહને યાદ આવવાથી તેણે તરત તેની હમામખાનામાં ખબર કહાડી લાવવાની માણસોને તાકીદ આપી. પણ તપાસ ચલાવતાં તે હીરાની કશી શોધ લાગી નહીં.

છેવટે સઉ થાકીને બાદશાહની આગળ આવીને કહ્યું કે 'નામદાર ! બહુ તપાસ કરવા છતાં હીરો હાથ આવ્યો નહીં.' આવી રીતે હીરાને ગુમ થયેલો જાણી મનમાં વીચાર કરયો કે, 'મારી ભુલનો ભોગ મારે આપવો જોઇએ ? એમાં બીરબલ કે બીજા શું કરે ? માટે એ હીરાની ઝવેરી જે કીંમત માગે તે આપવી જોઇએ.' આવો વીચાર કરીને શાહે જવેરીને પુછ્યું કે 'તમારા હીરાની શી કીંમત થાય છે !' જવેરીએ કહ્યું કે, ' નામદાર ! ઇરાનના શાહે આ હીરાના ત્રણ હજાર રૂપીઆ આપવાની માગણી કરી હતી, પણ મને તે કીંમતે પોશાણ ન થવાથી મે તેમને ન વેંહેંચતાં આપની આગળ આવ્યો છું. માટે હવે આપ આપો તે ખરૂં.' તે સાંભળી શાહે કહ્યું કે, 'એ તે બધુએ ઠીક. પણ હવે તમે તેના કેટલા રૂપીઆ લેવા માંગો છો ?' બીરબલના આશ્રીત કારીગરે કહ્યું કે, 'હજુરના ? એની પાંચ હજાર કીંમત બજારમાં અંકાણી છે.' માટે તેજ કીંમત મુજબનું ધન આપ આપશો એવી મારી વીનંતી છે.' શાહે તરત તે જવેરીને પાંચ હજાર રૂપીઆ ખજાનચીને આપવા હુકમ આપ્યો.

આધાર વગરના કારીગરે ખજાનચી પાસેથી રૂપીઆ લઈ પોતાને ઘેર આવી બીરબલની ઉદારતાના ગુણ ગાઇ પોતાના ધંધામાં સાવધાન બની હોંસથી કામ કરવા લાગ્યો.

**સાર**--ગરીબ માણસ ઉંચી સ્થિતિની ટોચે પહોંચતા પણ અભિમાન ન રાખતાં ગરીબની કેવી કદર બુજે છે ? માટે બીરબલની આવી ઉદારતાનો દાખલો લઇ ધનવાનો એ ધનની

માયામાં અંધ ન બનતાં પોતાના દેશની ઉન્તી કરવા માટે નીરધન દશામાં રબડતાં કારીગરોને સહાયતા આપી, અપાવી અમર કીરતી સંપાદન કરવી.

-o-

# વારતા એકવીસમી

-0:0-

## ઊતરનો જવાબ

-0:0-

એક વખતે બાદશાહે બીરબલને પુછ્યું કે 'પાન કેમ સડી જાય છે? રોટલી કેમ બળી જાય છે? ઘોડા ચાલતાં ચાલતાં કેમ અટકી જાય છે? એ ત્રણેનો ઉત્તર એકજ જવાબમાં આપી કહ્યું કે, ' નેક નામદાર? એ ત્રણે વસ્તુ ફેરવ્યા વગર બગડી જાય છે.' આ જવાબ સાંભળતાંજ બાદશાહ બહુ ખુશી થયો.

-0-

# વારતા બાવીસમી.

-0:0-

## બુધીશાળી કોને કેવો?

-0:0-

સિદ્ધ કરે નિજ સ્વાર્થ તેજ જન સુજ્ઞ ગણાએ,

હીમ્મત હારી કામ તજે તે મુર્ખ ગણાએ.

એક દીવસે બાદશાહે બીરબલને પુછ્યું કે, 'અહો ? બુદ્ધીના ભંડાર બીરબલજી ! બુદ્ધીવંત અને મુરખ શીરોમણી કોને કહેવા? હાજરજવાબી બીરબલે કહ્યું કે, 'મારા કદરદાન નેક નામદાર શાહ ? જે માણસ હીંમતથી મંડી રહ્યા છે તે પોતાના ધારેલા કામને પાર પાડે છે તેનેજ બુદ્ધીવંત જાણવો ? પણ જે કાયર બની પોતાના આરંભેલા કામને અધવચમાં મુકી દે છે તે માણસને અકલનો અધુરો અને મુરખ શીરોમણી જાણવો.' આ સાંભળી શાહ ઘણો ખુશી થઇ બીરબલની અકલ માટે ગુણ ગાવા લાગ્યો.

**સાર** - દરેક માણસે એટલું યાદ રાખવાનું છેકે, કંઇ પણ કામનો આરંભ કરવા પહેલા નક્કી વીચાર કરવા પછીજ આરંભેલા કામ કરવાને આગળ પગલું ભરવું કે જેથી તન મન અને ધનનો નાશ થતાં અટકે છે.

-0-

# વારતા ૨૩મી.

-O:O-

## ચંદ્રકાંતા અને બીલબલની ભેટ.

-O:O-

ચાહે સુન અસુર નર નાગ વર ભુપ સીધ્ધ.

ચાતુરકી ચાહના તો બેદ ચારો કરેં હેં.

અકબરની દરબારને સકલ જગતમાં શોભાવનાર, અને અકબરના બદલ ન્યાયને દીપાવનાર બીરબલે ભારત ભુમીના ભુષણરૂપ દંપતીઓ અને તેની પ્રજાઓના મન પોતાની અથાગ શક્તિના પ્રબલથી પોતા તરફ હરી લીધાં હતાં.

એક વખત મણીપુરના રાજા ચંદ્રકાંતે બીરબલના પરાક્રમનો ચમત્કાર જોવા સારૂં કોઈને પણ પોતાની સાથે ન લેતા એકલો ઘોડેસ્વાર થઇ દીલ્લી શહેરની નજદીક આવી પહોંચ્યો.

એટલામાં એક રસ્તાના મધ્ય ભાગમાં બેઠેલા લંગડા ભીખારીએ કહ્યું કે, 'અહો ! સુભાગી ! આપ કોઇ કુલીન ઉદારવ્રતીવાળા અને પરોપકારી માણસ હો એમ જણાય છે, આવું ધારી આપને કરગરી કહું છું કે, આ પાસેના દીલ્લી શહેરમાં કાંઇ કારણસર જવું છે. પણ મારા પગ બહુ અશક્ત થઇ પડવાથી જઇ શકાતું નથી. માટે આપ જો મને આપના ઘોડા ઉપર બેસાડી શહેર સુધી લઇ જશો તો મહોટી મહેરબાની ! ઇશ્વર આપનું ભલું કરશે.' આ દયાજનક વાણીના વચનો સાંભળતાજ રાજાને બહુ દયા આવવાથી આ લંગડાને પોતાના ઘોડા ઉપર બેસાડી ઘોડાની લગામ હાથમાં પકડી આગળ ચાલવા લાગ્યો. રંગ છે એવા પર ઉપકારી રાજાઓને ?

જ્યારે આ બંને જણ નગરના મધ ભાગમાં આવ્યા ત્યારે રાજાએ તે લંગડા ભીખારીને કહ્યું કે, હવે તમે ઘોડા પરથી ઉતરી તમારૂં કામ સિધ્ધ કરો.' આ સાંભળી ભીખારીએ કહ્યું કે,'ઘોડા પરથી નીચે ઉતર એવું મને તું કહેનારજ કોણ ? શું આ તારો ઘોડો છે ? ગુપ ચુપ દોરી પકડી આગળ ચાલ્યો જાત. ગળે પડવાની વાત નહીં કર.' આવું લંગડાનું સાંભળીને તે પરગજુ રાજા ખેદ પામી મન સાથે વિચાર કરવા લાગ્યો કે, 'અરે પ્રભુ ! ધર્મ કરતાં ધાડ ! દયાનો આ બદલો ? ઉપકારને બદલે અપકાર ? આને નીતી કહેવી કે અનીતી ! શું દુનીઆ આવી ઠગારી હશે ! કેવો નીચ માણસ ! એને જરા પણ શરમ આવતી નથી ! શું આવી રીતે ગળે પડી મારો ઘોડો પચાવી પાડશે ! ઠીક છે. એ પણ હું જોઇશ ! એ એની કપટજાળ ક્યાં

સુધી પાથરે છે! એના કરેલાં કર્મનો બદલો એને મળશે! ખોડવાલો માણસ દગલબાજ અને પાપી હોય છે. અને એવા અપ્રમાણીક ખોટી નીષ્ઠાવાળા માણસનો કોઇએ પણ વીશ્વાસ કરવો નહીં. આમ આ દાખલા પરથી સીદ્ધ થઇ ચુક્યું છે.' આ પ્રમાણે ખેદ પામતાં રાજાએ તે લંગડાને કહ્યું કે, અરે ઓ હરામખોર? આવી ઠગાઇ કરતાં ક્યાંથી શીખ્યો? તારા દુઃખી દીલની દયા ખાધી તેનો આવી રીતે બદલો વાળવા તત્પર થયો છે? આવી રીતે કેટલાકોને ગળે પડીને હરામનો માલ પચાવી પાડ્યો છે? સમજ, નહીંતો પાછળથી પસ્તાઇશ? તારી ઠગાઇથી ઠગાઇ જઇને મારો ઘોડો તને પચવા દેનાર નથી.' માટે એક શબ્દનો ઉચ્ચાર કર્યા વગર ઓ અધમ? મારા ઘોડા પરથી ઉતરી તારા અપરાધની ક્ષમા માગી ચાલતી પકડ. રાજાના આ કઠોર વચનો સાંભળતાંજ તે લંગડો રાતો પીળો થઇ જઈને આંખ ચઢાવીને રાજાને કહ્યું કે, ભાઇ બહુ થયુ લવારી કરવી મુકી દે! બલતામાં ઘી શા માટે હોમે છે? રંક જાણી જરા વાર ઘોડાપર બેસવા દીધો તેથી તારા બાપનો ઘોડો થઇ ગયો. આમ રસ્તે ચાલતાને ગળે પડીશ તો હાડકા રંગાઈ જશે. મારા જેવા ભીખારીને ગળે પડવાથી તારા ભવની ભુખ ભાંગનાર નથી! જો ભવની ભુખ ભાંગવી હોય તો આ શહેરમાં શ્રીમંતોની કંઇ ખોટ નથી. આમ બંને જણ તકરાર કરતાં કરતાં બીરબલની સમક્ષ જઇ પોતાની હકીકત જણાવી ન્યાય માગ્યો. આ વખતે એક ખાટકી અને ઘાંચીનો કેસ ચાલતો હતો, તેથી બીરબલે બંનેને એક બાજુ બેસવાનો હુકમ કરી ખાટકી અને ઘાંચીને પુછ્યું કે, તમારી ખરી હકીકત શું છે તે કહો એટલે તમારી તકરારનો અંત આવશે? તે સાંભળી ઘાંચીએ કહ્યું કે, ન્યાયાધીશ સાહેબ હું મારી રોકડની થેલીની પેટીની પાસે મુકી નામું લખતો હતો, એટલામાં આ ખાટકીએ આવી એક રૂપીઆનું તેલ લીધું. હું તેને તેલ આપી પાછો નીચું માથું કરી મારૂં નામું લખવા બેઠો. આ તકનો લાભ લઇને આ ખાટકી મારી થેલી ઉપાડી ચાલતી પકડી. મારી નજર તેની ઉપર પડતાં હું તરત તેની પાછળ દોડ્યો અને તેને થેલી સાથે રસ્તામાં પકડીને મારી ખુંચવી લીધી. આ થેલી ખુંચવી લીધા પછી આ ખાટકીએ મને દમ ભરાવીને કહ્યું કે, અલ્યા ચોર! આ થેલી તારા બાપની નથી! એ તો તારા બનેવીની છે માટે પાછી આપી દે. નહીં તો જમીન ભેગો કરી નાંખીશ. આમ રીકઝીક કરતાં કરતાં હું તેને આપની પાસે પકડી લાવ્યો છું, માટે આ પારકી દોલતનો ધણી થનાર ખાટકી ચોરને સખ્તમાં સખ્ત શીક્ષા કરી દાખલો બેસાડી મારી ખરી કમાણીથી એકઠી કરેલી નાણાની થેલી મને પાછી અપાવશો! હું ઇશ્વરની પ્રતીજ્ઞા લઇને કહું છું કે આ મારી કહેલી હકીકત તદ્દન ખરી જ છે.'

................

## પચાસ ફટકાનો બાંધી માર.

બીરબલના પુછવાથી આ ખાટકીએ પોતાની સ્પષ્ટ બુદ્ધીથી બીરબલને કહ્યું કે, એ થેલી મારી છે, એની નથી, તેલ આપી તેના બદલામાં આ આખી થેલી પચાવી જવા માગે છે. તે કેમ પચવા દઊ? એન કપાલમાં ઉન્હા ડામ આપો એટલે પારકાની દોલત પચાવી પાડવાની ખોડ ભુલી જાય? એ એવો ધંધો કરીને ધનવાન બન્યો છે. કંઇક્ને ચુનો ચોપડાવી માલેતુજાર બન્યો છે, બહુ દીવસે ચોર સપાટામાં આવ્યો છે, માટે તેને એના પાપની શીક્ષા કરી મારી થેલી મને અપાવશો.

આ પ્રમાણે આ બંનેની વીચીત્ર પ્રકારની દલીલો સાંભળી લઇને બીરબલે તેઓને જણાવ્યું કે, તમે તે થેલી મારી પાસે મુકી જાઓ, કાલે આવજો, એટલે તમારા કેસનો ફેસલો આપીશ.'

................

## કાજીને શીક્ષા.

આ કેસનો ચુકાદો બીજા દીવસ પર મુલતવી રાખવા પછી એક નારીએ એક કાજી ઉપર ફરીયાદ નોંધાવી હતી, તે બદલ તે નારીને બીરબલે પુછ્યું કે, તારી ખરી હકીકત શું છે તે પ્રતિજ્ઞા ઉપર રહી સાચું કહે? તે નારીએ પ્રતિજ્ઞા લઇને કહ્યું કે, મારા ગામનો કાજી એક ઇનસાફૂ, નિપક્ષપાતી અને પ્રમાણીક છે એમ ધારી હું પાંચસો મોહરો અને કીમતી સામાનની એક પેટી ભરી કાજીને ઘેર લઈ જઇને કાજીને કહ્યું કે, 'મને કાંઇ કારણસર બહાર ગામ જવું છે, અને મારૂ કામ કરી એ માસમાં પાછી આવું ત્યાં સુધી આ મારા માલની પેટી રાખશો તો આપની સેવા બજાવી આપના હકમાં કુદાની બંદગી કરતી વખતે સારી દુવા ચાહીશ, તેના ઉત્તરમાં કાજીએ મને કહ્યું કે, બાઇ તું મારો ભરૂશો રાખી તારા કીમતી માલની પેટી મારે ઘેર મુકવા આવી છે તો તે ખુશીની સાથે મારે પેટી સાચવવી જોઇએ! માટે ખુશીથી મુકી જા, એમાંથી એક કોડીનો પણ માલ આડો અવળો થાય તેની જરા પણ બીક રાખીશ નહીં. જ્યારે જોઇએ ત્યારે પાછી લઇ જજે. આ પ્રમાણે કાજીના બોલવા ઉપર ઇતબાર રાખી મારી પેટી તેને સોંપી હું બહાર ગામ ગઇ. મારૂ કામ કરી થોડા દહાડામાં પાછી આવીને તે અનામત તરીકે સોંપેલી મારી કીંમતી પેટી પાછી માગી ત્યારે કાજીએ કહ્યું કે, બાઇ! તારી અકલ ઠેકાણે છે કે ગુમ થઇ ગઇ છે? આ તું શું બોલે છે? પેટી શી અને વાત શી? તું કયે દીવસે, કોની સામે તારી પેટી મને સોંપી ગઇ હતી? આવું અધમ બોલતાં તને કોણે શીખવી છે? તું જાણતી નથી કે જુઠું બોલનારનું ઘરબાર સરકાર લુંટી લે છે? માટે જેમ આવી તેમ ચાલીજા, નહીતો બેઇજત કરી બહાર કઢાવીશ. આ પ્રમાણે કાજીએ મારો અનામત માલ ન આપતાં, મારૂ અપમાન કરી મને કાઢી મુકી, તેથી તેની દાદ મેળવવાને આપની હજુરમાં આવી છું. માટે કૃપા કરી મારો ગયેલો માલ મને અપાવશો.

આ બાઇની મુખ જુબાની સાંભળી લઇને બીરબલે કેટલીકવાર સ્વસ્થ ચિત્તથી વિચાર કરીને કહ્યું કે, 'તું સહવારે કાજી પાસે જઇ મુકેલી અનામત પેટીનો ફરીથી એકવાર ઊઘરાણી કરજે

અને તે શું કહે છે તે હકીકત મને પાછી કાલે આ વખતે જણાવજે એટલે તેનો તરત ફેંસલો આપીશ.' એમ કહી તેણીને ઘેર જવાબની રજા આપી.
ખાટલી ઘાંચી અને આ સ્ત્રીના કેસનો ચુકાદો બીજે દીવસે આપવાનો મુલતવી રાખી રાજા અને લંગડા ભીખારીનો કેશ હાથમાં લઇ બીરબલે બંનેને પુછ્યું કે, 'આ અદલ દરબારમાં જે સાચું હોય તે કહેજો.જરા પણ જુઠું જાણવામાં આવશે તો તે ગુન્હા બદલ યોગ્ય શીક્ષા કરવામાં આવશે.' આ બંનેએ તરત દરબાર સામે સોગન ખાઇને પોતાની હકીકત કહી સંભળાવી. આ બંનેની હકીકત સાંભળીને બીરબલે તેઓને કહ્યું કે, 'આ ઘોડાને અહીં મુકી જાઓ; અને કાલે આવજો. એટલે જેનો ઘોડો હશે તેને સોંપવામાં આવશે.

...............

## લોકોનો ઉમંગ

આ ત્રણે કેસના ચુકાદા માટે બીજે દીવસે શહેરમાં તેની ચમત્કારીક ચરચા ફેલાવાથી પુષ્કળ લોકો તે જોવાને આતુર બની કચેરીમાં એકઠાં થયાં.
બીજે દીવસે કચેરી ભરાતાં જ બીરબલે પ્રેક્ષકોની સમક્ષ ખાટકી અને ઘાંચીને પીંજરામાં રાખી એકના હાથમાં ગીતા અને બીજાના હાથમાં કુરાન આપી કહ્યું કે, 'કહો કે આ થેલી મારી છે.' આ સાંબળી બંને જણ પોત પોતાના ધર્મના સોંગન ખાઇને કહ્યું કે, આ થેલી અમારી છે.' આ જોઇ બીરબલે તુરત તે થેલી ખાટકીને આપી ઘાંચીને પછાસ ફટકા બાંધી મારવાનો હુકમ આપ્યો.
પછી તે બાઇને બોલાવી પુછ્યું કે, કેમ બાઇ ! કાજીએ તારો અવેજ દીધો કે નહીં !' આ સાંભળી બાઇએ કહ્યું કે, 'મને મારો અવેજ મળી ચુક્યો છે. તે બાઇના આ વેણ સાંભળતાંજ બીરબલે તરતજ કાજીને બોલાવીને સર્વની સમક્ષ કહ્યું કે, 'તમે ન્યાયધીશનું કામ કરવા લાયક છો ? તમને આબરૂદાર ગણી અનામત રાખવા પેટી સોંપી અને તે પાછી માગે ત્યારે તેને જુઠી પાડી ઉલટી ધમકી આપવી કે ખોટુ બોલનારના ઘરબાર લુંટી લેવામાં આવે છે ? કે વાહ ! કાજીજી વાહ ! આપ કાજી ખરા ! આમજ લોકોને લુંટતા હશો ? આમ લુંટી લુંટી કેટલુંક ધન સંપાદન કીધું છે ? તમે રાજનો મ્હોટો અપરાધ કીધો છે તે અપરાધને બદલે તમને આજથી તમારા ઓહ્વાપરથી દુર કરવામાં આવે છે. બસ, એટલીજ શીક્ષા આપી એક વખત જતાં કરવામાં આવે છે. ફરીથી આવું કામ કરશો નહીં.' બીરબલના આવા કટાક્ષ કથન સાંભળતાંજ કાજી જંખવાણો પડી નીચું ઘાલી સભા સ્થાન છોડી ગયો.
ખાટકી, ઘાંચી, સ્ત્રી અને કાજીના કેશનો ચુકાદો આપ્યા પછી બીરબલે તરત ચંદ્રકાંત અને તે લંગડા ભીખારીને બોલાવી પોતાની અશ્વશાળામાં લઇ જઇ કહ્યું કે, આ ઘોડાઓ બાંધ્યા છે તેમાંથી તમારો ઘોડો ઓળખી કાઢી લીઓ.' લંગડાએ બહુ ફાંફાં માર્યા પણ તે ઘોડાને ઓળખી ન શકવાથી શરમીંદો બની ગયો. આ જોઇ રાજાએ તરત પોતાનો ઘોડો ઓળખી

કાઢ્યો. બીરબલે ચોર અને શાહુકારની પરીક્ષા કરી કચેરીમાં આવ્યો અને લંગડાને કહ્યું કે, 'પારકો માલ હજમ કરી જવાનો તેં અપરાધ કીધો છે તે અપરાધની બદલ તને પચાસ ફડકા બાંધી મારવાનો અને આ ઘોડો આ મુસાફરને આપી દેવાનો હુકમ કરૂં છું.'

આ હુકમને અમલમાં મુકતાજ કચેરી બરખાશ્ત થઇ. તે જોઇ ચંદ્રકાંત રાજાએ બીરબલ આગળ જઇ પુછ્યું કે, હું મણીપુર નગરીનો ચંદ્રકાંત નામે રાજા છું. તમારી ચતુરાઇ પરાકમ અને બુધ્ધિની લોકો મારફતે ઘણીજ પ્રશંસા સાંભળીને આપના દર્શન કરવા માટે આપની ભેટ લેવાની ઇચ્છાથી આવ્યો છું. રસ્તામાં આવતાં આ લંગડાએ છેતરીને મને ફસાવ્યો. પરંતુ તમારી બુદ્ધિબળ માટે જેવા વખાણ સાંભળતો હતો તેવાજ નજરે જોઈ આનંદ પામ્યો છું. હું પુછું છું કે તમોએ આજે જે ત્રણે કેસનો ચુકાદો આપ્યો છે, તે કયા ન્યાયના આધારે આપ્યો છે ! તે કૃપા કરીને કહેશો ?'

બીરબલે સભ્યતાથી કહ્યું કે, અહો, રાજેંદ્ર ! ઘાંચી અને ખાટકીની થેલી ઘેર લાવીને ખાલી કરીને રૂપીઆ કાઢી લઇને ઉના પાણીમાં નાંખી ખુબ ધોવરાવી પાછા થેલીમાં ભરી દીધા. અને તે ધોએલ રુપીઆનું પાણી બારીકીથી તપાસતાં લાલ રંગ અને વાસ મારતા જણાયું. આ ઉપરથી વીચાર કરી મન સાથે ઠરાવ કીધો કે, આ થેલી ઘાંચીની નહીં, પણ ખાટકીની છે, જો ઘાંચીની હોત તો તે પાણીમાં તેલની વાસ વગર આવી દુરગંધની વાસ મારત નહીં, અને ઉપર તેલની છારી તરી નીકલત. આવી તપાસ ઉપરથી એમ સિદ્ધ કરાયું કે, લોહી માંસથી વાસ મારતા રૂપીઆ ખાટકીનાજ છે ? એને તેજ આધારે તેની તકરારનો ફેસલો આપ્યો.

હવે જો સ્ત્રીની મતા કાજી પચાવી ગયો હતો, તે કેમ કઢાવવી તે માટે હું કાજીને ઘેર જઇ કાજીને કહ્યું કે, મારે અગતના કામ માટે પ્રદેશ જવાનું છે. માટે આપ સહવારે કચેરીમાં આવજો એટલે સભાસદોની સમક્ષ આપને મારી જગાએ નીમીશ. અને મારી તમામ દોલત તમને સોંપીશ. આમ કહીને મારે ઘેર આવ્યો, અને પછી તે ફરીયાદણ બાઇને મુકેલી અનામત લેવા મોકલાવી. કાજીએ સંકલ્પ વિકલ્પ કર્યા પછી એવા ઠરાવ પર આવીઓ કે, 'જો હું બાઇનો અનામત માલ નહીં આપીશ તો તે બાઇ ફરીયાદ કરવા બીરબલ પાશે જશે તો મારા બુરા કામનો કાળો પડદો ઉઘડી જશે તો બીરબલ પોતાનો ઓધો અને ખજાનો ન સોપતાં મને બે આબરૂ કરી કાઢી મુકશે. માટે આમ ન બને, અને મારી ઠગાઇ કોઇના જાણમાં ન આવે, એટલા સારૂ અનામત પાછી આપી બાઇને વીદાય કરવામાંજ લાભ છે. એમ ધારી અનામત પાછી આપી દીધી.

જ્યારે તમને બંનેને અશ્વશાળામાં લઇ જઇ ઘોડાઓ પાસે ઉભા રાખ્યા ત્યાર તે લંગડાએ તે ઘોડાને ઓળખી તેની પાસે ગયો કે તરત ઘોડો ચમકીને જરા દુર હઠી ગયો. તેથી લંગડો ગભરાઇ લજીત બની નીચું ઘાલી ઊભો રહ્યો. અને આપ જ્યારે ઘોડા પાસે ગયા ત્યારે

ઘોડો આનંદથી આગળ આવીઓ તેથી મેં માની લીધું કે એ ઘોડાનો ખરો માલીક આજ છે ! તેમજ તે ન્યાયથી પણ સંતોષકારક પરીણામ ભાસતાં હતાં. ખરો ન્યાય મળવાથી માણસને કંઇ બોલવાનું રહેતું નથી.'

આ પ્રમાણેની બીરબલની ખુબીનો ખેલ જોઇ રાજા આનંદમયી બની બીરબલની બુધ્ધિના વખાણ કરતો પોતાના વતનનો માર્ગ લીધો.

**શાર** - વીવેકી સદાચરણી અને બુધ્ધિશાળી જનમંડળ ખરા અંતકરણથી ચહાય છે, ભેટે છે, અને માને છે. બુધ્ધિશાળી સત અને અસતનો ભેદ જુદો પાડી શકે છે, પણ જુગારી, રંડીબાજ, જુઠો, ચાડીઓ, અદેખો અને પારકી મતા ખઇ જનારો આ જગતમાં ધીકારને પાત્ર ઠરે છે અને તેવા પાપીઓને કોઇ પણ સદગુણી બારણે ન બાંધતાં તેનાથી નવ ગજના નમસ્કાર કરે છે. માટે દરેક માણસે સત્યને ચાહવું.

-0-

# વારતા ચોવીસમી.

-0:0-

## બગડેલી બાજી સુધારી.

-0:0-

બળ બુદ્ધીનું જો પ્રબળ તો, બળ અકલ નર તે દાખવી.

સર્વસ્વ તે જગ વશ કરી, મહીમા બતાવે નવ નવી.

એક દીવસે એક ફકીર બાદશાહની સમીપ આવી આશીર્વાદ આપી કહ્યું કે, 'અહો, ખલકે ખાવીંદ ! મકાસરીફની પ્રસાદીરૂપ 'સબજા' મકેથી લઇ આપને આપવા, આ મુશકીન ફકીર હંઇ સુધી આવીઓ છું. માટે તે પ્રસાદીરૂપ 'સબજા' સ્વીકારો.' એટલામાં એક બામણ આવીને બાદશાહના હાથમાં વીભુતી અને ચોખા આપીને કહ્યું કે, 'અહો, અધીશા ? સકળ જગતમાં આપનો જયજયકાર થાઓ. હું એક રંકમાંનો રંક બ્રાહ્મણ છું, અને આપના ખુબીવંતા દીલના દર્શન કરવાની અભીલાષાથી આપની ભેટ લેવા આવીઓ છું. અમારા ધર્મ શાસ્ત્રમાં એવી આજ્ઞા છે કે રાજા, ગુરૂ, જોષી, દેવી અને વિદ્વાનની ભેટ લેવા જતાં ખાલી હાથે જવું નહી, પણ કાંઈ ફળ કીંવા માંગલીક વસ્તુ લઈ જઇને તે અર્પણ કરવી. મારી પાસે બીજું કશું ન હોવાથી આ માંગલીક વીભુતી અને ચોખા આપને આપી મનેચ્છા સફળ કરૂં છું.'

બાદશાહે અમીર મીરજાખાંના હાથમાં આપીને કહ્યું કે, 'આ બ્રાહ્મણે મને શેની ભેટ આપી છે? મીરજાખાંએ તે જોઇને કહ્યું કે, 'જહાંપનાહ ? આતો રાખ અને ચાવલ છે. આ ઉપરથી આપનું બુરૂં કરવા ઇચ્છતો હોય એમ જણાય છે ?' મોટાને કાન હોય છે પણ સાન હોતી નથી. એ મુજબ રાજાએ મીરજાખાનનું સાંભળી લઇને એકદમ કોપાયમાન બની તે બ્રાહ્મણને ધક્કા મારી બહાર કાઢવાનો હુકમ કીધો. બાદશાહનો હુકમ થતાજ અફીણી ગંજરીઓએ તે બીચારાને ધકા મારી દરબારમાંથી હાંકી કાઢ્યો. મુળ તે મીયાં ભાઇ બ્રાહ્મણ પર મીઠું વાટનાર, અને ભાવતું વઇદે ચીંધ્યું પછી શું જોઇએ?

ફકીરની આપેલી સબજા જોઈ શાહ ઘણો જ ખુશી થયો, અને તે બદલ તેને એક હજાર રૂપીઆ ઇનામ આપી વીદાય કીધો.નીરાસ થઇ બ્રાહ્મણ જેવો દરબારમાંથી બહાર નીકળ્યો તેવોજ બીરબલ તેને મળ્યો. બ્રાહ્મણનો ઉતરી ગયેલો ચહેરો જોઈ બીરબલે તેને પુછ્યું કે, 'ભાઇ ! કેમ ઉદાસ છો ! તમોને શું દુખ છે. તે જો કહેવામાં કશી અડચણ ન હોય તો સુખેથી મને જણાવો.' બળી ગયેલા માણસને ચુનાનું પાણી અને તેલનો લેપ થવા સરખાં

બીરબલના જળ રૂપી શીતળ વાક્યો સાંભળી તે બ્રાહ્મણના મનમાં શાંતી વ્યાપી અને કચેરીમાં બનેલી હકીકત કહી સંભળાવી.

તે સાંભળી બીરબલે કહ્યું કે, 'મહારાજ? તમો અહીંઆ થોડી વાર ઉભા રહો, હું કચેરીમાં જઉં છું, અને તેનીજ પાસેથી તમને ઇનામ અપાવું છું. આમ કહી બીરબલ દરબારમાં દાખલ થઈ બાદશાહને સલામ કરી કહ્યું કે, 'આપની ગાદી અચળ રહેવા એક બ્રાહ્મણ શ્રી મહાકાળીના અનુષ્ટાનની પુર્ણાહુતી થયે હોમજનીત વીભુતી આપને પ્રસાદી રૂપ આપવાને આવેલો હતો, પરંતુ આપે તેનું સન્માન ન કરતાં અપમાન કરી કહાડી મુક્યો એ ઠીક કીધું નહીં. આથી આપની અપકીરતી થશે અને ભેદ બુદ્ધી લોકોમાં ફેલાશે જે પ્રસાદી વડે આપનું તમામ જાય એવો આશીરવાદ આપનારને, અર્થાત આશીરવાદનો અર્થજ સ્પષ્ટ જણાય છે કે, 'સબજા' એટલે બધું જાઓ, તેને ઇનામ આપી એ કેટલી બધી વિચીત્ર વારતા? તેનો આપજ વીચાર કરી જુઓ.'

બીરબલનું આવું બોલવું સાંભળી બાદશાહે કહ્યું કે. મારૂં રાજ ખાક થઇ જાય એવા હેતુથી રાખ ને ચોખા આપવાથી તે બ્રાહ્મણને હાંકી કાઢ્યો અને ફકીરે જે પ્રીય ચીજ સબજા આપી માટે બક્ષીસ આપી.'

બીરબલે કહ્યું કે, 'નેક નામવર! એ બંનેના આશીરવાદના ભાવાર્થ બરોબર રીતે આપને સમજાવવામાં આવ્યો નથી. એનો અર્થ એવો થાય કે સબ એટલે તમામ અને જા એટલે રવાના થા. ફકીરના આવી પ્રકારના આશીરવાદનું નીવારણ કરવા માટે તે બ્રાહ્મણે તમને રાખ આપીને કહ્યું કે, 'ઇશ્વર તમારી સઘળી વસ્તુ કાયમ રાખે.' જેણે બદદુવા આપી તેને ઇનામ! અને સારો આશીરવાદ આપનારને અપમાન? એ કેવો અઘટીત ન્યાય!'

બાદશાહે તરત પોતાની ભુલ કબુલ કરી બીરબલને કહ્યું કે, 'બીરબલ જે થનાર હતું તે થયું પણ તે બ્રાહ્મણને શોધી કાઢી તેને બે હજાર રુપીઆનું ઈનામ આપી તેની સારી દુવા વધાવી લો. તે સાંભળી બીરબલે કહ્યું કે, 'સરકાર! તે પવીત્ર બ્રાહ્મણ આપણાં દરબારગઢની બહાર બેઠો છે. માટે સીપાઇ મોકલી બોલાવી આપના હુકમને અમલમાં મુકું છું.' એમ કહી બધાની સમક્ષ તે બ્રાહ્મણને બોલાવીને અદેખાઓની આંખમાં ધુળ છાંટીને, તે બ્રાહ્મણને બે હજાર રૂપીઆ આપી સંતોષી વીદાય કીધો.

**સાર** - બગડેલી બાજી કેમ સુધારવી? અદેખાઓની આંખ કેમ આંજવી? મોટા લોકોનાં મન કેમ રીઝવવાં! મોટો અધીકાર મળ્યા છતાં જાતી અભીમાન કેમ રાખવું? અને પારકાનું ભલું? એનો દાખલો આ વારતા પરથી લેવો.

-o-

# વારતા પચીસમી.

-0:0-

## વનો વેરિને વશ કરે છે.

-0:0-

વખત વીચારી વાત કર, તો સહુ સુખ અનુકુળ,

વણ સમજાવે જો વદીશ તો, તો સહું સુખ પ્રતીકુળ.

એક સમે એક ઉમરાવે પોતાના બાગમાંથી સરસમાં સરસ અને મીઠી સાકર જેવી પાકેલી કેરીઓ ઝાડ પરથી ઉતરાવી બાદશાહને નજરાણા દાખલ મોકલી. તે કેરીઓ અમૃત સમાન હોવાથી શાહ અને હુરમ બંને જણ એકાંત ભુવનમાં બેસી ખાતાં હતાં, અને રાજા પોતાની ખાધેલી કેરીની છાલ અને ગોઠલા હુરમની આગળ ફેંકતો હતો. એટલામાં બીરબલ ત્યાં આવી લાગો. તે જોઇ રમુજની ખાતર શાહ બોલ્યો કે, અહો, વીનોદી બીરબલ ! મારી ઓરત કેવી ખાઉકણી છે ! પોતાનું પેટ ભરવા સરજેલી છે, જો કે હું અત્યાર સુધી માત્ર એક જ કેરી ખાઇ રહ્યો નથી તેટલામાં એણે કેટલી બધી કેરીઓ ખાધી છે ! તે આ ગોટલા છોતરાનો ઢગલા જોતાજ અનુમાન થઇ શકેછે ! ' બાદશાહના આવા શબ્દો સાંભળતાંજ રાણી ઘણીજ શરમાઇ ઓશીયાળી બની ગઇ. જે વખતે બાદશાહે અકબર ભારથ રચાવવાનું કહ્યું હતું તે વખતે હુરમને પાંચ પતી માટેનો પ્રશ્ન પુછવાથી હુરમને માઠું લાગ્યું હતું, તે ખડક હુરમના દીલમાંથી દુર કરી મહેરબાની મેળવવાનો સમય આવેલો જોઇ બીરબલે કહ્યું કે, હુરમ સાહેબે બધી કેરીઓ ખાધી એ વાત તો સાચી છે. પરંતુ તેમના ખાવીંદની તારીફ તો કોઇ ઓરજ પ્રકારની છે, કેમકે હુરમ સાહેબ તો માત્ર કેરીઓનો રસ ચુસી લીધો છે, પણ આપેતો કેરીઓની છાલ ગોટલા અને અંદરના ગોટલી પણ છોડી નથી. અર્થાત કેરીમાંથી કોઇ પણ ભાગ જવા દીધો નથી એ ખરેખરી ખુબી છે ? એટલે એ શબ્દોમાં એવો મારમીક ભાવ સુચવ્યો છે કે હુરમ સાહેબે તો જે કેરીઓ ખાધી છે તેના છોતરા ગોટલાં જણાય છે તેથી વધારે ખાધી એમ આપ કહો છો. પણ આપે તો એમના કરતાં એટલી બધી વધારે ખાઇ ગયા છો પણ તેની ગણત્રી ન કરી શકાય તેટલા માટે તેના છોતરા ગોટલા પણ બચાવ્યા નથી ! આ સાંભળી હુરમ બહુ ખુશી થઇ અને બીરબલ પ્રત્યે જે ખડક ધરાવતી હતી તે આ યુક્તીના કારણથી દીલમાંથી કાઢી નાખી પ્રેમથી ચહાવા લાગી.

**સાર** - જો પોતામાં વનો હોય તો વેરી વશ થઈ શકે છે.

-0-

# વારતા છવીસમી.

-0:0-

## કંકણ અને કેસની ગણત્રી.

-0:0-

કરો ન કદીએ કોય, ઠઠા બાજી ઠીક ગણી,

હાંસી ઉલટી હોય, તજો ટેવ એ તમ તણી.

એક દીવસ દરબાર બરખાસ્ત થયા બાદશાહે બીરબલને રંગ મહેલમાં લઈ જઇ હાસ્ય વીનોદની વાતો કરવા લાગ્યા. આ સમે શાહે બીરબલને પુછ્યું કે, તમારી મનોરમાના હાથમાં કેટલાં કંકણ છે !' બીરબલે કહ્યું કે, 'હજુર ! મારી કોમલાંગીના હાથ ઉપર મારી નજર દીવસ કોભરમાંસમેજ પડે છે, તેમજ મારા હાથ સાથે તેનો હાથ ઘણીજ થોડીજ વખત લાગતો જણાય છે, તો પણ ખાત્રીથી કહું છું કે જે જગાએ આપ નામવરની વારંવાર નજર પડે છે તેમ આખા દિવસમાં સેંકડો વખત આપ નામદારનો હાથ કર્યા ફરે છે તે દાઢીના જેટલા કેશ છે તેટલાજ કંકણ છે, માટે દાઢીના કેશ ગણી લો એટલે કંકણની ગણત્રી પણ થઇ જ જશે !' બીરબલનો આવો ઉત્તર સાંભળી બાદશાહ ચુપ થઇ ગયો.

**સાર** - ખુલ્લો છે.

-0-

# વારતા સત્તાવીસમી.

-0:0-

## ચોરની છત્રીસ કળા.

-0:0-

ચોરી ચાહન થાય છે, જ્યારે ચોર ઝલાય,

બાંધી મારી મહીપતી, છેક ફજેતી થાય.

એક સમે શહેરની બહાર આવેલા મનોહર બાગમાં દરબાર ભરી બાદશાહ બેઠો હતો, અને બીરબલ ન્યાય રચનાઓની યુક્તીઓની મસલત ચલાવતો હતો, એટલામાં એક સોદાગરે આવી અરજ કરી કે, પરવર દીગાર? હું માળવા દેશનો રહીશ છું, અને વેપાર માટે બંગાળમાં ગયો હતો. ત્યાંના સાહુકાર પાસે એક સુંદર રાજહંસ પક્ષી મારા જોવામાં આવ્યું અને તેની સુંદરતા તથા અકલની ખુબી જોઇ મારૂં મન લલચાયું કે આ પક્ષી ધણીને મનગમતા નાણા આપી ખરીદી લઇ આપને ભેટ કરવી. એવી ઇચ્છાથી તેને એક હજાર સોના મહોરો આપી તે રાજહંસને સ્વાધીન કરી આપ હજુર પાસે આવવા નીકળ્યો. પરંતુ મનની ઉમેદ મનમાંજ રહી! મારા નોકરોમાંથી કોઇ અધમે તેને મારી નાંખી ભક્ષણ કરી ગયો! તેથી મને ઘણો સંતાપ થયો છે, તેને કોણે મારી નાખ્યો? તે માટેની મેં ઘણી તપાસ ચલાવવા છતાં પણ કશો પતો લાગો નહીં. તેજ હેતુ માટે આપ હજુર અરજ કરૂં છું કે તે પક્ષીને મારનાર માણસને પકડી આપવાનો યત્ન ચલાવશો?' આ ઉપરથી બીરબલે બહુ બારીકીથી સોદાગરના નોકરની તપાસ ચલાવી પણ કશો પતો ન લાગવાથી સોદાગર ઉદાસ થઇને બીરબલને કહેવા લાગો કે, આવા અદલ રાજના સ્વચ્છ અમલમાં પણ જ્યારે ગુન્હો કરનારનો પતો ન લાગો તેથી ખાત્રી થાય છે કે અંહીયાં પણ ન્યાય શાસ્ત્રીની મોટી ખોટ જણાય છે? સોદાગરના આવા શબ્દો સાંભળી બીરબલે તરત તેના નોકરોને બોલાવી પોતાની સામે ઉભા રાખ્યા અને થોડી વાર સુધી એક નજરથી જોઈ રહી બીરબલે આશ્ચર્યતાની સાથે કહ્યું કે, 'આહા! પક્ષી મારી ભક્ષ કરનારની કેટલી બધી ધીરજ છે? પક્ષી તો મારીને ખાઇ ગયો તે તો ઠીક છે, પરંતુ પક્ષીનાં પીછાં પણ પાઘડીમાં ઘાલી દરબાર સન્મુખ આવી ઉભો છે છતાં પોતાનો અપરાધ કબુલ કરતો નથી એ શું થોડી અજાયબની વાત છે? બીરબલનું આવી પ્રકારનું બોલવું સાંભળતાંજ પક્ષી ખાઇ જનાર તરત ગભરાઈ ગયો, અને ચોરના પગ કાચા, તે પ્રમાણે બાવરો બની કોઇ ન જાણી શકે તેમ પોતાની

પાઘડી ઉપર હાથ ફેરવી પીછું તપાસવા લાગો. આ તેની કરણી કોઇના ધ્યાનમાં નહોતી, પણ બીરબલે તો દરેક નોકરોના ઉપર પોતાની બારીક નજર રાખી શું ચમત્કાર બને છે તે જોયા કરતો હતો. જેવો તે ચોર વારંવાર પોતાની પાઘડી પર હાથ ફેરવતો હતો તેવોજ બીરબલે તે ચોરનો હાથ પકડી ચાબકાનો માર મરાવી અપરાધ કબુલ કરાવ્યો. કહ્યું છે કે બુધે જાર બાજરી, બુધે નાર પાંસરી, બુધે ડોબું દોવા દે, અને બુધે છોકરૂં છાનું રહે. એ વાતની ખાત્રી મેળવી અને કચેરી સમક્ષ ગુન્હેગારે તે પક્ષી માર્યા વીશેનાં કારણો તથા મુદ્દા રજુ કીધા. આ પ્રમાણે અજબ ચતુરાઇથી ચોરને પકડીઓ તે કારણથી બીરબલની દેશ પ્રદેશમાં અધીક કીરતી પસરી.

**સાર** - બુદ્ધીવંત પુરૂષની ખુબીના ખેલનો ચીતાર આ વાત ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

-o-

# વારતા ઈઠાવીસમી.

-0:0-

## સબસે બડી ચુપ.

-0:0-

બુધ જન વીબુધને વશ કરી, પાર પમાડે કામ,

નરવરની શી વીસાદ ત્યાં, જ્યાં જગ બને ગુલામ.

એક દીવસે શાહે બીરબલને પુછ્યું કે, 'એક શીયાણા પુરૂષને જોવાની ઊમેદ રાખું છું. માટે તે શોધી લાવી મારી ઊમેદ પુરી કરો. તે સાંભળી બીરબલે કહ્યું કે, નામવર ! તેમ કરવા આપનો તાબેદાર નોકર તૈયાર છે. પણ શીયાણાની શોધ માટે દશ હજાર રૂપીઆનો ખરચ થશે. આ સાંભળી શાહે તરત બીરબલને ઘેર રૂપીઆ મોકલી આપવાનો ખજાનચીને હુકમ આપ્યો.

દશ હજાર રૂપીઆ મળ્યા પછી બીરબલ તરત શીયાણાની શોધ કરવા લાગો. શોધતાં શોધતાં બજારમાં ગયો, ત્યાં તેને એક ચંચળ અને ચાલાક માણસની ભેટ થઇ. બીરબલે તેને કહ્યું કે,- જેમ હું કહું તેમ કરવાને જો તમે કબુલ થાઓતો મારે કાંઇ થોડું તમારૂં કામ છે, જો કામ પાર પડશે તો તમને પાંચશો રૂપીઆ આપીશ.' બીરબલનું વાક્ય સાંભળીને તેણે મન સાથે વીચાર કીધો કે, 'એક પંથ ને દો કાજ થશે. માટે બંને તરફથી થનારો ફાયદો સમજી તેણે તે વાત કબુલ કરી. તેનો આવો વીચાર જાણી બીરબલે તેને કહ્યું કે, હું તમોને શાહની હજુર લઇ જવાનો છું પણ ત્યાં ગમે તેટલી વાતો તમોને શાહ પુછે તો પણ તેનો ઉત્તર આપવો નહીં' આવો ઠરાવ કરી બંને જણ કચેરીમાં ગયા અને બાદશાહને નમન કરી કહ્યું કે, 'સીરતાજ ? આપના હુકમ મુજબ શીયાણા માણસને શોધી લાવ્યો છું.' બાદશાહે તેને માન આપી, પોતાની પાસે બેસાડી, તે શહાણાને બાદશાહે પુછ્યું કે, 'તમે ક્યાંથી આવ્યા ? તમે જાતે કેવા છો ? તમે કયા નામથી ઓળખાઓ છો ? દુનીઆની શી ખબર અંતરો છે ?' વગેરે ઘણાક સવાલો પુછ્યા, તોપણ તેણે કંઇ ઉત્તર આપ્યો નહી તેથી શાહ ગુસ્સે થઇ બીરબલની સામે જોઇને કહ્યું કે, 'મુર્ખ સાથે સમાગમ થયો તો હવે શું કરવું ?' બીરબલે ધીરજથી કહ્યું કે, નામદાર ચુપ થઇ રહેવું ?' આવું બીરબલનું મર્મવાળું વાક્ય સાંભળી અર્થાત મુર્ખનો મેળાપ દૈવયોગે થાય તો કશું પણ ન બોલતાં ચુપ - મૌન થઇ રહેવું તેથીજ શાહણો ચુપ થઇ બેસી રહ્યો છે, એટલે શાહ મુર્ખ અને ચુપ રહેનાર શહાણો

એમ ઠરાવ્યું. એથી શાહ મનમાં લજીત બની બીરબલના શાનપણની યુક્તીની રચના નીરખી શાહે કહ્યું કે, 'મારી પાસે પણ કેવા નર રત્નો છે!' એવા રંગ તરંગમાં ગર્વાનંદ બન્યો. રંગછે એવા ગુણગ્રાહી રાજાને?

-૦-

# વારતા ઓગણત્રીસમી.

-0:0-

## મહાન પુરૂષની માન્યતા.

-0:0-

## લહે ન મોટમ માન, અન અધીકારી જન કદી.

એક સમે દરબારીઓની સમક્ષ શાહે બીરબલને કહ્યું કે, 'આ મારી પાસે બેઠેલા મારા દુધ ભાઇને એક નાહનું રાજ આપવા માગું છું. પરંતુ તે નાહના રાજનો નાનો કારભાર ચલાવવા માટે નાહના બીરબલની ઘણી જરૂર છે, તેથી એક નહાનો બીરબલ શોધી લાવો.' તે સાંભળી બીરબલે કહ્યું કે, 'બહુ સારૂં સરકાર ?' આમ કહી વળતે દિવસે એક બળદને શણગારી રેસમી રસી ગળામાં બાંધી, પોતે તે બળદને દોરી કચેરીમાં આવ્યો, તે જોઇ બાદશાહે અચરત પામી પુછ્યું કે, 'આ શું ? શું તેં મારા દુધભાઇ માટે નહાનોભાઈ બીરબલ શોધી કહાડ્યો કે ?' તે સાંભળી બીરબલે કહ્યું કે, જી સરકાર ! હાજર છે, આપના દુધભાઇ માટે મારોજ દુધભાઇ લઇને આવ્યો છું તે જુઓ.' એમ કહીને બળદને બતાવ્યો. ત્યારે શાહે કહ્યું કે, તમારો દુધભાઇ બળદ શી રીતે થાય ?' ત્યારે બીરબલે કહ્યું કે, એમની માનું હું દુધ પીતો હતો તેથી આ મારો દુધ ભાઇ થાય છે ?' ત્યારે બીરબલે આનંદની સાથે જણાવ્યું કે, 'હું પણ આ બળદની માનુંજ દુધ પી મહોટો થયો છું, માટે આ પણ મારો દુધભાઇ કેમ ના કહેવાય !' આ ગુઢારરથવાળો જવાબ સાંભળી શાહ મનમાં આનંદ પામી ચુપ થઈ બેઠો. કારણકે બીરબલે મરમમાં જણાવ્યું કે મોટા લોકોની બરોબરી હલકા લોકોથી કદી પણ કરી શકાયજ નહીં. માટે આપના વિચાર અતી ઉત્તમ છે, તો પણ અધીકારીનેજ અધીકાર યોગ્ય છે, તેમ બીરબલ આપનીજ દરબારમાં શોભે. બીરબલની આવી છુપી યુક્તી જાણી શાહ મનમાં સમજી જઇ બીરબલની ચાતુરીને વખાણવા લાગો.

**સાર** - જે જેના લાયક જે વસ્તુ હોય તેજ તેને દીપાવે. પણ વગર અધીકારીને અધીકાર અપાય તો લાભને બદલે હાની થાય છે. બગલો ગમે તેવો રૂપાળો છે, પણ હંસની બરોબરી કરી શકશે નહીં. છાણના દેવને કપાસીઆનીજ આંખો જોઇએ ?

-0-

# વારતા ત્રીસમી.

-0:0-

# ચમત્કૃતિ ભરેલો પશ્ન.

-0:0-

બાદશાહે બીરબલને પુછ્યું કે, 'તમારો મહામંત્ર કયો ? બીરબલે કહ્યું કે, 'હજુર ! ગાયત્રી મંત્ર'. શાહે પુછ્યું કે 'તમે ગાઇ પુજક છો તો પછી ગાઇના ચામડાના જોડા કેમ પહેરો છો !' બીરબલે કહ્યું કે. 'સરકાર ! બ્રાહ્મણના પગમાં ૬૮ તીર્થનો વાસ છે તેથી તે પગોનો એને ગોચર્મનો યોગ થવો યોગ્યજ છે, કારણકે તે બંનેના સંગમથી અધીક તીર્થનો મહીમા વધેછે અને તીર્થનું તે વડે રક્ષણ થાય છે, માટે તેમ કરીએ છીએ.' આ યુક્તી સાંભળી શાહ ખુશી થયો.

-0-

# વારતા એકત્રીસમી.

-0:0-

## પ્રાણ વ્હાલો કે પ્યાર !

-0:0-

### વ્હાલામાં વ્હાલું ધન, પુત, સ્ત્રી તો પણ પ્રાણ ઉપર બહુ વ્હાલ

એક દીવસે શાહ પોતાના વીલાસ ભુવનમાં બીરાજી કલોલ કરતો હતો, તે પ્રસંગે બીરબલ પણ હાજર હતો. શાહ અને બીરબલ વચ્ચે કેટલીક રાજરંગની આડી અવળી વાતો થઇ રહ્યા પછી શાહે પુછ્યું કે, 'બીરબલ ! માણસને સર્વથી વ્હાલી કઇ વસ્તુ છે !' બીરબલે કહ્યું કે, 'પ્રાણ ? એથી અધીક વ્હાલી કોઇ પણ અન્ય વસ્તુ નથી, ચાહે તે અમીર, ફકીર, દુખી કે સુખી માણસ હશે કે જાનવર હશે તો પણ પોતાના પ્રાણને બચાવવામાં વધારે ઉત્કંઠા ધરાવશે. પણ પ્રાણની રક્ષા માટે માણસ ધન દોલત કે સગા સ્નેહીઓ સંબંધીની કદી પણ પરવા રાખશે નહીં. એથી ખાત્રી થાય છે કે સર્વથી પ્રાણ વ્હાલો છે. આ પ્રમાણે વારતા ચાલી રહી છે એટલામાં શાહની એક નારી પોતાના બાળકને રમાડતી અને પ્યારથી ચુંબન લેતી હતી તે ઉપર શાહની નજર પડી, તેથી શાહને મોટો આનંદ ઉપજ્યો, તેથી તેણે બીરબલને કહ્યું કે, 'સર્વ વસ્તુ કરતાં બાળક વધારે પ્રિય લાગે છે !' બીરબલે કહ્યું કે, 'તે ખરૂં છે, પરંતુ જ્યારે માણસના પ્રાણ ઊપર આફત આવી પડે છે તે વખતે ધન, દોલત, પુત્ર પરીવાર વગેરે એક પણ પ્રીય લાગતી નથી. પણ તે તેને કંટાળારૂપ થઇ પડે છે. પોતાનો પ્રાણ કેમ બચે ? તેનીજ યુક્તીમાં ગુંથાઇ રહેવાનું પ્રીય ગણે છે.' શાહે કહ્યું કે, 'તમે કહો છો તે ખરૂં હશે, પણ તેનો અનુભવ મેળવ્યા વગર તેની મનમાં કશી અસર થતી નથી, માટે પ્રત્યક્ષ પ્રમાણથી સીધ્ધ થયેલું જોવાને આતુર છે.' તે સાંભળી બીરબલે કહ્યું કે, 'સરકાર ! થોડા દીવસમાં એનો દાખલો બતાવીશ.'

આ વાતને કેટલાક દીવસ વીત્યા પછી બીરબલે બાગની અંદર વીસ હાથનો ઉંડો ખાડો ખોદાવી પાણીથી ભરાવી તૈયાર કીધો. અને સીપાઈની સાથે બચ્છા સહીત વાંદરીને પકડી મંગાવી, શાહ પાસે જઇ કહ્યું કે, 'નેક નામદાર ! સરવથી પ્રાણ વ્હાલો કે બાળક વ્હાલું છે તેની ખાત્રી કરી આપવાનો આજે વખત છે. માટે આપ બગીચા અંદર પધારો.' બાદશાહ તરત બીરબલની સાથે બગીચામાં ગયો. બાદશાહ અને બીરબલને આવેલા જોઇ, પ્રથમ સંકેટ કરી રાખેલ મુજબ સીપાઇએ બચ્ચા સહીત વાંદરીને ખાડામાં નાંખી ઉપરથી પાણીનો ધોધબંધ પ્રવાહ ચલાવ્યો ? આ જોઇ વાંદરી ખુબ ગભરાઇ પોતાના બાળકને છાતી સરસું વળગાડી પોતાનો બચાવ શોધવા લાગી. તે જોઈ શાહે કહ્યું કે, 'કેમ બીરબલ ! પ્રાણ વહાલો

છે કે બાળક વહાલું ! જુઓ બીચારી વાંદરી પોતાના બચાનો પ્રાણ બચાવવા કેટલો બધો પ્રયત્ન કરી રહી છે ?' બીરબલે કહ્યું કે, 'જરા વાર થોભી જોયા કરો, હમણાજ તેનો દાખલો જણાઇ આવશે.' બીરબલની ઇસારત થતાજ સીપાઇઓએ પ્રથમ રચેલી યુક્તી મુજબ પાણીથી ભરેલો ખાડો ખાલી કરી નાંખી ધીમે ધીમે પાણી ખાડામાં જવા દીધું, પાણી ચઢતાં ચઢતાં છેક વાંદરાના ગળા સુધી ચઢ્યું કે તરત તેણીને બચાને બચવની આશા ફોકટછે એમ લાગવાથી, અને તેને બચાવવા જતાં મારો પ્રાણ જશે એવો વીચાર કરીને તે બીચારી વાંદરીએ નીરૂપાયથી પોતાના બચાને પગતળે ડાબી તે ઉપર ઊભી રહી પોતાનો પ્રાણ બચાવવા વળખાં મારવા લાગી. તે જોઇ બીરબલે ખાડામાંનું પાણી કાઢી નખાવીને વાંદરીને બહાર કઢાવી લઇ પછી શાહએ કહ્યું કે, 'કેમ ખાવીંદ ! અત્યાર લગી આ વાંદરીને બચું કેવું પ્યારૂં લાગતું હતું, પરંતુ જ્યારે પોતાના જીવ જવાનો વખત નજીક દેખાયો ત્યારે બચાને જીવાડવાની આશા છોડી દઇ પોતાનો પ્રાણ બચાવવા ઉપાય આરંભ્યો. એવીજ રીતે માણસને પોતાનાં બાળકો વહાલાં છે, પણ જીવ ઉપરાંત વહાલા નથી. આવી રીતે સકળ જગતનો પ્રેમ સમજી લેવો.' આ પ્રત્યક્ષ દાખલો જોઇ બાદશાહ તાજુબી પાંઈ બીરબલની અકલના વખાણ કરવા લાગો.

**સાર** - આ વારતા ઊપરથી એમ સાબીત થાય છે કે, આ જગત કેવળ સ્વાર્થ જેટલોજ સંબંધ રાખે છે. ગરજ સરી એટલે વૈદ વેરી બને છે, તેમ જાણી વરતનાર માણસ આ ભવ સાગર ન તરતા, મહા પાપના અધીકારી બની ફરીને ચોરાશીના ફેરામાં પડી મહા દુઃખની યાત્રા કરે છે. પોતાના પ્રાણ સમાન બીજાનો પ્રાણ ગણનારજ ઉંચ ગતીને પામે છે.

-0-

# વારતા બત્રીસમી.

-0:0-

## પરીક્ષકોની બલીહારી ?

-0:0-

દુગ્ધ સ્વેત, દધી સ્વેત હૈ, હંસ સ્વેત બગ સ્વેત.

પડે મામલે જાનીએ, ઊંચ નીચકો ભેદ.

એક સમે બાદશાહને એક બીજા દેશના રાજાએ પત્ર લખી મોકલ્યો કે, 'અસ્લનો કમ અસ્લ, કમ અસ્લનો અસ્સલ, ગાદીકા ગધ્ધા, અને બજારકા કુતા. એ ચારે વસ્તુ શોધીને મારી તરફ મોકલી આપો, નહીં તો મારી સાથે લડાઇ કરવા તત્પર થાઓ. આવી મતલબનો પત્ર વાંચી બાદશાહ મન સાથે વીચાર કરવા લાગો કે, 'આમાં લખેલી ચીજો મળી શકે તેવી નથી, તો પછી લડાઇ કરવા વગર છુટકો નથી, પણ લડાઇ કરવાથી લાખો માણસો અને કરોડો રૂપીઆનો ભોગ આપવો પડશે તેનું કેમ કરવું? આમ શોકરૂપી સાગરમાં ડુબી બાદશાહ બેઠો હતો, એટલામાં બીરબલ આવી સલામ ભરી કહ્યું કે, અહો, ખલેકે ખાવીંદ એવાતો કેવા વીચારમાં પડી ગયા છો કે જેથી મુખ મુદ્રા નીસ્તેજ થઇ ગઇ છે ! એવું તે કેવું સંકટ આવી પડ્યું છે ? એવો તે કેવો મહા બળવાન દુસ્મન જબરદસ્ત ફોજ લઇ ચઢી આવ્યો છે ? જો એમ હોય તો સાવધ બની, ઉદાસીનો ત્યાગ કરી સેવકને જલ્દી ફરમાવો એટલે માથે ભમી રહેલા વીપતીના કાળા વાદળને વીખરી નાખવાને ઉતાવળેથી ઉપાય શોધીએ.' આવાં બીરબલનાં વાક્યો સાંભળી શાહને ઘણી ધીરજ મળી. શાહે તરત તે આવેલા રોહસેન રાજાનો પત્ર બીરબલના હાથમાં આપીને કહ્યું કે, અહો, સુજ્ઞ બીરબલ, વાંચી, વિચારી કહો કે, આને માટે શું કરવું ? બીરબલે તે પત્ર વાંચીને કહ્યું કે, સરકાર ? જે ચાર ચીજો મંગાવી છે તે હાલ તુરત મળી શકે એમ નથી. પણ તેને મેળવતાં કેટલોક વખત લાગશે ? માટે તે ચીજો વાસ્તે કશી પણ ચીંતા ન રાખતા, તે રાજા પાસેથી એક વર્ષની મુદ્દત માગી લો. પછી જોઈ લો, ફતેહના ડંકા !' બીરબલનો આવો વીચાર જાણી શાહના મુખપર પસરી રહેલી ઉદાસી ઉડી ગઇ, અને આનંદમય બની ઉત્સાહની સાથે પત્ર લખી એક વર્ષની મુદ્દત માંગી લીધી. આ પત્ર રવાના કર્યા પછી બીરબલે બાદશાહને કહ્યું કે, હવે ઢીલ ન રાખતાં તે ચારે વસ્તુ પ્રાપ્ત કરવાની ઘણી જરૂર છે. વખત પાણીના રેલા જેવો છે, તેને વહેતા વાર નહી લાગે, આ વસ્તુ શોધવા જતા એક લાખ રૂપીઆ જોઈશે ? તે

આપવામાં ઢીલ ન થવી જોઇએ !' બીરબલનો આવો આગ્રહ જાણી શાહે તરત ખજાનચીને કહી એક લાખ રૂપીઆ બીરબલને ઘેર મોકલાવ્યા. લાખ રૂપીઆ મળતાંજ, બીરબલે તે ચારે વસ્તુ મેળવવાને માટે પ્રદેશ જવાની શાહ પાસેથી કેટલાક માસની રજા મેળવી ઘેર આવ્યો. જોઇતાં સાહીત્યો સાથે લઇ, સાહુકારનો વેષ ધારણ કરી, રોહસેન રાજાનાં નગર ભણીનો રસ્તો લીધો. દેશ દેશાવરોની ચરચા જોતો જોતો કેટલેક દીવસે રોહસેનની નગરીમાં જઈ ચડ્યો. નગરીના રમણીક બજારના મધ્ય ભાગમાં આવેલા એક અતી શોભાયમાન મહેલ ભાડે રાખી મહોટા ઠાઠ માઠ સાથે સરાફી વેપાર ચલાવી પેઢી જમાવી દીધી.

બીરબલના મનોહર મહેલની સામેજ આવેલા સરકારી ચબુતરામાં કોટવાલ રહેતો હતો. ધીમે ધીમે તેની સાથે ગાઢી મિત્રાચારી બાંધી. કહ્યું છે કે, હાથ પોલો તો જગત ગોલો, પૈસો વેરીને પણ નમાવે છે ? તો પછી કોટવાલ જેવો, બીરબલ જેવાને વસ થાય તેમાં શી નવાઇ ? આ બે વચ્ચે ઘાઢો સંબંધ થતાજ, કોટવાલે નવીન પ્રકારના સુખો આપી ગાન તાન રંગ રાગની, મજાહ ચખાડી, બીરબલનું અંતકરણ પોતા તરફ ખેંચવા લાગો. જો નગરમાં કોઇ ગાનાર કે નાચનાર આવ્યું જોય તો તરત તેડી લાવે અને તેના રંગનો રસ ચખાડે, અને તેના બદલ તેને કોટવાલ જે રકમ આપવા કહે તે આ વેષધારી શાહુકાર આપે. આ પ્રમાણેના રંગ ઉડાડી આ બંને જણ મોજ માણતા હતા. એક સમે એક નવયોવના અને મદે ભરેલી રમણીક રંભા જે ગાયન કળામાં પ્રવીણ હતી તે મહાસ્વરૂપા સુંદરીને એક રથમાં બેસાડીને કોટવાલ શેઠ પાસે આવીને આગ્રહ સાથે કહ્યું કે, 'કોકીલાના કંઠને ટક્કર મારે, અને કોયલડીને ઢાંકી નાખે એવી આ ગાનારી અને નૃત્ય કરનારી શું મધુરી નાયકા છે, માટે તેના ગાન તાનની ધુની ઉરાડવા દેવી જોઇએ ?' તે સાંભળી શેઠે કહ્યું કે. 'થવાદો, મારી ક્યાં ના છે.' હુકમ મળતાંજ તે કામણગારી નાયકાએ નાચ અને ગાયનની રંગ છેલ કરી મુકી, સરસમાં સરસ રાગ રાગણીના આલાપ છેડી શેઠના મહેલને ગજવી મુકી શેઠને આનંદમયી બનાવી દીધો. આ નાયકાના મોહક ગાયનો સાંભળીને શેઠે કોટવાલને પુછ્યું કે, 'કોટવાલજી ! આ નાયકાને શું ઇનામ આપીએ કે જેથી તે સંતોષ પામે.' કોટવાલે કહ્યું કે, 'શેઠજી ? બસો રૂપીઆ આપો.' કોટવાલના કહેવા મુજબ શેઠે તે નાયકાને બસો રૂપીઆ ગણી આપ્યા. રૂપીઆ લઇ નાયકા બહુ ખુશી થઈ. મોંહ મલકાવી, કટાક્ષબાણ મારી, શેઠને નમન કરી, મન સાથે વીચાર કરવા લાગી કે, 'અત્યાર સુધીમાં મારા હાવભાવવાળા ગાયન અને નાચથી રીઝીને આના શીવાય કોઇએ પણ આવી ઉદારવૃતીથી આવું ઉંચું ઇનામ આપ્યું નથી. ગાયન કળાની ખુબી જાણનાર આજ શેઠ છે. તો પછી આવી કદર બુજનારને મુકી પાંચ પચીશની નજીવી રકમ માટે સા સારૂં બહાર ભટકવું જોઇએ ! મુરખાઓની તાબેદારી ઉઠાવવા કરતાં, આવા નરની ઉઠાવવામાં આબરૂ છે ? આવો વીચાર

કરી તે શેઠ પ્રત્યે બોલી કે, 'શેઠજી ! હું રૂપીઆની ભુખી નથી, પણ આપની સેવાની ભુખી છું. માટે કૃપા કરી, મારો દાસી તરીકે સ્વીકાર કરશો !' તે રમણીક રંભાનું આવું કોમળ વાક્ય સાંભળી શેઠે કહ્યું કે, 'જો તું શુદ્ધ પ્રેમની પ્રતીમા બની પ્રેમ પંથની પ્રતિજ્ઞા પાળવા ચહાતી હો તો મારી ના નથી ? ખુશીથી રહે, આનંદથી હાસ્ય વીનોદ કર, અને જે જોઇએ તે લે.' નાયકા તરત શેઠનો હાથ પકડી, પોતાના રથમાં બેસાડી પોતાને ઘેર લઇ ગઇ, અને નાના પ્રકારની કોકકળા શીખવી શેઠનું મન પ્રસન્ન કરી, આખી રજની રતિ રંગમાં ગુજારી, સહવાર થતાજ શેઠ પોતાને ઘેર જવાની રજા માગી. તેથી તે નાયકા ગદગદિત કંઠે કહેવા લાગી કે, 'અહો, હૈયાના હાર ! આમ જવા સજ થયા છો, પણ અહીંથી આપને જવા દેવા ચાહતી નથી. છતાં પણ આપ તરછોડી ચાલ્યા જશોતો અબળાનું કાંઇ જોર નથી !' શેઠે કહ્યું કે, 'અહો, દીલરંગી ! જરા પણ દીલગીર થઈશ નહી ? ખાઓ પીઓ અને અમન ચમન ઉડાવો ? માટે ખુશીથી રજા આપ, હું તારો છું તારાથી જરા પણ અળગો ન રહેતાં તને હંમેશાં મલીશ. આમ કહી શેઠ પોતાને ઘેર આવ્યો, અને કળાવતી સાથે પ્રેમમાં પડ્યો.

થોડાક દીવસ વીત્યા પછી કોટવાલે આવીને શેઠને પુછ્યું કે, 'શેઠજી ! તમે પરણ્યા છો કે કુંવારા !' શેઠે કહ્યું કે, 'જો કોઇ ઊંચા ખાનદાનની કન્યા મળે તોજ પરણવાની વાત બને ? નહીં તો પરણવા કરતાં કુંવારા રહેવું એ વધારે પસન્ન કરૂં છું.' કોટવાળે કહ્યું કે, 'શેઠજી ! એમ છે તો હું આપની ઉમેદ પાર પાડવા માટે ઉંચા કુળની કન્યા શોધી કાઢવાને ખચિત મહેનત કરીશ.' આ પ્રમાણેની ગોઠવણ કરી કોટવાળ પોતાને ઘેર વીદાય થયો.

થોડાક દીવસ બાદ કોટવાળે ઉંચા કુળની સ્વરૂપવાન સુંદરી શોધી કાઢી શેઠની સાથે વીધીયુકત પાણી ગ્રહણ કરવી આપ્યું. આવા ઉંચા કુળની કન્યા મળવાથી શેઠ ઘણો ખુશી થયો.

આ ગ્રહણી માટે શેઠ એવો નીયમ શરૂ કર્યો કે દરરોજ બહાર જતી વખતે જોરથી તે મનોરમાના વાંસા પર કોરડો મારવો અને પછી પોતાના કામ ઉપર જવું. આ પ્રમાણે કોરડા મારતા કેટલાક દીવસો નીકળી ગયા. પછી બજારમાંથી એક પાકેલું તરબુચ લાવી તેના બે ટુકડા કરી નાંખી લાલ રંગવાળા રૂમાલમાં બાંધી લઇને, દોડતો દોડતો ઘરમાં દાખલ થયો, અને પોતાની પરણેલ સ્ત્રી જોઇ શકે તેવી રીતે આંખની ભ્રમરો ચઢાવી, તેને સટાસટ બે કોરડા ખેંચી કાઢી કયું કે, 'જો આ રાજાના કુંવરનું માથું કાપી લાવ્યો છું તે આ પેટીમાં મુકું છું. માટે તું જો આ હકીકત કોઇને પણ કહીશ તો આ કુંવરની પેઠે તારા પણ બે કટકા કરી નાખીશ? માટે ખબરદાર રહેજે.'

એમ કહી તે બે કટકા પેટીની અંદર મુકી, તાળું મારી ઝટપટ ઘરની બહાર નીકળી ગયો. હજી તો શેઠ લાંબો ગયો નથી એટલામાં શેઠાણીએ મોટેથી રડવા લાગી. આ બુમોની બરાડો સામે આવેલા ચબુતરામાં બેઠેલા કોટવાળને કાને અથડાણી. તે સાંભળતાંજ

કોટવાળ કેટલાક સીપાઇઓ સાથે ત્યાં દોડી આવી શેઠાણીને પુછ્યું કે, 'અહો, શેઠાણી, આજ આટલા બધાં કેમ રડો છો ? શું દુઃખ આવી પડ્યું છે ? તમને કોણે સંતાપી? તેનું કારણ તો જરા જણાવો? તે રડતાં રડતાં કહેવા લાગી કે, 'શું કહું, કહેતા જીભ અટકે છે, શરીર કાંપે છે, છતાં કહ્યા વગર ચાલે એમ નથી. તમારા શેઠ જે મારા પતી થાય છે તેણે રાજાના કુંવરનું માથું કાપી આ પેટીમાં મુકી તાળું મારી બહાર ગયા છે, મને આ વાત કોઇને ન જણાવવા માટેનું કહી બહુ મારી છે, તે મારના દુઃખથી રડું છું.' એમ કહી પોતાનો વાંસો ખુલ્લો કરી કોરડાના સોળ કોટવાળને દેખાડ્યા. તે જોઇ કોટવાળ બહુ ખેદ પામી બોલ્યો કે, 'આ ઉપરથી જણાય છે કે શેઠ મહા પાપીનો પાપી છે. એ પાપીને પકડી એના પાપની શીક્ષા કરાવું. શું મેં સારા કુળની કન્યા આવો માર ખાવા માટે પરણાવી હતી ? ધીકાર છે એવા ચંડાલોને !'

કોટવાલે તરત શેઠને પકડી લાવવા માટે સીપાઇઓને દોડાવ્યા. હુકમ થતાંજ કુતરાની પેઠે સીપાઇઓ શેઠની શોધ માટે દોડ્યા. ચારે તરફ તપાસ કરતાં શેઠ સપડાઇ ગયા. કશી પણ પુછપરછ ન કરતાં હડકાયા કુતરાના પેઠે સીપાઇઓ ભસવા લાગ્યા કે, 'જુઓ છો શું ફટકાવો ? એ હરામખોરને બાંધો ? એ અધમ પાપી ખુનીને પકડો ? અરે એ ખુન કરી ભમતો ફરતો હતો ? હવે ક્યાં જઇશ ? હાથે કરીને મોત માગી લીધું છે ? તું કેવો નીચમાં નીચ છે ? લે હવે તેનું ફળ ભોગવજે ?' તેને બાંધી ખુબ કોરડાના માર મારતા મારતા કોટવાળની પાસે લાવ્યા. માર સહન ન થઇ શકવાથી શેઠે કહ્યું કે,' અરે કાળા માથાના દુષ્ટ માનવીઓ મને વગર વાંકે શામાટે માર મારી અધમુવો કરી નાંખો છો ! મેંતો તમારો શું અપરાધ કીધો છે તે તો જરા જણાવો.' આ સાંભળી કોટવાલે કહ્યું કે, 'હરામખોર ચુપ રહે ? એતો જાણ્યું તારૂં ડહાપણ ? તે જેમ તે અપરાધ કીધો છે તે હમણાજ જણાઇ આવશે. અરે ઓ દુષ્ટ ! આવાં આવાં ઘોર કરમો કરવા માંડ્યાછે? ઠીક છે ! હમણાંજ તારી કરણીના ફળ ચખાડું છું ?' આમ શેઠને ધમકાવી સીપાઇઓના મજબુત પહેરા સાથે રાજાની સમક્ષ ઉભો કરી કોટવાલે કહ્યું કે, 'નામદાર ! આ પાપીએ આપના કુંવરનું માથું કાપી પોતાના ઘરની પેટીમાં મુક્યું છે, તે વાત કોઈના જાણવામાં ન આવે તેટલા માટે તેણે તેની સ્ત્રીને ધમકી આપી તેણીનો વાંસો કોરડાથી ફાડી નાખ્યો છે માટે તે સ્ત્રીને બોલાવી તેનો વાંસો જોવાથી આપને ખાત્રી થશે.

આવું કોટવાળનું સાંભળતાંજ રાજાના ગુસ્સાનોપાર રહ્યો નથી,અને તેની કાંઈ પણ તપાસ કર્યા વગર ખુનીને એકદમ શુળી ઉપર ચઢાવી દેવાનો કોટવાળને હુકમ આપ્યો. રાજાનો આવો કરપીણ હુકમ થતાંજ તરત કોટવાળ શેઠને સ્મશાન ભુમીપર લઇ ચાલ્યો. રસ્તે ચાલતા શેઠનો ચાકર શેઠને મળ્યો. તે જોઇ શેઠે પોતાના ચાકરને કહ્યું કે, 'તારી શેઠાણીને જઇને કહે કે તારો સ્વામી શુળી ઉપર ચઢે છે. આનો શું જવાબ આપે છે તે જલ્દીથી મને કહી જા. ચાકરે જઇ બનેલી હકીકત શેઠાણીને કહી. તે સાંભળી જરા પણ દીલગીરી ન થતાં

શેઠાણી ગુસ્સાથી બોલી કે, ભલે ચઢવા દે, કરશે તે ભરશે, બીજા કોઇ શું કરશે? શેઠાણીના આવા કઠોર શબ્દો સાંભળી ચાકરે તુરત આવી શેઠને તે હકીકત જણાવી. આ સાંભળી શેઠે ચાકરને કહ્યું કે, હવે તું મારી નાયકાને જઇને કહે કે શેઠ હમણાંજ આવે છે. ચાકરના શબ્દો સાંભળતાંજ તે નાયકા ઝટ ઉઠી બારીએ આવી શેઠની રાહ જોતી ઊભી.

શેઠે ધીરજથી કોટવાળને કહ્યું કે, જરા કળાવંતીના ઘર આગળ થઇને મને લઇ જશોતો આપનો ઉપકાર માનીશ!' તે સાંભળી કોટવાળ તેને નાયકાના ઘર આગળ લઇ ગયો. બારીએ રાહ જોતી ઉભેલી નાયકાએ શેઠને આવી દશામાં આવતો જોઇ તે બહુ ખેદ પામી, નીચે આવી કોટવાળને હાથ જોડી કહ્યું કે, 'આ બસો રૂપીઆ આપ પાન સોપારીના લો. અને માત્ર બે ઘડી સુધી આ શેઠને આ ઝાડની છાંયા નીચે બેસવા દેવાની કૃપા કરશો તે હું આપ સાહેબનો ઉપકાર માનીશ. હું રાજા હજુર જઉં છું. જો અપરાધ માફ કરી એમને છોડી મુકવાનો હુકમ કરશે તો ઠીક, નહી તો પછી લઈ જજો. પૈસો શું ન કરે! પૈસો જોતાં મુનીવર ચળે તો પછી કોટવાળ કેમ ન ચળે! કોટવાલે બસો રૂપીઆ લઇ તેમ કરવાની કબુલાત આપી.

પોતાના શેઠને છોડવી લાવવા માટે નાયકાએ ઉત્તમ પ્રકારના અલંકારો સજી ઠાઠ માઠની સાથે ઝાંઝરનો રણકારો બોલાવતી દરબારમાં પ્રવેશ કરી રાજાને હાવભાવથી ભરેલા ગાન તાનથી આંજી નાખ્યો. નાયકાના અદભુત નાચથી રાજા મોહીત પામી બોલ્યો કે, 'માગ! માગ! મરજીમાં આવે તે માગ!' નાયકાએ તરત વચન લઇ બોલી કે, 'તમે જે શેઠને શુળીએ ચઢાવવાનો હુકમ આપ્યો છે તેને તેમ ન કરતાં છોડી દો. રાજાએ કહ્યું કે, 'શેઠને તો ક્યારનો શુળીએ લટકાવી દીધો હશે. માટે બીજું કાંઇ માંગ. નાયકાએ કહ્યું કે, 'જો જીવતો હશે તો છોડી મુકવા હુકમ કરવો. તે સીવાય મારે કસુએ જોઇતું નથી.' આ સાંભળી રાજાએ સીપાઈને તાકીદ આપી કે, જો શેઠ જીવતો હોય તો તેને એકદમ છોડી મુકવો. રાજાનો હુકમ થતાજ સીપાઇઓ તરત દોડ્યા. તપાસ કરતાં જ્યાં કોટવાળ અને શેઠ બેઠા હતા ત્યાં આવીને કોટવાળને રાજાનો હુકમ સંભળાવી દીધો. આ હુકમ સાંભળતાજ કોટવાલે શેઠને છોડી મુક્યો. અને નીચું ઘાલી કોટવાળ રસ્તે પડ્યો. એટલામાં નાયકા આવી, શેઠને બંગલામાં લઇ જઇ આસવાસના કરી, બનેલા દુખદાઇ બનાવથી તે નાયકાની આંખમાંથી આંસુની ધારા ચાલી. તે જોઇ શેઠે તેના મનને શાંત પાડવા માટે કહ્યું કે, 'તું જરા પણ ગભરાઇશ નહીં. આવી ખટપટ કોઇ કારણ સર મેંજ ઉભી કરી છે. હવે હું મારે દેશ જઈશ, અને ત્યાંથી થોડાક દીવસ પછી પાછો આવીશ. અને પછી તને હું મારી સાથે લઇ જઇશ, માટે તું જરા પણ ગભરાઇશ નહીં.' આ પ્રમાણે નાયકાને ધીરજ આપી બીજી આડા અવળી હાસ્ય વિનોદની વાતો કરી ત્યાંથી વિદાય થઇ પોતાનો વેપાર આટોપી નાંખી પોતાના દેશનો રસ્તો લીધો. રસ્તો કાપતા કાપતા બીરબલ બાદશાહના સન્મુખ આવી કહ્યું કે,

'મલ્યાલના રાજાએ ચાર વસતુઓ માગી હતી તે તૈયાર છે,' બીરબલનું આવું બોલવું સાંભળી શાહ બહુ ખુશ થઇ બીરબલને પુછ્યું કે, 'તે ચારે વસ્તુઓ ક્યાં છે ?' બીરબલે કહ્યું કે, 'સરકાર ! તે ચારે વસ્તુઓ રાજાના ગામમાં જ છે. માટે આપ મને એક પત્ર સહી સીકા સાથે લખી આપો.' બાદશાહે તરત સહી સીકા સાથેના પત્રમાં લખી જણાવ્યું કે, 'આપની મંગાવેલી ચારે ચીજો બીરબલ સાથે મોકલેલ છે તે તપાસી લઇ પાછો ઉત્તર લખી આપશો.' તે પત્ર લઇ બીરબલ મોટા ઠાઠ માઠને સાથે માલ્યાલની રાજધાનીમાં પ્રવેશ કરી અનુચરે સાથે રાજાને કહી મોકલાવ્યું કે, 'દીલ્લીથી બીરબલ આપની ભેટ લેવા આવ્યો છે.' રાજાએ તરત દરબારમાં દાખલ કરવાનો ચોપદારને હુકમ આપ્યો. બીરબલ પણ રાજરીતી મુજબ દરબારમાં પ્રવેશ કરી રાજા સમીપ આવી યોગ્ય વીનયથી અભીવંદન કરી ઉભો રહ્યો. તે જોઈ રાજાએ પણ યોગ્ય આદર સત્કાર કરી બીરબલને બેસવાને આસન આપ્યું. અરસપરસ કુશળતા પુછી. બીરબલે શાહના હાથનો લખેલો પત્ર રાજાના હાથમાં મુક્યો. રાજાએ પત્ર વાંચી આશ્ચર્યતાથી બીરબલને પુછ્યું કે, 'તે ચારે વસ્તુ ક્યાં છે ?' બીરબલે કહ્યું કે, 'મહારાજ ! અહીંયાંજ હાજર છે.' એમ કહી પોતાના માણસને કહ્યું કે, 'મારી સ્ત્રી અને નાયકાને અહીં બોલાવી લાવો. ચાકરે જઇને બંનેને બોલાવી લાવ્યો, તે જોઈ તેણીઓને પોતાની પાછળ ઉભીઓ રાખી બીરબલે કહ્યું કે, 'સરકાર ! હું આપના નગરમાં શેઠનું નામ ધારણ કરી સરકારી ચબુતરાની સામે એક મોટો બંગલો ભાડે લઇ રહ્યો હતો. પછી તમારા કોટવાળ સાથે મીત્રાચારી બાંધી હતી, અને તે કોટવાલે મારી પાસેથી પુષ્કળ ધન સંપાદન કરી આ નાયકા સાથે સંબંધ કરાવી, આ ઉંચ કુળની કન્યા સાથે પરણાવ્યો હતો. આ પરણેતર સ્ત્રીને હમેશાં એક કોરડો મારવાનો ઠરાવ કીધો હતો. હવે આ સ્ત્રી અસલ છે કે કમ અસલ છે તેની ખાત્રી કરવા માટે બજારમાં જઇ એક પાકેલું તરબુજ ખરીદી તેના બે ટુકડા કરી એક રાતા રૂમાલમાં બાંધી ઘરમાં આવ્યો, અને અમારી સ્ત્રીને કહ્યું કે, 'આ રાજાના કુંવરનું માથું કાપી લાવ્યો છું તે તું કોઇને કહેતી નહીં.' એમ કહી તે બે કટકા પેટીમાં મુકી પેટી બંધ કરી. મારી બાયડીને જોરથી બે કોરડા મારી બહાર જતો રહ્યો. ઘરની બહાર પગ મુક્યા પછી મારી આ કુળવંતી નારી રડવા કુટવા લાગી અને ધમસાણ મચાવી લોકોના ટોળાં એકઠાં કીધાં. એ કોળાહળ સાંભળી કોટવાળ તેની પાસે ગયો, અને તેને શોર બકોર મચાવી મુકવાનું કારણ પુછ્યું. પોતાની દાઝ કાડવાનો સમય આવેલો જોઈ મારી એ નારીએ બધી વાત કહી દીધી. તેથી કોટવાળ મને બાંધી આપની સમક્ષ લાવી ઉભો કીધો. અને તેના કહેવાથી આપે મને શુળી ઊપર ચઢાવવાનો હુકમ આપ્યો. મને થયેલી શુળીનો હુકમ મારી બાયડીને કહી મોકલાવ્યું છતાં મારો પ્રાણ બચાવવાની કાંઈ પણ પ્રેરણા ન કરતાં, વચમાંથી પાપ ટળ્યું એમ માની ખુશ બની બેઠી રહી તેથી તે અસલ નહીં પણ કમ અસલ એ આપની એક વસ્તુ લો. હવે આ જે નાયકા મારાં જમણા હાથ આગળ ઉભી છે તે

કમઅસલ જાત હોવા છતાં મારી સાથે ઘાઢો પ્રેમ બાંધી રહી હતી, અને જરા પણ મારાથી ભીનભાવ રાખતી ન્હોતી. જ્યારે મને શુળીએ લઇ જતા તેના જોવામાં આવ્યો, તે જોતાજ તે દુખ રુપી સાગરમાં ડુબી માછલીના પેઠે તડફવા લાગી. અને આંખોમાંથી આંસુઓ પાડી બોલી કે, હવે મારી શી ગતી થશે ? હું કોને આશરે રહીશ ? એમ રૂદન કરતી વીચાર કરવા લાગી કે, ગમે તેમ થાઓ પણ મારા વ્હાલાનો પ્રાણ બચાવવો. મનુષ યત્ન પ્રૌઢ છે, ઇશ્વર કરશે તો કાર્ય સીધધ્ધ થશે. એમ ધારી આપની પાસે આવી, આપને રીઝવી મારો પ્રાણ બચાવ્યો છે. તેથી આ કમઅસલ છતાં કમઅસલ નહીં પણ અસલ. માટે આપની આ બીજી વસ્તુ કમઅસલનો અસલ લો. હવે આપની આગળ જે કોટવાળ બેઠો છે તેજ બજારનો કુતરો ?' આ સાંભળી કોટવાલે કહ્યું કે, 'મને બજારનો કુતરો શા કારણથી કહો છો?' તેના જવાબમાં બીરબલે કહ્યું કે, 'એતો કુતરાનો જાતી સ્વભાવ છે કે જ્યાં સુધી તેને બટકુ રોટલાનો ટુકડો ખાવાને મળે ત્યાં સુધી ધણીની તાબેદારી કીંવા મરજી જાળવી અનેક પ્રકારનાં લાડ લડે, એજ પ્રકારના તમે પણ છો. જુઓ, જે વખતે મારી બાયડીએ તમોને રાજાના કુંવરનું માથું લાવી પેટીમાં મુકવા સંબંધી સઘળી હકીકત કહી, પણ તેની તમે કંઇ પણ ખાત્રી કીધા વગર મને પકડી, મરાય તેટલો મારી, આબરૂ લુટવા બાકી રાખી નહીં. અરે એટલુંજ નહીં, પણ હું કોણ છું ? મારી રીતભાત કેવી છે ! તેની પણ તમે પરીક્ષા ન કરતાં બેશરમ બની ગયા. સાથે બેસી ખાધું પીધું, રંગ રમ્યાં. મોજો મારી તેનીજ ગરદન કાપવા સજ થયો. ખાય તેનુંજ ખોદે. જે ઘેરાયેલા વાદળમાંથી મને બચાવવો જોઇતો હતો, તેમ ન કરતાં નીમકહરામ બની મારી ઉપર જુલમ ગુજારી રાજાને બહાદુરી બતાવી ઇનામ મેળવવા માટે આવો અધમ બન્યો માટે તું બજારનો કુતરો ખરેખર થઇ ચુક્યો.' મહારાજ આ આપની ત્રીજી વસ્તુ લો, હવે ચોથી વસ્તુ જે ગાદીનો ગધ્ધો રહ્યો તે આપનેજ લાગુ પડે છે !' રાજાએ કહ્યું કે, 'તે શી રીતે !' બીરબલે કહ્યું કે, 'આપે મારા અપરાધની કાંઇ પણ તપાસ કીધા વગર એક હલકા અને નીચ માણસના કહેવા ઉપર ઈતબાર રાખી મારો નાશ કરવાનો હુકમ આપ્યો માટે, એ ચોથી ચીજ કોની પ્રત્યે લાગુ પડે છે તે આપજ વીચારી જુઓ. હવે આપને પહોંચેલી ચારે વસ્તુની પહોંચ, મારા શાહની ખાત્રી કરવા માટે લખી આપો.' બીરબલની ચતુરાઇ, તેની વીશાળ બુદ્ધીની ખુબી જોઈ રાજા અત્યન્ત પ્રસન્ન થઇ કીંમતી પોશાકો અને અમુલ્ય આભુષણોની ભેટ આપી, અને ચારે વસ્તુ મળ્યા બદલ પહોંચ લખી આપી બીરબલને મોટા માનની સાથે વરાવ્યો.

થોડાક દીવસ વીત્યા પછી બીરબલ બંને પ્રેમદાને લઇ દીલ્લીમાં આવી બાદશાહને સલામ કરી પહોંચનો પત્ર આપ્યો. તે વાંચી શાહે ઘણીજ બીરબલની તારીફ કરી અનહદ માન આપી પ્રથમ કરતાં બીરબલને વધારે ચાહવા લાગ્યો.

**સાર** - સ્ત્રી કુલીન હો, કીંવા અકુલીન હોય તોપણ તેની આગળ કદી પણ સાચી વાત કરવી નહીં. સ્ત્રીઓનાં પેટ હંમેશાં હલકાં હોય છે તેથી તે સારા નરસાનો વિચાર ન કરતાં વાતને બહાર કાઢી નાંખે છે. કંઇક અવીચારી લોકો પોતાની કાર્ય સીદ્ધી સફલ કરવા માટે ન્હાના મોટા અમલદારોની મીત્રાચારી બાંધે છે, પણ તે ફલદાયક ન નીવડતા પ્રાણઘાતક નીવડે છે.

-O-

# વારતા તેત્રીસમી

-0:0-

# બે સ્ત્રીઓનો ઝઘડો

-0:0-

એક દીવસે રાજા દરબાર ભરી બેઠો છે. એટલામાં જસોદા નામની એક નારી આવીને વીનયથી પોતાની ફરીયાદ રજુ કરી જણાવ્યુ કે, અહો, અદલ ન્યાયવંત બીરબલ ! હાલમાં આપના નગરમાં આઠ દીવસ થયા હું અને મારો પતી ખેમચંદ અમારા શહેરથી રહેવા આવ્યા છીયે. અમારી સાથે અમારી જાતવાળી રાધા નામે એક બીજી સ્ત્રી પણ આવેલી છે. તે આજ ચાર દહાડા થયા મારી સાથે કજીઓ કરે છે કે ખેમચંદ મારો પ્રાણપતી છે. માટે તું મારા ઘરમાંથી બહાર જા. આ ફરીયાદ સાંભળી બીરબલે રાધાને બોલાવી પુછ્યું કે, 'જસોદા જે કહે છે તે શું ખરી વાત છે ?' રાધાએ કહ્યું કે, 'જસોદાએ જે કાંઇ કહ્યું છે તે બધુ ખોટું છે. અને મારી ઉપર તરકટ કરે છે, ખેમચંદ મારો ધણી છે પણ જસોદાનો નથી. આ બંનેની તકરાર સાંભળી લઇ બીરબલે પટાવાળાને આજ્ઞા કરી કે, ખેમચંદને બોલાવી લાવ એટલે તેને બધું પુછી જોઇએ. બીરબલનો આવો હુકમ સાંભળી આ બંને જણીઓ બીરબલને કહેવા લાગી કે, ' સાહેબ ખેમચંદને પુછશો નહીં. કારણ કે તેનો જેની ઉપર વધારે પ્રેમ હશે તેનું તે નામ લેશે. તેથી અમો બેમાંથી એક નીરપરાધી અબળા મારી જાશું.

આ વાત બીરબલને ઠીક લાગી. તેથી ખેમચંદને ન બોલાવતા રાધાને પુછ્યું કે, ' ખેમચંદના શરીરમાં શી શી નીશાનીઓ છે તે તમે જાણતા હોતો કહો.' રાધાએ કહ્યું કે, 'તે માટે હું કશુએ જાણતી નથી.' પછી બીરબલે જસોદાને પુછ્યું કે, ' તમે જાણતા હોયતો કહો.' જસોદાએ કહ્યું કે, ' તેના શરીરમાં અમુક અમુક બે નીશાનીઓ છે. એના મંદવાડ વખતે એની ચાકરી પણ મેં કીધી હતી, એની દવાના પૈસા પણ મેં ડાક્ટરને આપ્યા છે, અને તેના દુઃખ ઉપર ડાક્ટરની સલાહથી ગંધક ખવરાવ્યો તેના દામ પણ મેં મહેનત મજુરી કરી દીધા છે.' બીરબલે જસોદાને પુછ્યું કે, 'ગંધક ખવરાવે કેટલું થયું ?' જસોદાએ કહ્યું કે, 'અહીંયા આવ્યા પછીજ ગંધક ખવરાવવો બંધ કીધો છે.' પછી બીરબલે કોઈ ન જાણે તેવી રીતે ખીમચંદને બોલાવી તેના શરીર પરની નીશાનીઓ તપાસી જોઇ તો જસોદાના કહેવા મુજબ મળી. તોપણ બીરબલે વિચાર કીધો કે એટલાજ ઉપરથી કોઇનો ધણી ઠરાવી દીધો એતો ઠીક કહેવાય નહીં. કારણ કે કોઇ બાયડી ચંચલ હોય તો તે નીશાની યાદ રાખી શકે. માટે એટલા ઉપરથી ઇન્સાફ કરવો વાજબી કહેવાય નહીં. તેથી તેનો વધારે તપાસ કરવો જોઇએ.' આવો વિચાર કરીને બીરબલે ખીમચંદને હુકમ કીધો કે, 'દરબારથી એક હજાર હાથ છેટે જઇને તમારામાં જેટલી શક્તી હોય તેવી દોટ મુકતા દરબારની પાસે આવીને ઉભા

રહેજો.' એમ કહીને ખીમચંદને દોટ કાઢવા મોકલ્યો. અને પટાવાળાને શીખવી રાખ્યું કે, 'ખીમચંદ જ્યારે દોડતો આવે ત્યારે હું તમને કહું કે ખીમચંદનું માથુ તરવારથી કાપી નાખો એટલે તમે તમારી તરવાર ઉઘાડી તેના માથા પર ધરી રાખજો.

આ બંને સ્ત્રીઓનો ઇન્સાફ બીરબલ કેવી રીતે કરે છે તેની રાહ જોતી તમામ દરબાર બેઠી હતી. જેવો ખીમચંદ દોડતો આવતો હતો, તેવી જોવાને ઉભી થઇ, જેવો ખીમચંદ દરબાર નજદીક આવ્યો એટલે બીરબલે સીપાઇને કહ્યું કે, ખીમચંદનું માથું કાપી નાખો. એટલે આ બંને સ્ત્રીઓનો કજીઓ મટી જશે.' તે સાંભળતાંજ સીપાઇએ તરવાર ઉઘાડીને જેવો ખીમચંદને મારવા જતો હતો, એટલામાં જસોદાએ ઝડપથી જઇને સીપાઇનો હાથ પકડી, બીરબલને કહેવા લાગી કે, 'મને આપનો ઇન્સાફ જોઇતો નથી. આપ ખુશીની સાથે ખીમચંદને રાધાને સોંપી દો. પણ તેને મારશો નહીં.' પછી બીરબલે ખીમચંદને દોડતાં જે પરસેવો વળ્યો હતો તે પરસેવો પ્યાલીમાં સીપાઇ પાસે ઉતરાવી લીધો, ને સુંધી જોયો તો તેમાંથી ગંધકની વાસ આવવા લાગી. આ દાખલાઓ ઉપરથી બીરબલની ખાત્રી થઇ કે જસોદા ખરી છે અને રાધા જુઠી છે તેથી જસોદાનેજ ખીમચંદની ખરી બાયડી ઠરાવી અને રાધાને ધમકી આપી કાઢી મુકી. બીરબલનો આ ઇન્સાફ જોઇ તમામ દરબાર આશ્ચર્ય પામી ગઈ.

-O-

# વારતા ચોત્રીસમી

-0:0-

## સવાલ-જવાબ

-0:0-

એક દીવસે ગુલઝારે ગુલસન નામના રમણીક બાગમાં શાહે મોહોટા દબદબાથી સભા ભરી અનેક વીષયો પર ચરચા ચલાવી આનંદ લેતા હતા. શાહે ખુશ ચ્હેરાથી બીરબલને નીચે મુજબના સવાલો પુછવાને શરૂ કર્યા.

શાહ--અહો પ્રવીણ બીરબલ ! ઈશ્વર શું ખાય છે ?

બીરબલ--જહાંપનાહ ! અહંકારને ?

શાહ--અહો દાનેશમંદ બીરબલ ! ઈશ્વર શું કરે છે ?

બીરબલ--સરકાર ! રંકને રાજા, ને રાજાને રંક બનાવે છે ?

શાહ--અહો ગુણગ્રાહી ! બીરબલ ! ઈશ્વર ક્યારે હસે છે ?

બીરબલ--ખલકે ખાવીંદ ! જીવાત્માની વારંવાર બેવચપણાની કુટેવથી હસે છે ?

શાહ--તે ક્યાં રહે છે ?

બીરબલ--તે સર્વત્ર રહે છે !

શાહ--બુરામાં બુરી કઈ વસ્તુ છે !

બીરબલ--એકાંન્ત.

શાહ--કઇ સ્ત્રી કોઇની થઈ નથી અને થશે પણ નહીં ?

બીરબલ--પૃથ્વી.

શાહ--કઇ સ્ત્રી પાણીના રેલાની પેઠે વહી જાય છે ?

બીરબલ--લક્ષ્મી.

શાહ--ક્ષમા રાખવામાં કોણ સરસ ?

બીરબલ--ધરણી.

શાહ--કયાં ત્રણ ભવીષ કોઇ જાણી ન શકે ?

બીરબલ--વરસાદ, મોત અને મોધારત. એ ત્રણેનું ભવીશ કોઇ ભાખી શકે નહીં.

શાહ--આખર અવસ્થાએ સાચું કુટુમ્બ કયું ?

બીરબલ--ક્ષમા રૂપી માતા, સત્ય રૂપી પીતા, જ્ઞાન અને ધર્મ રૂપી ભાઇઓ, દયા રૂપી દાસી, શાંતી રૂપી નારી, અને સત કર્મો રૂપી પુત્રો. એ આખર અવસ્થાએ સાચું કુટુમ્બ છે.

બીરબલના આ ચમત્કારીક અને તાત્કાલીક જવાબો સાંભળી શાહ અને સભા ચક થઇ જઇ બીરબલને ધન્યવાદ આપી પુષ્પથી વધાવી લીધો.

-0-

# વારતા પાત્રીસમી

-0:0-

## હસાવતો ઈનામ લે

-0:0-

એક સમયે બાદશાહે બીરબલને કહ્યું કે, 'બીરબલ ! જો તું મને હસાવીશ તો હું તને મહોટું ઇનામ આપીશ.' આ સાંભળી બીરબલે અનેક યુક્તીઓ લડાવી, અનેક પ્રકારની હાસ્યજનક વીનોદી વારતાઓ કહી સંભળાવી છતાં શાહ હસ્યો નહીં. છેવટે બીરબલે બાદશાહના કાનમાં કહ્યું કે, 'સરકાર ! જો આપ હવે નહીં હસશો તો હું મોટેથી બુમો મારી ધમશાણ મચાવી મુકીશ.' છતાં શાહ જરા પણ ન હસતાં મૌન ધારણ કરી બેઠો. તે જોઇ બીરબલ ખુબ ચેષ્ટા કરવા લાગ્યો. આ ચેષ્ટાના ચેન ચાલા જોતાજ શાહ ખડખડ હસી પડ્યો. તે જોઇ બીરબલે કહ્યું કે, 'નામદાર ! હવે આપની સરત મુજબ ઈનામ આપો." શાહે ઈનામ આપી બીરબલની તર્ક શક્તી જોઇ ખુશી થયો અને પુનઃ જ્ઞાન ગોષ્ટી આગળ ચલાવી.

-0-

# વારતા છત્રીસમી

-0:0-

## જેવી વાત તેવી રીત

-0:0-

નર સરવર વર છે નરો, બુદ્ધિ નરયુત હોય,
નહીં તો નર સરવર કને, કદી ન આવે કોય.

એક દીવસે શાહની માતા મરણ પામી, અને તેજ વખતે હુરમે એક કુંવરને જન્મ આપ્યો. આ બંને ખબર શહેરમાં પસરી જવાથી શહેરીઓ મહા ગુચવણમાં પડી ગયા. રાજ માતાનો શોક પ્રદરશીત કરવો કે કુંવરના જન્મનો હર્ષ પ્રદરશીત કરવો. શોક અને હર્ષને કેમ બને ! એ બેનો સાથે શી રીતે મુકાબલો થાય ? આનો નીર્ણય પ્રજાજનોએ નહી કરી શકવાથી વીચારમાં પડી ગયા. અંતે તેઓ એકમત થઇ બીરબલની પાસે જઇ સર્વ વાત વીદીત કીધી. ગુંચવણમાં ગુંચવયલા પ્રજાજનોની આવી સ્થીતી જોઇ બીરબલે કહ્યું કે, 'ભાઈઓ ! તમે બધાઓ સાથે મળી દરબારમાં જાઓ અને જે વખતે શાહની નજર તમારી ઉપર પડે કે તરત તમે બધાઓ ઉઘાડાં માથાં કરી ઉભા રહેજો. જો આ બનાવ જોઈ શાહ હસે તો તમે પણ હસજો. અને ન હસતાં રડે તો તમે પણ રડજો.' આ પ્રમાણે બીરબલની યુક્તી સાંભળી લઇ તેઓ દરબારમાં ગયા. આ બધા પ્રજાજનોનો વીચીત્ર દેખાવ જોઈ શાહને હસવું આવ્યું. તે જોતાંજ પ્રજાજનો હસી પડી આનંદ દર્શાવ્યો. આ યુક્તી સંબંધી ખબર મેળવતાં જણાયું કે આ ખુબી બીરબલની છે. તેથી શાહ ઘણો ખુશી થયો.

-0-

# વારતા છત્રીસમી

-0:0-

## મરતાને બચાવે તે બહાદુર

-0:0-

## ચતુર તણી ચતુરાઈ તે છુપી રહે ન છેક.

એક સમે બાદશાહે લુહારને બોલાવી કહ્યું કે, 'મારે માટે એક મજબુત બખ્તર બનાવી લાવ.' લુહારે પોતાની શક્તી મુજબ ઉંચામાં ઉંચુ બખ્તર બનાવી શાહની પાસે લાવ્યો. શાહે તેની પરીક્ષા કરવા સારૂ જમીન પર મુકી ગોળી મારી તેથી બખ્તર ભાંગી ભુકા થઇ ગયું. તે જોઈ શાહ રીસે ભરાઇ કહ્યું કે, 'જો આ પ્રમાણે ફરીને બનાવી લાવીશતો તારૂં ગરદન કાપી નાખવામાં આવશે.' રાજાનો આ કરપીણ હુકમ સાંભળતાજ લુહાર કંપવા લાગો. મહેનત ફોકટ ગઈ તેની ચીંતા ન કરતાં હવે શી રીતે કરવું ? મરતાને કોણ બચાવે ? આમ વીચાર કરતો કરતો બીરબલ પાસે જઇ રડી પડી કહ્યું કે, દુખીયાના દુખમાં ભાગ લેનાર કદરદાન બીરબલ ! મને કોઇ કૃપા કરી એવી એક યુક્તી બતાવો કે જેથી મારી મહેનત સફળ થાય અને મોતથી બચું !' લુહારની દયાજનક કહાણી સાંભળીને બીરબલે કહ્યું કે, બીજુ બખ્તર બનાવી તારા, શરીર પર ધારણ કરી દરબારમાં આવજે, જ્યારે પરીક્ષા કરવા કહે ત્યારે તારે કહેવું કે જમીન પર રાખી બખતરની પરીક્ષા લેવાતી નથી. પણ શરીરે પેહેરી પરીક્ષા લેવાય છેમ, જેથી જણાશે કે શરીરનું કેટલું સંરક્ષણ કરે છે ? માટે હું પહેરીને ઉભો છું. જોઇએ તેટલી ગોળીઓનો પ્રહાર કરી પરીક્ષા લો. આમ કહીશ તો તારૂ કામ સફળ થશે.' બીરબલના કહેવા મુજબ કરી લુહાર દરબારમાં જઇ શાહને સમજાવ્યો. લુહારનું કહેવું ખરૂં છે ? પણ આ યુક્તી એની નથી ? એમ ધારી શાહે લુહારને પુછતાં જણાયું કે, આ યુક્તી બીરબલની બતાવેલી છે, તેમ જાણી શાહ ખુશી થયો. અને લુહારને ઇનામ આપી વીદાય કીધો.

-0-

# વારતા આડત્રીસમી

-0:0-

## હાનિકારક હાંશી

-0:0-

એક વખતે શાહ અને બીરબલ ફરવા નીકળ્યા હતા. એટલામાં એક કુતરો ઘણાક દિવસની કાળી પડી ગયેલી રોટલીનો ટુકડો ખાતો જોવામાં આવ્યો. તે જોઈ શાહે બીરબલને કહ્યું કે, જુઓ પેલો કુતરો કાળીને ખાય છે.' આ સાંભળી બીરબલ મન સાથે કહેવા લાગ્યો કે મારા માથાના ઘા સમાન શાહે હાંસી દ્વારા સુચવ્યું કે તારી મા કાળીને કુતરૂં ખાય છે. પણ હું ખરો કે એની એવી ટેવજ મુકાવી દઊં.' આવો વિચાર કરી શાહને કહ્યું કે, 'હજુર ! છેતો કાળી પણ એના મનથી તો તે ન્યામત માની લીધેલ છે.' બીરબલનો આ ઉત્તર સાંભળતાં શાહના ગુસ્સાનો પાર રહ્યો નહીં. અને આવેશમાં આવીને બીરબલને કહ્યું કે, 'કેમ, મારી માની મશ્કરી કરે છે ? શું મારી માને કુતરાં ખાય છે ?' બાદશાહને રીસે ભરાવાનું કારણ એ હતું કે તેમની માનું નામ ન્યામત બુ હતું. બીરબલે કહ્યું કે, શીરતાજ ? રંક કીંવા રાય એ સર્વને માનો પ્યાર સરખોજ હોય છે, જેમ આપને એ નામ લેતા રીસ ચઢીતો, તો પછી મને કેમ ન ચઢે ? માટે રીસ ચઢાવવી એ ઠીક કહેવાય નહીં. શાહે પોતાની ભુલ થયેલી જાણી વાત ફેરવીને બીરબલને કહ્યું કે, 'હુંતો કાળી રોટલીના ટુકડાને કુતરૂં ખાય છે તે જોઇ સ્હેજ કહ્યું હતું.' જેમ તમે શુદ્ધ મનથી કહ્યું છે, તેમ મેં પણ શુદ્ધ મનથી કહ્યું છે, કેમકે કુતરાના મનમાં તે કાળી રોટલી ખરાબ થઇ ગયેલી નથી, પણ ન્યામત સારી છે, એમ સમજી ખાય છે.' આ પ્રમાણે બોલવાથી શાહ ખુશી થયો, અને ફરીથી કોઇની આવી હાંસી ન કરવી તેને માટે પ્રતિજ્ઞા લીધી.

**સાર**--કોઇ પણ વખતે કોઇ પણ જગાએ કોઇપણ માણસની મશ્કરી કરવી નહીં. એમાંજ લાભ છે.

-0-

# વારતા ઓગણચાલીસમી

-0:0-

## બે ઘડીની મોજ

-0:0-

એક વખત શાહે મનને આનંદ આપવા માટે સભાની સમક્ષ બીરબલને પુછ્યું કે, 'આ વખતે અત્રે બેઠેલા અમીર ઉમરાવો પોતાના મનમાં શું વિચાર કરતા હશે!' બીરબલે કહ્યું કે, 'હજુર! હમણાં સઘળા ઉમરાવોના મનમાં એવો વીચાર ઘોળાઇ રહ્યો છે કે, આપના દુશ્મનનો નાશ થઇ, સદા રાજસુખ ભોગવી અચળ કીરતી સંપાદન કરો.' શાહના જવાબમાં સર્વ દરબારીઓએ બીરબલના વચનોને ટેકો આપી ખુશ થયા. આ જોઇ શાહે બીરબલને પુછ્યું કે, 'એતો બધુંએ ઠીક? પણ મારા મનમાં કેવો વિચાર થઈ રહ્યો છે તે તો જરા જણાવો!' બીરબલે કહ્યું કે, 'આપણા પુર્વજો સદ્‌ગતીને પામે. પણ તમે તો પુર્વજોને નરકે નાખવા ચાહો છો, અને અપકીરતી થવાથી ખુશી છો? એવો આપનો વીચાર છે કે નહીં, તે જણાવો?' આવી બીરબલની અજાયબ પમાડે એવી યુક્તી જાણી શાહ આનંદમયી બની બીરબલના વાક્યો કબુલ કર્યા.

-0-

# વારતા ચાલીસમી

-O:O-

## એક અકલવાન હજારને હરાવે

-O:O-

બીરબલ ઘણો ચાલાક, બુદ્ધીના ખજાના રૂપ, બોલવામાં પ્રવીણ ! રાજરંગનો ખરો ખેલાડી, છતાં એક ઉંચ કુળનો હીંદુ, કુળ મુસલમાન કોમમાં એકજ હોવાથી મારી જાતવાળાઓ ઘડીએ ઘડીએ અનેક પ્રપંચો કરી તેને રાજકાજમાંથી હાંકી કાઢવા માટે પ્રયાસ ચલાવી રહ્યા છે. માટે બહુ તાંતણે બળીયું, તે પેઠે કોઇક સમે તેનું પરીણામ બુરૂ આવશે. પણ જો એ મુસલમાની ધર્મ કબુલ કરેતો બધી ખટપટનો છેડો આવી જાય. આવો વીચાર શાહ હમેશા કરતો, અને તે સંબંધી શાહ બીરબલને નીત કહેતો. પણ બીરબલ અનેક બહાના કાઢી શાહના છટકામાંથી છટકી જતો હતો. વખત જોઇને શાહે બીરબલને કહ્યું કે, 'કાલે મારે ત્યાં જમવા આવજો.' બીરબલ કંઈક અગત્યના કામનો ફડચો આણવામાં તલીન બનેલો હોવાથી બેભાનમાં રહી કહ્યું કે, 'હા, આવીશ.' આમ કહેતાજ શાહના આનંદનો પાર રહ્યો નહીં. બીજા દીવસના પ્રભાતમાં સઘળા દરબારીઓને એકઠા કરી મુસલમાની ધર્મના કાયદા મુજબ મીજબાની ઠરાવી વીવીધ પ્રકારના પકવાનો બનાવી ધામધુમ મચાવી આનંદ રંગમાં ગુલતાન બની ગયા હતા.

જ્યારે બીરબલને આ માટે ભાન આવ્યું ત્યારે તે માટે મહા વિચારમાં પડી ગયો, અને મન સાથે ગડમથલ કરવા લાગ્યો કે, જમવાને જવાય કેમ ! હા પાડી હવે ના કહું તો શાહનું અપમાન કરેલું ગણાય. રાજા, વાજા અને વાંદરા ખીજેતો બુરા. ધર્મ વટલાવવા કરતાં મરવું વધારે સારૂં છે, હે પ્રભુ ! આપે હજી સુધી તો ઉની આંચ આવવા દીધી નથી, તો પછી છેવટે કાળો ડાઘ લગાડવાનો વખત બતાવશો ! જેમ પાણીમાં કમળ કોરૂં રહે તેમ હું યવન મંડળમાં કોરો રહી સ્વધર્મનું રક્ષણ કર્યું છે. માટે અહો, દીનાનાથ ? આ આવેલી આફતમાંથી બચાવી ઉપાધીમાંથી મુક્ત કરશો.'

આમ વીચાર કરતાં કરતાં સહવાર પડવા આવી એટલામાં તેને એક યુક્તી સુઝી આવતા તરત તે બીછાનામાંથી ઉભો થઈ નિત્ય નીયમ કરી પરવારી બહાર જવાની તૈયારી કરે છે, એટલામાં બાદશાહને ત્યાંથી જમવાનું તેડું આવ્યું. તેને બીરબલે કહ્યું કે, 'શાહને જઇને કહો કે હમણાજ આવે છે.' અનુચરને રવાના કરી પોતે સોની પાસે જઇ દાગીના સાફ કરવાની પીછી લઇ દરબાર ગઢમાં દાખલ થઇ શાહને કહ્યું કે, 'આપ નામદારની ખાતર મારા મનમાં જુદાઇ નથી તેથી આપની મરજી મુજબ વરતવા અહીંયા આવ્યો છું. હવે એક મારી અરજ છે હીંદુ રીવાજ મુજબ કેળના પાંદડાંના પાતર ઉપર પાણીનો છંટકાવ થવો જોઇએ. માટે

આપનો હુકમ થવો જોઇએ તો તે પાતરો તથા ખાનપાનની ચીજોની આસપાસની જગા પવીત્ર કરવા નિયમ પ્રમાણે પાણી છાંટ્યું.' શાહે બીરબલની માંગણી કબુલ રાખવાથી બીરબલે તરત જળપાત્ર હાથમાં લઇ, ખીસામાંથી સુવરના વાળની પીંછી આખું મંડળ જુએ તેમ કાઢી તે પીછી વડે પીરસેલા ભોજનની આસપાસ પાણી છાંટવા માંડ્યું. આ કામ પોતાના ધર્મ વિરૂદ્ધ થયેલું જોઇ જમવાને આવેલા તમામ મુસલમાનો ખીજવાઇ જઇને બીરબલને આડીઅવળી વાતો સંભળાવી તીરસ્કારથી બહાર હાંકી કાઢી રાંધેલા ભોજન નાંખી દેવરાવવા મકાન પવીત્ર કરાવવા અને ફરીથી નવા પકવાનો રંધાવવાની દોડધામમાં મચી પડ્યા. પ્રથમથીજ વચનથી બંધાઇ ગયા હતા તેથી નીરૂપાય બની શાહ ગુપ ચુપ જોયા કરતો હતો, પછી તેનો ઉપાય શો ? આ બનાવ બન્યા પછી શાહે ફરીને કોઇ પણ દીવસે બીરબલને જમવાની ફરજ નહીં પાડવાનો ઠરાવ કરી બીરબલની અથાગ શક્તિના વખાણ કરવા લાગ્યો.

-0-

# વારતા એકતાલીશમી

-O:O-

## મ્હોટામાં મ્હોટું કોણ ?

-O:O-

### બાળક છે, સુખમાં સદા, નિર્ભય નિપટ નિશંક.

એક દીવસ શાહે અભીમાનથી બીરબલને પુછ્યું કે. ' અહો બીરબલ ! આ જગતમાં મ્હોટામાં મ્હોટું કોણ છે ?' બીરબલ શાહના બોલવાનો સાર સમજી ગયો કે, 'હું મ્હોટો છું.' એમ મારી પાસે બોલાવવા માંગે છે, પરંતુ તેના અભીમાનને ઉતારવામાં પરીણામે લાભ છે એવો મનમાં વીચાર કરીને બીરબલે શાહને કહ્યું કે, ' ખાવીંદ ! રાજા, શ્રીમંતો, શુરવીરો અને પ્રચંડ યોદ્ધાઓ કરતાં પણ બાળક મ્હોટું છે, કેમકે તે કોઇથી ડરવાનુંજ નહીં, તેમ દેશપતીની દરકાર પણ કરવાનું નહીં.' આ સાંભળી શાહ ખડખડ હસી પડીને કહ્યું કે, ' બાળક શી રીતે મ્હોટું ગણાય ? તેની ખાત્રી કરી આપો.' બીરબલે કહ્યું કે, 'એમ મોઢેથી કહેવાથી ખાત્રી થઈ શકે એમ નથી, પણ તેનો અનુભવ લેવાથી ખાત્રી થાય છે. બીરબલના આ શબ્દો સાંભળતાજ શાહના હોંસકોસ ઊડી ગયા, અને વીચારમાં પડી આડી અવળી વાતો કરી પોતાના કામમાં રોકાયો.

શાહનું અભીમાન ઉતારવા માટે બીરબલે એક વરસના ચાલાક અને ચંચલ બાળકને ચાકરની પાસે તેડાવી સાથે લીધો, અને શાહ પાસે આવી સલામ ભરી આગળ બેઠો. પોતાની પાસે બેસાડેલા આ સુંદર સ્વરૂપવાળા બાળકને જોઇ શાહ ઘણો ખુશી થયો, અને તે છોકરાને હાથમાં લઇ ચુંબન લેવા લાગ્યો. કોઇ દીવસે નહીં જોયેલ તેવી લાંબી ડાઢી જોઇ તે બાળક, તે લાંબા વાળવાળી દાઢી પકડી પોતાની મરજીમાં આવે તેમ ખેંચી રમત કરવા લાગ્યો, આથી શાહ બહુ કંટાળી જઇ તે બાળકને પોતાના હાથમાંથી તે ચાકરના હાથમાં આપી કહ્યું કે, આ બાળક કેટલું બધું તોફાન કરે છે ! ' બીરબલે કહ્યું કે, એ સર્વથી મ્હોટું છે, જુઓ, આપની પણ એને જરાક પણ બીક છે ! મરજીમાં આવે તેવી તે ચેષ્ટા કરે છે. આપતો ખલકના ખાવીંદ છો, સત્તાધારી છો, ગમે તેવા બળવાનને તમે શીક્ષા કરવાને સમર્થ છો. જો આ બાળકની પેઠે મોટા માણસે આપની દાઢીના બાલ ખેંચ્યા હોત તો તમે તેને શીક્ષા કર્યા વગર રહેત ? પણ આતો બાળ રાજાએ ખેંચ્યા છે. તેથી તમે તે બાળ

રાજાને શીક્ષા કરવાને સમર્થ નથી, તેથી તે બધાથી મ્હોટું છે.' આ પ્રત્યક્ષ દાખલો જોઇ શાહને ખાત્રી થઇ. અને બીરબલની આવી ચતુરાઇ જોઈ, શાહે તે બાળ રાજાને અને બીરબલને ઉત્તમ આભુષણો આપી તે બંનેને મોટા માનની સાથે દરબારમાંથી વીદાય કર્યા.

**સાર**--જો પોતામાં બુદ્ધિબળ હોય તોજ મ્હોટાઓની સાથે વિવાદમાં ઉતરવું.

-0-

# વારતા બેતાલીસમી

-0:0-

## અમારા બેમાંથી કોણ મ્હોટું ?

-0:0-

### સુમાર્ગમાં પ્રેરે સદા, સજ્જન આપી શીખ.

એક સમે દરબારમાં કોઇ પણ દરબારીઓ આવ્યા પહેલાં શાહ આવી બેઠો હતો. જેમ જેમ અમલદારો આવતા ગયા તેમ તેમ શાહ તેઓને પુછતો ગયો કે, હું મોટો કે ઈંદ્ર ? શાહનો આ જવાબનો કોઇ પણ અમલદર ઉત્તર આપી શક્યો નહીં. કારણ કે જો ઈંદ્રને મોટો કહે તોય શાહ રીસે ભરાય. અને શાહને મોટો કહે તો શી રીતે ઇંદ્રથી મહોટો છું એમ પુછે તો શું કહેવું ! તેના કરતાં કાંઇ પણ ઉત્તર ન આપવામાં સાર છે એવું સમજીને તેઓ બીરબલની રાહ જોતા બેઠા. એટલામાં બીરબલ દાખલ થયો. તે જોઇ શાહે તેજ પ્રમાણે તેને પુછ્યું. બીરબલે કહ્યું કે, ' આપ ઇંદ્ર કરતાં મહોટા છો ?' શાહે પુછ્યું કે, 'શી રીતે ?' બીરબલે કહ્યું કે, અમારા ધર્મશાસ્ત્રના લેખ પ્રમાણે જગત બ્રહ્મદેવે ઉત્પન્ન કરયું છે; તે બ્રહ્માએ આપ અને ઇંદ્રને ત્રાજવામાં બેસાડી તોલી જોય તો, આપ ઇંદ્ર કરતાં વધારે વજનમાં જણાયા તેથી ઇંદ્રનું તાજવું ઉંચું ગયું, અને આપનું નીચું ગયું તેથી તમને મૃત્યુ લોકનું, અને ઇંદ્રને સ્વર્ગનું રાજ આપ્યું માટે આપ ઇંદ્ર કરતાં મોટા છો.' આ સાંભળી શાહ ચુપ થઇ ગયો, કારણ કે બીરબલનો ઉત્તર દેખીતો તો પ્રશંસા કરવા લાયક હતો પણ ઊંડાણથી વિચાર કરતાં તે હલકાઇ અને નીચાપણું દર્શાવનારો શબ્દ હતો. બીરબલે ખુલ્લે ખુલ્લું કહ્યું છે કે, ' આપ કરતાં ઇંદ્રને સ્વર્ગનું રાજ મળ્યું છે અને આપને તો આ દુઃખમય મૃત્યુલોકનું રાજ મળ્યું છે.' બીરબલના આવા ધાર્મિક શબ્દો સાંભળી શાહે પોતાના ગર્વને તજી દઇને બીરબલની બુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યો. કારણ કે શાહ સદા સત્યને ચાહનારો, સાચી વાતને માનનારો, અને પોતાની ભુલને સુધારનારો હતો.

**સાર**--કોઇનું પણ અપમાન કરવું નહીં.

-0-

# વારતા ત્રેતાલીસમી

-0:0-

## વિસામો કોને નથી ?

-0:0-

એક સમે શાહે બીરબલને પુછ્યું કે, 'જેને કોઈ કાળે પણ વીસામો લેવાનો વખત આવતોજ નથી એવી કોઈ વસ્તુ છે ?' બીરબલે કહ્યું કે, 'હજુર ! સાહુકારનું વ્યાજ ! કે જેને ઘડીકની પણ ફુરસદ ન મળતાં રાત ને દિવસ આગળ વધ્યાજ કરે છે.' આ સાંભળી શાહ ઘણો ખુશી થયો,

સાર--માથે આવેલા દુ:ખને તાબે થવું, પણ મારવાડીનું ચાલુ વ્યાજ ભરવાને મારવાડીને ત્યાંથી વ્યાજે નાણાં લેવાં નહીં.

-0-

# વારતા ચુમાલીસમી

-0:0-

## સ્વર્ગ અને નરક કોણ પ્રાપ્ત કરે છે ?

-0:0-

સમય વિચારી સુજ્ઞ નર બોલે બોલ અમોલ.

એક દિવસે શાહે બીરબલને પુછ્યું કે. 'સ્વરગ અને નરકને કયા લોકો પ્રાપ્ત કરે છે? તેની ખાત્રી કરી આપો !' બીરબલે તુરતાતુરત કહ્યું કે, 'જે માણસના મુવા પછી તેને લોકો વાહ ! વાહ કહે તો તે સ્વરગમાં ગયો અને જો મુવા પાછળ નીંદા કરી ખરાબ હતો એમ કહી વગોવે તો તે નરકે ગયો એમ સમજવું.' બીરબલની આ વાત કબુલ રાખી શાહ ખુશી થયો.

સાર-અચળ કીરતી એજ સ્વરગ છે. અને અપકીરતી એજ નરક છે. માટે દરેક માણસે કીરતી સંપાદન કરવી.

-0-

# વારતા પીસતાલીસમી.

## દીવા નીચે અંધારૂં.

એક દિવસે શાહ અને બીરબલ કીલ્લાના બુરજ પર બેસી હવા ખાતા હતા. તે વખતે બુરજની નીચે એક શાહુકારને સાત ચોરો લુંટી લેતા હતા, એટલામાં તેઓની ઉપર શાહની નજર પડી, શાહ અને શાહુકારની એક નજર થતાં શાહુકારે કહ્યું કે, 'આપની નજર સમક્ષ મને ચોર લુંટી મોજની સાથે ચાલ્યા જાય છે, છતાં આપ કંઈ કરી શકતા નથી ?' શેઠનું આવું બોલવું સાંભળી શાહે આંખ ચઢાવીને બીરબલને કહ્યું કે, 'આવોજ મારા રાજમાં બંદોબસ્ત રાખ્યો છે કે ? આને માટે હું જ્યારે તને પુછું છું ત્યારે તું કહે છે કે દરેક સ્થળે શાંતી અને આબાદી છે. પરંતુ એ તદન વાતો ખોટી હતી એમ મારી હવણા ખાત્રી થઈ છે, કે મારી નજર સમક્ષ ચોરોએ એક શાહુકારને લુંટી લીધો છે એ શું તારો બંદોબસ્ત ?' બીરબલે કહ્યું કે, સરકાર ! એતો દીવાના નીચે અંધારૂંજ હોય છે, એમ આખું જગત જાણે છે. ત્યારે આપ કીલ્લા ઉપર પ્રતાપી કુળદીપક શહેનશાહ પ્રકાશી રહ્યા છો માટે કીલ્લા નીચે અંધેર હોય તેમાં નવાઈ શી ? માટે આપ વિચારો કે આસપાસ જરા પણ અંધારૂં છે ?' આવી અપુર્વ યુક્તીનું વાક્ય સાંભળી શાહ ઘણો ખુશી થયો.

# વારતા છેતાલીસમી.

## આ બંને ઉદાશ કેમ ?

એક દીવસે શાહે બીરબલને પૂછ્યું કે,'બ્રાહ્મણ તરસ્યો કેમ રહ્યો? અને ગધેડો ઉદાસ કેમ થયો?' શાહનું આવું ચમત્કારીક વાક્ય સાંભળી બાહોશ બીરબલે એકજ શબ્દમાં બંનેનો ઉત્તર આપતાં કહ્યું કે 'સરકાર ! બ્રાહ્મણ પાસે લોટો ન હોવાથી તે પાણી પીધા વગર રહ્યો. અને ગધેડાને લોટવાનું ન મળવાથી તે ઉદાસ થયો.' બીરબલનો આ તાત્કાલીક જવાબ સાંભળી શાહ ઘણો ખુશી થઈ, ખુશાલીના બદલામાં બીરબલને ઈનામ આપી રીઝવ્યો.

-o-

# વારતા સુડતાળીસમી.

## બુદ્ધિવાન તેજ બળવાન

એક વખતે શાહે દરબારીને પુછ્યું કે, 'ઉન્હાળો, શીયાળો અને ચોમાસું એ ત્રણે કાળમાં કયો કાળ સરસ છે. જો તમારા જાણવામાં કે અનુભવવામાં આવ્યો હોય તો કહો ? આનો ખરો ખુલાસો કરી આપનારને ઈનામ આપવામાં આવશે.' આનો વાસ્તવીક રીતે ખુલાસો ન કરતાં કોઈએ ઉન્હાળાને તો કોઈએ શીયાળાને વખાણ્યો, પણ તે શાહના મનમાં ન રૂચવાથી શાહે તેજ મુજબ બીરબલને પુછ્યું, ત્યારે બીરબલે કહ્યું કે, હજુર! હું તો સર્વમાંથી સરસ વર્ષાકાળને પ્રસન્ન કરૂં છું. જેના વડે ધાન્ય પાકી રાજા તથા રંકને સુખદાયક થઇ પડે છે, એના સીવાય બીજો સરસ કાળ છેજ નહિ" આ સાંભળી શાહ ઘણો ખુશી થઈને બીરબલને ઈનામ આપ્યું.

-0-

# વારતા ઊડતાળીસમી

-O:O-

## તમારો ગુરૂ કોણ ?

-O:O-

### ચોબેજીમેં ચાર બે, ચારોંહુકો ધર્મ, બેકોડી બેમામલે બેશહુર બેશરમ.

એક વખત શાહે બીરબલને પુછ્યું કે, 'આવી રીતે હાજર જવાબ દેતાં તમને કયા ગુરૂએ શીખવ્યું છે !' બીરબલે કહ્યું કે, નામદાર ! મથુરાના એક ચોબાજીએ શીખવેલ છે.' શાહે કહ્યું કે, 'તે તમારા ગુરૂની કોઇ સમે મારી સાથે ભેટ કરાવશો !' બીરબલે કહ્યું કે, 'ખુશીની સાથે કરાવીશ. સરકાર !'

થોડાક દીવસ ગયા પછી એ ચોબાનો સારો આદરસત્કાર કરી બીરબલ પોતાને ઘેર તેડી લાવી મેવા મીષ્ટાનથી સંતોષી બીજે દીવસે દરબારમાં જઇ શાહને કહ્યું કે, 'હજુર ! મારા ગુરૂજી આવ્યા છે.' શાહે કહ્યું કે, 'ઠીક છે ! સાંયકાળે એકાંત ભુવનમાં તેને લઇને આવજો.' સાંયકાળ થતાંજ ચોબાજીને લઇ બીરબલ એકાંત ભુવનમાં ગયો. ગુરૂ અને ચેલાને આવેલા જોઇ, શાહે તરત તેઓનો સત્કાર કરી બેસવાને આસન આપી, તેમની સાથે થોડીક આડી અવળી વાતો ચલાવ્યા પછી ઘડીકની રમુજને ખાતર શાહે પુછ્યું કે, 'ક્યું ચોબાજી ! આપ દરરોજ ક્યા ખાતે હો ? ચોબે કહ્યું કે, 'જી હજરત લડુવા ખાતા હું.' શાહે જરા તેનું પાણી જોવા માટે કહ્યું કે, 'જી લડુવા તો ભડવા ખાતા હેં ? આ મશ્કરીવાળું વાક્ય સાંભળી નીઃશંકપણે ચોબે જવાબ આપ્યો કે, 'હજુર ! સચ કહોતો ભડુવે હોતે હેં સોહી હમારે પાસ બેઠકે બાતે કરતે હેં !' આ પ્રમાણેનો સ્પષ્ટ જવાબ સાંભળી શાહ ચુપ થઇ ગયો.

**સાર**--કજીઆનું મુળ હાંસી અને રોગનું મુળ ખાંસી.

-O-

# વારતા ઓગણપચાસમી

-0:0-

## છેક હાથથી ગયો

-0:0-

વશીકરણ શુભ વચન છે. વડવીખ કડવાં વેણ;

રાજ્ય માન રતી મેળવે, અને શીર છેદાવે શેણ.

એક વખતે શાહે બીરબલને કહ્યું કે, ' જો તું મને આ રાજમહેલની નીસરણીના છેલ્લે પગથીએ ચઢતાં સુધી હસાવતો હું તને એક સુંદર ઘોડો ઇનામમમાં આપીશ.' એટલું કહી શાહ સીડીએ ચઢવા લાગ્યો. તે જોઇ બીરબલે શાહને હસાવવા અનેક યુક્તીઓ અજમાવી જોઇ, પણ શાહ હસ્યો નહી ત્યારે અંતે બોલ્યો કે, 'ગયોરે ગયો ગધેડીનો છેક હાથથી ગયો.' આ વાક્યો સાંભળતાં શાહે રીસે ભરાઇ ઉપર ન ચઢતાં નીચે ઉતરી બીરબલને ધમકાવીને કહ્યું કે, 'મને ગાળ શા માટે દીધી !' બીરબલે કહ્યું કે, 'ના રે સરકાર ! આપ જ્યારે છેલ્લે પગથીએ પહોચ્યા ત્યારે મેં જાણ્યું કે આપે ઘોડો આપવા કબુલ કીધો હતો, પણ હું મારી સરત પુરી કરી શક્યો નહીં માટે તે ઘોડા માટે ગયોરે ગયો ગધેડીનો છેક હાથથી ગયો. એમ કહ્યું, પણ આપને માટે કહ્યું નથી. આ પ્રમાણે સીડીએથી નીચે ઉતરાવવાની અને હસાવવાની યુક્તી ઉપજાવી કાઢવાની ચતુરાઇ જોઇ શાહને હસવું આવ્યું. તે જોઇ બીરબલે કહ્યું કે, 'સરકાર ! આપને હસાવ્યા માટે સરત મુજબ ઘોડાનું ઇનામ ઝટ આપી દો.' એ સાંભળી શાહે તરત ઘોડાનું ઇનામ આપી બીરબલને શાબાશી આપી તેની બુદ્ધીની તારીફ કરી.

**સાર**--પોતામાં જો નાખવાની અને વાપરવાની શક્તી હોય તોજ બીજાને કટુ વચન કહેવા.

-0-

# વારતા પચાસમી

-0:0-

## પેઠેલું લાકડું પાછું કઢાવ્યું

-0:0-

દેશ જ્ઞાતી કુળ ધર્મનું, ઉર રાખે અભીમાન,
તે નર વર નહીતો ખરે, ખર સમજો મતીમાન.

અસલના બાદશાહોના વખતથી ચોબા લોકો પર એવું લાકડું ઠોકવામાં આવ્યું હતું કે કોઈ પણ મુસલમાન મરી જાય તો તેમના મુડદાને દાટવા માટે ચોબા લોકોએ ખાડા ખોદવા. આ જુહાકી હુકમથી સઘળા ચોબા ત્રાય ત્રાય પામી ગયા હતા. આ પેઠેલું લાકડું ચોબાઓની મોજશોખમાં હરકત થઇ પડવાથી તે મસ્ત લોકો બહુ કંટાળી ગયા હતા. અને એ કામ હદની ઉપરાંત લાગવાથી તેનું કાસળ કાઢવા માટે બધાઓ એકમત થઇ એક દીવસે બધાઓ એકઠા થઈ બીરબલ પાશે જઇ, વીનવીને કહ્યું કે, 'બીરબલ સાહેબ ! આપ સરખા સ્વજાતીના પ્રધાન છતાં અમારે મુવેલા મુસલમાનોને દફનાવવા માટે ખાડા ખોદવા પડે છે એ જુલમ સહન થઇ શકતો નથી. માટે એ ગુજરતાં જુલમમાંથી બચાવવા એ આપનું કામ છે.' બીરબલે કહ્યું કે, 'મારા કહેવા મુજબ કરશો તો તમારા ઉપર ગુજરતાં જુલમનો અંત આવી જશે. જુઓ અગાડી ચોમાશું આવે છે માટે કબરસ્તાનવાળી જેટલી સારી જમીન બાકી હોય તેટલી જગામાં તમામ ન્હાના મોટા ખાડા ખોદીને મને ખબર આપો કે તરત મારે જે તજવીજ કરવી ઘટશે તે કરીશ.' બીરબલનું આવું બોલવું સાંભળીને સઘળા ચોબાઓ કબરસ્તાનની ખાલી પડેલી તમામ જગામાં ખાડા ખોદી તૈયાર કર્યા. અને તેની ખબર બીરબલને આપી. પોતાની યોજેલી યુક્તી પાર પાડવા માટે બીરબલ એક દીવસે શાહને તે કબરસ્તાન ભુમિ તરફ ફરવા લઇ ગયો. જ્યારે એટલા બધા ખોદેલા ખાડાઓ શાહના જોવામાં આવ્યા ત્યારે શાહે આશ્ચર્યતાથી બીરબલને પુછ્યું કે, ' શું જાણીને અને શા માટે, આટલા બધા ખાડા ખોદી રાખેલા છે ?' બીરબલે કહ્યું કે, 'સરકાર ! આ ખાડા ચોબા લોકોએ ખોદી રાખેલા છે, કારણ કે આગલ ચોમાશું આવવાને લીધે તેમણે વીચાર્યું કે ચોમાસામાં મુસલમાનો મરવાનાજ, તે સમે વધુ ત્રાસ ન પડે તેટલા માટે અગાઉથીજ ખોદી મુકીએ તો ઠીક. એમ જાણી તેઓએ આ કામ કીધું છે એમ મને ખબર મળી છે.' આ સાંભળી શાહે બીરબલને કહ્યું કે, 'મારા જાત ભાઇઓનું બુરૂ ચાહનારાઓને આજ પછી એ કામ કદી

પણ સોંપશોજ નહીં? અને આજ પછી ચોબાઓને મારા રાજમાં કોઇ પણ ઠેકાણે આ કામ માટે નજદીક આવવા દેવા નહીં. આ હુકમ સાંભળી બીરબલે કહ્યું કે, 'જેવો સરકારનો હુકમ.'

**સાર**--જાતી અભીમાન રાખનારાઓજ પોતાના જાત ભાઇઓના દુઃખો દુર કરી શકે છે.

-o-

# વારતા એકાવનમી.

-0:0-

## દેવા અને ભીમાનો ઝઘડો.

-0:0-

એક સમે શાહ કચેરી ભરીને સર્વનો ન્યાય ચુકવી રહ્યો છે. એટલામાં દેવા નામના એક રબારીએ આવી બુમ મારી કહ્યું કે, 'સરકાર ! તમારા અદલ રાજમાં ખરે બપોરે લુટાય એ શું ? હું મારે ગામથી મારી ગંગા નામની ગાય લઇને તમારા નગરમાં વહેંચવા આવતો હતો, એટલામાં આ મારી જાતવાળો ભીમો પણ મારી સાથે આવ્યો, ગામને સીમાડે આવતાજ મારી ગાય ભીમાએ લઈ લીધી. અને ઉપરથી ધમકાવીને કહ્યું કે, 'ચાલ હરામખોર, એ ગાય મારી છે.' હવે આ ગાય કોની છે ? તેનો ન્યાય તમને સોંપું છું.'

આનો ન્યાય કરવાનો બીરબલને હુકમ થતાંજ, બીરબલે દેવાને એક બાજુ ઉભો રાખી, ભીમાને પોતાની પાસે બોલાવીને પુછ્યું કે, 'આ ગાય કોની છે ?' ભીમાએ કહ્યું કે, 'એ ગા મારી છે, પણ બદદાનતવાળો, દેવો મને ગળે પડે છે ?' કોય ખરૂં કહેતું નથી તેથી બીરબલે આ બંનેને ચોકમાં ઉભા રાખીને, દેવાને કહ્યું કે, 'આ પુર્વની દીશાની શેરીમાં પચાસ હાથ લાંબો જઇ, ગંગા ગંગા કરીને પોકારજે. અને ભીમાને કહ્યું કે, 'તું પશ્ચીમ દીશાની ગલીંમાં પચાસ હાથ લાંબો જઇ ગંગા ગંગા કરી પોકારજે.' તે બંને જણ બીરબલના કહેવા મુજબ પચાસ હાથ લાંબા જઇને ગાયને પોકારવા લાગ્યા. જે દીશાએ દેવો ઉભો હતો, ત્યાં ગાય દોડી ગઇ ને લાડ કરવા લાગી. આ જોઇ બીરબલે તે બંનેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, ' તમે બંને જણ ગાયને માથે હાથ ફેરવો' પછી દેવાને કહ્યું કે, 'કાંઈ પણ બોલ્યા વગર તું દક્ષીણ દીશાની શેરીમાં જા, અને ભીમાને કહ્યું કે, 'તું પણ કાંઇ બોલ્યા વગર ઉત્તર દીશાને શેરીમાં જા. ત્યાં જઇ આ બંનેએ ગાયને માથે હાથ ફેરવી દક્ષીણ ઉત્તર તરફ ચાલતા થયા. આ જોઇ ગાય પણ દક્ષીણ દીશા તરફ જતા દેવાની પાછળ ચાલતી થઇ. આ જોઇ બીરબલે તરત ભીમાનો કાન પકડી કહ્યું કે, 'બોલ લુચ્ચા આ ગાય કોની છે ? જો જરા પણ જુઠું બોલીશ તો તને સખ્તમાં સખ્ત શીક્ષા કરવામાં આવશે ? ભીમાએ તરત પોતાનો અપરાધ કબુલ કરી દીધાથી ફરીથી તેમ નહીં કરવાની શીખામણ આપી, દેવાને ગાય સોંપી દઇ, બંનેને જવાની રૂખસદ આપી. બીરબલનો આ ન્યાય જોઇ રાજા સહીત કચેરી હેરત પામી ગઇ.

**સાર** - યુક્તીબાજ ચોરને પકડવાની કળા જાણતો હોય તેજ ખરો ન્યાય આપી શકે છે.

-0-

# વારતા બાવનમી.

-0:0-

## અમારા બેમાંથી ખાનદાન કોણ ?

-0:0-

'સારા જનને સર્વદા, ગમેજ સારો સંગ,
નરસાને નરસો ગમે, સંગ પ્રમાણે રંગ.'

એક દીવસે શાહે કચેરી સમેત બીરબલની સાથે તોલ ટપ્પા ઉડાવી કલોલ કરી રહેલા છે. એટલામાં ખીમજી અને સુંદરજી નામના બે ભાઇઓએ આવીને વીનંતી કરી કે અમે જાતે ક્ષત્રી છઇએ, અને લાહોરમાં રહીએ છઇએ. અમારી મા એક અને બાપ જુદાં છે. પહેલા બાપના વીર્યથી ખીમજી ઉત્પન્ન થયો એટલામાં તેનો તે બાપ મરણ પામ્યો. તેથી અમારી માએ, અમારા જાતી રીવાજ મુજબ બીજો ધણી કીધો. તેના બીજથી આ સુંદરજી ઉત્પન્ન થયો. પછી તે બાપ પણ મરી ગયો. આમ થવાથી અમારી મા અમને સાથે રાખી ઘરનો તમામ વહીવટ કરતાં કરતાં મરણ પામી. પોતાની હૈયાતીમાં તે એક વીલ કરી ગઇ છે કે, બેમાંથી કોઇએ સ્થાવર જંગમની વહેંચણી કરવી નહીં. પણ બેમાંથી જે ખાનદાનનું ફરજંદ હોય, તેણેજ વહીવટ ચલાવવો. હવે અમારા બેમાંથી કોણ ખાનદાનનું ફરજંદ છે, તેનો તમે નીર્ણય કરી આપો." બીરબલે કહ્યું કે, 'હું તમને રહેવાની જગા કરી આપું ત્યાં તમે બંને ભાઇઓ બે માસ સુધી રહેશો તો હું તમારો ફેસલો કરી આપીશ.' આ બંને ભાઇએ તેમ કરવાની હા પાડવાથી બીરબલ તરત તેને રહેવાને માટે ગોઠવણ કરી આપી. એટલે તે બંને ત્યાં જઇને રહ્યા. આ બંનેની ચાલ ચલણ અને રીતભાત ઉપર બહુ બારીકીથી બીરબલ નજર રાખી જોવા લાગ્યો. તો સુંદરજી સારા ગુણ ધરાવનારા ઉત્તમ ખવાસના અમીર ઉમરાવોની સાથે મીત્રાચારી બાંધી તેમની સાથે ફરવા લાગ્યો. અને અમીર ઉમરાવોની પેઠે ખાવા પીવા તથા ઓઢવા પહેરવા લાગો. ખીમજી તેથી ઉલટી રીતે વરતવા લાગો. ખીમજીની કઠોર વાણીથી લોકો તેને માન ન આપતાં સુંદરજીને વધારે ચહાતા હતા. સુંદરજી પોતાનો ફુરસદનો વખત વાંચવા લખવામાં કાઢતો હતો. ત્યારે ખીમજી ફુરસદનો વખત ભાંગ ગાંજો-દારૂ અને નીચ રાંડોમાં પડી રહી કાઢતો, એવી રીતે બધી તરેહની બારીક તપાસ કરી બીરબલે વીચાર કર્યો કે, 'આ બેમાંથી ખાનદાનનું ફરજંદ તો સુંદરજીજ છે. કારણ કે જેના બાપદાદાથી જેવી ચાલ ચાલી આવતી હોય, તેવાજ ગુણ તેના છોકરામાં

પણ આવવા જોઇએ. એવો નકી નિર્ણય ઉપર આવીને, તેથી તે પ્રમાણે પુરાવો મળવાથી સુંદરજીને ખાનદાન ઠરાવ્યો.

બીરબલની આવી ઉંડી શક્તિનો અદ્ભુત ચમત્કાર જોઇ તમામ કચેરી દીગમુંઢ બની ગઇ.

**સાર** - ગુણ અને અવગુણની પરીક્ષા કરી શકવાની શક્તિ ધરાવનારાજ સત્યનો તોલ કરી શકે છે.

-0-

# વારતા ૫૩ મી.

-O:O-

## ચારમાંથી ચોર કોણ ?

-O:O-

ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે, મંદ મંદ વાયુ ચાલી રહ્યો છે, મેઘ ગર્જના થઇ રહી છે, એવા શાંત સમયે શાહ 'આલમ બાગમાં' તમામ દરબારીઓને બોલાવી બીરબલની સાથે રાજ રંગની વાતો ચલાવી રહ્યો છે. એ સમયનો લાભ લઇ સુંદરી, ગંગા, તારા અને ચંદરી નામની ચાર નાયકાઓ આવી મુજરો કરી ઉભી રહીઓ. અને તે ચારે જણીમાંથી એકે કહ્યું કે, 'ખલેકે ખાવીંદ ! અમે ચારે સગી બેનો થઇએ, અને સાથે રહી ગાયનનો ધંધો કરીએ છીએ. અને જે કાંઇ કમાણી કરીએ છીએ તે પણ ભેગું રાખીએ છીએ. આમ કરતાં કરતાં અમે બે લાખ રુપીઆ પેદા કીધા. આ મોટી રકમ અમારાથી સચવાઈ શકાય એમ ન હોવાથી, તથા તે રકમને બીજાને ત્યાં વ્યાજે મુકવાની હીંમત નહીં ચાલવાથી, અમે તે રકમનું એક રત્ન વેંચાતું લીધું. તે રત્નને એક પટારામાં મુકી તેને જુદી જુદી જાતના ચાર તાળા મારી તેની અકેક ચાવી અમે અકેક જણીઓ રાખીએ છીએ. અને જ્યારે પટારો ઉઘાડવો હોય છે ત્યારે ચારે જણીઓ સાથે મળીને ઉઘાડીએ છીએ. હમણાં તપાસ કરતાં રત્ન ગુમ થયેલું જણાયું. હવે તે રત્ન અમારામાંથી કોણ લઇ ગયું તે ખબર નથી. તે રત્ન અમારામાંથી કોઈનું નામ જો છતું ન થાય તો તેને ખચીત મરવું પડે. માટે અમારામાંથી કોઇનું નામ છતું ન થાય, અને અમારૂં રત્ન અમને મળે એવા પ્રકારનો ઇન્સાફ આપવાની મહેરબાની કરશો.' શાહના હુકમથી બીરબલે આ ચારે જણીઓની મુખ જબાની લીધી તો મળતી આવી, પછી તે ચારે જણીઓને પંદર દિવસ સુધી રહેવાનો હુકમ કીધો. અને તેણીઓ દરેકને રહેવા માટે જુદા જુદા ઓરડા આપ્યા. તે એવા કે તેમના ઓરડાની પાછળ જાળીઆં હતાં, અને તે જાળીઆં એવાં હતાં કે તે ઘરમાં શું થાય છે, તે બહારનો માણસ જોઈ શકે, પણ ઘરનો જોઇ શકે નહી.

કાંઇ પણ યુક્તી કીધા વગર રત્નનો પતો લાગનાર નથી. એવો વીચાર કરી બીરબલે પોતાની દાસીને કહ્યું કે, તે ચારે નાયકાને ઉતારે તારે નીત જઇ તેણીઓનો પ્યાર મેળવવો.' દાસીએ તે મુજબ કીધું. પછી ચૌદમા દિવસની રાતે બીરબલ પોતાની દાસી સાથે ગયો. અને દાસીને કહ્યું કે, તે ચારે જણીને તારે એમ કહેવું કે તમારૂં રત્ન મળ્યું છે, તે તમને કાલે આપવામાં આવશે. પછી પા કલાક બેસીને તું તરત ઉઠી નીકળજે.' બીરબલને આમ કરવાનું કારણ એટલુંજ કે, જેની પાસે જે વસ્તુ હોય, અને તેને કહીએ જે બીજી જગાએ મેં તે વસ્તુ જોઇ હતી તો તે માણસ પોતા પાસેની વસ્તુ તપાસવા વગર રહે નહીં. હવે

બીરબલની દાસીના કહેવા મુજબ તો ત્રણે જણીઓ ખુશી થઇ પણ ચોથીની આગળ દાસીએ રત્નની વાત કહી, તેથી તેનો ચહેરો તરત ફીકો પડી ગયો, અને મન સાથે વિચાર કરવા લાગી કે, 'રત્ન તો મારી કને છે, અને ત્યાં કેવી રીતે ગયું. જો દાસી જાય તો તપાસી જોઉં.' એવો મનસુબો કરીને દાસીને કહ્યું કે, 'આજતો મને બહુ ઉંઘ આવે છે, માટે સુઇ જઇશ.' એમ કહી દાસીને રજા આપી. આ સમે બીરબલ તે ચંદરીના ઓરડાના પછવાડેના ભાગમાંથી બધી વાત સાંભળતો હતો, અને જોતો હતો. દાસી ગઇ.ચંદરીએ તરતજ ઓરડાનું બારણું બંધ કરી, પેટી ઉઘાડી રત્ન બહાર કાઢી બરાબર તપાસીને પાછું મુકી દીધું. આ જોઇ બીરબલ અને તેની દાસી પોતાને ઘેર ગયાં. પછી તરત તે ચારે જણીઓને કહી મોકલાવ્યું કે, 'શાહને તમારૂં ગાયન સાંભળવાની ઇચ્છા થઇ છે માટે તરત આવવું.' હુકમ થતાંજ આ ચારે જણીઓ આવીને પોતાનું ગાયન સંભળાવી શાહ અને બીરબલને છક કરી નાખ્યા. બીરબલે આ ત્રણેને કેફ વગરની ચાહ પાઇ અને પાનની પટી ખવરાવી. અને ચંદરીને કેફ ચઢે એવી પાઇને ઉપરથી પાનની પટી ખવરાવી બેભાન બનાવી. તે ત્રણેને જુદી ગાડીમાં બેસાડી રવાના કરી. અને ચંદરીની સાથે પોતાની દાસીને મોકલીને કહ્યું કે, 'ચંદરીને ખુબ કેફ ચઢે ત્યારે તેની કમરેથી ચાવી લઇ તેની પેટી ઉઘાડી તેમાંથી રત્ન કાઢી લઇ પેટી પાછી બંધ કરી નાંખી, પછી ચાવી તેની કમરે લટકાવી ઝટ તેના ઓરડાના બારણા બંધ કરીને પાછી તું આવતી રહેજે.' બીરબલના કહેવા મુજબ કરી દાસી તરત પાછી આવીને તે રત્ન બીરબલને આપ્યું. રત્ન હાથમાં આવતાંજ બીજા દિવસના બાર વાગે કચેરીમાં ચારે નાયકાઓને બોલાવીને બીરબલે સર્વની સમક્ષ ડાબલામાંથી રત્ન કાઢીને ટેબલ પર મુકીને કહ્યું કે, 'જુઓ આ રત્ન તમારૂં છે?' તે બોલીઓ કે, 'હા તે અમારૂં છે.' એટલે બીરબલે તેણીઓને તેમનું રત્ન આપી દીધું. તે લઇને ચારે જણીઓએ ગુપચુપ પોતાનો માર્ગ લીધો. ચારે જણીઓમાં કોઇને દુઃખ ન લાગે, અને કોઇ કોઇને કંઇ કહી ન શકે, અને પોતાના મનમાં સમજી બેસી રહે તેવા પ્રકારનો ઇન્સાફ બીરબલે આપવાથી શાહ સમેત તમામ દરબાર ગર્વ રહીત બની બીરબલની બુદ્ધિને ધન્યવાદ આપવા લાગી.

**સાર** - કોઇની વાત કોઇ ન જાણી શકે, અને તેની ગયેલી વસ્તુ તેને પાછી મળે. એવી પ્રકારનો તોલ કરી ન્યાય કરનારજ ખરો ન્યાયાધીશ કહેવાય. બાકીના તો કેસુડાના રંગ જેવા સમજવા.

-0-

# વારતા ૫૪ મી.

-0:0-

## કુલમાં કયું કુલ મ્હોટું ?

-0:0-

આનંદ કહે પરમાણંદા, માણસે માણસે ફેર,

એકતો લાખે ન મળે, એક તાંબીઆના તેર.

હજી દરબાર અમલદારોથી બરાબર ભરાઇ નથી એટલામાં શાહ આવી પોતાના આસનપર વીરાજમાન થયો, જેમ જેમ ઉમરાવો આવતા ગયા તેમે તેને પુછતો ગયો કે, 'કુલમાં કયું કુલ મ્હોટું?' 'દાંત કોના મ્હોટા? સર્વથી સરસ પુત્ર કોનો? મ્હોટામાં મ્હોટો રાજા કયો ? ગુણમાં મ્હોટો ગુણ કયો? આ પાંચ સવાલોનો જવાબ જેમ જેના મનમાં આવ્યો તેમ તેઓ આપી પોતાની જગ્યા પર બેસતા હતા પણ તેઓના જવાબ શાહને સંતોષકારક ન લાગવાથી શાહ બહુ ઉંડા વિચારમાં ઉતરી જઇને મ્હોટેથી કહ્યું કે, 'મારા સવાલનો જવાબ આપી શકે એવો કોઇ પણ અમલદાર બુદ્ધિમાન નથી એ જોઇ મને મહા ખેદ થાય છે. જો બીરબલ જેવો બુદ્ધિવાન અને તાનસેન જેવો ગવૈયો મારી દરબારમાં ન હોતતો મારા અદલ ન્યાયની અચળ કીરતી જગમાં કદી પણ પસરત નહીં.' આ પ્રમાણેના શાહના ઉદ્‌ગારો નીકળી રહ્યા છે, એટલામાં બીરબલ દરબારમાં દાખલ થયો. તે જોઇને શાહે તે પાંચે સવાલ બીરબલને પુછ્યા. તે સાંભળી બીરબલ કહેવા લાગ્યો કે, 'સરકાર ! મ્હોટામાં મ્હોટું કુલ કપાસનું જેમાંથી રૂ પેદા થાય છે, તેમાંથી સુતર બને છે. અને સુતરમાંથી કાપડ બને છે, અને તે કાપડ લોકોના શરીરનું રક્ષણ કરે છે. દાંત દંતાળીના મ્હોટા કે જેનાથી અનાજનો સારો પાક થાય છે. પુત્ર ગાયનો મ્હોટો કે જે બળદ ખેતી ખેડી જગતને પોશે છે. મ્હોટામાં મ્હોટો રાજા મેઘ, જેની વૃષ્ટિવડે રાજા રંક, પશુ પક્ષી જીવે છે. જ્યારે મેઘની વૃષ્ટિ થતી નથી ત્યારે મહાન રાજાઓ અને પ્રબળ પ્રજા નિર્બળ બની જાય છે. માટે મેઘ મોટો ગણાય છે. ગુણમાં ગુણ મ્હોટો હીંમત જે વડે દુશ્મનને પણ વસ કરી શકે છે.' આ પાંચો જવાબ સાંભળી શાહ ઘણો ખુશી થયો. પણ અમીર ઉમરાવો રાજી ન થતા તે જવાબો પ્રત્યે અભાવ જણાવી ઘણો મતભેદ બતાવ્યો. પણ તેના મતભેદથી શાહ છુટો પડી પાંચમાં જવાબની ખાત્રી કરવાની મરજી જણાવી.

આ વાતને થોડાક દીવસ વીતી ગયા પછી એક સમે યમુનાજીથી સ્નાન કરી બીરબલ આવતો હતો, તે જોઇ શાહે પાંચમા સવાલની ખાત્રી કરવાનો વખત છે એમ વીચાર કરીને એક હાથીના મહાવતને બોલાવી કહ્યું કે, 'ભાગવાનો રસ્તો ન મળે એવી સાંકડી શેરીમાં પેઠો તેવોજ તેની સામે હાથીને મસ્તાન બનાવી એકદમ છોડી દે જે.' જેવો બીરબલ સાંકડીશેરીમાં પેઠો તેવોજ માવધે મસ્ત હાથીને તેની સામે છોડી દીધો. પોતાની સામે ધસારાબંધ આવતા હાથીને જોઇને બીરબલે મનમાં વીચાર કીધો કે, 'આ બધી ધામધુમ પાંચમાં સવાલની ખાત્રી કરવા માટે શાહે કીધી છે, એમાં તો જરા પણ શક નથી ? મારે પણ તેની ખાત્રી કરી આપવીજ જોઇએ?' હાથીના સપાટામાંથી બચવા માટે ઇલાજ શોધવા લાગો, પણ કંઇ ઇલાજ ન મળવાથી હીંમતે મદદ તો મદદે ખુદા આવો વીચાર કરી તે ઉશ્કેરાયેલા હાથી સામે જવા લાગ્યો. એટલામાં એક આડી ગલી આવી. આ ગલીને નાકે એક બીમાર કુતરૂં પડેલું હતુ, તેના બે પગ પકડીને ખુબ ફેરવ્યું અને જોરથી હાથીના કપાલ પર ફેંક્યું તેથી તે કુતરાના નખ હાથીની શુંઢના મુળમાં વાગવાથી હાથી પાછો હઠવા લાગ્યો. હાથીને જોઇ કુતરૂં બહુ ભસવા લાગ્યું. તે જોઇ હાથી બહુ ખીજવાયો, મહાવતના હાથમાં ન રહેતાં હાથીતો કુતરાની પાછળ દોડ્યો. તે તકનો લાભ લઇ બીરબલ આડી ગલીમાં નીકળી ગયો. કુતરૂં પણ ભસતું ભસતું બીરબલ વાળી ગલીમાં પેઠું, તે જોઇ હાથી પણ સ્તંભ થઇ ગયો. મહાવતે તરત હાથીને પાછો ફેરવ્યો. અને બનેલી હકીકતથી શાહને વાકેફ કીધો. આ સાંભળી શાહ ઘણો ખુશી થયો.

**સાર** - હાજર સો હથિયાર ? આફતની વખતે તેજ કામ આવે છે. પણ જો તેમ કરવાની પોતામાં બુદ્ધિ ન હોય તો કોઇની સાથે કોઇ પણ વખતે તકરારમાં ઉતરી હઠ કરવી નહી, ખોટી રીતે હઠ કરવાથી આબરૂ અને પ્રાણની હાની થાય છે.

-O-

## વારતા ૫૫ મી.

-0:0-

## બગડી એ કેમ સુધરે?

-0:0-

સુધરી બીગરે બેગહી, બીગરી ફીર સુધરે ન,

દુધ ફટે કાંજી પરે, સો ફીર દુધ બને ન.

એક સમે શાહે રંગ ભુવનમાં દરબાર ભરી, રંગ રાગમાં ગુલતાન બની આનંદ લુટી રહ્યા હતા. દરબારીઓને વધારે આનંદીત બનાવવા માટે શાહે એક ઉત્તમ અત્તરની શીશી કાઢી જેવો તે બધાને છાંટવા જાય છે તેવુંજ તે શીશીમાંનું થોડુંક અત્તર ગાલીચા પર ઢોળાઇ ગયું. તે કોઈ જાણી ન શકે તેમ ગાલીચા પરથી આંગળી વતે લેવાને જરા વાંકો વળ્યો, પણ અત્તર પડતાજ ગાલીચો ચુસી જવાથી શાહના હાથમાં ન આવ્યું તેથી શાહનો ચહેરો ફીકો પડી ગયો.

આ સમે બીરબલ પણ શાહની બાજુમાં બેઠો હતો. તે કોઇ જોઇ શકે નહીં તેમ બીરબલ બારીક નજરથી શાહના હાથમાંની શીશીમાંથી ઢોરાઇ ગયેલા અત્તર ઉપર હતી. તેથી શાહ મનમાં વીચાર કરવા લાગ્યો કે, મારા સરખા પણ આવી નજીવી વસ્તુ માટે કેટલો બધો લોભ રાખે છે. એમ જો બીરબલના જાણવામાં આવે તો તે વખત સાધીને મારી હાંસી કર્યા વગર કદી પણ રહેનાર નથી ?' આવો વીચાર કરી બીજે દીવસે પોતાની ઉદારતા બતાવવા માટે, તરત એક પાણીનો હોજ ખાલી કરાવી, તે અત્તરથી ભરપુર ભરાવી, શહેરના તમામ લોકોને બોલાવીને કહ્યું કે, 'જેમ તમારી મોજ આવે તેમ આ અત્તરથી ભરેલા હોજમાંથી અત્તર લો.' આ સાંભળી લોકો મહોટી હોંશથી અત્તર લેવા લાગ્યા. આ વખતે બીરબલ પણ હાજર જતો. બીરબલને જોઇ શાહે કહ્યું કે, 'કેમ બીરબલ ! કેવી મજાહ ઊડી રહી છે ? કેવો આનંદ મચી રહ્યો છે ? આ સાંભળી બીરબલે તરત મોં મલકાવીને કહ્યું કે, હજુર ? મારા બોલવા પર રીસ ન ચઢાવશો ? પણ જે બુંદથી ગઇ તે હોજથી કદી પણ સુધરતી હશે ? તેનો આપેજ વીચાર કરી લેવો.'

બીરબલના આવા માનભંગ શબ્દો સાંભળીને શાહ બહુ ચીડાઇ જઇને મનમાં બોલ્યો કે, 'બીરબલે ચહાસન મારી હલકાઈ બતાવીને મારૂં માન ઉતરાવી નાખ્યું. અફસોસ ? આને માટે એનો જાહેરમાં તીરસ્કાર કરવો એતો મારા પદને વધારે લાંચ્છનરૂપ સમજું છું. માટે સર્વની સમક્ષ ન બોલતાં પછી એની વાત ?' આવો વીચાર કરી બે ચાર દીવસ જવા દીધા પછી શાહે નીત્યના નીયમ પ્રમાણે બીરબલની લેવાતી સલામ બંધ કરીને અનુચરને હુકમ

આપ્યો કે, 'મારો હુકમ થાય નહીં ત્યાં સુધી બીરબલને કચેરીમાં આવવા દેવા નહીં.' આ વાત બીરબલના જાણવામાં આવતાંજ બીરબલે મનમાં વીચાર કર્યો કે, 'ખરેખર મારા બોલવાથી શાહને માઠું લાગ્યું છે ! ખેર ! બગડેલી બાજીને સુધારીશું. આ બનેલા બનાવ કોઇના જાણવામાં ન આવે તેટલા માટે અહીંઆ ન રહેતાં બહાર ગામ જઇ વસવામાં હું વધારે લાભકારક સમજું છું.' આવો વીચાર કરી તરત બીરબલ કોઇને જણાવ્યા વગર ગુપચુપ દીલ્લી છોડીને એક ન્હાના ગામડામાં એક રહેતા પાટીદારને ત્યાં જઇ, પોતાનું ખરૂં નામ ઠામ ન બતાવતાં અન્ય નામ ધારણ કરી રહ્યો.

બીરબલ વગરની દરબાર અંધકાર સમ શાહને ભાસવા લાગી, બીરબલ વગરનો દીવસ શાહને બીહામણો લાગ્યો, બીરબલ વીના સત્ય ન્યાય કોણ આપે ? બીરબલ વીના રાજ ખટપટનો નીવેડો કોણ લાવે ? આવા વીચારમાં ને વીચારમાં શાહ ઘણો ગભરાવા લાગ્યો. પોતાનો ગભરાટ ઓછો કરવા માટે શાહે બીરબલની બહુ તપાસ કરાવી, પણ બીરબલનો પત્તો લાગ્યો નહીં. બીરબલ એ મારા રાજનો ચળકતો તારો છે ? એ તારો ગુમ થઇ જવાથી મારા રાજ્યમાં અંધકાર ફેલાશે. આ ફેલાતા અંધકારને પ્રકાશમય કરનાર બીરબલ રૂપી તારાને શોધી કાઢવામાંજ મારૂં ભૂષણ છે ? આવો વીચાર કરી શાહે તરત બીરબલને શોધવા માટે ગામો ગામ માણસો મોકલ્યા પણ બીરબલનો પત્તો લાગ્યો નહીં. આથી શાહ ઘણો ઉદાસીન રહેવા લાગ્યો. બીરબલ શાહથી રીસાઇ ગામ છોડી ચાલી ગયો છે, એવી વાત ફેલાતાં ફેલાતાં છેક શાહની ઉપર વેરભાવ રાખનારાં, અને વખત આવે તો તેનું રાજ્ય છીનવી લેવાનો ઈરાદો રાખનાર રાજાઓના કાનપર ગઇ. આમાં સહુથી મ્હોટો દુશ્મન તુરકસ્તાનનો શાહ હતો. તેણે બીજા રાજાઓને બોલાવી કહ્યું કે, 'જ્યાં સુધી બુદ્ધિવાન બીરબલ હતો ત્યાં સુધી આપણે આપણા દુશ્મન ઉપર ફાવી શક્યા નહોતા. હવે બીરબલની ગેરહાજરીમાં જો આપણે એકત્ર થઇ, સામટા બળથી હુમલો લઇ જઇને દીલ્લી હાથ કરવાં કશો વાંધો જોતાં નથી. પણ આપણા પ્રયાસમાં જો આપણે માનભંગ થઇએ તેટલા માટે અકબરની દરબારમાં હવે કોઇ બીજો બુદ્ધિવાન પ્રધાન છે કે નહી ? જો કોઇ તેવોજ બુદ્ધિવાન પ્રધાન હોય અગર છુપી રીતે બીરબલ સલાહ આપતો હોય, તો 'લેનેકો ગઇ પુત, ને ખો આઇ ખસમ' જેવી વાત બને. માટે પ્રથમ તેની ખાત્રી કરી લેવા માટે શાહને આ પ્રમાણે કાગળ લખવો કે, 'અક્કલનો એક ઘડો ભરી ચાર માસની અંદર મોકલાવી દેજો, અને જો ન મોકલી શકો તો લડાઇ માટે તઈયાર થજો.' આમ લખવાથી ખરી બીના જાણવામાં આવશે એટલે પછી આગળ ચાલવામાં આપણને કોઇ જાતની હરકત પડનાર નથી.' આ વાતને બધા રાજાઓ કબુલ કરવાથી તુર્કસ્તાનના શાહે સૌની સમક્ષ પત્ર લખી, અનુચરને આપી, અકબરને પહોંચાડવા દીલ્લી તરફ રવાના કીધો.

તુર્કસ્તાનના શાહનો અનુચર પત્ર લઇ ભમતો ભમતો દીલ્લીમાં આવી અકબરને તે પત્ર આપ્યો. પત્ર વાંચી શાહ મનમાં વિચાર કરવા લાગ્યો કે, 'બીરબલના જવાની ખબર સાંભળી રાજ રીપુઓ મારૂં રાજ્ય લેવાને કેવા ઉન્મત બન્યા છે? બીરબલ વગર આનો ઉત્તર આપી રાજ્ય રીપુઓનું સમાધાન કરી શકે એવો કોઇ બીજો બીરબલ નથી! હવે આનો શો ઉપાય કરવો? ખચીત! મારા કર્યા કર્મનો મારે ભોગ આપવો પડશે? મારી કરણીનાં ફળ મારે ચાખવાં પડશે? આતો હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. એમાં બીજાનો શો દોષ? પાણી પીને ઘર પુછવા જેવો મેં ઘાટ ઘડ્યો છે! અપમાન કરી દરબારમાં આવતો બંધ કીધો અને હવે તેને સમજાવી લાવવામાં કેટલી બધી નામોશી? પણ તેમ કર્યા વગર છુટકોજ નથી? માટે મારા ઉપર ડોળા ધુરકાવી રહેલાઓની શુદ્ધ ઠેકાણે લાવવા એક યુક્તી રચી બિરબલને શોધી કહાડું.' આવો વીચાર કરીને શાહે તરત દરેક ગામોના મુખીઓ ઉપર હુકમ લખી મોકલ્યો કે, 'જે અમારા માણસ સાથે બકરો મોકલ્યો છે, તેને દરરોજ પાંચશેર દાણો તથા ઘાસ વગેરેનો ખોરાક આપવો. જેટલા વજનનો બકરો તમારી તરફ રવાના કરવામાં આવ્યો છે તેટલાજ વજનવાળો એક માસથી વધારે રહેવો જોઇએ. જો વધારે ઓછો વજનમાં થશે તો સખ્ત શીક્ષા કરવામાં આવશે.' આવી યુક્તીવાળો હુકમ, અને તેની સાથે અકેક બકરો અને તેનું રક્ષણ કરવા માટે અકેક નોકર દરેક ગામના મુખીઓ પર મોકલી આપ્યા.

જે ગામમાં બીરબલ હતો તે ગામના મુખી પર આ હુકમ જતાં જ તે બહુ ચીંતામાં પડ્યો, એના દુઃખનો પાર રહ્યો નહીં. આ બકરો વજનમાં વધવો કે ઘટવો જોઇએ નહીં. એવી યુક્તી કયા ભંડારમાંથી શોધી કહાડવી. આવી રીતે તે દીનપર દીન ગળતો ગયો. આ ખબર બીરબલને થતાંજ બીરબલે કહ્યું કે, તમારે જરા પણ નીરાશ થવું નહીં. તમારી ઉપર આવી પડેલા સંકટ દુર કરવામાં હું મારો ધર્મ સમજું છું. તમે મને આશરો આપી રાખ્યો છે તેનો બદલો વાળી આપવાને મને આ એક સારી તક મળી છે.માટે હું તમને જેમ બતાવું તેમ તમે જો કરશો તો તમારૂં કષ્ટ દુર થશે, બીરબલે મનમાં વીચાર કરી કહ્યું કે, શાહે મને સોધી કાઢવા માટેજ આ યુક્તી રચી છે.'

બીરબલનાં વાક્યો સાંભળી મુખીએ કહ્યું કે, 'જો તમે મને આ આફતમાંથી બચાવશો તો તમારો ઉપકાર કદી પણ ભુલીશ નહીં. બીરબલે કહ્યું કે, 'તમારા ગામને નાકે આવેલા બાગમાં જે વાઘ બાંધ્યો છે , તે વાઘની પાસે આવેલા બકરાને થોડી વાર લઇ બાંધવો. વાઘના ભયથી તે રોજ દાણોચારો ખાતાં છતાં આખર સુધી જરા પણ વજનમાં ઓછો વધતો થશેજ નહીં. પણ આ યુક્તી મેં બતાવી છે તે કોઇના જાણમાં આવવું ન જોઇએ. બીરબલના કહેવા મુજબ કરવાથી આખર તારીખ સુધી બકરો તેટલાજ વજનમાં રહ્યો. અને તે પાદશાહ પાસે પહોંચાડવા પટેલ પણ સાથે ગયો. શાહે દરેક ગામથી આવેલા

બકરાઓને જોખી જોયા તો તે વજનમાં વધારે ઓછા થયા, પણ આ પટેલના ગામમાં રહેલો બકરો સરખા વજનનો થયો તે જાણી શાહને ખાત્રી થઇ કે તેજ ગામમાં બીરબલ ભરાઇ બેઠો છે, આ સંબંધી મુખીને પુછતાં મુખીએ કહ્યું કે, અમારે તાં એક મેમાન ફરતો ફરતો આવી ચડ્યો હતો તેણે આ ઉપાય બતાવ્યો હતો. તે જાણી શાહે મ્હોટા ઠાઠથી સ્વારી મોકલી બીરબલને મંગાવી પ્રથમ કરતાં વધારે માન આપી પ્રધાનપદનો પોશાક બક્ષ્યો.

પછી શાહે તરત તુર્કસ્તાનના શાહનો આવેલો પત્ર બીરબલના હાથમાં આપી શાહે કહ્યું કે, આ પત્રમાં જેમ લખ્યું છે તે મુજબ જવાબ આપવાની તજવીજ કરો, બીરબલ તરત તે કાગળ વાંચીને એક માટીનો ઘડો મંગાવી તેમાં એક તુંબડાના વેલાને વળગેલું નાનું તુંબડું ગોઠવી દીધું, રોજે રોજ તે તુંબડું વધતું ગયું. તેથી ઘડો તુંબડાના વધવાથી ભરાઇ ગયો તે જોઇ તેને ડીટડેથી કાપી જુદું કરયું. પછી શાહને કહ્યું કે, 'સરકાર અકલનો ઘડો ભરાઇ ગયો છે માટે તુર્કસ્તાનના શાહની પાસે મોકલાવો અને સાથે પત્ર લખી કહેવરાવો કે આપના લેખ મુજબ ઘડો ભરીને અક્કલ મોકલાવી છે, માટે ઘડાને ન ભાંગતાં, અક્કલને કાઢી લઇને અમારો ઘડો જેવો છે તેવોજ તરત મોકલાવી દેશો, જો એમ ન કરતાં અક્કલ અને ઘડાનો નાશ કરશો તો અક્કલની કીંમત બે કરોડ રૂપીયાની છે તે તમારી પાસેથી, લડાઇ કરી વસુલ કરવામાં આવશે.

આ પ્રમાણે લેખ લખી શાહે અકલનો ભરેલો ઘડો તુર્કસ્થાનના શાહની હઝુર એક સ્વાર સાથે મોકલી આપ્યો. કેટલી મુદ્દતે તે સ્વાર તુરકસ્થાનના શાહ હજુર જઇ ઘડો અને લેખ રજુ કીધાં. શાહે આ લેખ વાંચી તમામ દરબારીઓને તેની હકીકત કહી સંભળાવી. તેથી સહુએ પોતપોતાની અકલ મુજબ ઘડાને ખાલી કરવા બહુ મહેનત કરી પણ તે ફોક ગઇ. આ જાણી શાહે કહ્યું કે, આ ઉપરથી સાબીત થાય છે કે, અકબરની દરબારમાં હજી દાનેશમંદ બીરબલ મોજુદ છે માટે લડાઇ કરવામાં લાભ નથી, તેમ અકલને કાઢી લઇ ઘડાને પાછો મોકલવાને પણ બની શકનાર નથી. માટે બે કરોડ રૂપીઆ આપી ગુપચુપ બેસી રહેવામાંજ આબરૂ છે.' આમ કરવા માટે તમામ દરબાર એકમત થવાથી બે કરોડ રૂપીઆ શાહને મોકલાવી આપ્યા. તે અકબરે લઇ બીરબલને શાબાશી આપી, તીજોરી તરતી કીધી.

**સાર** - બુદ્ધિવાન પુરૂષોથી બળવાન રાજાઓ પણ ડરે છે. કારણ કે બુદ્ધિવાન પુરૂષ ધારે તે કરી શકે ? અને તેથીજ તેઓ બુદ્ધિવાનોને ચહાય છે. માટે દરેકે બુદ્ધીવાનનો સંગ કરવો. તેને માટે કહ્યું છે કે, 'પંડીતકી લાતાં ભલા, ક્યા મુરખકી બાતા, વોહ લાતે સુખ ઉપજે વોહ બાતે ઘર જાત.'

-O-

# વારતા છપનમી.

-0:0-

## ચાર ગુણવાળી સ્ત્રી.

-0:0-

અબળા નહીં પણ છે પ્રબળા, એ વસ સબળાને કરતી;

ચરીત્ર ફોજ ચહુ દીસ ફેલાવી, તનમન ધન ગુણ હરતી.

એક વખતે શાહે બીરબલને કહ્યું કે, 'બીરબલ! મારી સન્મુખ એવી જાતની ચાર સ્ત્રીઓ લાવો કે જેમાં એક બેશરમી, બીજી બીકણ, ત્રીજી શરમાળ અને ચોથી નીડર.' બીરબલે એક દીવસે એક સ્ત્રીને લાવી શાહ સમીપ ઉભી રાખી શાહને કહ્યું કે, 'આપની ચાર સ્ત્રીઓ તપાસી લો.' શાહે અજાયબીની સાથે કહ્યું કે, 'ચાર ક્યાં છે? આતો એક સ્ત્રીજ છે? બાકીની ત્રણ ક્યાં છે?' બીરબલે કહ્યું કે, 'એ સ્ત્રીના અંગમાંજ ચારે સ્ત્રીના ગુણ સમાયલા છે, જ્યારે સ્ત્રી વીવાહમાં ફટાણા ગાય છે, ત્યારે પાસે બેઠેલા ભાઇ બાપની પણ તે શરમ રાખતી નથી માટે બેશરમ છે. અંધારી ઓરડીમાં જવા માટે ધણીએ આજ્ઞા કરી હોય તો કહેશે કે 'બાપરે! હુંતો બીહું છું. માટે બીકણ છે. જ્યારે સાસરે જાય છે ત્યારે મંદ સ્વરે બોલવું, તેથી શરમાળ છે. અને પુરૂષ સાથે હળેલી હોય છે ત્યારે કાળી રાતે ભુત પ્રેત કે વાઘ ચોરથી પણ ન બીતા નીશંક્પણે પોતાના ધારેલી ધારણા પાર પાડે છે માટે નીડર છે. તેથી મેં ચારે ગુણવાળી સ્ત્રીને લાવી આપ આગળ હાજર કરી છે.' તે સાંભળી શાહ ઘણો ખુશી થયો અને બીરબલને શાબાશી આપી.

-0-

# વારતા સતાવનમી.

-0:0-

## રાઘુ તો મહા તપશ્વિ છે !

-0:0-

ચતુર ન સમજ્યા હોત તો, ચતુરાનની ચુક,

કહો કોણ કહાડત ? અરે ! સકળ ગણાત ઉલુક.

એક સમય બાદશાહ અને બીરબલ આનંદભુવનમાં બેસી આનંદ વારતાઓ ચલાવી રહ્યા હતા તેવામાં એક ફકીરે આવીને કહ્યું કે, 'જહાંપનાહ ! આ મારી પાસેનો પોપટ કે જેનું નામ રાઘુ પાડેલું છે તેને મેં ઘણી મહેનત લઇ સારૂં બોલતાં શિખવ્યો છે અને તે એવી આશાથી ભણાવ્યો છે કે આપને તે નજરાણામાં આપી ઉમેદ બર લાવીશ ! માટે રાઘુને લ્યો. અને તેનું પ્રતિપાલન કરો.' આ પ્રમાણે ફકીરનું બોલવું તથા રાઘુના મુખથી મધુર ભાષણ અને કુરાનના પાઠ સાંભળી શાહે ફકીરને ઘટતું ઇનામ આપી વીદાય કીધો. અને રાઘુની દેખરેખ માટે નોકર નીમી કીધો કે, જો જરા પણ રાઘુની તબીયત નાદુરસ્ત જણાય તો તુરત મને ખબર આપવી. જો, તેની ખબર ન આપી અને બીમાર પડી રાઘુ મરી ગયો છે એવી જો ખબર આપી તો તે વખત તારૂં માથું કપાવી નાખીશ.' પછી નોકરો રાઘુની તબીયત સાચવવા માટે ઘણીજ કાળજી રાખવા લાગ્યા. તેમ રાઘુ કુરાનના પાઠ ભણતો તે સાંભળી શાહ અત્યંત ખુસી થઇ તેના ઉપર અતીશે પ્યાર રાખવા લાગ્યો. એક વખત રાઘુ અચાનક મરણને શરણ થયો તે જોઇ તેનું રક્ષણ કરનાર ચાકરો ઘણાજ ગભરાયા અને 'શાહને શું જવાબ દેશું ? તેમજ મરી ગયો છે એ વ્રતાંત જો જણાવીએ તો શીરચ્છેદનો હુકમ થાય ! માટે બંને તરફની પીડામાં આવી ફસાયા ! હવે તો બીરબલજી આગળ જઇ આ હકીકત જાહેર કરીએ તો કાંઇ પણ રસ્તો હાથ લાગે !' એમ વીચારી બીરબલ પાસે ગયા, અને પોતાનું દુઃખ પ્રકાશ્યું. બીરબલને તેઓની દયા આવવાથી કહ્યું કે. 'તમે નીશ્ચીંત રહો, જરા પણ તમોને ઇજા આવવા દઇશ નહીં.' એમ કહી બીરબલ શાહહજુરમાં ગયો. શાહને જોઇ બોલ્યો કે, 'આપણો રાઘુ ! આપણો રાઘુ !' એ સાંભળી શાહ એકદમ બોલી ઉઠ્યો કે, 'શું રાઘુ મરી ગયો ?' બીરબલે કહ્યું કે, 'નહીં નહીં ખુદાવીંદ એમ તે કેમ બને ? એ તો મ્હોટો તપસ્વી બન્યો છે ! આકાશ તરફ મ્હોં કરી તપસ્યા કરે છે ! પગ, પાંખ, આંખ અને ચાંચ જરા પણ હલાવ્યા વગર યોગ સાધન કરી ઇંદ્રીઓનું દમન કરી રહ્યો છે ! આ પ્રમાણે બીરબલનું

બોલવું સાંભળી શાહે કહ્યું કે, 'શું રાઘુ મરણ પામ્યો ?' બીરબલે કહ્યું કે, 'આપ જોશો ત્યારેજ કહેશો કે આ કેવી તપશ્ચા કરી રહ્યો છે ? હું તો એમ જાણું છું કે તેણે તપશ્ચા આદરી છે અને આપ મરી ગયાનું કહો છો ! માટે તેને જોવાથી નિસ્સંદેહ થશો.' શાહને તેડી રાઘુના પાંજરા પાસે જઇ તપશ્ચા કરતો બતાવ્યો તે જોઈ શાહ બોલ્યો કે, 'બીરબલ ! તારી મશ્કરી કરવાની ટેવ ગઇજ નહી ! રાઘુ તપશ્ચા કરે છે એમ ન કહેતાં એમજ કહ્યું હોત કે રાઘુ મરી ગયો ! તો નાહક ધકો ખાવો પડત નહીં ? શું રાઘુ મરી ગયો એવી તને ખબર નહોતી ?' બીરબલે હાથ જોડીને ધીમેથી બોલ્યો કે, ' નેક નામદાર ! શું કરવું ? જો સરકાર અગાડી રાઘુ મરી ગયાના સમાચાર કહેત તો આપના હુકમ પ્રમાણે નોકરોનો શીરચ્છેદ થવાનો વખત આવત. માટે કાંઇ પણ ઉપાય શોધવો કે નહીં ?' તે સાંભળી શાહ રાઘુનો શોક ભુલી જઇ બીરબલની બુદ્ધીનો ખ્યાલ કરી બહુ ખુશી થયો અને તે બદલ ઇનામ આપી પોતે ગેરવ્યાજબી હુકમ કરેલો તે માટેનો પસ્તાવો કરવા લાગ્યો.

**સાર** - બુદ્ધિવાનો કેવી યુક્તીથી રાજાના બોલ રાજાના મ્હોંમાં પાછા આપે છે, માટે બુદ્ધીવાનનીજ બલીહારી છે, બુદ્ધિ વગરના માણસો જગતને ભાર રૂપ છે. કહ્યું છે કે, 'માણસ ગાતમેં એક બાબત કરામત હે.'

-O-

## વારતા અઠાવનમી.

-0:0-

## અકલ શું કરી શકતી નથી ?

-0:0-

વાત વીનોદ વીવેકીને, સમજી લેવાં સહેલ;

પણ સમશ્યામાં સમજી જવું, છેજ ઘણું મુશ્કેલ.

એક સમે શાહે બીરબલને કહ્યું કે,'હમણાં છે, પછી પણ છે. હમણાં છે ને પછી પણ નથી. હમણાં નથી, પણ પછી છે, ને હમણાં છે પણ પછી નથી. એ ચારે સવાલોના જવાબ આપો.' આનો બહુ વાર વીચાર કીધા પછી બીરબલે દરબારીઓની અજાયબી વચ્ચે બીરબલે કહ્યું કે, 'સરકાર ! એ ચાર સવાલમાંનો એક જવાબ તો આપની પાસે મોજુદ છે. પણ બીજા સવાલોના જવાબ મેળવવા માટે આપણે બંને નગરમાં જઇએ ત્યાં હું બાકીનાનો જવાબ આપીશ !' આ સાંભળી શાહને અજાયબી લાગી કે, એ ચાર સવાલોનો જવાબ કોઇથી અપાઈ શકવાનો જ નથી ? તેમ છતાં બીરબલની ચાલાકી જોવી કે એ કેવી રીતે સવાલોનું સમાધાન કરી બતાવે છે ?' એમ વીચારી શાહે બીરબલની વાત કબુલ રાખી. પછી બીરબલે શાહને કહ્યું કે, 'આપ યોગીનો વેશ ધારણ કરો અને હું આપનો ચેલો બનું. પછી જુઓ શહેરની ગમત ?' આ પ્રમાણે બંને જણ ગુરૂ ચેલા બની સાથે બે સમજુ બાળકોને લઇ એક શ્રીમંતની પેઢી ઉપર ગયા. તે શાહુકારને વેષધારી બીરબલે પોતાના ગુરૂ તરફ આંગળી કરી કહ્યું કે, 'શેઠજી ! આ મારા ગુરૂ છે, હું એમનો ચેલોછું. અમે બંનેએ આ ક્ષણભંગુર સંસારનો ત્યાગ કરી પરીબ્રહ્મ પરમાત્માનું ભજન કરવા વેરાગ લીધો છે. પરંતુ એક ઉપાધીને લીધે આપની પાસે આવ્યા છીએ. આપની ઉદારવૃતી, પરોપકાર બુદ્ધિ અને નમૃતા અવરણનીય પ્રકારની છે. એવી દેશ દેશાંતરમાં કીરતી ફેલાવાથી અમો આપની કાંઇક સહાયતા લેવાને આવ્યા છીએ.' આ પ્રમાણે ચેલાનું બોલવું સાંભળી શાહુકારે હાથ જોડીને કહ્યું કે, 'મહારાજ ! જો આપની ઉપાધી મારાથી દુર થઇ શકે એમ હોય તો સુખેથી આપ ફરમાવો.' ચેલાએ કહ્યું કે, આ હમારા ગુરૂનાં બે બાળક છે. તેમને ભણાવવા આ શહેરમાં રાખવાનો વીચાર છે. પરંતુ ધન વીના એ કામ પાર પડી શકે એમ નથી. એ

બાળકોને ભણાવવા માટે ઓછામાં ઓછા બે હજાર રૂપીઆ જોઇએ તો આપથી સહાયતા આપી શકાય તો કહો ! જો આપ એ કામમાં મદદ કરશો તો ઇશ્વર તેનો બદલો આપને આપશે.' પછી શેઠે તરત માગણી મુજબ રકમ યોગીને ભેટ કરી. તે જોઇ ચેલાએ કહ્યું કે, 'આ ઉપકારના બદલામાં હું એમ કરવા ચાહું છું કે અકેક જોડો તમારા માથામાં મારતો જઉં, અને તમે દર જોડા દીઠ અકેક રૂપીઓ આપતા જાઓ.' ચેલાની વાત સાંભળી દુકાનપર બેસનારા અને રસ્તે ચાલનારાઓ અજાયબીમાં ગરકાવ થયા કે 'વાહ ! ઉપકારનો બદલો ઠીક ! રૂપીઆ આપવા અને જોડાં ખાવાં ? એ ખરેખર નવાઈ !' પરંતુ શાહુકાર કશું પણ ન બોલતાં તથા આ માટે જરા પણ ઉદાસ ન થતાં ગુરૂને વીનવી કહ્યું કે, 'જ્યારે આ રૂપીઆ સારા કામમાં જવાના છે તો પછી તે બદલ દર રૂપીએ જોડો સહન કરવામાં હું મારૂં મહાભાગ્ય સમજું છું ? સારા કામ માટે પ્રાણાંત સહન કરવું પડે તો પણ શું ? આમ કહી તરત શેઠે માથું નીચે નમાવ્યું. ધન્ય છે ! એવા ધનવાન ધર્માત્માઓને !

આ જોઈ ચેલાએ કહ્યું કે, 'શેઠજી ! આપની આવી ગુરૂભક્તી જોઇ હું ઘણોજ ખુશી થઇ કહું છું કે આ રૂપીઆની હવે કશી જરૂર નથી કારણ કે જે અમારે જોઇતું હતું અને જાણવાની ઈચ્છા હતી તે પ્રાપ્ત થવાથી કાર્યસિદ્ધ થયું છે. માટે આનંદમાં રહો અને સદા સુકૃત્ય કરતા રહો !' એમ કહી આગળ ચાલ્યા, ચાલતાં ચેલાએ ગુરૂને કહ્યું કે,'આ આપના પહેલા સવાલનો જવાબ કે 'હમણાં છે અને પછી પણ છે.' મતલબમાં હાલ પણ પ્રભુ કૃપાએ સર્વ સંપતીવંત આ શેઠ છે છતાં પોતાની સ્તુતીપાત્ર વૃતિ ભક્તી અને રહેણી કરણી કાયમ રહેલ છે તો આ લોક ત્યાગી પરલોક જશે તો પણ ત્યાં સત્કૃત્યના બદલામાં ઉત્તમ પ્રકારનાં સ્વર્ગ સુખ મળશે જેથી હમણાં બધી વાતે સુખી છે અને આવતે ભવે પણ સુખી છે. માટે આપના પહેલા સવાલનો જવાબ સ્વીકારી લો.'

આ પ્રમાણે બીરબલનું બોલવું સાંભળી શાહ ઘણો વીસ્મય પામ્યો. આગળ ચાલતાં એક ભીખારી ભીખ માંગતા લોકોને ઉપદેશ કરતો હતો કે, 'એક ગણું પુન્ય સહસ્ત્ર ઘણો લાભ છે. હાથે તેજ સાથે છે. દયાપાત્ર રાખી જો પરોપકાર, દાન કરશો તો પ્રભુ તમને આવતે ભવ અધીક સુખ આપશે.' આ પ્રમાણે ભીખારીની દીનવાણી સાંભળી એક દયાળુ પુરૂષે પેટપુરતું ખાવાનું આપ્યું. તે લઇ ભીખારી ગામની બહાર જઇ ઝટપટ ખાવા મંડી પડ્યો. ગુરૂ ચેલો પણ તેની પાછળ પાછળ તે ખાવા બેઠેલા ભીખારીને ચેલાએ કહ્યું કે, 'દયાળુ સેવક ! અમે બંને જણ ભુખ્યા છીએ અને ભુખથી અમારો જીવ જાય છે. જો થોડું અમને આસરા જેટલું અંન ખાવા આપો તો ભગવત તમારૂં કલ્યાણ કરશે.' એવી ઘણી આજીજી કરી, પણ ભીખારી તે આજીજી તરફ જરા પણ લક્ષ ન દેતાં પેટપુજા કરવામાં પુરેપુરૂં લક્ષ આપવા લાગ્યો હતો. તે જોઇને ચેલાને રીસ ચઢવાથી તે ભીખારીને બે ચાર જોડા મારીને કહ્યું કે, 'અલ્યા અધમ ! ભીખ માગતી વખતે શો ઉપદેશ દે છે પણ તે ઉપદેશ મુજબ ચાલતો કેમ નથી ?

પરભવમાં આપ્યું નથી તેથી આ ભવમાં મળ્યું નથી! અને આ ભવમાં પણ આપતો નથી તો હવે પછીના અવતારમાં પણ કશું મળનાર નથી માટે તને, હમણાં પણ સુખ નથી અને પછી પણ નથી.' એમ કહીને શાહે કહ્યું કે, આ આપના બીજા સવાલનો જવાબ! કે હમણાં નથી અને પછી પણ નથી.

બાદ ગુરૂ ચેલો આગળ ચાલ્યા, ચાલતાં રસ્તામાં પણ એક અતિ દુર્બલ અને ઈશ્વર ભક્તીમાં તલ્લીન એવા સાધુને જોઈ ચેલાએ બતાવ્યું કે, 'સરકાર! આ ભક્તની પાસે હમણાં કશું પણ નથી! પરંતુ તપ અને બગવત્ ભજનથી આવતા ભવમાં અપાર સુખ સમૃદ્ધીવાન થશે. માટે હમણાં નથી પણ પછી છે એ આપના ત્રીજા સવાલનો જવાબ.' એ સાંભળી શાહ આનંદમાં આવી જઇને કહ્યું કે, 'હવે ચોથા સવાલનો જવાબ મારી પાસે જ છે તે શી રીતે? બીરબલે કહ્યું કે, 'સરકાર! એ સવાલનો જવાબ આપની આગળ છે તે તપાસી વીચારી જુઓ કે આપ પુર્વપુણ્યના પ્રતાપથી હિંદુસ્થાનની રાજ્ય ગાદી ઉપર તખ્ત નસીન થયા છો અને કોઇ પણ પ્રકારની સંપત્તિમાં કચાસ નથી, પરંતુ આવતા ભવમાં એ સુખનું જરા પણ સુખ પ્રાપ્ત થનાર નથી, કેમકે હમણાં પુર ચઢતાંના વખતમાં આપ દયા, દાન, પરોપકાર, સાધુ સંતની ભક્તી, સારાં કૃત્ય કરવામાં પુરી ખંત અને ઈશ્વર ભજન ઉપર રૂચી રાખતા નથી તો આવતા ભવમાં સુખ સંપત્તિ શી રીતે પ્રાપ્ત થશે? માટે ચોથા સવાલનો જબાબ એજ છે કે હમણાં છે પણ પછી નથી!' પછી આપની જેવી ઇચ્છા હોય તે ખરી.

આ પ્રમાણે બીરબલનું બોલવું સાંભળી શાહે પોતાની રેહેણી કેહેણી સુધારવા મન સાથે સત્ય પ્રતિજ્ઞા કરી અને બીરબલની બુદ્ધિ થતા તેની વિદ્વતા વિષેની ભણી જ તારીફ કરી. તથા બીરબલ પાસેથી શુદ્ધ જ્ઞાન, ભક્તી સંપાદન કરી આ લોક અને પરલોક સંબંધી યશ, લક્ષ્મી, અને ઉચ્ચ વૈભવ પ્રાપ્ત કર્યાં. બીરબલના ઉત્તમ ગુણોથી રીઝી શાહે બીરબલને અકલ બહાદુર, કવીરાય, પ્રેમ મુની, રાજા સાહેબ વગેરેના ઇલકાબ અને મોટી જાગીરો બક્ષીસ આપી આનંદસહ સત્કાર કરી જીવનનો લાવો લીધો.

**સાર** - દાન, દયા પરઉપકાર, સાધુ સંત, પ્રભુની ભક્તી પોતાની શક્તી પ્રમાણે કરી મનુષ જન્મ સફળ કરવો.

-O-

# વારતા ઓગણસાહઠમી.

-0:0-

## પાનમાં પાન કયું મ્હોટું ?

-0:0-

### પામે આદર માન, ગુણથી સહુકો સર્વદા.

એક સમે શાહે દરબારીઓને પુછ્યું કે, 'સઊથી મોટું પાન કઇ વનસ્પતીનું ગણવું ? શાહનો આ સવાલ સાંભળી કોઇ કેળનું તો કોઇ સાગનું તો કોઇ કમળનું પાન મોટું છે એમ કહેવા લાગ્યા, પરંતુ શાહે તે એકેની વાત કબુલ રાખી નહીં, છેવટે બીરબલને પુછ્યું. બીરબલે કહ્યું કે, 'સૌથી પાન નાગરવેલનું મોટું છે. કેમકે તે નામદાર સરખાના મુખ સુધી પહોંચે છે. માટેજ તેનેજ બધામાં મોટું સમજવું. બીજા પાન આકારમાં મહોટાં છે પણ અધીકારમાં મહોટાં નથી માટે શું કામના ?' આ જવાબ સાંભળી શાહ ઘણો ખુશી થયો. અને બીરબલના ગુણ ગાઇ, બીરબલને રીઝવ્યો.

**સાર** - જેમાં ગુણ હોય તેજ મહોટામાં ગણાય.

-0-

# વારતા સાઠમી.

-O:O-

## નીમકહરામ કોણ ?

-O:O-

### જમ જમાઇ જાચક સદા, કૃપા કરી રહો દુર.

એક સમે શાહે બીરબલને પૂછ્યું કે, ' દાનેશમંદ બીરબલ ! નીમકહલાલ કોણ અને નીમકહરામ કોણ ? તેનો ભેદ બતાવો.' આ સવાલ સાંભળી બીરબલે કહ્યું કે, 'સરકાર ! નીમકહલાલ એક કુતરૂં કહેવાય છે, જેના ઘરનું અંન ખાય છે તેને પોતાનો પ્રાણ જતાં સુધી પણ ઇજા ન આ્વવા દેતા પોતાના ધણીનું સંરક્ષણ કરે છે. કદાચ એક વખત તેને ખાવા ન આપીએ તો પણ તે નીમકહરામ થનાર નથી, એથી વીપ્રીત રીતે નીમકહરામ જમાઈ હોય છે, કેમકે તેને ગમે તેટલું ધન આપો તોપણ તેને સંતોષ વળતો નથી, દરરોજ તેનું મન મનાવવા છતાં પણ જરા વચમાં વચકું પડ્યું કે જાણે કોઇ વખત ઓળખાણ કે સંબંધ હતોજ નહીં તેમ તુરત રીસાઇ બેસે છે ? જમાઇ છે તે દશમા ગ્રહ સમાન છે. જેમાં નવ ગ્રહને નીત બળીદાન આપતા હોઇએ તો પ્રતિપત્રિ રાશી ઉપર આવ્યા કે પીડા કરે છે તેવીજ રીતે જમાઇને પણ જાણવો.' એ પ્રમાણેનો જવાબ સાંભળી શાહ ઘણો ખુશી થયો.

-O-

# વારતા એકસઠમી.

-૦:૦-

## રામ રાખે તેને કોણ ચાખે ?

-૦:૦-

રાજા જોગી અગ્ની જળ, ઉનકી ઉલટી રીત;
ડરતા રહીઓ ફરસરામ થોડી પાળો પ્રીત.

એક સમે બીરબલ પોતાના ઘરના ઓટલા ઊપર જમીને બેઠો હતો તેવામાં એક બાદશાહનો હજુરી નોકર દોડતો દોડતો જતો હતો તે જોઇને બીરબલે તેને પુછ્યું કે, 'આટલો બધો દોડીને ક્યાં જવા માગે છે?' નોકરે કહ્યું કે, 'સરકારે મને બશેર કળી ચુનો લાવવા કહ્યું છે માટે તે લઇને જલદી જવું જોઇએ.' તે સાંભળી બીરબલ વીચારમાં પડ્યો કે, અત્યારે શાહને બશેર કળી ચુનાની શી જરૂર પડી હશે? આમાં કાંઇક પણ ભેદ હોવો જોઇએ? એમ માની નોકરને ફરી પુછ્યું કે ચુનો શું કરવા જોઇએ છે? તે સાંભળી નોકરે કહ્યું કે, 'સાહેબ! તેની ગરીબ નોકરને શું ખબર? બાદશાહ સાહેબ જ્યારે જમીને ઉઠ્યા અને પાન બીડી આપી તે ખાધા પછી હુકમ કીધો કે જા, બસેર કળી ચુનો જલ્દી લઇ આવ. તેનું બોલવું સાંભળી બીરબલે નોકરને કહ્યું કે, 'આજે તારા સોએ વરસ પુરાં થઇ ગયાં! એજ બશેર ચુનો જબરાઇથી તને ખવરાવી દેશે અને તેથી તું મરી જઇશ, જે તે પાન બીડું નામદારને આપ્યું તેમાં ચુનો વધારે પડ્યો હશે તેથી તેમના મુખમાં બળતરા ઊઠી છાલા પડેલા હોવાજ જોઇએ. તે બદલ આ શિક્ષા ઠરાવી છે, માટે તું એ ઉપાય કરકે એક શેર ચુનો અને એક શેર માખણ એકત્ર કરી બાદશાહ પાસે લઇ જા. અને તે ચુનો તને ખવરાવશે તો કાંઇ થશે નહીં.' બાદ તે નોકરે બીરબલ ના કહેવા પ્રમાણે કરી અને ચુનો લઇ શાહ હજુર ગયો. તરત શાહે તે ચુનો તેને ખવરાવ્યો. શાહને ખાત્રી જ હતી કે થોડી જ વારમાં આ નોકર મરી જશે. પરંતુ બીજે દીવસે તે નોકર તો વખતસર હાજર થયો તે જોઇ બાદશાહને ઘણી અજાયબી લાગી અને વીચાર કરવા લાગ્યો કે, 'મારો વીચાર નીષ્ફળ ગયો, મુઓ નહીં, એતો ઠીક, પણ તેને ઇજા પણ કશી થઇ જણાતી નથી. પરંતુ તેને ગમે તે પ્રકારે સ્વધામ પોંહોચાડી દેવો તો ખરોજ?' એમ વીચારી ચુનાવાલાને બોલાવીને કહ્યું કે, 'સવારમાં પ્રથમ જે માણસ તારે ત્યાં આવે તેને ભઠીમાં નાંખી બાળી નાખજે.'

બીજે દીવસે સવારમાં તે નોકરને બાદશાહે હુકમ કીધો કે, 'જા દરબારી ચુનાવાળાને ત્યાંથી પાંચસેર ચુનો લઇ આવ.' હુકમ સાંભળતાંને વાર તે ચુનાવાલાને ત્યાં જવા નીકળ્યો. આયુષ બળને લીધે તેને બીરબલની ભેટ થઇ અને બાદશાહનો ફરમાવેલો હુકમ તેમને કહી સંભળાવ્યો. તે ઉપરથી બીરબલ સમજી ગયો કે, આને બાદશાહે ચુનો ખવરાવ્યો, પરંતુ એને કશી ઇજા થઇ નહીં તેથી એના પ્રાણનો નાશ કરવા હજી ધારે છે. એજ માટે આને ચુનાવાલાને ત્યાં મોકલવા ફરમાવ્યું છે, તે સબબ સમજી બીરબલને તેથી દયા ઉપજી તેથી કહ્યું કે, 'તું પંદર વીસ મીનીટ અહીંયાં ઊભો રહે, પછી ચુનાવાલા પાસે જઇ ચુનો લાવી બાદશાહ પાસે જજે.'

અહીંઆ બાદશાહે નોકરને ચુનાવાળાને ત્યાં મોકલ્યા, પછી થોડી વેળા થયા બાદ એક બીજા નોકરને પ્રથમ મોકલેલા નોકરની શી વલે થઈ છે ? તેની ખબર કહાડવા મોકલ્યો. તે સીધો ચુનાવાલાને ત્યાં જઇ પહોંચ્યો. જે ચાકર જવાનો હતો તે તો બીરબલની પાસે રોકાયો અને પછી ગયેલો ત્યાં પ્રથમ જઇ પહોંચ્યો, તેથી સંકેત પ્રમાણે ચુનારે તેને ઉઠાવી ભઠીમાં નાંખી બાળી નાખ્યો, કારણ કે તે ચુનારાને એવો સંકેત બતાવ્યો હતો કે, 'જે સવારના પહોરમાં પ્રથમ નોકર તારે ત્યાં આવે તેને ભઠીમાં નાંખી બાળી નાખજે.'

અહા ! જેને રામ રાખે તેને કોણ ચાખે ? એ વાકયના પ્રતિતી આપવા દાખલો બસ છે ? હવે જે પ્રથમ ચુનારાને ઘેર જવા નીકળ્યો હતો તે નોકર બીરબલ પાસેથી અડધા કલાક પછી ચુનારાને ઘેર ગયો અને ચુનો લઇ બાદશાહ સમક્ષ જઇ ચુનો આગળ મુક્યો. તે જોઇ શાહને અત્યંત અજાયબી લાગી કે, 'અરે ! આ શી રીતે જીવતો પાછો આવ્યો !' આવો ચમત્કાર જોઇને ચાકરને પુછ્યું કે, 'તું જે વખતે ચુનો લેવા ગયો તે વખતે તને રસ્તામાં કોણે રોક્યો હતો ?' ચાકરે કહ્યું કે, 'સરકાર ! બીરબલજી પોતાના ઘરના ઓટલાપર બેઠા હતા તેમણે મને પોતાની પાસે બોલાવીને પુછ્યું કે સરકાર હમણાં ક્યાં બીરાજે છે ? તેના જવાબમાં મેં કહ્યું કે ચાહ પીવા બીરાજ્યા છે ? એમ કહી ચુનો લેવા ગયો અને આપનો હુકમ બજાવી આવ્યો.' ચાકરની આ હકીકત સાંભળી શાહને ખાત્રી થઇ કે, 'આ ચાકરને બીરબલની સ્હાયતા છે તેને સ્હાયતા ન હોતતો ક્યારનો જમપુરીમાં પહોંચી ગયો હોત ? ખેર ! એના નસીબ ! માટે હું જેટલી માથાકુટ કરીશ તેટલી ફોકટ જશે ? કેમકે જેની વારે બીરબલ છે તેને કોઇ કાંઇ કરી શકનાર નથી.' આવો આવો વીચાર કરી શાહે ચાકરને મોતમાંથી બચાવી જીવનદાન આપ્યું. અને બીરબલની અકલના વખાણ કરવા લાગો.

**સાર** - ઇસારા ઊપરથી વાતનું ખરૂં સ્વરૂપ જાણી, મ્હોટાઓના સપટામાં પોતાને અથવા બીજાને યુક્તીથી બચાવવાને બુદ્ધીની કેટલી બધી જરૂર છે. તેનો ખ્યાલ આ વારતા પરથી

કરી લેવો. કોઇ પણ માણસ કોઇ વખતે ભુલથી સાણસામાં સપડાઇ ગયો હોય તો તેને તેમાંથી બચાવી લેવો એજ મહોટા માણેસોનો ધર્મ છે. નાત જાતનો કાંઇ પણ તફાવત રાખવા વગર સઘળાની ઉપર દયા ભાવ રાખનાર માણસજ, જગતના લોકોની પ્રીતી સંપાદન કરી શકે છે.

-૦-

# વારતા બાસેઠમી.

-૦:૦-

## ખરાઅને ખોટા વચે કેટલો અંતર છે.

-૦:૦-

એક વખતે બીરબલને પુછ્યું કે, સાચાં અને ખોટાં વચે કેટલો અંતર છે?' તેનો જવાબ આપતાં બીરબલે કહ્યું કે, 'સરકાર ! ચાર આંગળનો. શાહે પુછ્યું કે, 'શી રીતે?' બીરબલે કહ્યું કે, સરકાર ! સાચાની તપાસ કરનાર આંખ છે, માટે આંખેથી જોયું તે ખરૂં, અને તેનાથી ચાર આંગળને છેટે કાન છે તેણે જે સાંભળ્યું તે ખોટું. માટે ખરા ખોટા વચ્ચે ચાર આંગળનો અંતર છે.' આ ખુલાસાથી શાહ ઘણો ખુશી થયો.

-૦-

# વારતા ત્રેસઠમી.

-૦:૦-

## આ ચોર કે શાહુકાર !

-૦:૦-

એક સમે શાહે દરબારીઓ સમક્ષ રાજનીતિ માટે પોતાના વીચારો દર્શાવી રહ્યો હતો. એટલામાં હમજાનખાન નામના પઠાણે આવીને નમ્રતાપૂર્વક કહ્યું કે, સરકાર ! આપના નગરમાં ઠઠામલ નામનો એક મુલતાની વેપારી રહે છે તે વેપારીને આ ચાલતા અસાડ સુદી પુનેમની રાત્રે મોતીના પચીસ દાણાનો એક હાર દસ હજાર રૂપીઆની કીંમત આંકીને આપ્યો છે. મારી પાસેથી હાર લેતી વખતે શાહુકારે કહ્યું હતું કે તમે આવતી કાલે સહવારના બાર વાગે આવજો. જો તમારો હાર મને પસંદ પડશે તો તેની કીંમતના દસ હજાર રુપીઆ આપીશ અને નહીં પસંદ પડે તો તમારો હાર તમને પાછો આપીશ. અમારી બંનેની વચે થયેલી સરત મુજબ હું આજ તે શાહુકાર પાસે ઉઘરાણી કરવા ગયો. મને ઉઘરાણી કરતો જાણી તે શાહુકારે એકદમ આંખ ચઢાવી મારા અંગ ઉપર ધસી આવી, ધમકાવીને કહ્યું કે, જા, જા, કોને ગળે પડે છે ? કેવો માલ ને કેવી વાત ? કોણ જાણે છે- આમ ધમકાવીને શાહુકારે મને આંગણેથી હાંકી કાઢ્યો.'

બીરબલે પઠાણની સઘળી હકીકત સાંભળી લેઇને, બીરબલે પઠાણને પુછ્યું કે, 'જે વખતે તમે તે શાહુકારને મોતીનો હાર દીધો તે વખતે તેના ઘરમાં બીજા કોણ કોણ હતા ? અને તે મોતીનો હાર લઇને શાહુકારે કઇ જગોએ મુક્યો હતો, તે તમે જાણો છો ?' બીરબલના જવાબમાં તે પઠાણે કહ્યું કે, 'અહો ન્યાયની ખુબી જાણનાર બીરબલ? મોતીનો હાર આપતી વખતે શેઠની શેઠાણી શીવાય બીજું કોઇજ નહોતું. શેઠે શેઠાણીના હાથમાં મોતીનો હાર એક સાચા મોતીની પેટીમાં મુકવાને આપ્યો, શેઠાણીએ શેઠની પાસેથી કુંચીઓનો ઝુડો લઇ, તે પેટી ઉઘાડી પેટીમાં મુક્યો અને મને બીજા દીવસના બાર વાગે બોલાવ્યો.' આ સાંભળી બીરબલે પઠાણને કહ્યું કે, 'જે પેટીમાં તમારો હાર મુક્યો છે, તેનાજ જેવી એક પેટી બજારમાંથી લાવી મને આપો. પઠાણ તરત બજારમાં ગયો, અને મહામુસીબતથી તેવા આકારવાળી પેટી શોધી કાઢીને બીરબલને લાવી આપી. બીરબલે તરત પેટી લઇને તે પઠાણને એક બાજુએ સંતાડી મુક્યો.

બાદ ઠઠામલને બોલાવ્યો. અને તે ખરીદ કરેલી પેટી પોતાના ટેબલપર મુકી બીરબલે કચેરીમા પટાવાળાને કહ્યું કે, 'જે વખતે ઠઠામલ શેઠ કચેરીમાં આવે તે વખતે હું તને કહીશ કે આ પેટીની ચાવી મારી કનેથી ખોવાઇ ગઇ છે. અને તેમાં આ શાહુકારના અગત્યના પત્રો છે, તે તેમને દેવાના છે.માટે લુહારને બોલાવી લાવ, ત્યારે તું કહેજે કે એમ કરવાથી

તો ઉલટી પેટી બગડી જશે, માટે આવતી કાલે હું આવી પેટી જેની પાસે હશે તેની પાસેથી ચાવી લઇ આવીશ એમ તું કહેજે.' એટલામાં ઠઠામલ શેઠ દરબારમાં દાખલ થયો. બીરબલે તેને માન આપી પોતાની પાસે બેસાડી પા એક કલાક સુધી આડી અવળી વાતો કરી શેઠને ભારમાં નાખ્યા. બાદ બીરબલે નોકરને કહ્યું કે, 'આ પેટીની ચાવી મારી પાસેથી ગુમાઇ ગઇ છે, તેમાં શેઠના ખાનગી કાગળો છે, તે તેમને આપવાના છે, માટે લુહારને તેડી લાવ.' પટાવાળાએ કહ્યું કે, 'એમ કરવાથી તો નાજુક પેટી બગડી જશે. માટે આવતી કાલે હું તપાસ કરીશ. અને એના જેવી પેટી જેની પાસે હશે, તેની પસેથી ચાવી લઇ આવીશ.' બીરબલે પટાવાળાને કહ્યું કે, 'આજનો દીવસ ઢીલમાં નાખવાથી શેઠને પાંચ હજાર રૂપીઆનું નુકશાન થાય એમ છે.' બીરબલના આ શબ્દો સાંભળતાંજ શેઠે વીચાર કરીને કહ્યું કે, 'મને નુકસાન થાય એમ કરસો નહીં એના જેવીજ મારી પાસે પણ એક પેટી છે, તેની ચાવી આ પેટીને લાગુ થશે.' શેઠની આ વાત સાંભળી બીરબલે શેઠને કહ્યું કે, 'ઘણીજ સારી વાત થઈ, ચાવી આપો તો પેટી ઉઘાડી નાખીએ. શેઠે કહ્યું કે, 'ચાવીનો લુમખો ઘેર રહી ગયો છે તે હમણાં જઇને લઇ આવું.' બીરબલે કહ્યું કે, 'નાજી, તમને મહેનતમાં નખાય ? નોકરને નીશાની આપો, તો તે તરત લઇ આવશે.' શેઠે પટાવાળાને કહ્યું કે. 'મારે ઘેર જઇ શેઠાણીને કહેજે કે મારા કબાટના ખાનામાં ચાવીઓનો ઝુડો છે તે આપો.' એટલે પટાવાળો લેવા ચાલ્યો. તરત બીરબલ બહાર આવી પટાવાળાને કહ્યું કે, 'શેઠાણીને જઇને કહેજે કે, 'જે પેટીમાં તમે પચીસ મોતીનો હાર મુક્યો છે, તે ઘરાકને દેખાડવા માટે શેઠે મંગાવીઓ છે માટે આપો, તે આપે તે તું લઇ ગુપચુપ મને આપજે.' બીરબલની વાત ધ્યાનમાં રાખી પટાવાળો દોડતો શેઠાણી પાસે જઇને ચાવીના લુમખાની નીશાની આપી મોતીનો હાર માગીઓ. શેઠાણીએ તરત કાઢી દીધો તે લઇને પટાવાળાએ ગુપચુપ આવીને બીરબલને દીધો. બીરબલે તરત એક ઝવેરીને બોલાવીને તેની પાસે તે મોતી જેવડાં બીજા સો મોતી મંગાવીઆ, ઝવેરી મોતી લાવીઓ તે ભેગા ૨૫ મોતીના દાણા એક હારમાં પાંચ પાંચ મોતીને આંતરે એક એક મોતીનો દાણો પરોવીને, પઠાણને બોલાવી કહ્યું કે, 'આ હારમાં તમારા મોતી હોય તો ઓળખી કાઢો ? પઠાણે તે હાર પોતાના હાથમાં લઇને બહુ બારીકીથી તપાસીને પોતાના જે પચીસ દાણા હતા, તે દેખાડીને કહ્યું કે, 'આ દાણા મારા છે.' તે સાંભળી બીરબલે જાણ્યું કે દાણા તો પઠાણના ખરા. પણ હવે શાહુકાર શું કહે છે તેજ જોવાનું છે. બાદ બીરબલે મોતીના પચીશ દાણા લઇને પોતાની પાસે રાખીને પઠાણને કહ્યું કે, 'જે શાહુકાર કચેરીમાં બેઠા છે, તેની પાસે હું જાઊં છું ત્યાં આવી તમારે ફરીઆદ કરવી.' એમ કહી બીરબલ કચેરીમાં ગયો. આ બનાવ સંબંધી ઠઠામલ શેઠતો અણવાકેફ હતો. તેતો એમજ સમજતો હતો કે, પટાવાળો હજી ચાવી લઇને આવ્યો નથી. એટલામાં પઠાણે આવી ફરીઆદ કરી. તે સાંભળી બીરબલે પઠાણના મોતી માટે ઠઠામલ શેઠને પુછ્યું, પણ તે

કબુલ ન કરવાથી બીરબલે શેઠને બહુ સમજાવ્યા, પણ શેઠ તો એક ટળીને બે થાય નહીં. તેથી બીરબલે બંનેની જુબાની લીધી, પણ આ બેમાંથી સાચો કોણ તે ન્યાયી અદાલતમાં બતાવી આપવાને શેઠની શેઠાણીને અદાલતમાં બોલાવી. તેની સાક્ષી લેતાં બીરબલે શેઠાણીને પૂછ્યું કે ગઈ કાલે શેઠે તમને મોતીના ત્રીસ દાણા આપ્યા હતા, અને આજે મંગાવ્યા તો પચીશ કેમ મોકલ્યા ?' તેના જવાબમાં શેઠાણીએ કહ્યું કે, 'સાહેબ, શેઠ આપની પાસે મોજુદ છે, તેમ પઠાણ પણ હાજર છે, તેને પુછો કે, મને પચીશ કે ત્રીસ આપ્યા હતા.' એટલામાં શેઠ બોલવા જતા હતા. પણ તરત બીરબલે શેઠને વચમાં બોલતા અટકાવીને શેઠાણીને પુછ્યું કે, શેઠે ગઇ કાલે મોતીના દાણા પચીશ તમને આપેલા તે આજ કે બીજાં. શેઠાણીએ કહ્યું કે, હાજી તેજ આ છે, બીજા નથી.' આ સાંભળી બીરબલે તરત શેઠાણીને રજા આપી. પછી શેઠની ઉપર પારકો માલ હજમ કરી જવાનું તોહમત રાખી શીક્ષા કરી અને પઠાણને મોતીના દાણા આપી રજા દીધી.બીરબલનો આ અદ્‌ત ઇન્સાફ જોઇ શાહ અને દરબારીઓ છક થઇ ગયા.

-o-

# વારતા ચોસેઠમી.

-O:O-

## દાન કરતી વખતે કોનો હાથ નીચે.

-O:O-

એક વખતે શાહે બીરબલને પુછ્યું કે, 'બીરબલ ! જગતમાં દાન કિંવા દાન દેનારનો હાથ ઉપર અને દાન કે વસ્તુ લેનારનો હાથ નીચે હોય છે, પણ કોઇ સમે એવું બને છે કે દાન યા વસ્તુ દેનારનો હાથ નીચે અને દાન કે વસ્તુ લેનારનો હાથ ઉપર હોય ? આ એજાયબી ભરેલો સવાલ સાંભળી બીરબલે વીચાર કરીને કહ્યું કે, 'સરકાર ! એમ પણ કોઇ સમે બને છે કે તપખીર આપનાર માણસનો હાથ નીચે અને તપખીર સુંઘનારનો હાથ ઉપર હોય ?' બીરબલનો આ જવાબ સાંભળી તમામ દરબાર છક બની ગઇ.

-O-

# વારતા પાંસેઠમી.

-0:0-

## નદી શા માટે રડે છે ?

-0:0-

## રાજ હઠ, બાળ હઠ, યોગી હઠ, શડકણી નારી હઠપુરણ કરવી ન સહેલી.

ચોમાસામાં જમના નદીના કીનારા પર આવેલા રાજ મહેલમાં એક સમે અકબર શાહ સુતો હતો. તેવામાં એકાએક નદીમાં સપાટાબંધ પાણીનું પુર આવ્યું. તેનો ખળખળાટ સાંભળી શાહ વીચાર કરવા લાગ્યો કે હમણા અરધી રાતની વખતે આ નદી રડે છે તેનું શું કારણ હશે ? હજી સુધી મારા રાજમાં કોઇ પણ દુખી નથી છતાં શા દુખથી નદી આટલો બધો વીલાપ કરતી હશે ? એજ વીચારની લ્હેરમાં ચઢી જઇને ચોકીદારોને બોલાવીને પુછ્યું કે, આ સમે નદી શા માટે રૂદન કરી રહી છે ? આ પ્રમાણે શાહનું બોલવું સાંભળી ચોકીદારોએ તેનો જવાબ ન આપવાથી શાહે તરત કેટલાક દરબારીઓને તેજ વખતે બોલાવીને તેજ સવાલ તેઓને પુછવાથી, તેઓ તેનો જવાબ ન આપવાથી શાહે તરત બીરબલને બોલાવવા માટે સીપાઇને મોકલ્યો. અરધી રાતે સીપાઇને આવેલો જોઇ, બીરબલ મન સાથે કહેવા લાગ્યો કે, 'હમણાં શું કામ હશે ? શા માટે બોલાવ્યો હશે ? ગમે તેમ હો. પણ જવું તો જોઇએજ ?' આવો વીચાર કરી તરત બીરબલ સીપાઇ સાથે નીકળી શાહ હજુર આવી સલામ કરી શાહ આગળ આવી બેઠો. તે જોઈ શાહે તરત બીરબલને પુછ્યું કે, 'નદી શા માટે રડે છે ?' શાહનો આ સવાલ સાંભળી બીરબલે મનમાં વીચાર કીધો કે, વરસાદના જોરથી એકદમ નદીમાં પુર આવ્યું છે, તેના ખળભળાટથી શાહ ઝબકી ઉઠ્યો છે, તેની શંકાનું સમાધાન કરવું જોઇએ. આમ વીચારીને બીરબલે કહ્યું કે, 'હજુર ! નદી રૂવે છે કારણ એ છે કે, નદીનું માવીતર પર્વતમાં છે, અને સાસરૂં સમુદ્રમાં છે. માટે માવીતરથી નીકળી પોતાના પતિ રૂપ સમુદ્રને મળવા જાય છે. માટે સંસારના વ્યવહાર પ્રમાણે સાસરે જતા, થતાં માબાપના વીયોગને લીધે રૂવે છે. એ સાંભળી શાહ ઘણો ખુશી થયો, અને ખરા કારણનો ખુલાસો જાણવામાં આવવાથી બીરબલની બુદ્ધિ માટે ઘણીજ તારીફ કરવા લાગ્યો.

**સાર** - રાજા અને વિદ્વાનો ગમે તેવા બુદ્ધિવંત હોય પણ તેમના અંતરમાં જે શંકા ઉત્પન્ન થાય છે, તેનું સમાધાન અનુભવી, વીદ્વાન અને જ્ઞાનીજ કરી શકે છે.

-0-

## વારતા છાસઠમી.

-0:0-

## સબસે બડા કોણ ?

-0:0-

ઔષધ અંજન યોગ વીધી, યંત્ર મંત્રને તંત્ર,
દેવાદીક વિશ્વાસથી, શીઘ્ર સીદ્ધી હોય સંત.

એક વખતે શાહે બીરબલને પુછ્યું કે, 'બીરબલ ! સબસે બડા કોણ ? દેવ કે યેકીન? બીરબલે કહ્યું કે,

અહીંઆં નવરંગપીરની ખુબ વીખ્યાતી પ્રસરી જવાથી, બીરબલે તે નવરંગ પીરની દરગા તરફ શાહને ફરવા લઇ ગયો. માનતાએ આવતા લોકોના ટોળાને જોઇને શાહે બીરબલને પુછ્યું કે, 'બીરબલ ! આ કયા ઓલીયા પીરની દરગા છે.' બીરબલે કહ્યું કે, 'શું આપ હજી સુધી જાણતા નથી ? આ નવરંગ પીરના ચમત્કારોથી હજારો લોકો માનતાઓ કરવા આવે છે.'

આ સાંભળી શાહ અજાયબીમાં ગરકાવ થઇ, નવરંગ પીરની દરગાહમાં ગયો, તેનો ઠાઠમાઠ તથા માનતાઓના આવેલી વસ્તુઓના મ્હોટા ઢગલાઓ જોઇ યેકીન આની શાહે કહ્યું કે, 'ખરેખર આ કોઇ ચમત્કારીક ઓલીઓ છે માટે મારે પણ મારી માનીતા રાણીને કોઇ કાળી બલા વળગી છે તે જો બલા ટળી જશે તો સોનાનું છત્ર ચઢાવી ફકીરોને જમાડીશ. આ પ્રમાણે મનમાં માનતા રાખી, નવરંગ પીરના મહીમા સંબંધી વાતો કરતાં પોતાના રંગમહેલમાં આવ્યા. વિશ્વાસથીજ વિશ્વનાથ મનની સઘળી આશાઓ પુરણ કરે છે. અને એજ શ્રદ્ધાથી શાહની ઇચ્છા પાર પડવાથી શાહે નવરંગ પીરની માનતા કરી.

નવરંગ પીરની માનતા કર્યા પછી શાહે તરત બીરબલને કહ્યું કે, 'બીરબલ ! યેકીન મોટું કે દેવ ? જો અમારા નવરંગ પીરમાં ખરે ખરૂં સત હતું તોજ મારી ધારેલી ધારણા પાર પડી. પણ જો તેમાં સચાઇ ન હોત તો યેકીન રાખવાથી શું વળત ? માટે કબુલ કરો કે યેકીન કરતાં દેવ મોટા છે !' તે સાંભળી બીરબલે શાહની સમક્ષ તે નવરંગ પીરની કબર ખોદાવી મરેલા ગધેડાનું હાડપીંજર બતાવીને બીરબલે શાહને કહ્યું કે, 'કહો કે યેકીન મોટું કે દેવ ? જો દેવ મહોટા કહોતો આ મુવેલ ગધેડામાં દેવાતન ક્યાં રહ્યું ? પરંતુ આપે યેકીન પર

વીશ્વાસ રાખવાથીજ આપની ઉમેદ પાર પડી છે. માટે દેવમાં દેવાતન કે મહતા જે ગણો તે માત્ર યેકીનને આધીનજ રહેલી છે, તેથીજ દેવ મહોટા નહીં, પણ યેકીન મહોટું છે.'

બીરબલનો આ તાત્કાલીક પુરાવો જોવાથી શાહના મનની ખાત્રી થઇ કે સબસે બડા યેકીન હે. એ સીધ્ધાંતને સત્ય ઠેરાવી શાહે બીરબલને ધન્યવાદ દીધો.

-o-

# વારતા ૬૭ મી.

-0:0-

# અકબરનો પ્રપંચ

-0:0-

એક સમયે શાહે બીરબલ પ્રત્યે કહ્યું કે "મારા શાહજાદાને વજીર પુત્રની સાથે સ્નેહ જોડ્યો છે અને પલવાર તે બન્ને અલગ પડવા પામતા નથી, પરંતુ મને એ ફીકર વધારે થાય છે કે વજીર પુત્રનાં લક્ષણો સારાં નથી માટે તેના સહવાસમાં શાહજાદો વિશેષ રહેતો સોબતની અસર લાગ્યા વિના રહેજ નહીં અને તે નઠારી અસરથી છેવટ પ્રજાને પીડાકારક નીવડે માટે શાહજાદાને ખોટું ન લાગે તેમ વજીર પુત્રને પણ ઓછું ન લાગે તેવી કોઇ યુક્તિવડે એ બન્નેના મન જુદા પડી જાય તો વધારે સારૂં, નહીં તો પાછળથી પસ્તાવાનો પાર રહેશે નહીં !' આ પ્રમાણે શાહનાં દીર્ઘદ્રષ્ટિ યોજક અને પ્રજાહિત ચિંતક વાક્યો સાંભળી બીરબલે કહ્યું કે, 'ગરીબ પરવર આપ જરા પણ ચીંતા કરશો નહીં. હું માત્ર આજ સંધ્યા પડ્યા પહેલાંજ એ બન્નેનાં મન વિખુટાં પાડી દેઈશ અને શાહજાદાના મનમાં મારી યુક્તિથી માઠું પણ લાગશે નહીં.' આ પ્રમાણે બીરબલનું વાક્ય સાંભળી શાહને આશ્ચર્ય ઉત્પન્ન થયું અને બીરબલ પ્રત્યે જણાવ્યું કે, 'મારા સાચા સ્નેહી ! ઘણા દીવસનો લાગેલો સ્નેહ કીંચીત વારમાં શી રીતે તોડી શકીશ ? પ્રેમગ્રંથી અતી તીવડ હોય છે ? કારણ કે "જશો બંધન પ્રેમકો, તૈસો બંધન ઔર, કાઠસી બેદે કામળી છેદન નીકરે ભોંર' તેમજ 'દેહકું છેહ દએ ઇતનેપર નેહકું છેહ પ્રબીન ન દેહૈ.' માટે શું એ અમુલ વાક્યોને અસત્ય પાડવાં ધારે છે ? તે સાંભળી બીરબલે પ્રત્યુતરમાં જણાવ્યું કે "નામદાર આપનુ કહેવું સત્ય છે અને પ્રેમ એ અલૌકીક ચીજ છે; કેમકે 'ધન દે કે જીય રખીએ, જીય દે રખીએ લાજ ધન દે જીય દે લાજ હે, એક પ્રીતકે કાજ ! તો પણ કહ્યું છે કે "જલ પય સારવ બિકાય, દેખે હું, પ્રીતકી રીત ભલી, વીલગ હોઇ રસ જાય કપટ ખટાઇ પરત હી. માટે એક એકના મનમાં જુદાઇ લાવવા યત્ન આદરવો જોઇએ, ખુદાવિંદ "ભલી કરત લાગે વિલંબ, વિલંબ બુરે બિચાર, ભુવન ચનાવત દીન લગે પણ ઢાહ ન લગૈ બતાર'. ખોટું કરવું એતો ઘણુંજ સ્હેલ છે માત્ર કોકનું સારૂં કરવું અતિ મુસ્કેલ છે." એમ કહી બીરબલ શાહની આજ્ઞા લેઇ જ્યાં શાહજાદો અને વજીરજાદો પ્રેમમુર્તી બની બેઠા હતા ત્યાં ગયો અને વજીરજાદાને બોલાવી કાનમાં છાની વાત કહેતો હોય તેવો ભાવ બનાવ્યો અર્થાત કશું ન બોલતાં કાન સરખું મોઢું લગાડી થોડીવાર પછી ઉતાવળેથી બોલ્યો કે મેં જે વાર્તા કહી તે કોઈને પણ કહેશો નહીં !' એટલું જ બોલી બિરબલ ત્યાંથી રસ્તો પામ્યો, તદંતર શાહજાદો વજીરજાદા પ્રત્યે પુછવા લાગ્યો કે "પ્રીયમીત્ર ! બીરબલ શું ગુપ્ત વાર્તા કર્ણપુટમાં જણાવી ગયો ? આ પ્રમાણે શાહજાદે પુછ્યું.

બીચારો વજીરજાદો જો બીરબલ કશીપણ વાત કાનમાં કહી ગયો હોય તો કહેને ? તેથી તેણે શાહજાદા પ્રત્યે જણાવ્યું કે "મીત્રવર ! બીરબલજી ખાલી પોતાનું મોઢું મારા કાન પાસે રાખી ગુપ્ત વાત કહેવા સરખો ભાવ બતાવી ગયા છે. પણ કશી વારતા કહી ગયા નથી એટલે આપને શું કહું ?

આ સાંભળી શાહજાદે જણાવ્યું કે 'વ્હાલા દોસ્ત તેમણે (બીરબલે) ગુપ્ત વારતા કોઇને ન કહેવાની ભલામણ કરી છે તેથી તું વાતનેજ ગલત કરી નાંખે છે, પરંતુ હું કાંઇ કોઇ નથી, કિંતુ એક આત્મરૂપ છું માટે કહેવામાં કશી અડચણ નથી !' આવાં વાક્યો સાંભળતાં વજીરજાદો અતી ખેદવંત બની બોલ્યો કે "શું ત્યારે હું આપને ખોટાં બાનાં બતાવી વાતને છુપાવું છું ? કોઇ દીવસ નહીં અને આજ શું મારા મનમાં આપ માટે જુદાઇ ભાસી હશે ? છટ અત્યારનું બોલવું બીલકુલ આપનું ગેરવ્યાજબી છે." આવા વજર સરખા કઠોર વચનો સાંભળી શાહજાદે જણાવ્યું કે "તું ગમે તેવી યુક્તિ પ્રયુક્તિથી સમજાવ, પણ હુ તે તારી વાત કબુલ કરનાર નથી, કેમકે મેં નજરથી જોયેલ છતાં તું ઉલટો ચોર કોટવાલને દંડે તેવો પ્રકાર કરે તે શી રીતે માનું ? અજીજ બીરાદર ? તારી આ વખતની વર્તણુંક પ્રીતીને ખાસ લાંછન આપવા સરખી છે, કેમકે 'પ્રીત તહાં પડદો નહિ, પડદો તહાં ન પ્રીત, પ્રીત તહાં પડદો રહ્યો (તો) સોહી પ્રીત વિપરીત.' ભલે હવે તારા આટલા વર્ષની પ્રીત ઉપર પાણી ફેરવવું હોય તો કંઇ હું કહી શકતો નથી ! જો સેલડીના સાંઠામાં પણ જ્યાં ગાંઠો હોય છે ત્યાં મીષ્ટ રસ હોતો નથી, પણ ગાંઠા વગરની જગ્યાએ રસ હોય છે માટે જરા વિચારી જો ! કેમકે 'જે મતી પીછે ઉપજે, સો મતિ પહેલી હોય, કાજ ન વિણસે આપણો, દુર્જ્જન હશે ન કોય." આવાં આવેશયુક્ત શાહજાદાનાં વચનો સાંભળી વજીર જાદે અરજ કરી કે "અરે ! મારા દિલજાન દોસ્ત નાહક આવાં કઠોર વાક્ય બાણોવડે મારૂં કોમળ-પ્રેમી કાળજું શા માટે ચીરો છો ? અને દુરજનો તો આપણા વચ્ચે નિકટનો સંબંધ થયો જોઈ ગમે તે ખટપટ લગાવી વિખુટા પાડવા ઉદ્યમ ચલાવશે પણ આપ એવી નજીવી શંકાને મહા બળવાન ગણી સાચી માનો તો પછી મારો ઉપાય નથી બાકી હું સાચે સાચું કહું છું કે, મને બીરબલજી કશી પણ ગુપ્ત વારતા કરી ગયા નથીજ !' આ પ્રમાણે વજીર જાદે જણાવ્યું ત્યારે શાહજાદે કહ્યું કે, શું બીરબલજી જેવા અક્કલ બહાદુર અને ચતુર શિરોમણી નરો પણ દુર્જ્જનની પંક્તિમાં છે ? અને એમને આપણી સાથે શું વૈર હતું ? કે આવી દુષ્ટ હીલચાલ ચલાવે ? હશે એ હવે તને પુછવા માંગતો નથી આખરે તેં તારી વર્તણૂંક અમલમાં આણી' હાથે કરીને પોતાના પગ ઉપર કુહાડો માર્યો' ખેર ! તારા ભવિષ્યમાં પ્રીતિ રૂપી અમૃતનો સ્વાદ લેવો લખ્યો નહિ હોય ? એટલે હું શું કરૂં ? બસ ! હવેથી તું મારી પાસે મિત્રભાવ સમજી આવતો નહી ! જેમ સહુને બોલાવું છું તેમ તને પણ બોલાવીશ. જો કે તારા બુરામાં

હું એક શબ્દ પણ બોલનાર નથી પણ હવે શાહજાદા મારા મીત્ર છે એમ કોઇ વખતે તું સમજતો નહિ. બસ આજથી છેલ્લી સલામ છે.

-o-

# ભાગ આઠમો

## વારતા અડસઠમી

-0:0-

## મનની મહોટાઈ

-0:0-

સુજ્ઞ રાયના રાજ્યની, પ્રજા હોય પણ સુજ્ઞ.
તાજો તેનો દાખલો, વાંચો વિવેકી તજ્ઞ.

એક દીવસે શાહ નગરની ચરચા નીહાળતો નીહાળતો નગરના મધ્ય ભાગમાં આવેલા ચોકમાં આવી લાગ્યો. તે વખતે એક ઘરડી ડોસી પોતાના હાથમાં એક તરવાર પકડી, પોતાની સાથેનાં હથીઆરબંધ માણસો સાથે ઊભી હતી. તે જોઇ, શાહ તરત તે ડોશીની આગળ જઇને પુછ્યું કે, 'બાઇ ! આ હથીઆરબંધ માણસો સાથે તરવાર પકડી શા માટે ઉભાં છો ?' ડોશીએ કહ્યું કે હજુર ! મારી તરવાર મને આ માણસોના હાથમાંના હથીઆરો વેચવા માટે ઉભી છું.' આ સાંભળી શાહે કહ્યું કે, 'જોઊ એ તરવાર કેવી છે ?' ડોશીએ તરત પોતાની તરવાર શાહને આપી. શાહે તરત મ્યાનમાંથી બહાર કાઢીને જોઇ તો, કટાયલી અને બુઠી લાગી. તેથી શાહે તરત તરવારને મ્યાનમાં નાખી, ડોસીને પાછી આપી. તરવારને હાથમાં લેતાજ ઝડપ કરતાં મ્યાનમાંથી બહાર કાઢીને જોવા લાગી. જાણે આ તરવાર મારી છે કે બીજાની, એવા ભાવથી તે ડોસી વારંવાર તરવારને આમથી તેમ ફેરવીને જોવા લાગી. આ જોઇ શાહે પુછ્યું કે, 'અરે ડોસી ! સશંક મુદ્રા વડે તરવાર તરફ ધારી ધારીને શું જુઓ છો ! તે સાંભળી ડોસીએ શાહને કહ્યું કે, 'હજુર હું મારી તરવાર બદલાઇ છે એવી શંકા લાવી જોતી નથી. પણ હું તો એ જોઉં છું કે પારસ સરખા આપના હાથનો મારી તરવારને સ્પર્શ થયો છતાં સોનાની કેમ ન બની ? હું કેવી ભાગ્યહીણ છું ? તેજ તપાસું છું. ડોસીનું આવું ચમત્કારીક બોલવું સાંભળી, શાહે તરત તે ડોસીની તરવારની ભારોભાર સોનું આપવાનો હુકમ કર્યો. શાહનો આ હુકમ સાંભળી ડોસી આનંદ પામી. શાહને આશીશ દેતી પોતાના ઘરનો રસ્તો લીધો !

**સાર**--ડોસીના મનનો હેતુ જાણનાર શાહ, ડોશીની ઉપર જરા પણ રીસ ન ચડાવતા કેવી ઉદારતા બતાવી ? પ્રજાની દાઝ જાણનાર અકબર જેવા શાહ તો આ જગતમાં થોડાજ જન્મનાર છે.

-0-

# વારતા ઓગણોતેરમી

-0:0-

## અવગુણ ઉપર ગુણ

-0:0-

### પર નરની જે પીડા, જાણે જન તે છે જગમાં વારૂ,
### છીદ્ર ન પેખે છળથી, વડપણ ધારી સદા ચહે સારૂં.

એક દીવસની સાંજે શાહ સુલતાન હજરત નીજામુદીન ઓલીઆની દરગાહમાં બંદગી કરવા માટે ગયો હતો. દરગાહના દરવાજામાં દાખલ થતાંજ, ત્યાં ઉભેલા એકવેષધારી ફકીરે શાહને દવા આપી હાથ મેળવવા હાથ લાંબો કીધો. શાંઇહે અપમાન ન થાય તેટલા માટે શાહે પણ હાથ લાંબો કરી મેલાવ્યો. બંને જણ એકમેકનો હાથ પકડી દરગાહમાં અરસપરસની વાતો કરતા ચાલ્યા. જ્યારે શાહને વાતોમાં તલ્લીન થયેલો જોઇને તે ફકીરે ધીમેથી હાથ ચાલાકી કરી શાહના હાથમાંની અમુલ્ય હીરાની વીંટી પસાર કરવાનો પ્રયત્ન ચલાવ્યો. પણ તે પ્રયત્નમાં તે નીષ્ફળ નીવડવાથી નીરાશ પામી તે વેષધારી ફકીર છપાંચ ગણી ગયો, શાહ પણ દર્શન કરી પોતાને મેહેલે ગયો. અને નોકરોને બોલાવી એક હજાર રૂપીઆ આપી તે વેષધારી ફકીરના ચહેરા વગેરેની નીશાની આપી દરગાહમાં જઇ તે ફકીરને શોધી કાઢવાનો હુકમ કરયો. તે મુજબ નોકરોએ બહુ તપાસ ચલાવી પણ તેઓની શોધમાં ન મળવાથી નોકરો પાછા આવી સઘળી હકીકત શાહને કહી. તેથી શાહ અફસોસ કરવા લાગ્યો કે " અરેરે ! બિચારો ગરીબ સાંઇએ વીંટી કાઢવા પુષ્કળ યત્ન આદરયું. પણ તેમાં નિરાશ થયો અને તેની દુખાવસ્થા વીચારી ગુજરાન થવા યોગ્ય રકમ મોકલાવી ત્યારે તેનો પતો લાગ્યો નહીં; જો બીજે ઠેકાણે એનો હાથ ભરાયો હોત તો મારી અંગુઠી કહાડી લેવા યત્ન આદરતજ નહીં. કેમકે જે ચોર બદમાસને શીક્ષા કરનાર અત્યારે હું વિદ્યમાન છું છતાં તે શિક્ષાનો પણ ભયે ના રાખતાં મરવુંજ આદરી ખુદ મારી અંગુઠી કાહાડી લેવા હીમ્મત ભીડી શાબાશ છે તેની હીમ્કાતને ! પરંતુ મને એજ લાગી આવે છે કે એની દયામણી દયા મારા જાણવામાં આવ્યા છતાં તે દુઃખીજ રહ્યો ? ત્યારે હવે એ કેવા પ્રકારે સુખી થશે ? અર્થાત હવે કોની યાચના કરશે ? કિંવા કોણ તેનું દુઃખ હઇયે ધરશે ?

**સાર**--ફકીરના અપરાધ પર કોપ ન બતાવતા, તેની હીંમત પર ફીદા થઇ તેની ગરીબાઇ તરફ નજર દોડાવી કેવી ઉદારવૃત્તી બતાવી. ધન્ય છે એવા બુદ્ધિવાન રાજાઓને ?

-0-

# વારતા શીતેરમી

-0:0-

## દીકરાની વાત માએ કબુલ રાખી

-0:0-

દાન માન શન્માનને, ખાવ પાન વરદાન;
પાત્ર પ્રમાણે હોય તો, શોભા લહે સુજાણ.

એક સમય કોઇ એક પારધી એક પંખીને પકડી તેને સોનેરી અને વીવીધ રંગથી રંગી ખુબ સુરત બનાવી જ્યાં નામદાર અકબર શાહનો પાટવી શાહજાદો કે જે જહાંગીર નામથી પ્રખ્યાત હતો તે પોતાના મીત્રો સહ દરબારગઢમાં ખેલ ખેલતો હતો ત્યાં તે પારધી પંખીને લઇ આવી પોહચ્યો અને અરજ કરી કે "નામદાર! ઘણા પાહાડ જંગલોમાં રખડી બહુ મહેનતે આ સુંદર પંખી આપ માટે લાવ્યો છું માટે આપ લ્યો અને મહેરબાની કરી મને એક હજાર રૂપીઆ આપીદો તે અરજ સાંભળી સુંદર પંખીને ધારી ધારીને નીહાળ્યું અને શાહજાદાનું મન તે પંખીને માટે લલચાયું તેથી તે પાંજરૂ હાથમાં પકડી પારધીને ત્યાંજ ઉભો રાખી પોતે ખુશી થતો પોતાની દાદી મા અગાડી ગયો અને કહેવા લાગ્યો કે, " દાદી માજી! આ પંખી કેવું ઉમદૃં છે? એક ગરીબ માણસે નજરાણા દાખલ આપ્યું છે માટે તે ગરીબ માણસને એક હજાર રૂપીઆ આપો' આ પ્રમાણે શાહજાદાનું બોલવું સાંભળી હુરમ સાહેબ બોલ્યાં કે " ભાઇ! હજુ તું બાળક છે માટે બનાવટી ચીજને પણ સાચી સમજે છે. શું આવું સોનેરી પાંખ અને વીચીત્ર મનોહર રંગવાળું પંખી તે કદી પણ દેખ્યું કે સાંભલ્યું હતું? ભાઇ આપણે રાખવા લાયક નથી, આતો રંગથી રંગીને તને ફોસલાવવા માટે તે પારધી લાવેલ છે, માટે આ પંખી તેને પાછું આપ અને ગુપચુપ ખેલ ખેલો.

જ્યારે ઉપર પ્રમાણે દાદી દીકરાનો સંવાદ થયો ત્યારે ખુદ શાહ અકબર પણ ત્યાં હાજરજ હતો તેથી માતુશ્રીનું ઉક્ત પ્રમાણે બોલવું સાંભળી બોલ્યો કે " માજી સાહેબ! આ શાહજાદો છે તેથી લોકો એની આશા રાખી ન ફોસલાવે અને ફાયદો ન મેળવે તો પછી બીજી કોની પાસે જઈ પોતાને ફાયદો થાય તેવી ઉમેદ રાખે? જ્યાં ભરયું સરોવર હશે ત્યાંજ પશુ પંખી અને પંથી આવી તૃષા મટાડી આનંદ લેવાની આશા રાખશે પણ સુકાઇ ગયેલું સરોવર કે જ્યાં સંખલા ઉડતા હશે ત્યાં જવાની કોઇ પણ આશા રાખશેજ નહી માટે આપણી વડાઇ વીચારવીજ જોઇએ તેમ શાહજાદાને તેવાંજ નજરાણાં થવા લાયક છે માટે એક હજાર

રૂપીઆ આપી દેવા યોગ્ય છે.' આ પ્રમાણે શાહનું બોલવું સાંભળી માજી સાહેબે ફરમાવ્યું કે " હજાર રૂપીઆ મારી પેટીમાં નથી પણ સો સોના મ્હોર પડેલી છે માટે તે તેને આપી દો.' એમ કહી પેટી ઉઘાડી સો અસરફીઓ ( સોના મહોરો ) શાહજાદાને આપી અને શાહજાદાએ ઝડપ તે પારધીને તે મહોરો આપી વિદાએ કર્યો.

**સાર**--બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા જેવો શાહ ઉદાર હતો, તેવોજ જહાંગીર હતો. જહાંગીરની માંગણી દાદીએ સ્વીકારવા ના પાડી, પણ અકબરે પોતાની માતાને સમજાવી કે ગરીબ પ્રજાની હમેશાં રાજકરતાઓએ દાદ સાંભળી તેને તન મન ધનથી રીઝવવી એ રાજ કરતાનો ધર્મ છે. અકબરનાં આ નીતીબોધ વચનો સાંભળી રાજમાતાએ તરત હજારને બદલે અઢારસોની મતા આપી પારધીને રીઝવ્યો. મ્હોટાઓનાં મન સદા મ્હોટાં હોય છે.

-0-

# વારતા એકોતેરમી

-O:O-

## અવગુણ ઉપર ગુણ

-O:O-

મનુષ્ય માત્રના અંગમાં, ગુણ અવગુણ કે નુર;
માતા તાતા મોશાળની અસર છે એજ જરૂર.

દીલ્લી શહેરમાં એક લક્ષ્મિચંદ નામનો સદગૃહસ્થ રહેતો હતો. તેની સદગુણ સંપન્ન સ્ત્રીનું મરણ થવાથી તેણે પુનઃલગ્ન કર્યું અને તે નવીન સ્ત્રીની સંગાથે સંસાર સુખ ભોગવતા એક સુંદર પુત્ર રત્ન પ્રાપ્ત કર્યું.

સદરહુ શેઠની ગત થઇ ગયેલી સ્ત્રીના પણ બે પુત્ર હતા તેઓ પોતાના ધંધા રોજગારમાં આનંદમાન વિહાર કરતા હતા જ્યારે આ નવીન પરણેલી સ્ત્રીથી એક પુત્ર ઉત્પન્ન થયો અને તે પાંચ વર્ષનો થયો ત્યારે દુર્દૈવના પ્રતાપે સ્વર્ગવાસ થયો તેથી નવી સ્ત્રીને પોતાના અને પોતાના બાળકના પોષણ માટે મોટા ઓરમાન છોકરાની ઓશીયાળ કરવી પડી. ઓરમાન છોકરાઓના મનમાં તો રાત્રી દીવસ નવીન સ્ત્રીના પુત્ર માટેની ખટક રહેતી હતી કે ( આ ક્યાં નકામું શાલ થઇ પડ્યું. પીતાએ મરતાં મરતાં પણ પીડામાં નાંખી ગયા છે પણ હજુ કાંઇ વાજુ વંઠ્યું નથી. ધીમે ધીમે વચમાં નડતા કાશલને કાઢી નાખશું ? આ પ્રમાણેનો નીચ વીચાર તેઓ ચલાવતા હતા. આવા નીચ વીચારવાળા ભાઈઓએ પોતાની ઓરમાન મા, અને ઓરમાન ભાઇને ખાવા પીવા સંબંધી દુઃખ પાડવા લાગ્યા. આ દુઃખ સહન ન થઇ શકવાથી ઓરમાન માએ પોતાની આગલી શોકના બંને છોકરાઓને કહ્યું કે, "વારંવાર તમને ખરચ માટે મહેનત આપવી એ મને ઠીક લાગતું નથી. માટે મારો ત્રીજો ભાગ મને આપો એટલે આપણી હમેશની તકરારનો અંત આવી જાય.' આ સાંભળી આગલી શોકના બંને છોકરાઓએ પોતાની ઓરમાન માને ધમકાવીને કહ્યું કે, 'અમારી મીલકતમાંથી તમને એક દમડીનો પણ ભાગ મળનાર નથી. અમારા પીતાના વીર્યથી પેદા થયેલો તમારો છોકરો નથી. તો પછી ભાગ શા માટે આપીએ ? બાપની બાયડી ધારીને, બાપની આબરૂને ખાતર જે કાંઇ ખરચ આપીએ તે લઈ ગુપચુપ બેસી રહો. છતાં પણ એમ ન માનતા પારકાઓની ઉશ્કેરણીથી કાંઇપણ ગડબડ સડબડ કરશો તો નાહક આબરૂથી ફજેત

થશો પણ કાંઇ લાભ થનાર નથી એ ખચીત જાણજો.' આ ચોખાચટ કલંક યુક્ત રોકડા શબ્દો સાંભળીને બાઇને બહુજ ખરાબ લાગ્યું ન્યાય વગર છુટકો થનાર નથી. ન્યાયની સોટી વગર આ છોકરાઓની આંખ ઉઘડનાર નથી. આ વીચાર કરીને તે બાઇએ અકબરની અદાલતમાં ફરીઆદ નોંધાવી. બ્રહ્માના સમયથી ચાલતું આવેલું અંધેર અકબરના અદલ રાજમાંથી કાંઇ તદન નાશ પામ્યું નહોતું. સામી પક્ષવાળાઓએ ધનની લાલચથી અમલદારને સમજાવી દાવો રદ કરાવ્યો. કહ્યું છે કે પૈસો શું કરી શકતો નથી? જરકી મોહબત જરકે તાબે; જરકો જગમેં ખાર હૈ, જીસ જોયપે દેખો યારો, તો જરસે બેડા પાર હે ધન જોઇ મુનીવર ચળે, તરૂણી પસારે હાથ, કંથા વોહ ધન લાવજો, કો જીણરો નામ ગરથ. નાણાની તાનથી બાઇનો સાચો દાવો બરબાદ ગયો. અને ધનવાળા છોકરાઓનો ખોટો દાવો ખરો થયો. એક દમડી માટે હજારોનો ખરચ કરવા છતાં સ્વચ્છ ન્યાય મળતો નથી. નહાના તે મહોટા સુધી ખાઉં ખાઉં કરે છે. ખાધા વગર આગળ પગલું ભરવા દેજ નહીં. તો પછી ગરીબ બીચારાની શી તાકાત કે પોતાના દાવાની દાદ મેળવવાને ભાગશાળી બને. ગ્રંથ વગરનો નર નીમાણો કહેવાય છે. માટે જેની પાસે ટકા તેના સૌ સગા, પણ જેની પાસે નહીં ટકા, તો બેઠા જુવે ટગ ટગા? ધન બીન બાપ કહે પુતતો કપુત ભયો, ધન બીન ભાઈ કહે બંધુ દુઃખદાઇ, ધન બીન નારી કહે નકટેસે કામ પડ્યો, ધન બીન સુશર કહે કીનકા જમાઇ હે, ધન બીન યાર દોસ્તદાર કહુ ન તજીએ, ધન બીન દુનિયામાં મુહકુ છીપાઇએ. કહે કવી બીકટરામ સુનહો દીન દયાળ ધન બીન મુડદેકું લકડી ન પાઇએ.

જ્યારે આ પ્રમાણેના સ્થીતિવાળી બાઇ નીરાશ થઇ, કાંઇ પણ દાદ ન લાગી ત્યારે ખુદ અકબર હજુર જઇ સઘળી બાબતો રજુ કરી તેથી શાહે ન્યાયધીશને બોલાવીને પુછ્યું કે, ' આ બાઇના કેશનો ફેસલો કેવા પ્રકારે આપ્યો છે. ખરા કેસને શા આધારથી રદ કર્યો છે. તે સાંભળી ન્યાયાધીશે બંને પક્ષના પુરાવા રજુ કરી કેશનું રૂપ અને તેનું નીરાકરણ કરી બતાવ્યું. આ હકીકત જાણી શાહ વીચારમાં પડ્યો. અને આ ભેદ ભરેલા કેશમાં શું સત્યતા હશે? તે શોધી કાઢવા માટે શાહે ફરીઆદ કરનાર બાઇને એકાંતમાં લઈ જઇને પુછ્યું કે, 'જ્યારે તમારો સ્વામી તમોને પરણી લાવ્યો ત્યારે બુઢાવસ્થા હતી છતાં પુત્ર પ્રાપ્ત કરવા જેટલી શક્તી શી રીતે આવી? શું કાંઇ તેણે વાજીકરણ પ્રયોગો ઉપયોગમાં લીધા હતા? તે તમે જાણતા હોતો ખુલાસાથી સમજાવો.'

શાહનાં આ વાક્યો સાંભળી પીતા રૂપ રાજા આગળ કહેવા લાગી કે, 'હે દયાવંત! આપ તો પુજ્ય પીતા સમાન છો, એટલે આપ સમીપ સાચી બીના જણાવવામાં કશી અડચણ સમજતી નથી, આવા કટોકટીના પ્રસંગમાં શરમ રાખે કામ થાય એમ નથી, કહ્યું છે કે, 'લાજે વણસે કાજ.' માટે સાચે સાચે કહું છું કે, મારા સ્વામીનાથે મારી સાથે પરણ્યા તે વખતે તેનું

જરાપણ ધડપણ હતું. તેના ધડપણની વ્યાધીઓને મટાડનાર રસાયન રૂપ આમ્રપાક એક પ્રવીણ વૈદના હાથથી બનાવી તેનો વીધી યુક્ત સેવન કરાવવાથી મને ગર્ભ રહ્યો હતો.

બાઈના બોલવા પર તર્ક શક્તી દોડાવીને શાહ મન સાથે વીચારવા લાગ્યો કે જો આમ્રપાકના પ્રતાપથી આ બાઇને ગર્ભ રહ્યો હશે તો ખચીત તેના ધણીના વીર્યમાં આમ્રરસની કાંઈકપણ અસર રહેવીજ જોઇએ. અને તેના તે વીર્યથી પાકેલો જો આ છોકરો હશે તો તેની પરસેવામાં પણ તેની વાસ જરૂર હોવીજ જોઇએ. આ માટે વાગભટાદિક વીગેરે મુનીઓએ વેદ અને પુરાણના દાખલા દલીલો આપી સાબીત કરેલ છે કે બાપના વીર્યમાં અને માતાના રૂધીરમાં જે ગુણ દોષ પ્રકૃતિ રહેલી હોય છે તેજ તેનાથી પાકેલાં સંતાનોમાં જરૂર દાખલ થાય છે. આ તો સીદ્ધાંત છે કે આમ્રપાકથી ઉત્પન્ન થયેલ વીર્ય અને તે વીર્યથી પાકેલા સંતાનમાં તેની અસર કેમ ન થાય?' આવો વિચાર કરી એક ચાકરને બોલાવીને કહ્યું કે, ' આ બાઈના છોકરાને સ્વચ્છ જળવડે નવરાવી સરસમાં સરસ ગરમ કપડાં પહેરાવી પરસેવો વળે તેવી રીતે ખુબ દોડાવી એકદમ મારી આગળ લાવો.' શાહનો આ હુકમ થતાંજ તરત દરબારી નોકરે તેજ પ્રમાણે હુકમ બજાવી પરસેવાથી તરબોલ થયેલા છોકરાને લાવી શાહ સન્મુખ ઊભો કીધો. તે જોઇ શાહે ખુદ પોતાને હાથે નવા રૂમાલવડે તેનો પરસેવો લુછી નાખીને તે રૂમાલ કચેરીમાં બીરાજમાન થએલા અમલદારોના હાથમાં આપી કહ્યું કે; 'આ રૂમાલમાં શાની સુગંધ આવે છે? તે બરાબર તપાસીને કહો.' દરબારીઓએ બહુ બારીકીથી તે રૂમાલને તપાસી કહ્યું કે, ' હજુર! આ રૂમાલમાં કેરીની સુગંધ આવે છે?' દરબારીઓની આ વાત સાંભળીને શાહને ખાત્રી થઇ કે ખરેખર કેરી પાકના પ્રતાપથી, તેના પતીના સંગથીજ આ છોકરો જન્મેલો છે, એમાં જરા પણ અસત નથી. માટે બાઈ સાચી છે. પ્રતીવાદીઓ નાહક બીચારી બાઇને દોષીત ઠેરવી તેનો હીસ્સો હોયાં કરી જવા માટે આટલી બધી ખટપટ ઉઠાવી છે એમાં જરા પણ શક?' આમ નકી કરી બાઇની માગણી પ્રમાણે ત્રીજો હીસ્સો તેજ વખતે આપવાનો હુકમ કીધો અને પ્રતીવાદીઓના અપરાધ બદલ શીક્ષા કરી.

**સાર**--ધર્મ નીતી, શાસ્ત્ર નીતી અને વહેવાર તર્ક શક્તીનો અનુભવ ધરાવનારજ ન્યાયાધીશ સત્યાસત્યનો તોલ કરી ન્યાય મેળવનારને સાચો ન્યાય આપી શકે છે? પણ અગડમ બગડમ કરનાર અને કાળા અક્ષરને કુટી મારનારો શું આપશે? કાંઈ નહીં. માટે ન્યાય મેળવનારે વીચાર કરીનેજ ન્યાયાધીશોની અદાલતમાં ન્યાય મેળવાવ જવું.

-O-

# વારતા બહુતેરમી

-0:0-

## રાજાના માથાનો મલ્યો

-0:0-

જન્મી આપે કુજાતીમાં, કરે સુજાતીનાં કામ,
વીષ મુખમાં મણી નીજી છતાં કરે વીષ શ્યામ.

એક વખતે એક મુસલમાનનો છોકરો જુવાનીના જોરથી મસ્ત બની સાન ભાન ભુલી જઈને કાંઇક કારણસર પોતાના બાપના માથામાં પાંચ સાત ખાસડાં માર્યાં. આ ખાસડાંના મારથી ઘરડો બાપ મ્હોટે રડવા લાગ્યો આ રડારડનો અવાજ સાંભળી આસપાસના લોકો એકઠા થઇ જઇને અવીચારી છોકરાને પકડી લીધો. તો પણ હાથમાં ન રહેતાં બાપને મારવાને વારંવાર હુમલા કરતો હતો. તરત તેને પકડી શાહ હજુર લઇ તેની હકીકત જાહેર કરી તે સાંભળતાં વેંતજ શાહ અત્યંત કોપાયમાન થઇ ગયો અને તે દુષ્ટ છોકરા પ્રત્યે કહ્યું કે "કેમ રે ! મુર્ખા જે આપણને પાળીપોષિ કેટલાં દુઃખો વેઠી ઉછેરે છે (પ્રતીપાલન કરે છે) તેનેજ આ પ્રમાણે માર મરાય કે ? એવો કોઈ બેવકુફ હશે કે પોતાના પોષણ કરનારને મારે અગર આવું અપમાન કરે ! ?) ઉદ્ધત પણ સમજુ છોકરો દાવ ઉપર સોગઠી મારવાનો લાગ આવ્યો જાણી હાથ જોડી બોલ્યો કે " નામદાર ! આપ ફરમાવો છો તે કેવળ સત્ય છે એમ કરવાથી મહાપાપ થાય છે એમ હું માનું છું, પરંતુ આપણી આંખનું કુશળ ચાહી પારકાની આંખમાં મુશલ પહેરાવવા જવું એ શું આપ સરખા નામદારને વ્યાજબી છે ? આ પ્રમાણે તે છોકરાનું બોલવું સાંભળી શાહ વિશ્મયસહ બોલ્યો કે "તે શી રીતે મારી ગેરવ્યાજબીપણાની વારતા છે ? તો તું જણાવ. તે ઉદ્ધત છોકરો બોલ્યો "ગરીબપરવર ! જ્યારે પાલન કરનારને મારવા કીંવા અપમાન કરવા માટે આપને દુઃખ ઉત્પન્ન થાય છે ત્યારે હજારો બાળકો અને મનુષ્યોનું જે બીનસ્વારથે પાલન પોષણ કરે છે તેવી નિરદોષ ગરીબ મોઢામાં ઘાસને ધારણ કરનારી ગાયોને મારવી કીંવા તો અપમાન કરવું એ ઠીક છે ? શુરા લોકોનો એ ધરમ છે કે જેના હાથમાં શસ્ત્ર નથી તથા જેણે દાંતમાં તરણું ધારણ કર્યું હોય તેવા દુશ્મનને પણ મારવો નહિં, પરંતુ અભયદાન આપવું તો તે રીતીથી આપ ઉલટી રીતે વર્તો

તો તેનું કશું નહીં અને મેં મારા પીતાને માર્યો તો તે વીષે આપ ગુસ્સે થાઓ છો તેથી એમ ચોખું જણાઈ આવે છે કે એ ખુદાનો કાયદો ગરીબોને માટેજ હશે પણ આપ જેવાઓને માટે નહીં હોય, અને જો હોય તો હાથીના દાંત દેખાડવાના જુદા અને ચાવવાના જુદા તેનું કારણ શું ?'

આ પ્રમાણે નીશંકપણાનાં નીતીયુક્ત વચનો સાંભળી શાહે વીચાર્યું કે "આ છોકરાનું કેવું સત્ય છે તથા મારા અમલમાં એ નિરઅપરાધી ગૌમાતનો વધ થાય છે એ ખરેખર અઘટીત પ્રકાર છે એમાં જરાપણ ખોટું નથી, માટે આજથી તે અઘોર કૃત્ય મારા રાજ્યમાં ન બને તેમ અવશ્ય બંદોબસ્ત કરવો એ દ્રઢ સંકલ્પ છે.' એમ નીત્ય ગૌવધ થતો અટકાવવા સખ્ત હુકમ સાથે ઢંઢેરો ફેરવ્યો અને નીદ્ય કઠોરઘાતકપણું બંધ પડી-સકળ પ્રજાની પ્રીતિ સંપાદન કરી.

**સાર**--મોટા માણસનું લક્ષણ એજ છે કોઇના બોલવાપર રીસ ન ચઢાવતાં તેની વાતમાં શું તત્વ છે તે તારવી લેઇ પોતાની ઉદારવૃત્તિ બતાવવી.

-o-

# વારતા તહુતેરમી

-0:0-

## ખરા નામની ખુબી

-0:0-

છળ છુપાવે સત્યને, પણ છેવટ ન છુપેજ,
આખર ખુલ્લુ થાય સહુ કષ્ટ બહુ પામેજ;

શેહેનશાહ અકબર શાહના રાજ્યમાં એક ગરીબ મનુષ્યની છોડીનું કોઈ એક તાલમબાજ હરણ કરી ગયો અને દીલ્લી શહેરમાં રહેનાર એક વેશ્યાને ત્યાં તે છોડીને પૈસા લેઇ વેચી દીધી તદનંતર તે વેશ્યાએ તે છોડીને ગાયન નૃત્ય અને પૈસો હરણ કરવાની અચ્છી કળા શીખવી તેથી પોતાનો ધંધો ઠીક ચાલવા લાગ્યો અને પૈસો પણ સારો સંપાદન થવા લાગ્યો.

વાચક વૃંદ અમુલ્ય ગુણીજન પુરૂષ દુર્બળ અવસ્થામાં કે સંકટમાં આવી પડ્યો હશે તેમ તે ધનાઢ્ય આગળ કાલાવાલા કરે પણ તેને કોઇ આશ્રય આપવા ચાહશે નહિ, પરંતુ સ્ત્રી ચાહે તેવી દુરગુણી હશે તદપી રૂપ ચટક મટક અને ચાળાઓ જોઇ તે બે બદામની બૈરીને સર્વ અમીર ઉમરાવ સોગઠીઆઓ વગેરે ચાહના વડે આશ્રય આપી આધીન બને છે બનશે એટલુંજ નહીં પણ તેના શબ્દ ઉપર વગર મૂલ્યે વેચાશે, પરંતુ એમ કોઇ વીચારતું નથી કે- મર્દ- ગુણવાનને વીપત્તિ વખત અવશ્ય બની શકે તેટલો આશ્રય આપવો કેમકે વીપત્તિનું વાદળ એક દીવસ સરવના ઉપર ધુમે છેજ માટે અણી સાચવી લેવાથી બહુ વડાઇ ગણાય તેમ તે ઉપકારના બદલામાં ખાનદાન ગણી જેઓ ખરી વખતે માથાં અર્પણ કરે છે, પણ સ્ત્રી પુરૂષ ધન દોલતની દરકાર રાખતા નથી! અને સ્ત્રી કેવળ જ્યાં સુધી તેનો સ્વાર્થ સંધાશે ત્યાં સુધી આપની થશે તેમ બહુ રાઝી જશે તો 'મુત્ર પાત્ર'--નરક દ્વાર--સુમતી સદ્ગુણ અને સુયશ રૂપ થવાનો નાશ કરનાર જાજુલ્યમાન અગ્ની કુંડ તમારા આગળ ધરશે; છતાં પણ શું મોહ જાળની પ્રબળતા છે કે દીવો લેઈને કુવામાં પડે છે, આહા કામદેવની તારી બલિહારી છે.

હવે તે છોકરીના પિતાએ છોકરીની ઘણી શોધ કરી પરંતુ ક્યાં પત્તો લાગ્યો નહિ તેથી બિચારો નિરાશ બન્યો અને ગાંડાની માફક જ્યાં ત્યાં ભટકવા લાગ્યો.

એક વખત ફરતો ફરતો દીલ્લી શહેરમાં આવ્યો અને શહેરમાં ફરતાં નાયકાઓના ઘરો ભણી જઈ લાગ્યો, એક વેશ્યાની હવેલીના ઝરોખામાં બેઠેલી સ્યામા નાયકાને નિહાલી વિચારવા લાગ્યો કે ' આ ઝરોખામાં બેઠેલી સ્ત્રી ખચીત મારી પુત્રી હોવી જોઇએ, પરંતુ આવા નીચ કર્મ સુધી કેવી રીતે પહોંચી ?" એમ વીચારી પોતાની પળખાણ આપવા તે સ્ત્રી પ્રત્યે કેટલીક પ્રેમ વાત્સલતા સાથે વારતાઓ કરી પણ તેણીએ તો તે તરફ જરા પણ લક્ષ આપ્યુંજ નહીં " કાશીના પંડીતો કેમ જીત્યા ? તેઓએ કહ્યું તે મેં માન્યુંજ નહીં ? તેવો બનાવ બન્યો તેથી છેવટે લાચાર બની અકબરશાહની હજુર કરી ફરીયાદ કરી ફરીયાદની હકીકત સાંભળી સદરહુ વેશ્યા અને બેવફાદાર છોડીને બોલાવી મંગાવી બાદશાહે વેશ્યાને પુછ્યું કે " આ છોડી કોની છે ?' તે સાંભળી વેશ્યા બોલી કે " જી હજુર ! જ્યારે આ છોડી ન્હાની હતી તે વખતે એને એક ફકીર લઇને આવ્યો હતો અને પોતાનીજ દીકરી છે એવો પક્કો વિશ્વાસ આપી હજાર રૂપીઆ લેઇ વેચી ગયો ત્યારે મેં પુષ્કળ દ્રવ્ય ખરચી તેને નૃત્યાદિની ઉત્તમ કળાઓમાં પ્રવીણ બનાવી. તેમ આ છોડ્ફીને મેં જે વખતે વેચાતી લીધી તે વખતે ઘણાં માણસોને સાક્ષી રાખી લીધેલ છે અને તે સાક્ષીદારો અહિંયાં મોજુદ છે માટે નામદારે ખાત્રી કરી એવી જોઇએ આ પ્રમાણે વેશ્યાનું ઠાવકું બોલવું સાંભળી ગવાહી (સાક્ષી) ઓને બોલાવી હકીકત મેળવી તો વેશ્યાના કહેવા પ્રમાણેજ વાત જણાવી તેમજ તે છોડીની જબાની લીધી તો તેણે જણાવ્યું કે, 'હું કેવળ અસમજણી હતી તે વખતે મારી મા મરણ પામી હતી એટલે ચોકસ નથી કહી શકતી કે અમુક વરસે મરણ પામી છે; પરંતુ મારી માના મુઆ પછી મારો બાપ ફકીર થઈ ગયો હતો અને તેજ આ નાયકાને ત્યાં વેચી ગયો હતો ત્યાર પછી મારા બાપની પણ મને ખબર નથી કે તે જીવે છે વા મરણ પામ્યો."

તે છોકરીની આ પ્રમાણે જબાની સાંભળી તો પણ શાહને ખાત્રી પડી નહી કેમકે 'જે કપટનાજ માતા પીતારૂપ મનુષ્યો હોય છે તેઓની સત્ય વારતા તથાપી ખાત્રી થતી નથી અર્થાત જ્ઞાની, પંડીત, સુઘડનર, નૃતય કરનાર (ભવૈયા નાટકવાળી-ભાંડ) રાજા ભાટ કીંવા કવીતા કરનાર તથા કથ્થક લોકો અને વેશ્યા આ આઠ જણાઓ કપટને જન્મ આપનારજ ગણાય છે માટે કોણ જાણે કે શું કાપટય પટય પટુતા કેલવી હશે ?) એમ વીચારી શાહે તે વેશ્યા અને છોકરીને બીજે દીવસે હાજર રહેવાનું ફરમાવી રજા આપી. ત્યાર પછી તે ફરીયાદીને પુછ્યું કે આ તમારી દીકરીનું નામ શું પાડેલું હતું ? તથા કયા કયા નામથી બોલાવ્યો તે ઝટ બોલતી હતી ? આ પ્રમાણે શાહનું બોલવું સાંભળી ફરીયાદીએ અરજ કરી કે નામદાર ! ન્હાનપણમાં એનુ નામ અમીના પાડ્યું હતું તેમ તેજ નામથી ઝટ દોડી

આવતી હતી. તે સાંભળી શાહે પુખ્ત વીચાર સાથે તર્ક ઉઠાવી સત્ય વારતાને એની મેલેજ પ્રકાશમાં લાવવા યુક્તિ રચી.

જ્યારે બીજે દીવસે શાહ કચેરીમાં આવી તખત ઉપર બીરાજમાન થયા અને ચોબદાર પ્રત્યે હુકમ કરયો કે બાહાર અરજદારો પૈકી કાલવાલી છોકરી અમીનાનું નામ પોકારો ! તે સાંભળી ચોબદારે 'અમીના હાજર છે એમ ત્રણ વખત પોકારો પાડ્યા કે તુરત તે વેશ્યાની છોકરી 'હાજર છું' એમ બોલી અગળ આવી એટલે તેને શાહની હજુર ઉભી કરી. શાહે તે છોકરીને પુછ્યું કે "તારૂ નામ 'સકીના' છે છતાં તું 'અમીના નામથી પોકાર પાડ્યે કેમ બોલી ? આ પ્રમાણે શાહનું બોલવું સાંભળી છોકરી બોલી કે 'જી હજુર ! મારો બાપ મને ન્હાનપણમાં 'અમીના' એ નામથી બોલાવતો હતો તેથી સ્વાભાવીક તે નામ સાંભળી હું આપ હજુર હાજર થઇ.' આ જવાબ સાંભળવાથી શાહની ખાત્રી થઇ કે "આ છોકરી ફરીયાદીનીજ છે એમાં જરા શક નથી ! કેમકે જે એના પીતાએ કહેલું નામ હતું તેજ નામથી પોતે બોલી ઉઠી તેથી ખાત્રી થાય છે કોઈ પણ માણસ કોઇ કારણસર પોતાના નામ ઠામ કુલને કૃત્ય કૃત્યને છુપાવ; પણ કોઇ વખતે પણ તેનાથી ખરી વારતા બોલાઇ જાય છે કીંવા ખરી વારતાનો ચીતાર પડી આવે છે એમાં જરા ખોટું નથી !' એમ ખાત્રી કરી વેશ્યા તથા ખોટી સાક્ષી પુરનારને યોગ્ય શીક્ષા કરી અને તે છોકરીને એકદમ પોતાના પીતાને તાબે થવા ફરજ પાડી, પરંતુ તે ફરીયાદી પ્રત્યે શાહે જણાવ્યું કે " હવે આ છોડી તારા ભલામાં રાજી રહેશે નહીં તેમ તેના વડેજ તારો જીવ ખોઇશ માટે જલ્દી કોઈ શોખીન પુરૂષ જોઇ તેને અરપણ કરી દે, કેમકે ખાનપાન અને ઐસાઅરામમાં લોલુપ્ત બનેલ છે માટે તે હરામચસ્કો મટશે નહીં માટે તે કાર્ય જલદીથી કર.' આ પ્રમાણે શાહનો હુકમ સાંભળી તેણે તેજ હુકમને માથે ચઢાવી અમલમાં આણ્યો.

વારતાનો સાર એ છે કે ન્યાયની બારીકી તપાસવા માટેની શહેનશાહ અકબરની દીર્ઘદ્રષ્ટી વાપરવાની કેવી ખુબી હતી તથા સત્યનો જય અને પાપનો ક્ષય છે તેમજ સ્ત્રીને એસાઅરામ કરવા મળ્યો એટલે સગા બાપની પણ સગી થતી નથી અને ગમે તેટલી ખરી વાત છુપાવવા કારીગરી કરી પણ છેવટે 'જે અંબે ઉચરાય' તેવો પ્રકાર બન્યા શીવાય રહેજ નહી ? વગેરે વગેરે સાર સમજવો છે.

પ્રીય પાઠકગણ જ્યારે શેહનશાહ અકબર ગુણગ્રાહી આર્ય યવન મંડલ પ્રત્યે સમદરશી, ચતુર, પ્રવીણ, જ્ઞાનવંત, આસ્તીક. સુરવીર. ધઇર્યવાન, ઉદાર અને વચનપાલ-પ્રતીપાલાદી અનેક સદ્ગુણોએ કરી સંપન્ન હતો ત્યારે કવીરાજ બીરબલ પણ તેવા ગુણોમાં કાંઇ ન્યુનતા ધરાવનાર નહતો એટલુંજ નહી પણ બીરબલની સ્ત્રી તથા તેની પુત્રી અને પુત્ર પણ મહા બુદ્ધિમાન હતાં.

-O-

# વારતા ચુંવોતેરમી

-0:0-

## મને મારો માલ અપાવો

-0:0-

એક સમે શાહ અમીર ઉમરાવોની સાથે દરબાર ભરીને બેઠો હતો. એટલામાં કરશનદાસ નામનો એક કાપડની ફેરી કરનાર ભાટીઓ આવી અરજ કરી કે હજુર ? આ બપોરના બાર વાગેથી કાપડ વેહચવા નીકળ્યો છું, તે બે વાગ્યા સુધીમાં દશ રૂપીઆનો માલ વેહચ્યો છે. બપોરનો સખત તાપ લાગવાથી માણેકચોકમાં આવેલા લીંબડાની છાયા નીચે મારા કાપડની ગાંસડી મારા પડખામાં રાખીને સુઇ ગયો હતો. બે કલાક પછી ઉંઘમાંથી ઉઠ્યો અને જોયું તો ગાંસડી ગુમ થયેલી જણાઇ માટે કરીને તે માલની ગાંસડી લઈ જનારને પકડી, મને મારો માલ અપાવો' આ સાંભળી બીરબલ જે ઠેકાણેથી માલની ગાંસડી ગુમ થઇ હતી, તે ઠેકાણે કાપડની ફેરી કરનાર તથા કેટલાક સીપાઈને લઈને આવ્યો. અને ફેરી કરનારને પુછ્યું કે, 'તમે શી રીતે ગાંસડી મુકી સુતો હતો તે મુજબ સુઇ બતાવ્યું આ જોઇ ઘણા માણસો એકઠા થયા. તે જાણી બીરબલે લીંબડાના થડને પાંચ ફટકા ખેંચી કહાડ્યા અને પોતાનો કાન લીંબડાના થડને અડાડીને જરા ઉભો રહ્યો. આ જોઇ સઘળા માણસો અરસપરસ વાતો કરવા લાગ્યા કે વળી આ શું ! બીરબલ કાંઇ ગાંડો તો થઈ ગયો નથી ને ? કદી ઝાડ તે બોલતું હશે કે તેને કાન દઇને ઉભો છે, આમ પંદર મીનીટ સુધી બીરબલ લીંબડાના થડની સાથે કાન રાખીને કરસનદાસને કહેવા લાગ્યો કે, આ લીંમડાનું ઝાડ એમ કહે છે કે, જેણે ગાંસડી લીધી હશે તેની પાગડી હમણાં સળગી ઉઠશે, જેવો બીરબલ બોલતો બંધ થયો કે કાનજી સુતાર પોતાની પાઘડી તરત તપાસવા લાગ્યો. આ જોઇને બીરબલે તેને ધ્યાનમાં રાખીને મનમાં બોલ્યો કે, ચોર તો તેજ છે, પણ એટલા ઉપરથીજ તેને ચોર ઠેરાવવો એ ઠીક કહેવાય નહીં.' પછી તે ફરતો ફરતો કાનજી પાસે આવીને જોયું તો કાનજીના ડાબા પડખા ઉપર જનાવરની ચરકનો તાજો ડાઘ જોઇઓ. ફરીથી લીંબડાના ઝાડને બે ફટકા ફટકાવીને પાંચ મીનીટ કાન રાખીને બીરબલે કરસનદાસને કહ્યું કે, ' આ ઝાડ એમ કહે છે કે જે કાપડની ગાંસડી લઇ જનારની ઉપર મારા ઉપર જે જનાવરો બેઠાં હતાં, તેમાંથી એકે ડાબી બાજુના પડખા ઉપર ચરક નાંખીને ડાગ પાડેલો છે.' આ વાત સાંભળતાંજ કાનજીના મનમાં સાત પાંચ થવા લાગ્યું. કારણ કે એવો કુદરતી નીયમ છે કે

જેના પેટમાં જે બીક હોય, તે તેવુંજ દેખે છે, કાનજી સુતાર એક તો જોણે ચોર, વળી કાપડની ગાંસડી લઇ જતી વખતે જનાવરની ચરક પડેલી એ વાત પણ તેને યાદ આવી. બીરબલે તે શક ઉપરથી કહ્યું. પણ કાનજી સુતારને તો એમ જણાયું કે ઝાડ સઘળી હકીકત બીરબલને કહે છે, પણ તેને ભાગી જવાનો ઇલાજ ન હોવાથી હીંમત રાખીને ઉભો રહ્યો. વળી બીરબલે ઝાડને બે ફટકા મારી બે મીનીટ સુધી કાન રાખી કરસનદાસને કહ્યું કે ' આ લીમડાનું ઝાડ એમ કહે છે કે કાપડની ગાંસડીની ચોરી કરનાર માણસ આ એકઠા થએલા માણસોમાંજ ઉભેલો છે, વળી તેની છાતી ધડકતી હશે, એમ કહીને સીપાઇને હુકમ કર્યો કે, જોવાને મળેલા માણસોમાંથી કોઈ પણ માણસને જવા દેશો નહીં.' બીરબલનો હુકમ સાંભળતાંજ ચોતરફ ફરી વળ્યા. પછી બીરબલ ચોથી વાર લીમડાના ઝાડને ચાબુકથી મારીને બે મીનીટ સુધી ઝાડના થડ સાથે કાન અડાડી રાખીને કરશનદાસને કહ્યું કે, 'આ ઝાડ ચોથી નીશાની એ આપે છે કે જેણે તમારી ગાંસડી ચોરી છે, તે ઇસમે આ સાથે પાંચમી વાર ચોરી કરી છે તે માટે તેને ફાંસી દેવાની છે.' એમ કહી તરત બીરબલે કાનજી સુતારનો હાથ પકડ્યો. તે જોઇ કાનજીએ કહ્યું કે, 'સાહેબ મને ફાંસીએ લટકાવશો નહીં, હું કસમ ખાઇને કહું છું કે આ ચોરી સીવાય મેં બીજી ચોરીઓ કીધી નથી.' પછી કાનજી સુતાર પાસેથી ગાંસડી લઈને બીરબલે કરશનદાસને સોંપી અને કાનજીને શીક્ષા કરી.

-o-

# વારતા પંચોતેરમી

-0:0-

## ચાર પહેલવાનોની માંગણી

-0:0-

એક દીવસે શાહ કચેરીમાં બેઠો હતો તે વખતે જુદા જુદા દેશનાં ચાર જતના ચાર પહેલવાનોએ આવી વીનંતી કરી કે 'અમારે તમારે ત્યાં નોકરી કરવા માટે આવ્યા છીએ.' આ ચાર પહેલવાનોની હકીકત સાંભળી શાહે બીરબલને કહ્યું કે, 'અહો બીરબલ! આ આવેલા ચારોની એકમેક સાથે કુશ્તી કરાવી જે સરસ નીવડે તેને નોકરી રાખવાથી ત્રણેનું અપમાન કરેલું કહેવાય? માટે તેમ ન કરતાં ચારમાંથી મજબુત બાંધાવાળો કોણ છે તેની પરીક્ષા કરીને કહો કે રાખવા લાયક કોણ છે? શાહની આ યુક્તી જાણી બીરબલે તે ચારે પહેલવાનોને કહ્યું કે 'તમે સાંજના છ વાગે આલમ બાગમાં પહેલવાનોનો અખાડો છે ત્યાં આવજો. એટલું કહીને ચારે જણને જવાની રજા આપી. પછી બીરબલે સીપાઇને કહ્યું કે, 'અખાડાની જગામાં એક છેડાથી તે બીજા છેડા સુધી, અમે જોવા બેસીએ ત્યાં સુધીની પાથરેલી રેતીમાં કાચના ઝીણા ઝીણા કટકા જડાવજો.' બીરબલના કહેવા મુજબ સીપાઇએ કીધું. અને પાંચ વાગે બીરબલ જઇને અખાડાને પાછલે છેડે પાટ ઉપર ગાદી તકીઆ બીછાવીને બેઠા. પછી તે ચારે પહેલવાનો અખાડામાં આવ્યા. અખાડાની અંદર પાથરેલી રેતીમાં જેમ જેમ ચાલવા લાગ્યા તેમ તેમ કાચના ઝીણા કટકાઓ બાવળની શુળોની પેઠે પગમાં ખુંચવા લાગ્યા. તેથી તેમાંનો એક પહેલવાન તો બેજ પગલાં ભરીને પાછો વળ્યો. અને બીજો તેના કરતાં કાંઇક વધારે મજબુત હોવાથી તે ચારજ પગલાં ભરીને પાછો વળ્યો અને ત્રીજો છ પગલાં ભરીને પાછો ફર્યો, અને ચોથો જે સૌથી મજબુત બાંધાવાળો, હીંમતવાન હતો તે પોતાના પગમાં ગમે તેટલા કાચ વાગવા છતાં, પણ તેની પરવા ન રાખતાં ઉતાવળી ચાલે ચાલીને શાહ અને બીરબલ પાસે ઉભો. આ જોઇ બીરબલે તેને સાલ પાઘડી આપી. અને શાહને કહ્યું કે 'આ પહેલવાનને દરબારમાં રાખવા લાયક છે.' બીરબલના કહેવાથી શાહે તે પહેલવાનને પગાર કરી રાખ્યો. બીરબલની ચાલાકી જોઇ શાહ ઘણો ખુશી થયો.

**સાર**--બુદ્ધિશાળી પુરૂષો કેવી રીતે પરીક્ષા કરી નબળા સબળા માણસને પારખી કાઢે છે.

-0-

# વારતા ચહુતેરમી

-0:0-

## હજામની પરીક્ષા

-0:0-

દીલ્લીથી દસ કોસની છેટે આવેલ્લા ભીમપુર નામના ગામમાં માણેકચંદ કરીને વણીક વેપારી રહેતો હતો તેને અને શાહ વચ્ચે ઘાઢી મીત્રાચારી હતી. માણેકચંદના શેઠના છોકરાના લગ્ન થવાના હતા. તેવા શુભ પ્રસંગ ઉપર તેને ત્યાં દેશાવરોથી ઘણા પરોણાઓ આવવાના હતા. આવા શુભ અવસરમાં હુશીઆર હજામની જરૂર હતી, તે જરૂર પુરી પાડી શકે એવો એક હજામ શેઠના ગામમાં ન હોતો. તેથી તેણે મીત્રભાવથી અકબરને લખી જણાવ્યું કે આપના નગરમાંથી એક ચતુર હજામને અહીં મોકલવાની કૃપા કરશો. હું તેને સારો પગાર આપીશ. પોતાના મીત્રનો આવેલો પત્ર વાંચીને તરત શાહે હજામની નાતને ભેગી કરીને પુછ્યું કે, તમારી નાતમાંથી સૌથી સરસ કોણ છે ? પણ તેઓ સીધો જવાબ ન દેતા આપસ આપસમાં લડવા લાગ્યા. આ જોઇ શાહે બીરબલને બોલાવીને કહ્યું કે 'આ બધાઓમાંથી હુશીઆર હજામ કોણ છે તે શોધી આપો. બીરબલે આ બધાઓમાંથી એક હજામને પોતાની પાસે બોલાવીને પુછ્યું કે 'તારામાં હુશીઆરી કેવી છે તે કહે ? હજામે કહું કે, 'માણસ સુતો હોય, અને તે જાણી શકે નહીં એમ તેની હજામત કરૂં એવી મારી હુશીઆરી છે ' આ જોઇ બીજાએ કહ્યું કે, હું હજામત કરૂં ત્યારે, હજામત કરાવનાર જાગતો હોય, તોપણ મારી હજામતની થંડકથી તેને ઝોકો આવ્યા વગર રહે નહીં' આ જાણી ત્રીજાએ કહ્યું કે 'સાહેબ ! માથાને સજીઓ અડવા દીધા વગર મોવારા ઉતારી લઉં' એ રીતે જુદા જુદા પ્રકારે પોતપોતાની બડાઇ હાંકવા લાગ્યા. આથી સંતોષ ન પામતાં બીરબલે બધાઓને કહ્યું કે, 'એક પાંજરામાં પડ્યો પડ્યો વાઘ ઉંઘે છે, તેની મુછના મોવારા જે ઉતારી લાવે તે હજામ ખરો હુંશીયાર કહેવાય' બીરબલની યુક્તી તેઓને પસંદ નહીં પડવાથી બીરબલે તેઓને જવાની રજા આપી. આ બધાઓમાંથી એક જણ બીરબલની સામે આવી બીરબલને કહ્યું કે એમાં શી મોટી વાત છે, હું એ વાઘની મુછના મોવારા ઉતારી લાવું.' બીરબલે કહ્યું કે, 'ચાલ ઉતાર.' એમ કહી તે બંને જણ વાઘના પાંજરા પાસે ગયા તે વખતે વાઘ ઉંઘતો હતો, તે જોઇ હજામે તરત સજીઓ સજીને વાઘના મોં તરફ હાથ લાંબો કરવા માંડ્યો, તે જોઈ બીરબલ તરત તેનો હાથ પાછો ખેંચી લીધો, અને હજામને કહ્યું કે 'તારી આખી કોમમાં તારા જેવો બીજો કોઇ હુશીઆર નથી. વાઘ જાગે અને તને મારી નાંખે એ ભયથી મેં તારો હાથ પાછો ખેંચી લીધો છે. ' પછી રાજાને બીરબલે કહ્યું કે, 'હજામની આખી કોમમાં આજ હુંસીઆર છે.' રાજાના કહેવાથી બીરબલે તરત તે હજામને ભીમપોર મોકલાવી દીધો.

**સાર**--હજારોમાંથી એકને શોધી કાઢવાની યુક્તી જાણનાર બીરબલ જેવો બુદ્ધિશાળી બીજો બીરબલ નહોતો.

-0-

# વારતા સીતોતેરમી

-0:0-

## આ ઘોડો શું કહે છે ?

-0:0-

ચાહે ચતુરને તો સહુ એમાં શું અધિરાઇ ?
પણ તસ સહુવાથી તણી ચાહ કરે સહુ ભાઈ ?

એક સમે શાહે બીરબલ પ્રત્યે કહ્યું કે 'બીરબલ! આપણી મીત્રાઇ થઇ ત્યારથી અદ્યાપિ પર્યંત તમારા ભાષણથી નીરંતર મને આનંદ ઉત્પન્ન થયો છે પરંતુ આજે મારી એવી ઇચ્છા થઇ છે કે સુદૈવ નરના સહવાસમાં રહેનાર સ્ત્રીઓ પણ ચતુર હોવીજ જોઇએ તેથી તમારી પત્નીનું ભાષણ સાંભળવા આતુર છું માટે તમારી સ્ત્રીને મારી હજુર મોકલી દો. કારણ કે તેની બોલવા ચાલવાની કેવા પ્રકારની પદ્ધતી છે ? તે જાણવામાં આવે.

આ પ્રમાણે શાહનું બોલવું સાંભળી બીરબલે 'જેવો નામદારનો હુકમ' એટલું બોલી પોતાને મુકામે ગયો અને બાદશાહ સાથે થએલી વાતચીત પોતાની પત્નીને કહી સંભળાવી તેથી ચતુર અને પત્નિ ધર્મને જાણનારી મનોરમા મધુર વચનો વડે બોલી "પ્રાણનાથ ! શું ચીંતા કરવા જેવું છે ? કેમકે શુદ્ધ બુદ્ધિથી શાહ મારી ચાતુર્યતા જોવા ચાહે છે તો બેધડકપણે જે પુછશે તેનો ઉત્તર આપી પાછી આવીશ માટે તે વારતાના સંબંધમાં આપ જરા પણ ખેદ કરશોજ નહી ! આપ પ્રતાપે હું શાહનેજ રીઝાવીશ.

જ્યારે ઉક્ત પ્રમાણે પોતાની સ્ત્રીનાં વચનો સાંભળ્યાં ત્યારે હીમ્મત લાવી તેને પોતાની યોગ્યતા પ્રમાણે પોશાક શણગાર અને મુલજા સાથે દરબારમાં મોકલી.

જે વખતે બીરબલની સ્ત્રીના આવવાની ખબર અકબરશાહના જાણવામાં આવી તે વખતે રાજમહેલમાં તેની રમુજ તથા વાક્ય ચાતુરી જોવા બીરાજ્યા જ્યારે બીરબલની પત્ની આવી ત્યારે તે સાથે સહેજ સુંદર મધુર મનોરંજક ભાષણ-વાતચીત થવાથી જેવી રીતે બીરબલના ભાષણથી સંતોષ અને આનંદ થતો હતો તેવોજ સંતોષ અને આનંદ થયો તેથી એક સુંદર અરબ્બી ઘોડો ખુદ પોતાને જે વ્હાલો હતો તે બક્ષીસ કર્યો તે વખતે ઘોડો ખુંખારવા લાગ્યો તે જોઇ શાહે બીરબલની સ્ત્રીને પુછ્યું કે 'બ્હેન આ ઘોડો શું કહે છે " દીલ્લીપતી વીર ! આ ઘોડો એમ કહે છે કે મને નામદારે તમને આજે બક્ષીસ ખાતે આપી દીધો છે માટે આજ પછી હવેથી મારા માલીક તમે છો પણ બાદશાહ સાહેબ નથી ?" આ

પ્રમાણે ઉત્તર સાંભળી શાહ તેના હાજરજવાબી માટે ઘણોજ ખુશી થયો અને તે બદલ સુંદર વસ્ત્રલંકાર આપી પુર્ણ સન્માન વડે સંતોષી રજા આપી અને તે આનંદવડે પોતાને મુકામે આવી પતીને પગે લાગી બનેલી બીના વીદીત કરી તેથી બીરબલ પણ અત્યાનંદ પામ્યો.

-૦-

# વારતા ઇઠોતેરમી

-O:O-

## સોબત તેવી અસર

-O:O-

કંચન કેરી ખાણમાં, લોહમાં ન નિપજે લેશ;
સુઘડ પીતાના સુત સદા, હોયજ સુઘડ હમેશ.

એક સમય બીરબલ શહેનશાહ અકબર હજુર ગયો તે સમય પોતાના સાત આઠ વર્ષના છોકરાને સાથે લઇ ગયો હતો તેને જોઇ શાહે પુછ્યું કે, 'કેમ વજીરજાદા હીંદી બોલી આવડે છે? શાહની સમક્ષ હાથ જોડી બીરબલ પુત્રે કહ્યું કે, ' ખુદાવીંદ ! થોડી ઘણી આવડે છે.' તે સાંભળી શાહે પુછ્યું કે, ' એનો મતલબ શું !' તે સાંભળી બીરબલના બાળકે કહ્યું કે, 'સરકાર ! થોડી ઘણી આવડે એમ કહેવાનો હેતુ એ છે કે જેઓને હીંદી બોલી ઘણી સરસ બોલતાં આવડે છે, તેનાથી મને થોડી બોલતાં આવડે છે, અને જેઓને મારા કરતાં પણ થોડી આવડે છે તેનાથી મને ઘણી આવડે છે. માટે થોડી ઘણી આવડે છે.' આ પ્રમાણેનું પ્રધાન પુત્રનું ખુબીદાર બોલવું સાંભળી શાહ આનંદ પામી સભાસદોને કહ્યું કે, 'જુઓ સોબતે અસર અને તુકમે તાસીરનો તાજો દાખલો તમારી નજર સમક્ષ મોજુદ છે? જેમ વિદ્યા વીલાસી માલવપતી મહારાજા ભોજ આગળ એક વખત એક વિદ્વાન બ્રાહ્મણનું કુટુંબ આવ્યું હતું તેને ભોજે સરસ્વતી કુટુંબનો ચાંદ આપ્યો હતો તેમજ આ રાજાસાહેબ બીરબલનું કુટુંબ પણ બ્રહસ્પતી કુટુંબ છે. એમાં જરા પણ શક નથી, ધન્ય છે એઓના અને મારા નસીબવન્ત ભુવનને !'

**સાર**--પૂર્વના સંસ્કાર વગર આખું કુટુંબ બુદ્ધિવાન નીપજી જગતમાં અચળ કીરતી પ્રાપ્ત કરી શકતું નથી.

-O-

# વારતા ઓગણાએશીમી

-0:0-

## સમસ્યા સમજવી સહેલ નથી

-0:0-

### સમસ્યા સમજવી સહેલ નહી, પણ બ બહુ મુશ્કેલ.

એક સમય પ્રાતઃકાળે શેહેનશાહ અકબર યુમના નદીના કીનારા ઉપરના રાજમહેલના ઝરોખામાં બેસી નદીના ઘાટ-જળ તરંગ અને મનુષ્યોની રમુજ જોતા હતા તે વખતે એક નવ યોવના સુંદર મનોહર સ્વરૂપવંત સ્ત્રી જમનાના ઘાટ ઉપર એક બારીક સ્વેત વસ્ત્ર પેહરી અન્ય વસ્ત્રો ધોઈ યુમનાના જળમાં સ્નાન કરી બાહાર આવીને વખતે પલળી ગયેલું ચીર શરીર સાથે સંલગ્ન થઈ ગયું હતું અને માથાની વેણી છુટેલી હતી તેથી ને ભીજેલી વેણીને બન્ને હાથ વડે સુધારી ઝાટકી બન્ને સ્તનો ઉપર રાખી વસ્ત્ર બદલતી તે છબીની છટા જોઇ શાહે એક ઇંદ્રવીજય છંદના ચોથા ચરણનું અરધ ચર્ણ બનાવ્યું અને ત્યાર પછી જ્યારે કચેરીમાં પધાર્યા ત્યારે સર્વ મુત્સદી વર્ગ કિંવા અમીર ઉમરાવ અને નવ રત્નો વગેરેને પુછ્યું કે ' નીકસ્યો રવી ફોડી પાહાડકી નાઇ' એટલે શું ? આ પાદ પુરતી સમસ્યા જલ્દીથી પુરણ કરી આપો." આ પ્રમાણે શાહનું પ્રશ્ન સાંભળી સર્વે કોઇ પોત પોતાની મતી અનુસાર પાદ પુરતી કાવ્ય બનાવ્યા પરંતુ જે તાદ્રસભાવ આવવો જોઇએ તે કોઇના કાવ્યમાં આવેલો નહોતો, છેવટે બીરબલને તે પાદ પુરતી માટે પુછ્યું ત્યારે બીરબલ બોલ્યો કે:-

રાત સમૈ રસ કેલી કીયો આલી ભોર ભય ઉઠ મંજન ધાઇ,<br>
નીરકે છીરમે દે ડુબકી યમુના જલમે-જેસે ચંદનકી છાઇ;<br>
તે ડુબકી જલસે ઉસકી ઉભરી અલકે મુખ ઉપર આઇ.<br>
દોઉ કર કેશ સંવાર લીયો નીકશો રવી તોડ પાહાડકી ભાઇ.

યમુનાના કીનારા ઉપર શાહે જે સ્ત્રીના દેખાવ વીષેની સમસ્યા ગોઠવી હતી તેજ તમામ બીના ઉપરની કવીતામાં સમાયેલી જોઇ શાહ અત્યંત ખુશી થયો અને અમુલ્ય શીરપાવ બક્ષ્યો.

**ભાગ આઠા સમાપ્ત**

-0-

# ભાગ નવમો

# વારતા હેંસીમી.

-0:0-

## અધર લટકતો મહેલ.

-0:0-

એક એકથી અધીક છે, અકલવંત જગમાંય;
બહુ રત્ન ધારીણી ધરા, કરો ન ગર્વ કદા.

એક સમે દરબાર ભરાઇ આનંદની વારતાઓ ચલાવી અકબરના મનને રંજન કરી રહી હતી. આ આનંદની લ્હેરમાં ચઢેલા શાહે બીરબલને કહ્યું કે, 'અહો સુજ્ઞ બીરબલ! મારે માટે એક અધર લટકતો મ્હેલ બનાવો કે જેના થાંભલાઓ નતો જમીન ઉપર રહે કે નતો આકાશમાં અડે. શાહનો આ ચમત્કારીક સવાલ સાંભળી વીવેકથી બીરબલે કહ્યું કે, 'જેવું હજુરનું ફરમાન, કરી દરબાર બરખાસ્ત થયા પછી બીરબલ પોતાને ઘેર આવ્યો અને આ સંબંધી તે મહા વીચારસાગરમાં ડુબી ગયો. તેને કંઈ પણ વીચાર ન સુઝવાથી તે મહા ખેદ પામવા લાગ્યો. આ ખેદથી બીરબલના મુખપરની લાલી સફેત પુણી જેવી થયેલી જોઇને તેની પુત્રીએ ધીમે સ્વરે પુછ્યું કે, 'અહો સુજ્ઞ પીતાજી ! આજ આપ કેમ શોકસાગરમાં ડુબી ગયા છો ? શી આફત આવી પડી છે ! હોય, મહાન પુરૂષો પણ કોઇ વાર આફતોમાં ઘેરાઇ જાય છે તો પણ તેઓ ઝાઝો શોચ કરતા નથી. માટે શોચ તજી મને કહેવામાં હરકત નડતી ન હોય તો મને તમારા દુઃખથી વાકેફ કરશો. કેમ દરેક કુવાના દરેક પાણીમાં જુદો જુદો સ્વાદ રહેલો છે, તેમ દરેક માણસની બુદ્ધી પણ જુદી જુદી હોય છે. જેમ જુદા જુદા દેશોના આચાર વીચાર પણ જુદા જુદા જોય છે, અને માણસો વચ્ચે જુદા જુદા પ્રકારની જે ખુબીઓ રહેલી છે, તેમજ મનમાં ઉત્પન્ન થયેલી વ્યાધી માટે આપણાથી ચઢતી બુદ્ધિવાળા અથવા ટુંકી બુદ્ધિવાળા માણસની પાસે જો આપણા મનની વ્યાધી જ્યાં સુધી કહીએ નહીં ત્યાં સુધી તેનો અંત આવતો નથી. પોતાનું દુઃખ બીજાને કહેવાથી દુઃખનો બોજો ઓછો થાય છે, મનને આધાર મળે છે અને મનની ચિંતાનો નાશ કરવાનો ઉપાય પણ સુઝી આવે છે.

પોતાની પુત્રીના આ ધીરજવાળા અને નીતિયુક્ત વચનો સાંભળી બીરબલે કહ્યું કે, 'વ્હાલી પુત્રી ! તું જે કહે તે સર્વ ખરૂં છે ! પુછતાં પંડિત થાય છે એમાં જરા પણ શક નથી. એમ કહી દરબારમાં બનેલી હકીકતથી વાકેફ કીધી. આ સાંભળી છોકરીએ કહ્યું કે, 'એમાં શી મોટી વાત છે ? આ બીશાત વગરની વાત માટે આટલો બધો શોક ? હવે જરા પણ ઉદાસ થશો નહી. આજથી પંદર દીવસની અંદર તે વાર્તાનું સમાધાન કરીશ !' પોતાની દીકરીની વીસાળ બુદ્ધિની ખાત્રી થવાથી બીરબલ શોક રહિત બની દરબારી કામમાં રોકાયો.

બીરબલની છોકરીએ જુદી જુદી જાતના પોપટો ખરીદી તેને શીખવવા લાગી. પોપટ બરાબર બોલતા શીખી હુંશિયાર થયેલા જાણી પોતાના કામમાં આવે એવા શબ્દો મુખપાઠ કરાવવા લાગી કે, 'ઇંટો લાવ, ચુનો લાવ, લાક્ડાં લાવ.' આ પ્રમાણે પોપટને પ્રવીણ થયેલા જાણી છોકરીએ બીરબલને કહ્યું કે, 'પિતાજી ! કોઇ જાણી ન શકે તેમ હવાવાળા એક મહેલનાં ઉંચા મજલાવાળા ઓરડામાં આ પોપટોને યુક્તિથી છુટા રાખી બારી બારણા બંધ રાખજો. જે શાહના મેહેલ માટેનો આ પોપટોજ ખુલાસો કરી દેશે. પરંતુ આ વાત કોઇના જાણવામાં ન આવે આ બળદની ખુબી તો આપે જાણી લીધી હશે એટલે વધુ જણાવવાની હું જરૂર જોતી નથી. એમ કહી પોપટો બીરબલને દીધા.

આ પોપટોને બીરબલે શાહના એકાંત મહેલના પાંચમે માળે છુટા મુકી દીધા. મહેલમાં છુટા થતાંજ ઉડી ઉડી મહેલના ઉંચા ભાગ પર બેસી શીખવવા પ્રમાણે બોલવા લાગ્યા. આ જોઇ બીરબલે શાહ આગળ જઇને કહ્યું કે, 'હજુર ! અધર લટકતો મહેલ બાંધવા માટે કારીગરો અધર જઇ ઉતાવળા થઇ કહે છે કે ઇંટો લાવો, ચુનો લાવો, લાકડાં લાવો. એમ વારંવાર બુમો મારે છે. માટે હવે જરા પણ ઢીલ ન કરતાં જલદીથી કડીઆ સુથારો અને મજુરોને ઇંટો ચુના સાથે અધર મોકલી આપો. શાહે કહ્યું કે, 'જ્યાં સુધી મીસ્ત્રીનું આવું બોલવું હું સાંભળું નહી, ત્યાં સુધી કશો હુકમ કરી શકતો નથી.' આ સાંભળતાંજ બીરબલે તરત શાહને એકાંત ભુવનમાં લઇ જઇ શાહના મનની ખાત્રી કરી આપી.

ઉપરા સાપરી અવાજ થતા સાંભળી શાહ અચરત પામી મન સાથે વીચાર કરીને બીરબલને કહ્યું કે, 'બીરબલ ! કડીયા સુથાર મજૂર અને ઇંટ ચુનો લાકડાં વગેરે અધર શી રીતે પહોંચાડવાં ?

બીરબલે કહ્યું કે, 'સરકાર ? જો તેઓ પહોંચતા ન કરી શકે તો અધર લટકતો મહેલ કેમ તૈયાર થઇ શકશે ? આ મહેલ બાંધવાનાં સાધનો અધર મોકલી શકાતા નથી તો પછી મારે ક્યાં સુધી બેસાડી પગાર આપવો ? આ બધો ખરચ રાજની ત્રીજોરીની માથે છે તેમાં લાભ

શો ? માટે જેમ ફરમાવો તે પ્રમાણેનો બંદોબસ્ત કરૂં ? આ પ્રમાણે બીરબલનું બોલવું સાંભળી શાહ ઘણોજ ખુશી થયો અને તેની વિશાળ બુદ્ધિની તારીફ કરી દરબાર સમક્ષ બીરબલને મોટી બક્ષીસ આપી.

**સાર** - રત્નોની ખાણમાં રત્નોજ પાકે છે તો પછી બીરબલની છોકરીમાં શાની કચાશ હોય ?

-O-

# વારતા એકાશીમી.

-0:0-

## કવીની બલીહારી.

-0:0-

### બુદ્ધિ તણી સીમા છે કવીતા, ક્ષમા છે ગુણની સીમા,

એક સમે શાહ રંગભુવનની અટારીએ બેસી રાજ મારગમાં આવતા જતા લોકોની રીતભાતનો અનુભવ લેતા હતા. એટલામાં એક મહા સ્વરૂપા જોબનવંતી રંભા પોતાના માથા ઉપર પાણીથી ભરેલો પીતળનો ઘડો મુકી જતી હતી તે પાણીથી ભરેલા ઘડામાં પાણી હાલતું જોઇ શાહે એક પાદપુરતી સમશ્યાનું અરધું ચરણ રચ્યું કે, 'કહી કારન ડોલમેં ડોલત પાની ?'

આ અરધું ચરણ રચીને શાહ તરત કચેરીમાં આવીને બેઠેલા સુજ્ઞ સભાસદોને કહ્યું કે, 'કહી કારણ ડોલમેં ડોલત પાની ?' એના ચાર ચરણ પુરા કરી આપો. આ પ્રમાણે શાહનું બોલવું સાંભળી સકળ સભા દીગમૂંઢ બની ગઇ. પછી દરબારમાં બેઠેલા કવીઓએ પોતાની શક્તી પ્રમાણે ચાર ચરણો બનાવી શાહને સંભળાવ્યાં પણ શાહના મનના ભાવ પ્રમાણે તે ચાર ચરણો ન બનવાથી શાહે તે સમશ્યા પુરી કરી આપવાને બીરબલને સુચના કીધી. સુચના થતાજ બીરબલે તરત નીચે પ્રમાણે કવીત રચી સંભળાવ્યું.

એક સમે જળ લેને કુવેપર છેલ છબીલી ગઇ હરષાની,
ગાત સંકોલમેં ડોલ, ભરન જળ ખેંચતી અંગીયાં મસકાની,
દેખી સભી છતીયાં ઉંઘરી તબ વારીહુકી મનસા લલચાની,
હાથ બીના પછતાત રહા, તહ કારન ડોલમેં, ડોલત પાની.

શાહના મનના ભાવ પ્રમાણે બનેલી કવીતા સાંભળી શાહના આનંદનો પાર રહ્યો નહીં. દેવના વરદાઇ પુત્રોજ પર મનનો ભાવ જાણી શકે છે ? ધન્ય છે ! મારા ભાગ્યોદયને કે મને આવા રત્નો સાંપડ્યા છે ! એમ ગર્વાનંદી બની શાહે બીરબલને એક અમુલ્ય હીરાની ભેટ આપી.

-0-

# વારતા બીઆસીમી.

-0:0-

## શું પ્રીયા રીસાઇ જાય છે ?

-0:0-

### બુદ્ધિ તણું હજુ તોલ કોઇ, કરી ન શક્યો જગ માંય.

એક વખતે શાહ રંગભુવનમાં રાણી સાથે પ્રેમ ક્રીડા કરતો હતો. પ્રેમમાં મસ્ત બનેલો પ્રેમી શાહ પોતાની પ્રિયાંગનાને પ્રેમભાવથી એક પાનનું બીડું પોતાને હાથે ખવરાવ્યું તેથી પોતાના પ્રાણનાથને માન આપવા બીચારી ઉભી થઇ, પણ શાહના મનમાં કાંઇ વીચક્ષણ પ્રકારનો વીચાર સુઝી આવ્યો કે, શું પ્રીયા રીસાઇને ચાલતી થાય છે !' એમ વીચારી એકદમ તેને પ્રેમાલિંગન આપી તેણીના ચંદ્ર સરખા મુખનું ચુંબન કરી પોતાનો પ્રેમ પ્રદરશીત કર્યો. અને પોતાના ખોળામાં બેસાડી શશીવદનીના મુખ તરફ જોયું. તે નિહાળી રાણીએ તીરછી નેણથી મંદ હાસ્ય કરયું, તે વખતે તેણીના મુખમાંથી તંબોળ રંગનું બુંદ નીકળી હડપચી પર પડ્યું, તે લાલ રંગનું બુંદ ગોરા મુખને અત્યંત શોભાવતું હતું. તેથી તેજ વખતે એક પાદ પુરતી સમશ્યાનું અરધું ચરણ રચ્યું કે, 'માનો ચંદકોં ચીર કસુંભ ચુવાયો.'

પ્રેમ રંગની મોજ લુટી શાહ દરબારમાં દાખલ થઇ સકળ સભાને ઉક્ત સમશ્યાના અરધા ચરણ માટે પાદ પુરતી કરી આપવા કહ્યું. પણ દરબાર મધેના કોઈ પણ વિદ્વાને રાજાના મનના ભાવ પ્રમાણે પાદ પુરતી કવીતા નહીં કરી શકવાથી શાહે બીરબલને કહ્યું. બીરબલે તરત નીચે પ્રમાણે પાદ પુરતી કવીતા કહી સંભળાવી.

એક સમે પિયુને મુખમેં કર ખોલકે આપ તંબોળ ખવાયો;
ચંદ્રમુખી નુખરે અપના કર હીકે જોરહી શીશ નમાયો.
લોલનલાલ જીયે હિતસોં ઉમંગી છતિયા જીયરા હુલસાયો,
મુસકાતે ગીરી મુખપે પીકસૌ માનો ચંદકો ચીર કસુંભ ચુવાયો.

આ કવિતા સાંભળી શાહ ઘણોજ ખુશી થયો અને બીરબલના વખાણ કરી બીરબલને ઉત્તમ પ્રકારનો પોશાક ભેટ આપ્યો.

**સાર** - વિદ્વાન રાજાઓની દરબારમાં વિદ્વાનોજ પુજાય છે, પણ અકલહીણ રાજાઓના દરબારમાં સાક્ષરોનું અપમાન થાય છે. પણ અકબર તેવો નહોતો. સારાસારનો વિચાર કરનારો, અને જ્ઞાની અજ્ઞાનીને ઓળખનારો હતો તેથી તેણે ભરતખંડમાં કીરતી સંપાદન કીધી હતી.

-o-

# વારતા ત્રીઆસીમી.

-0:0-

## ચોરાની ચતુરાઈ ચતુર આગળ ચાલે નહીં.

-0:0-

ફોજ ફજેતી છેક, થાય ચોરની ચોકમાં ?
તોપણ તજે ન ટેક, પડે અંતે પગ તોકમાં.

એક સમે એક વહાણમાં ચોરી થઇ તેથી તે ચોરી કરનાર ચોરને શોધી કાઢવા માટે તે વહાણના માલીકે બહુ બારીકીથી તપાસ કરવા છતાં ચોરનો પતો ન લાગવાથી આખરે તે વહાણના નાખુદાએ સઘળા સકદાર માણસોને લઇ શાહની દરબારમાં હાજર થઇ શાહ સમક્ષ ચોરીની ફરીયાદ કરી. આ નાખુદાની સઘળી બાબદ ધ્યાનમાં લઇને શાહે બીરબલને ચોરને શોધી કાઢવા માટે સુચના કીધી. સુચના થતાં જ બીરબલે ઘહુનો લોટ મંગાવી અકેક મુઠી ભરી દરેક સકદારોના હાથમાં આપીને કહ્યું કે, આ લોટનો ફાકડો મારી પોતાના થુંકવડે ગોળો વાળી દરેક જણ બતાવો એટલે ચોર કોણ છે ? તે મારા ઇલમના જોરથી તરત પકડાઇ આવશે.' બીરબલનો આ હુકમ સાંભળતાં જ દરેક સકદારોએ તે મુજબ કીધું, પરંતુ તે સઘળા સકદારોમાંથી એક જણ શીવાય દરેકના મુખમાં પુષ્કળ અમી હોવાથી લોટના ગોળા બની શક્યા હતા. પણ જે ચોર હતો તેના મોઢામાંથી તો આ ઇલમની વાત સાંભળતાં જ અમી સુકાઇ ગયું હતું. તો અમી વીનાનો લોટનો ગોળો બંધાયજ ક્યાંથી ? હવે ગોળો વાળવો કેવી રીતે ? જ્યારે આવો બનાવ બીરબલે જોતાં જ તે ખરા ચોરને પકડી ખુબ ચાબકાથી ફટકાવીઓ. મારથી ભુત પણ નહાસે, મારના ભયથી તે ચોરે લીઘેલો માલ વહાણના માલેક આગળ રજુ કરી દીધો. આ અપરાધને માટે તે ચોરને પચાસ ફટકા મારવાનો હુકમ કીધો.

**સાર** - ગમે તેવા કઠણ છાતીવાળા ચોરને બુદ્ધિશાળીથી જ પોતાની કળાથી પકડી શકે છે. હાલના જમાનાની પોલીસ આવી યુક્તીથી ચોરને પકડી શકવાનું જ્ઞાન ધરાવતી નથી. એજ મહોટી ખેદની વારતા છે.

-0-

# વારતા ચોરાસીમી

-0:0-

## મીઠી મસકરી

-0:0-

### તુરત તરક શક્તિ વડે, રચે યુક્તિ અભિરામ
### તે નર ચતુર શિરોમણી, ગણાય વર ગુણ ધામ

બીરબલ અપવિત્ર વસ્તુને હાથ આડાડતો નથી, એટલું જ નહીં પણ તે બધાની મસ્કરી કરી બધાને બનાવે છે માટે એને આજે બનાવવો એવા હેતુથી શાહે થોડાક મુરઘીના ઈંડા સાથે લઈ પોતે પોતાના શાહજાદાને અને બીરબલને યમુના નદીમાં નહાવા ગયા. શાહજાદો વજીરજાદો અને બીરબલ નદીમાં નહાવાને પડ્યા. આ બધો તમાસો શાહ નદીના ઘાટ ઉપર બેસી જોયા કરતો હતો. પ્રથમથી કરી રાખેલી ગોઠવણ મુજબ શાહજાદો અને વજીરજાદો યમુનામાં ડુબકી મારી કુકડીનું ઈંડુ લાવી શાહ પાસે મુકતા હતા. હવે જ્યારે બીરબલનો વારો આવીઓ ત્યારે બીરબલે મનમાં કહ્યું કે , 'આ તો કેવળ ધર્મ વિરૂદ્ધ છે.' તે કેમ બની શકે ? આની કાંઈ પણ બીજી યુક્તિ કરવી જ જોઈએ. આવો વીચાર કરી નદીમાં ડુબકી મારી કુકડાની ગરદનના આકારે પોતાના હાથની આકૃતી કરી બોલ્યો કે, 'કુકડુક' તે જોઈ શાહે પુછ્યું કે. 'બીરબલ ! એ શું?' બીરબલે હાથજોડી કહ્યું કે, 'હજુર ! કુકડા વગર મુરઘીઓ ઈંડા મુકી શકતી નથી? માટે આ મુરઘીઓના ટોળામાં હું કુકડોરાજ છું, માટે મુરઘો મુરઘીઓ ઈંડા આપે છે તે જોઈ ખુશીમાં આવી કુકડુક બોલ્યો.' આવું મીઠી મસ્કરી વાળું બીરબલનું બોલવું સાંભળીને શાહ ખડખડ હસવા લાગો. આ જોઈ બંને શાહજાદાઓ બહુ શરમાઈ જઈને નીચું ઘાલી ઉભા. બીજાને બનાવવા જતાં બની ગયા. પણ મસ્કરી કરવી અને રીસ ચઢાવવી એ તે કેમ બને ? માટે કાંઈ પણ ન બોલતા પોત પોતાના ખેલમાં ગુંથાયા.

સાર - ધર્મને બાધ ન આવવા દેતા પોતાના ઉપરી અમલદારને કેમ ખુશ રાખવા, તે યુક્તી જાણનાર માણસ આ જગતમાં જશના કામ કરી શકે છે.

-0-

# વારતા પચીઆશીમી

-0:0-

# લક્ષમીપતી તે લાખેણો

-0:0-

મનુષાકૃતિ સહુની છે સરખી, પણ બુદ્ધિ નથી સહુમાં સરખી.

એક વખતે શાહે અમીર ઉમરાવો અને સભાસદોને સવાલ કરયો કે, 'પુરૂષોમાં અધિક માનવંતો વૃદ્ધ પુરૂષ કોણ છે?' તે સાંભળી બધાએ પોત પોતાની બુદ્ધિ પ્રમાણે નીચે મુજબ કહેવા લાગ્યા.-

૧ - જે મહોટો હોય તે બધા પુરૂષોમાં વૃદ્ધ અને અધીક માનવંતો કહેવાય છે.

૨ -વયમાં બુઢો હોય તે બુઢો અધિક માનવંતો ગણાય.

૩ - જે પુત્ર પૌત્રાદિ પ્રૌઢ પરિવારવાળો હોય તે કુલીન અને માનવંતો ગણાય.

૪ - જેમાં અધિક જ્ઞાન હોય એવો બુઢો માણસ બધાથી વધારે માનવંતો ગણાય.

૫ - જે ગુણ રૂપમાં સંપન્ન હોય તે બધામાં મ્હોટો અને માનવંતો ગણાય.

આ મુજબ દરબારમાં પેલાઓએ પોતાની મરજીમાં આવે તેમ સવાલોના જવાબ દીધા, પણ તે જવાબો શાહને બરાબર ન લાગવાથી તરત શાહે તેનો ખુલાસો બીરબલ પાસેથી માગ્યો. બીરબલે કહ્યું કે, બધાનું બોલવું બરોબર છે, તે ઉપરાંત કહું છું કે, જેની પાસે અખુટ ખજાનો છે તેજ મહોટો ગણાય છે. પછી તે ગમે તેવી જાતનો કાં ન હોય? તે કઠોર વચન બોલનારો. દુરગુણથી ભરેલો અને અકલનો અંધો, અને સદગુણીઓનો દુશ્મન કાં ન હોય? તો પણ ગુણવાળા, સદાચરણી, સત્યને ચહાનારા પણ ધનને ખાતર ધનાઢ્ય આગળ જઈ ઓશીઆળો થઈ બંને હાથ જોડી અપમાન સહન કરતો સલામ કરી મદદ માંગશે. તેથી હું માનુ છું કે ધનાઢ્યજ બધામાં મહોટો ગણાય છે. ગમે તેવા ચતુર ડહાયા અકલવંત બહોળા કુટુંબવાળા હુન્નરી ફાંકડા નરો હોય પણ તે ગરથ વિનાના ગાંગળા, વસુ વિનાના નર પશુ કહેવાય છે. માણસના મનમાં મહોટી આશાઓ રૂપી ઈમારતો બાંધે છે પણ ધન વગરની તે આશા રૂપી ઈમારતો મનમાંજ ભાંગી મનમાંજ સમાઈ જાય છે. કહ્યું છે કે, 'ક્યા કરે નર ફાંકડા કે થેલીકા મોં સાંકડા' જેની પાસે દામ રૂપી રામ છે તે રામના પ્રતાપથી ધારે તે કરી શકે. માટે તે ધનાઢ્ય બધામાં મહોટો અને માનવંતો ગણાય છે.' શાહે બીરબલની આ વાત કબુલ રાખી બીરબલના ગુણની તારીફ કીધી.

સાર - જો આ જગતમાં મહોટાઈનું માન મેળવવું હોય તો ધન સંપાદન કરવાની પ્રમાણીકપણેથી પેરવી કરવી.

-0-

# વારતા છાઆશીમી

-O:O-

## સવાલ જવાબ

-O:O-

એક સમે શાહ દરબાર ભરી બેઠો છે. તેવામાં શાહે બીરબલને નીચે મુજબ સવાલો પુછવા લાગ્યો.

શાહ - કયો દુશ્મન કોઈથી ન જીતાય ?

બીરલબ - મોત.

શાહ - કોનું ઓસડ નહીં?

બીરબલ - સ્વભાવનું.

શાહ - કયો માણસ સાલસ સમજવો ?

બીરલબ - જેની આંખમાં શરમ હોય તેને.

શાહ - કોણ બળવાન છે ?

બીરબલ - વખત બળવાન છે

શાહ - કેમ માણસ બળવાન નહીં વારૂ?

બીરલબ - સાંભળો ત્યારે.

અરજુને એક વખતે આખા ભરતખંડના રાજનો રાજા થયો હતો તે એક સમે દુવારકાથી ભગવાનની રાણીઓને લઈને હસ્તિનાપુર જતાં કાબાએ તે રાણીઓને લુટી લીધી. એ વખતે પણ એના એ ધનુષ બાણ હતાં પણ કાંઈ કામમાં આવીઆ નહીં, માટે સમો બળવાન છે.

શાહ - કળયુગ ક્યાં સમજવો ?

બીરબલ - જ્યાં કુસંપ હોય ત્યાં.

શાહ - કોણ આંધળો છે ?

બીરલબ - ઈશક

શાહ - લંપટ થવામાં શું દુઃખ?

બીરબલ - શરીરમાં વ્યાધિ વધે, અને ઈશવરનો ચોર થઈને નરકમાં જવું પડે.

શાહ - વગર પાદશાહીએ પાદશાહ કોણ ?

બીરલબ - બેતમાં વાળો.

બીરબલના આ હાજર જવાબો સાંભળી શાહ અને દરબાર આનંદમાં તલ્લીન બની ગઈ.

-O-

# વારતા સીતીઆસીમી

-0:0-

# આ બેમાંથી ચોર કોણ ?

-0:0-

એક સમે શાહ અને બીરબલ ગરાસીઓના ગરાસ સંબંધી તકરાર ચલાવી રહેલા છે એટલામાં ઝવેરચંદ નામનો વાણીઓ આવીને શાહ સમક્ષ ફરીઆદ કરી કે, 'સરકાર ! કડવી અને મીઠી નામની મારે બે બાયડીઓ છે. આ બંનેને ઘરમાં મુકી અને ઘરની એક પેટીમાં રૂપીઆ બસો મુકી કમાવાને ખાતર બહાર ગામ ગયો હતો. બહારગામથી આવતા પેટી ઉઘાડી જોયું તો રૂપીઆ ગુમ થયલા જણાયા. આથી મેં મારી બંને બાયડીને પુછ્યું કે આ પેટીમાંથી કોણે રૂપીઆ લીધા છે ? તો કડવી કહે કે મીઠીએ લઈ વાપરી ખાધા છે, અને મીઠી કહે છે કે કડવીએ ઓંયા કીધા છે. હવે આ બેમાંથી ચોર કોણ ? તે તમે મહેરબાની કરીને મને પકડી આપો.' આ સાંભળી શાહે બંને ઓરતોને કચેરીમાં બોલાવીને શાહે કડવીને પુછ્યું કે, 'પેટીમાંથી રૂપીઆ કોણે લીધા છે?' કડવીએ કહ્યું કે, 'રૂપીઆ કેવા ને વાત કેવી ? પુછો મીઠીને ?' મીઠીને પુછતાં મીઠીએ કહ્યું કે, ' મહારાજ ! આપતો સારા નરસા માણસની પરીક્ષા કરનાર છો ? એથી વધારે શું કહું ? કડવી નાહક મારૂં નામ લે છે.' શાહે તરત સીપાઈને બોલાવીને કહ્યું કે, ' આ જે ઓરતોને કોરડાનો માર મારો, એટલે જે ચોર હશે તે તરત માની જશે.' આ સાંભળી બીરબલે શાહને કહ્યું કે,' સરકાર ! માર મારીને મનાવવું એતો અનીતી કહેવાય !' શાહે કહ્યું કે, 'તો પછી આનો ઈનસાફ શી રીતે કરવો ?' બીરબલે કહ્યું કે, 'એ ઈનસાફ તો એક માસ પછી થશે. એટલું કહી બીરબલે શાહના બાગમાંથી સાઠ દાડમ મંગાવી તે બે ઓરતોને સરખે ભાગે વેંચી આપી તેમને કહ્યું કે, 'આ દાડમ ઉપર એક માસ સુધી નીરવાહ ચલાવજો. પછી તમારો ઈનસાફ થશે.' પછી આ બે ઓરતો પોતાના ભરથારની સાથે પોતાને ઘેર આવી. એ વાતને એક માસ વીતી ગયો એટલે એ બે ઓરતો ને કચેરીમાં બોલાવી બીરબલે પુછ્યું કે,' બોલો તમે એ દાડમનું શું કીધું?' કડવીએ કહ્યું કે, ' સાહેબ તમારા કહેવા મુજબ મેં દરરોજનું અકેક દાડમ ખાઈને ત્રીસ દીવસ સુધી ગુજરાન ચલાવ્યું છે' મીઠીને પુછતાં મીઠીએ કહ્યું કે, 'ન્યાયાધીશ સાહેબ ! દરરોજનું અકેક દાડમ ખાઈને બેસી રહીએ તેથી પેટનો ખાડો બરાબર ભરાય નહીં, માટે એક રૂપીઆના પાંચ લેખે વેંચી નાખ્યા તે રૂપીઆ છ આવ્યા, તેમાંથી રૂપીઆ ત્રણના દાણા લીધા ને બાકીના રૂપીઆ ત્રણ વધ્યા છે તે આ રહ્યા. એમ કહી બીરબલની ટેબલ પર મુકી દીધા.' પછી બીરબલે ઝવેરચંદને કહ્યું કે, ' આ તારી મીઠી ઓરત સાચી છે, અને કડવી જૂઠી છે, માટે રૂપીઆની ચોરી કરનાર કડવી છે, કેમકે આખા દહાડામાં અન્ન ખાધા વગર એક જ દાડમ ખાઈને રહી

શકાય નહીં.' આમ કહીને પહેલી કડવીને ખુબ ધમકી આપી તેથી તેણીએ માની દીધું અને કહ્યું કે, ' મેં એ રૂપીઆ ઉડાવી દીધા છે.' કડવીને શારી શીખામણ આપી, તેણીના પતી ના કહેવા મુજબ વરતવાનો બોધ આપી જવા દીધી. બીરબલનો આ ચમત્કારીક ઈનસાફ જોઈ તમામ દરબાર છક બની ગઈ.

-o-

# વારતા ઈઠીઆસીમી

-0:0-

## ચીઠીઓ મુકવાની યુક્તી

-0:0-

પલંગના પાયા તળે, મુકે ચીઠીઓ કોય
ઓળખી કાઢે તરત તે, હાજર જવાબી હોય.

શરીરની વ્યાધીને લીધે બીરબલ બે ચાર દીવસ સુધી કચેરીમાં જઈ શક્યો નહીં. તેથી શાહ તેને જોવા સારૂ, છત્ર અસ્વારીએ બીરબલના પલંગ આગળ ખુરસી હતી તે ઉપર બેઠો અને સુખ સાતાના સમાચાર પુછ્યા એટલામાં બીરબલને હાજત થઈ આવી. તેથી બીજા ઓરડાના ખાળમાં ગયો. આ તકનો લાભ લઈ શાહે મનમાં વીચાર કરયો કે બીરબલની હુશયારી મંદવાડને લીધે કાંઈ ઓછી થઈ છે કે નહીં, તેની પરીક્ષા કરૂં. એમ ધારીને બીરબલના પલંગના ચાર પાયા નીચે કાગળની અકેકી ચીઠ્ઠી મુકીને ખુરસી ઉપર બેઠો. હાજતથી બીરબલ પાછો ફરી પલંગ ઉપર આવી સુતો એટલે રાજાએ બીરબલને પુછ્યું કે,' તમારો પલંગ લગારે આઘો પાછો ખશયો હોય એમ તમને કાંઈ જણાય છે કે નહીં. શાહના આવા શબ્દો સાંભળતાજ બીરબલે ઉપર બાંધેલી છતસામુ જોઈને કહ્યું કે: 'મને એમ લાગે છે કે કાંતો મારો પલંગ કાગળવા ઉંચો થયો હોય, કાંતો આ ઉપર બાંધેલી છત કાગળવા નીચી આવી હોય એવું મને લાગે છે.' બીમાર છતાં બીરબલની શક્તી જેવીને તેવી છે તે જાણી શાહ અને શાહ સાથે આવેલા અમલદારનો અજાયબીમાં ગરકાવ થઈને કહ્યું કે, ' આવી અકલ તો બીજા કોઈનામાં હોય નહીં. શાહે બીરબલને કહ્યું કે, 'તમારી ચાલાકી જોવા માટે મેં તમારા પલંગના ચાર પાયા નીચે અકેકી ચીઠી મુકી છે.' એટલું કહી સ્વારી પાછી ફરી.

-0-

# ભાગ ૧૦ મો

# વારતા નીવાસીમી

-0:0-

## ગળે પડુ ચાકરડી

-0:0-

### જુઠું ટકે જરીવાર, પાર ન પહોંચે પ્રવીણ નર

એક વખતે રસ્તેથી જતા એક ગૃહસ્થનો હાથ પકડી એક સ્ત્રીએ કહ્યું કે, 'અલ્યા લુચ્ચા ! ઉભો રહે, જાય છે ક્યાં ! પારકી સ્ત્રી પર બલાત્કાર ગુજારી લાજ લુટી માટે શરમાતો નથી. ચાલ તારા પાપની શિક્ષા કરાવું ?' એટલું કહી તે ગળે પડુ ચાકરડી દરબારમાં જઈ ફરીયાદ કરી. આ ગળે પડુ લોંડીની સઘળી હકીકત સાંભળી લઈને શાહે તેથી તે તોહોમતવાળા માણસને દરબારમાં બોલાવી તેની બારીક તપાસ કરીને પછી તે લોંડીને શાહે હસીને કહ્યું કે, 'તારામાં ડહાપણ બહુ છે, માટે તારી ડહાપણ ભરેલી ઠાવકી ચતુરાઈ જોવાની મને ઈચ્છા થઈ છે, તે માટે આ સોયમાં તું દોરો પરોવી આ રૂમાલમાં એક નમુનેદાર બુટ્ટો ભરી આપ. બાદ તારા કેસનો ચુકાદો આપીશ.' એમ કહી બાદશાહે સોય ચપટીમાં પકડી દોરો તે લોંડીના હાથમાં આપી પરોવવા કહીને શાહ સોયને ચપટીમાં ફેરવવા લાગ્યો.' આ જોઈ તે લોંડી બોલી કે, 'ખુદાવીંદ ! સોય ફેરવલી બંધ રાખશો તો જ મારાથી દોરો પરોવાઈ શકાશે ?' આ સાંભળી શાહે કહ્યું કે, વાહ ! ઠગારી ! જ્યારે તું આ ફરતી સોયમાં દોર પરોવવા અશક્ત છે ત્યારે આ માણસે તારી ઉપર બલાત્કાર ગુજાર્યો ત્યારે તે તું કેમ સહન કરી શકી ? માટે આ દાખલા ઉપરથી એમ સાબીત થાય છે કે તારી ઈચ્છાથી જ આ માણસે તારી સાથે તારી સાથે રતી રંગ રમ્યો છે, પણ તારા મનની લાલચને પૂર્ણ ન કરવાથી તેં આ ફરીઆદ માંડીને પૈસા ઓકાવવાની માત્ર યુક્તિ રચી છે, તે યુક્તીમાં તું ખોટી પડી છે. ફરીથી તારા જેવી હલકી જાતની સ્ત્રીઓ બીજાઓની આબરૂ ઉપર હુમલો ન કરે તેટલા માટે તને બાર માસ સુધી અંધારી ઓરડીમાં પુરી રાખવાનો હુકમ કરૂં છું.' શાહનો આ તાત્કાલીક ઈનસાફ જોઈ તમામ દરબાર શાહના ઉંચા પ્રકારના ન્યાયની ખુબીને વખાણવા લાગ્યા.

-0-

# વારતા નેવુંમી

-૦-૦:

## બીરબલ અને ગંગ કવી

-૦-૦:

બીરબલ અને ગંગ એક ગુરૂની નીશાળે શીખ્યા હતા, અને અભ્યાસ કરતી વખતે બંને જણ એકમેકના મીત્ર બન્યા હતા. ભણતા તે મોટા થયા ત્યારે તે બંને જણ જુદા પડ્યા, અને કમાણી કરીને પોત પોતાનું પેટ ભરવાનો સમય આવ્યો ત્યારે તેઓ કોઈક વખતે મળતા હતા. પણ બીરબલ જ્યારે પ્રધાનપદ ઉપર નેમાયો ત્યારે પાછો તેમનો મેલાપ થયો. તે વખતે તેને પોતાની જુની મીત્રતા યાદ આવાથી કવી ગંગે એક દોહરો કરીને બીરબલને મોકલ્યો. તે સાથે પોતાના ઘર પાસે એક બોરડી હતી તેમાંથી થોડા બોર તોડીને મોકલ્યા. સાથે મોકલેલો દોહરો આ પ્રમાણે હતો.

**દોહરો**

આગું સુદામા કિશ્નને, ગંગ બીરબલ ફેર,
તા દિનમેં તાંદુલ હતે, યહ દીનનમેં બેર.

બીરબલ પણ પોતાની આગલી મીત્રતા સંભારી આનંદ પામ્યો.
તે પછી બીજે દીવસે સભામાં એકઠા મલ્યા તે વખતે બીરબલે ગંગને કહ્યું કે, 'બારોટજી ! આપણા નામદાર બાદશાહ સલામતનો સમય તો વર્ણવો ?'
ગંગે કહ્યું, 'ખમા ! સરકાર !'

**દુહો**

તાનહદ મીયાં તાનસેન, હદ બુદ્ધિબળ બીર;
શાહ હકાં શા' અકબરાં, ટોડરમલ્લ વજીર.

આ સાંભળી શાહ આનંદ પામ્યો અને ગંગને સરપાવ આપવા હુકમ કીધો.
બીરબલે કહ્યું કે , 'હજુર ! આ ભારત ભુમીમાં ભાટ અને બારોટોએ પ્રથમથીજ પોતાની નામના મેળવી છે. ગંગજી એકાદ ! ભાટની સ્તુતિનું કવિત સંભળાવશો ?'
ગંગે નમન કરીને કહ્યું કે, 'ખુશીની સાથે, અહીં ના ક્યાં છે.

**કવિત**

પવનકો તોલ કરે ગગનકો મોલ કરે,
રવિસે બાંધે હિંડોલ એસે નર ભાટ હૈં;
પથ્થરસો કાંતે સુત બાંઝનનકો બઢાવે પુત,
મસાનમેં બસત હે ભુત તાકો ઘર ભાટ હૈં.
બીજલકો કરે લેવા દવનીસું રાખે દેવા,
રાહુકું ખવાવે મેવા એસો સધ્ધર ભાટ હૈં;
મેઘનકું રાખે ઠેરા તખ્તકા લુટાવે ડેરા.
મનકા સંભારે ફેરા એસો નર ભાટ હૈં.

બીરબલે કહ્યું કે, શાબાશ, બારોટજી, શાબાશ ! ભલી બજાવી.'

આ સાંભળતાજ શાહ વધારે આનંદ પામી બીજો સરપાવ મંગાવી ગંગને આપ્યો.

-0-

# વારતા એકાણુંમી

-૦:૦-

## વાણી-વીનોદ ૧

-૦:૦-

એક વખતે એક સભા ભરાઈ હતી તે વખતે અગત્યનું કામ આટોપી લીધા પછી વાણી વીનોદની શરૂઆત થઈ. ગંગ વગેરે કેટલાક કવીત વગેરે કહ્યા પછી એક દરબારીએ કહ્યું કે, 'હજુર! ગરજ હીડીબાત હે, ગરજ બીન કોઈ કીસીકે સામને નહીં દેખાતા. 'ગરજ હી બીબી ગુલામકું જાવે, યહ ભી ઉસ્સે કહ્યા જાતા હય.'

આ સાંભળતા જ શાહે કહ્યું કે, ' ગરજહી બીબી ગુલામકું જાવે, એ પાદપૂરતી ઉપર કોઈ કવી પોતાનો પાયો રચીને બોલે તેમ છે ?'

આ સાંભળતા જ કાંઇ પણ વીચાર કર્યા વગર ગંગ ઉઠીને બોલ્યો, 'હજુર ! એમાં તે શું ? બારોટને મન તો એવી કવીતાઓ બચ્ચાની રમત જેવી છે. જુઓ સાંભળો :- "ગરજહી અરજુન હીજ ભયો, અલી ગરજહી ભીમ રસોઈ બનાવે; ગરજહી દ્રૌપદી દાસી ભઇ, અલી ગરજહી ગોવીંદ ધેન ચરાવે; ગરજ બડી ત્રૈલોકનમેં, અલી ગરજ બીના કોઇ આવે ન જાવે; કવી ગંગ કહે સુણો શાહ અકબર, ગરજહી બીબી ગુલામકું જાવે. 'હજુર સારી દુનીઆ ગરજ કી હૈ'

શાહ તેની આવી ઉત્તમ કાવ્ય શકતીની શીઘ્ર કવીતા સાંભળી આનંદ પામી કહ્યું કે, ' ધન્ય છે, ગંગ ધન્ય છે!' બલી બજાવી તેં તો ! તારા જેવો બીજો ભાટ આ જગતમાં હાલ તો મળવો કઠીણ છે. પૃથુરાજનો જેવો ચંદ બારોટ હતો તેવોજ મારી દરબારમાં તું પણ છે.'

ગંગે ધીમેથી કહ્યું કે, 'સરકાર ! એમાં મેં કાંઇ વધારે કર્યું નથી. બારોટ કાંઇ શીખીને થવાતું નથી. એ તો માના પેટમાંથી જન્મ લેતાં જ બારોટ જન્મે છે.'

ગંગના આ વાક્યો સાંભળતાજ શાહ તો વિસ્મય પામ્યો, પણ એક દરબારીએ જરા વધારે રસ લાવવા માટે કહ્યું કે, 'નામદાર ! મારા ધ્યાનમાં તો આવી વાત ઉતરતી નથી. આતો બારોટોએ પોતાની કાંઇ દંત કથા ચલાવી હોય તેવી વાત લાગે છે.'

ગંગે જરા આંખ ચઢાવીને કહ્યું કે, ' શું ! આ દંતકથા જેવી વાત છે ? બારોટનો છોકરો જન્મથી શું બારોટ નથી જન્મતો ? નહીં, નહીં, એ વાતજ ખરી છે !'

એક દરબારી જાણે ગંગાની દયા ખાતો હોય તેવો બહારથી દેખાવ કરી પણ અંદરથી તેની સામે શાહને વધારે ઉશ્કેરી મુકવા જેવાં વાક્યો કહ્યાં કે, 'હજુર ! પણ ગંગ બારોટ પોતે ક્યાં ના પાડે છે ? એ તો એ વાતનો પ્રત્યક્ષ દાખલો બતાવવાને તત્પર છે.'

શાહે કહ્યું કે, 'હા, જો ગંગ એ બાબતનો દાખલો મને બતાવી મારી ખાતરી કરી આપે તો હું એ વાત સાચી માનું.'

એક દરબારી જે ગંગના કુટુંબના માણસોને ઓળખતો હતો અને તેમની સાથે પરિચયમાં હતો તેણે કહ્યું કે, સરકાર ! ગંગની દીકરી હાલ ગર્ભવતી છે. તે બાઈના જુજ સમયમાં છુટા છેડા થશે તે વખતે આપની ખાતરી કરવી હોય તો આપ કરી શકશો.'

આ સાંભળી શાહે કહ્યું કે, ' જો એમજ હોય તો પછી આપણે તેની ખાતરી કરીશું. ગંગની છોકરી મારી છોકરી સમાન છે. તેથી જેમ ગંગને ત્યાં એ હોય તેમ મારે ત્યાં સુવાવડ કરશે. જો એને છોકરો અવતરશે તો પરીક્ષા કરી ખાત્રી કરવા માટે હું મારા તાબામાં તેને રાખીશ અને છોકરી થશે તો હું તેને દાએજો આપી પાછી મોકલીશ.'

બધાને આ વાત પસંદ પડી. ગંગે પણ વગર વાંધે તે વાતને સ્વીકારી. પછી સભા બરખાસ્ત થઈ. શાહે તરત ગંગની છોકરી માટે પોતાના મહેલમાં તૈયારીઓ કરાવી અને પછી તેને લાવીને ત્યાં રાખી.

-0-

# વારતા બાણુંમી

-0:0-

# વાણી વીનોદ-૨

-0:0-

એક વખતે શાહ અને બીરબલ ઘોડે બેસીને જમુના કીનારે ફરતા હતા. તે વખતે ત્યાં કેટલાક ગધેડા ચરતા હતા તેમનો ધણી કુંભાર ત્યાંથી થોડે છેટે ઝાડ નીચે પડીને ઉંઘતો હતો.

કુતરાની પુંછડી ઝાડે બાંધવા છતાં સીધી ન રહેતાં વાંકી ને વાંકી રહે છે. તેમજ આ ગધેડા છે. એમને ગમે એટલા પાણીમાં નવરાવી સાફ કરે તોપણ તે ધુળમાં લોટ્યા વગર રહેતા નથી.

કુંભારે પોતાના ગધેડાઓને થોડીવાર પહેલાંજ નવરાવ્યા હતા. તેથી ભીને શરીરેજ ગધેડાઓ જમીન ઉપર આલોટ્યા હતા તેથી તેમના શરીરે ધુળ વળગી રહી હતી. તે જોઈ શાહે કહ્યું કે, 'બીરબલ ! આ ગધેડાઓના જેવું ખરાબ પ્રાણી એકે ન હોય. એના માલેકે થોડી વાર પહેલાં જ એમને નવરાવી સાફ કર્યાં હશે પણ આટલી વારમાં એ તો પાછા શરીરે ધુળ ચોપડી ઉભા છે.'

તેના ઉત્તરમાં બીરબલે કહ્યું કે, 'સરકાર ! એતો એમનો મુળ સ્વભાવ છે. બધાનું ઓષડ છે, પણ એક સ્વભાવનું ઓશડ મળતું નથી. એક કવીએ કહ્યું છે કે:-

પાવકકું જળ બીંદુ નીવારન, સુર્ય તાપકું છત્ર કીયો હે; બ્યાધીકું વૈદ, તુરંગકું ચાબુક, ચોપગકું વૃક્ષ દંડ દીયો હે. હસ્તી મહાવદકે સીર અંકુશ, ભુત પીશાચકું યંત્ર કીયો હે. ઓષડ હે સબકો સુખદાયક, સભાવકા ઓખડ નાહી કીયો હે.

તેથી ખુદાવીંદ ! બધાનું અઉષધ છે, માત્ર એક સ્વભાવનું ઓશડ નથી.

શાહ બીરબલની આવી સમયસુચક વાણી સાંભળીને આનંદ પામ્યો.

-0-

# વારતા ત્રાણુંમી

-0:0-

## વાણી વીનોદ-૩

-0:0-

એક વખતે મંગળ બાગમાં દરબાર ભરાઈ હતી. ખુબ ગાન તાન ચાલી રહ્યું હતું. તે વખતે એક પરદેશી પંડીત જે કેટલાક દહાડા થયા દીલ્લીમાં આવી રહ્યો હતો તે રજા મેળવીને દરબારમાં દાખલ થયો. કેટલીકવાર સુધી દરબારની ગમત જોયા પછી તેણે કહ્યું કે, 'સરકાર ! કેટલાક સવાલો મારે આપના દરબારીઓને પુછવા છે. જો રજા આપો તો પુછું.'

બાદશાહે કહ્યું કે,' ખુશીથી પુછો.'

પંડીતે કહ્યું કે, 'આપના દરબારીઓમાંથી એકેક જણે જવાબ આપવો. એક પણ સવાલનો જે જવાબ આપી ન શકે તેણે બીજા સવાલનો જવાબ આપવો નહીં.'

શાહે કહ્યું, 'ભલે, તેમ કરશે.'

પંડીતે સવાલ પુછ્યો, 'જુવાનીમાં માણસે શું કરવું ?'

કેટલાક દરબારીઓએ વીચાર કર્યો કે, કદી આપણે જવાબ આપવા જઈશું અને ખોટા પડશે તો આબરૂ જશે. માટે ગુપચુપ બેસી રહેવામાંજ શોભા છે. એના બધા જવાબો કાં તો જગન્નાથ પંડીત કે કાંતો બીરબલ આપી શકશે. તેમના વગર બધા સવાલોના જવાબો મળનાર નથી. જ્યારે કોઈ બોલતું નથી, અને જગન્નાથ પંડિત ત્યાં હાજર નથી જાણી બીરબલે જવાબ આપવાની પોતાની ફરજ વીચારી. તેણે તુરત જવાબ આપ્યો કે, 'વૃદ્ધાવસ્થામાં સુખથી રહેવાનો ઉપાય.'

પંડીત - એવું શું છે જે, પાછળથી આવે છે અને પહેલાંથી જાય છે ?

બીરબલ - દાંત, માણસનો જન્મ થયા પછી આવે છે અને મરણ પામ્યા પહેલાં જતા રહે છે.

પંડીત - નાશ ન થાય એવું શું ?

બીરબલ - અચલ કીર્તી.

પંડીત - એવી કઈ બે વસ્તુઓ છે કે જે એક બીજાની પાસે છે છતાં તે મળી શકતી નથી.

બીરબલ - આંખો. બંને એકબીજાની પાસે છે છતાં વચ્ચે નાક રહેલું છે તેથી તેમનો મીલાપ થતો નથી.

પંડીત - સુખી રહેવાનો રસ્તો કયો ?

બીરબલ -સંતોષી રહેવું. સંતોષી સદા સુખી અને અસંતોષી સદા દુઃખી.

પંડીત - કંઇ ચીજ વધારે કીંમતી અને વખાણવા લાયક હોય છે ?

બીરબલ - કારીગરી.

પંડીત - મુર્ખ કોને કહેવો ?

બીરબલ - જે પોતાનો સ્વાર્થ સમજતો નથી તેને.

પંડીત - એવું શું છે જે પોતાના પાડોસીઓને કરી મુકે છે ?

બીરબલ -એતો સુખડ.

પંડીત - કામ સંતોષકારક ક્યારે થાય ?

બીરબલ - જ્યારે પોતાને હાથે કર્યું હોય ત્યારે.

એક પછી એક પોતાના સવાલોના બીરબલે જવાબ આપ્યા તેથી તે પંડીત ઘણોજ ખુશી થયો. શાહ પણ બીરબલની જીત થયેલી જાણી બહુજ આનંદ પામ્યો. તેથી તેણે બંનેને સારો શીરપાવ આપ્યો.

પંડીતે પણ બીરબલના બહુ વખાણ કર્યા અને પોતે જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં તેની સ્તુતી કીધી.

-0-

# વારતા ચોરાણુમી

-O:O-

## બહુ તરનારો પાણીમાંજ ડુબે

-O:O-

## સહુ સહુના રૂઃખને રડે, પર દુઃખે ન રડે કોય

એક સમે શાહ રાતે નગર ચરચા જોવા નીકળ્યો હતો. ફરતો ફરતો તે જમુનાના કીનારા પર આવ્યો, એટલામાં તેણે ત્રણ સ્ત્રીઓને રડતી દીઠી. આ ત્રણે સ્ત્રીઓનું રુદન સાંભળી શાહ તેની પાસે જઈ તેણીઓને પુછ્યું કે, ' તમે શા માટે રડો છો ? તે જો કહેવામાં કશી હરકત ન હોયતો મને કહો.' આવી વખતે આહીં આવીને આમ કોણ બોલે છે તે સાંભળીને તે સ્ત્રીઓએ તરત જ પોતાની આંખ ઉઘાડીને જોયું તો, કોઈ દેવાંશી નરને ઊભેલો દીઠો. આ દેવાંશી નરને જોતાંત બે હાથ જોડી, શીશ નમાવી પહેલી સ્ત્રી બોલી કે, મારો સ્વામી આ જમુના નદીના પેલીપાર ખેતીનું કામ કને છે તેથી તે દર રોજ તરીને પેલેપાર જાય છે અને આવે છે, પણ તે કોઈક દીવસે તરનારો પાણીમાં ડુબી મરે. તેથી હું રડું છું.' બીજીને રડવાનું કારણ પુછતાં તેના ઉત્તરમાં બીજી સ્ત્રીએ કહ્યું કે, 'મારો પતી રોજ ચોરી કરવા જાય છે, જેથી તે કોઈક દીવસે કરોળીઆની પેઠે પોતાની જાળમાં ફસાઈ મરશે તેથી હું રડું છું.' ત્રીજીને પુછતાં ત્રીજીએ કહ્યું કે, 'ન્હાના પતીને લીધે એળે જતાં યોવનને માટે રડું છું.' આ પ્રમાણે ત્રણેનું રડવાનું કારણ સાંભળી શાહ પોતાના મહેલમાં ગયો અને ગંગ કવીની રાહ જોતો બેઠો. એટલામાં ગંગ કવી આવ્યો- તે જોઈને શાહે ગંગ કવીને કહ્યું કે, 'રાતે સ્ત્રીઓ શા માટૅ રોતી હતી?'

આ પ્રમાણેનો શાહનો સવાલ સાંભળી ગંગ કવીએ કહ્યું કે:-

નદી પાર ખેતી કરે, અરૂ પરઘર ચોરી જાય;
બાલે કંથકી કામની, (યહ) તીનુ બુરી બલાય.

માટે રોતી હતી.' આ પ્રમાણે ગંગ કવીનો ઉત્તર સાંભળી શાહ ઘણોજ ખુશી થયો અને અમુલ્ય શીરપાવ આપી ગર્વાનંદી બન્યો.

-O-

# વારતા પંચાણુંમી

-0:0-

## બે ભેદ ભરેલા મુસાફરો

-0:0-

એક દીવસે શાહ દરબાર ભરીને પોતાના મનોહર બાગમાં બેઠો હતો. તેવામાં ત્યાં બે મુસાફરો આવીને હાજર થયા. અને તેઓ કોણ હતા તે પારખી કાઢવા માટે શાહને અરજ કીધી. તેમની આ અરજ સાંભળી શાહ અને દરબારીઓ તેમની તરફ આશ્ચર્ય પામી જોવા લાગ્યા. તે એક મેકને મળતા આવતા હતા તેથી તેઓ કોણ છે તે ધારવું બહુજ કઠીણ હતું. નીમીશવાર વિચાર કર્યા પછી શાહે તમામ દરબારીઓને કહ્યું કે, 'આ મુસાફરો કોણ છે તે પારખી કાઢો ?' હવે કેમ કરવું તેના વિચારમાં બધા પડ્યા. આખરે બીરબલે તેમ કરવાની હામ ભીડી. બીરબલે બંને મુસાફરોને આસન આપી બેસાડ્યા અને પછી એક મુસાફરને કહ્યું કે, 'હું પુછું તેના ખરા જવાબ આપશો ?'

પહેલા મુસાફરે હા પાડી.

બીરબલ - તમે ક્યાં રહો છો ?

પહેલો મુસાફર - હું દરેક ઠેકાણે રહું છું છતાં મારૂં એક ચોક્કસ સ્થાનક નથી.

બીરબલ - તમે શું કરો છો ?

મુસાફર - હું દોડનાર છું. અને આખી દુનીયાના દરેક ભાગમાં હું દોડું છું. જ્યાં બીજા કોઈનો પણ પ્રવેશ થઈ ન શકે એવા સઉથી ખાનગી ભાગમાં પણ વગર અટાકાવે હું દાખલ થઈ શકું છું.

બીરબલ - તમારી સત્તા કેટલી છે તથા બીજું પણ તમારે વિષે જેટલું જણાવી શકતા હો તેટલું મને કહી દો.

મુસાફર - મારી સત્તા ઘણી છે. હું માત્ર આ દુનીઆ ઉપરજ ફરતો નથી પણ આકાશમાં પણ ફરી શકું છું. મને જોતાંજ સાગર અને ભુમી કાંપવા મંડી જાય છે, અને જંગલના મોહોટા ઝાડો જડમુળથી ઉખડી જાય છે. હું જ્યારે ફરવા નીકળું છું, ત્યારે દરેક જણને મારતો જાઉં છું.' પણ મને પકડી રાખવાની કોઈ સત્તા ધરાવતો નથી. દરેક જણ મારૂં નામ જાણે છે, છતા કોઈએ મને દીઠો નથી. મારા વડેજ બધું છે. હું ન હઉં તો આ ભુમીમાં ઘણી ઉથલ પાથલ થઈ જાય.

બીરબલે વીચાર કરીને કહ્યું કે, 'ઠીક.'

મુસાફર - ત્યારે કહો હું કોણ છું?

બીરબલ - જરાક ઉભા રહો. આ તમારા ગોઠીયાને સવાલ પુછવા છે તે પુછી લઉં. પછી બંનેને એક સામટો જવાબ આપું. પછી બીજા મુસાફરને પગથી તે માથા સુધી તપાસીને બીરબલે પુછ્યું કે, 'તમે ક્યાં રહો છો?'

બીજો મુસાફર - હું દરેક સ્થળે રહું છું. મારા વગરનું કોઈ પણ સ્થળ ખાલી નથી.

બીરબલ - તમારી સત્તા કેટલી છે?

બીજો મુસાફર - પહેલા મુસાફરની જેટલીજ મારી સત્તા છે.

બીરબલ - તેના જેટલા તમે નુકશાન કરતા છો કે નહીં?

બીજો મુસાફર - હું નુકશાન કરૂં છું, પણ લોકો મને પાપી તરીકે ગણતા નથી. તેમ શીક્ષા પણ કરતા નથી.

બીરબલ - હજી તમારે કાંઈ વધારે કહેવું હોય તે કહી દો.

બીજો મુસાફર - મારે માટે કહેવું થોડું જ છે. આ મારા ગોઠીયા મુસાફર વગર હું જીવીજ શકું. જેટલી તેની ગતી છે તેટલી મારી પણ ગતી છે. મારા વગર મનુષ્ય પ્રાણી કોઈ પણ ખાલી નથી, તેમજ જીવી ન શકે. મને પાંજરા જેવી વસ્તુમાં પોપટની પેઠે બંધ કરી રાખવામાં આવે છે. આ મારો ગોઠીયો મુસાફર મને દરેક રીતની મદદ કરે છે. હું એનો આભારી છું.

બીરબલ - ઠીક. સમજ્યો. આ સીવાય બીજું કાંઈ જણાવવા જેવું છે?

બીજો મુસાફર - ના, હવે કાંઈ વધારે જણાવવા જેવું રહ્યું નથી. માટે કહો જોઈએ હું કોણ છું?

હવે આ બંનેને બીરબલ શો જવાબ આપે છે જાણવાને દરેક દરબારીઓ આતુર થઈ રહ્યા. બીરબલે શાહ તરફ જોઈને કહ્યું કે, 'હજુર ! હવે આપ હુકમ કરો તો બંને મુસાફરો કોણ છે તે હું જાહેર કરૂં.'

શાહ - બીરબલ ! ખુશીથી કહો.

બીરબલ - આ પહેલો મુસાફર તે પવન છે અને બીજો મુસાફર મન છે.

પોતાના સવાલનો જવાબ મળતાંજ બંને મુસાફરો, 'વાહ ! વાહ !' કરતા ત્યાંથી ઉઠીને ચાલતા થયા. પણ શાહ તેઓને એમને એમ જવા દે એવો ન હતો. શાહે સીપાઈઓને આજ્ઞા કરી કે, ' આ બંને મુસાફરોને પાછા અહીં લાવો.' પહેલા મુસાફરો, જેઓ હજી દરવાજા સુધી ગયા હતા તેમને બાદશાહના હુકમથી પાછા લાવવામાં આવ્યા. શાહે તેમને સત્કાર પુર્વક બેસવા કહ્યાથી તેઓ બેઠા. પછી શાહે કહ્યું કે, 'તમે મારી દરબારમાં આવી એમને એમ ચાલ્યા જાઓ તે ઠીક નહીં. તમે હવે અહીં જ રહો.'

એક મુસાફરે કહ્યું કે, 'અમે ઘણા શહેરોમાં ફર્યા, પણ અમારા સવાલનો જવાબ કોઈએ ન આપ્યો તે આપની દરબારમાં મળ્યો. આ ભુમીમાં પણ બીરબલ જેવા રત્નો પડ્યાં છે એવી અમારી ખાત્રી થઈ તેથી અમે અમારે સ્થાને જઈએ છીએ.'

શાહે પુછ્યું કે, ' તમે કોણ છો ? અને ક્યાંના રહીશ છો ?'

એકે કહ્યું કે સરકાર ! દક્ષિણના રહીશ છીએ. પણ બાલપણમાંથીજ અમારે કાશીમાં રહેવું થયું હતું અને ત્યાંજ રહી ભણ્યા છઈયે. અમે બંને ભાઈઓ છઈએ, અમારા પીતા અમારે માટે થોડીક પુંજી મુકી ગયા હતા. પીતાના મરણ બાદ અમે સ્વદેશ તરફ ગયા. ત્યાં અમારા સંબંધીઓ વીષે શોધ કીધી પણ કોઈ ન જણાયાથી અમે પવન તથા મનના નામ ધારણ કરી મુસાફરીએ નીકળ્યા અને ગામોગામ અને નગરે નગરે અમે કોણ છઈએ તે વીષે સવાલ પુછતા બે વરસ ફર્યા, પણ કોઈએ અમારા સવાલનો જવાબ ન આપ્યો. પણ આજ રોજ આપના દરબારમાં આ પુરૂષ રત્નથી અમે જવાબ મેળવ્યો. હવે અમે કાશીમાં જઈને રહેશું.'

શાહે તેમને બીજા કેટલાક સવાલ પુછી તેઓ પંડિત છે એવી ખાત્રી કરી પોતાની પાસે રાખ્યા.

-0-

# વારતા છનુમી

-0:0-

## હથેલીમાં હાથી ડુબ્યો

-0:0-

એક દીવસે એક બેગમ સવારના પહોરમાં ઉઠી મુખ ધોતી હતી તે વખતે કપાલ ઉપર ચોડેલો રત્નજડીત ચાંદલો તેના હાથમાં આવી પડ્યો. બેગમાં સાહેબ પોતાના કપાળમાં ચાંદલો ચોડેલો છે એવી વાત ભુલી ગઈ હતી તેથી મોઢું ધોતાં તે પાણીમાં પડ્યો . આ ચાંદલામાં હાથીનું ચીત્ર હતું. તેથી જાણે હથેલીમાં હાથી ડુબ્યો ન હોય ? એવો ભાસ થતો હતો. આ વાત બેગમે શાહને કહી. થોડીવાર પછી ગંગ વગેરે ત્યાં આવ્યા તેમને શાહે પુછ્યું કે, હથેલીમાં હાથી કેમ ડુબ્યો !

ગંગે કહ્યું કે, સરકાર ! એમાં તો કાંઇક રસાલંકાર જણાય છે. સાંભળો :-

### સવૈયા

સોલ સિંગાર સજી અતિ સુંદર, રેન રમી સો પિયા સંગ રાની,
ઉઠ પ્રભાત કલામુખ ધોવત, ટીકી ખસીં હથેલી લીપટાની.

તામે ચિત્ર હતો ગુજરાજ, અજીવક બુબક કાહુ પીછાની,
કવિ ગંગ કહે સુન શાહ અકબર, ડુબત હાથી હથેરીકે પાની.

ગંગનું બોલવું સાંભળી આનંદ પામી શાહે કહ્યું કે 'બારોટજી ! કાંઈક બીજું સંભળાવો

ગંગે કહ્યું કે, 'જેવો માલેકનો હુકમ!'

### સવૈયા

જ્ઞાન ઘટે કોઈ મુંઢકી સંગત, ઘ્યાન ઘટે બીન ધીરજ લાએ
પ્રીત ઘટે કોઈ મુંગેકે આગે, ભાવ ઘટે નિતહિ નિત જાએ.
શોમ ઘટે કોઈ સાધુકી સંગત, રોગ ઘટે કુછ ઓખડ ખાએ.
કવિ ગંગ કહે સુન શાહ અકબર, દારીદ્ર કટે હરિ ગુણ ગાએ.

આ વાણી સાંભળતા જ શાહ બહુ ખુશી થઈ ગંગને શાબાશી આપી.

બીરબલ આ લાગ જોઈ વધારે વાણી વિનોદ કરાવવાના વીચારથી કહ્યું કે, હજુર ! ગંગ બારોટ તે કાંઇ જેવા તેવા છે ! બારોટમાં શિરોમણી છે.'

ગંગે ધીમેથી કહ્યું કે, 'એ બધો પ્રતાપ નામવર શાહનો છે.'
બીરબલે કહ્યું કે, 'પણ એમાએ પોતામાં રતિ જોઈએ. રાત વગરનું કાંઈ નથી.'
ગંગે કહ્યું કે, 'પુરૂષમાં જ્યાં સુધી રતિ ન હોય ત્યાં સુધી તે નકામો છે. સાંભળો.'

### સવૈયા

રતિબિન રાજ રતિબિન પાટ, રતિબિન છત્ર નહિ એક ટીકો.
રતિબિન સાધુ રતિબિન સંત, જોગ ન હોય જતીકો.
રતિબિન માત રતિબિન તાત, રતિબિન માનસ લાગત ફીકો.
કવિ ગંગ કહે સુનો શાહ અકબર, નર એક રતિબિન એક રતિ કો.

હજુર ! રતિ વગર બધુંજ ફોકટ છે.' આ સાંભળી શાહે તેને શાબાશી આપી.

### દુહો

સબ નદીઅનકો નીર હે, ઉજ્વલ રૂપ નિધાન,
શાહ પુછે કવિ ગંગકું જમુનાક્યું ભઈ શ્યામ?

કેટલીકવાર સુધી કેટલોક વિનોદ ચાલ્યા પછી શાહે પુછ્યું કે, 'ગંગજી ! બધી નદીઓના પાણી ઉજળા છે છતાં આ જમુનાનદીના પાણી કેમ કાળા છે ?'
ગંગે કહ્યું કે, 'ખાવીંદ ! અબ સુનીએ.

### સવૈયા

જા દિનતેં જદુનાથ ચલે, બ્રજ ગોકુલસેં મથુરાં ગિરિધારી.
તાં દિનતે બ્રજનાયિકા સુંદર, રંપતિ ઝંપતિ કંપતી પ્યારી.
ઉનકે નેનકી સરિતા ભઈ, (જેસે) શંકર સીસ ચલે જલભારી.
કવિ ગંગ કહે સુન શાહ અકબર, તાં દિનતે જમુના ભઈ કારી.

શાહ આ સાંભળી વધારે આનંદ પામ્યો. અને એક કીમતી સરપાવ ગંગને આપ્યો.

-o-

# ભાગ અગીયારમો

# વારતા સતાણુંમી

-0:0-

## દાંત આપ્યા છે તે ચાવણું આપશેજ

-0:0-

એક દીવસે સાંજના શાહ અને બીરબલ છુપે વેશે ફરવા નીકળ્યા. તેમને સાદા વેશમાં ગંગ સામો મળ્યો. ગંગે શાહ બીરબલને ન ઓળખ્યા, પણ શાહનું ધ્યાન તેની તરફ ખેંચાયું. તેને બીરબલને કહ્યું કે, 'સામેથી ગંગ આવે છે તેને આપણી સાથે લઈએતો વધારે આનંદ થશે.'

બીરબલે શાહની મરજી જોઈ ગંગને બોલાવી તેને પણ પોતાની સાથે આવવા કહ્યું. ગંગે તે નોતરૂં ઘણી ખુશીથી કબુલ કર્યું. આ ત્રણે જણા ત્યાંથી આગળ ચાલ્યા. તેઓ એક સાંકડી ગલીમાં પેઠા. આ ગલી બહુજ સાંકડી હતી અને ત્યાં ગરીબ હાલતના લોકો વસતા હતા. તેમાંનો એક માણસ એક ખુણામાં બેસીને હાય અફસોસ કરતો હતો. તેને રડતો જોઈ ગંગે પુછ્યું કે, કેમ ભાઈ, તું શા માટે અફસોસ કરે છે ? તને શું દુઃખ છે ?'

પેલા દુઃખી માણસે કહ્યું કે, ' હું બે દહાડાનો ભુખ્યો છું, તેથી મારા નશીબ ઉપર અફસોસ કરતો બેઠો છું. હું આ શહેરમાં થોડાં વખત પહેલાં આવ્યો છું. મારી પાસે થોડાક પૈસા હતા તેમાંથી આટલા દીવસ કાઢ્યા. મેં નોકરી અને ધંધો કરવાનાં બહુ ફાંફા માર્યા પણ હું તેમાં ફાવ્યો નહીં. આજ બે દહાડા થયા મારી પાસેના બધા પૈસા પુરા થઈ રહ્યા છે. હવે આ અંગ ઉપરના કપડા સિવાય બીજું કાંઇ પણ મારી પાસે રહ્યું નથી. ભીખ માગીને જીવવા કરતાં હું મરવું વધારે પસંદ કરૂં છું.'

તેની દયાજનક વાત સાંભળી ગંગે કહ્યું કે, 'જો ભાઈ સાંભળ,

મોર મેરૂ પર ચુંગે, ચુંગે હંસા જલ સરવર,
શેર જંગલમેં ચુંગે, ચુંગે પંછી જલ સરવરઃ
ગજ કદલીબન ચુંગે, ચુંગે પાતાળ ભુજંગમ,
મછ કછ સબહિં ચુંગે, ચુંગે ઘર બધે તુરંગમ;
જીવ જંત સબહિં ચુંગે, વાકી ગાંઠ ક્યાં ગર્થ હે,
ચિંતા મત કર નિશ્ચિંત રહે, પુરનહાર સમર્થ હે.

હે માનવી ! ધીરજ રાખ. જેણે દાંત આપ્યા છે તે ચાવણું આપશેજ. એ વાતની તારે ખાત્રી રાખવી.'

તેણે કહ્યું કે, 'ધીરજ રાખે રહેતી નથી ? હવે તો મારાથી ઉઠીને ચલાય તેમ નથી. આજ છ છ રોજ થયા ભુખ કરતાં અરધુંએ ખાવાનું મળતું નથી. કટકો રોટલો મળે તો હું આખો મલ્યો સમજી સબુરી રાખું છું, પણ હવે તો મારી સબુરી રહે તેમ નથી. આજ રાતમાં મારો દેહ પાડીશ.'

આ વાત થતી હતી તેથી આ કોઈ ખરેખરોજ દયાને પાત્ર છે એવી શાહ અને બીરબલની ખાત્રી થઈ. તેથી શાહ બીરબલને ઇસારત કીધી એટલે બીરબલે પોતાની પાસેના પૈસા કાઢી એક કપડામાં લપેટી પેલાના હાથમાં આપીને કહ્યું કે, 'આ લે, એમાં થોડાક પૈસા છે, એનાથી તું તારૂં જોઈ લેજે. જીવ આપ્યાથી કાંઈ જોવાનો નથી. જીવતો નર ભદ્રા પામશે.'

આટલું કહી આ ત્રણે જણ ત્યાંથી ચાલતા થયા. પછી પેલા માણસે કપડું છોડી જોયું તો અંદરથી સોનાની વીસ અસરફી નીકળી. આટલા પૈસા તો તેને મન એક મોટી પુંજી જેટલા હતા. તેણે મરવાનો વીચાર છોડી દીધો. અને પોતાને આવી એનની વખતે મદદને કરનારને હજારો આશીર્વાદ આપતો તે પોતાને ઠેકાણે ગયો અને બીજા દીવસથી થોડો થોડો માલ ખરીદી આબરૂ અદબથી પોતાનું પુરૂં થાય એટલું કમાવા લાગ્યો.

આવી રીતે ગુપ્ત ધર્માદા કરી શાહ અને બીરબલ હજારો ગરીબ માણસોના ખરા અંતઃકરણના આશીર્વાદ મેળવતા હતા.

-O-

# વારતા અઠાણુંમી

-O:O-

## ભાટનો દીકરો જન્મથીજ ભાટ

-O:O-

થોડા દિવસ પહેલાં શાહ આગળ વાત થઈ હતી કે, ભાટનો દીકરો માતાના ગર્ભમાંજ શીખીને ભાટ થાય છે અને તે ઉપર ગંગ કવીએ સરત પણ કીધી હતી. તે પ્રમાણે ગંગની પુત્રી ગર્ભવતી હતી તેને શાહે પોતાના જનાનામાં રાખી હતી. થોડા દિવસ વીત્યા પછી ગંગની છોકરીને પાલખીમાં બેસાડીને તેને ઘેર મોકલી દીધી અને તેના છોકરાને ત્યાં રાખી તેની સારી રીતે બરદાસ્ત લેવા માંડી. એમ કરતાં તે છોકરો સાત વરસનો થયો. પણ શાહ આ વાત ભૂલીજ ગયો હતો.

એક સામે શાહ મહેલમાં બેઠો હતો તે વખતે બીરબલ, ગંગ વગેરે પાંચ સાત દરબારીઓ આવી ચઢ્યા. ગંગને જોઈ જરા ગમત કરવાના વીચારથી બીરબલે કહ્યું કે, 'કેમ બારોટજી હવે પેલું પારખું ક્યારે બતાવો છો?'

ગંગ – ખુદાવીંદના હુકમનીજ ખોટી છે.

શાહ – ત્યારે આવતી કાલે જ એ બાબતનું આપણે પારખું જોઈશું.

ગંગ – એમ નહીં, એને માટે તો આઠ દિવસ પહેલાં તૈયારી થવી જોઈએ.

શાહ – તેમ કબુલ છે. આજથી આઠમે દિવસે આપણે એ માટે ઠરાવીએ. બીરબલ બાદશાહી બાગમાં એ માટે મોટો માંડવો નખાવો અને તે દીવસ જાહેર રજા તરીકે પળાવો.

બીરબલે તે માટેના જોઈતા હુકમ અમલદારોને આપી દીધા. આઠમો દિવસ થતાં સહવારના રાજબાગમાં ખૂબ ધામધુમ મચી રહી. લોકો સારાં કપડાં પહેરી ટોળાબંધ ત્યાં જવા નીકળ્યા. એક બાજુ શાહ અને તેના દરબાર માટે ગોઠવણ કરવામાં આવી હતી. બીજી બાજુ જનાના માટે પરદાઓ બાંધી લીધા હતા. તેમાં બાદશાહી જનાનાની સ્ત્રીઓ ઉપરાંત દરબારીઓ તથા શ્રીમંતોની સ્ત્રીઓ આવીને બેઠી હતી. એક તરફ શહેરના અમલદારો માટે બેઠકો હતી. પ્રજાને માટે સઉથી વધારે જગા રાખવામાં આવી હતી ત્યાં લોકો કીડીની પેઠે ઉભરાઈ જતાં હતા. વચ્ચે રાખેલા ચોકમાં અઢાર ભાટોને લઈને ગંગ બેઠો હતો. ગંગની છોકરીનો છોકરો જે સાત વરસનો બાળક હતો તેને લાવીને તેમની સામે બેસાડયો. આ બાળક બાદશાહી જનાનામાં ઉછરી મોટો થયો હતો તેથી તે બધી મુગલાઈ રીત શીખ્યો હતો.

બાદશાહ અને દરબારીઓ આવી બેઠા પછી બાદશાહે ગંગને કહ્યું કે, ' ગંગ ! હવે ભાટનો છોકરો જન્મથી જ ભાટ જન્મે છે એ વાત ખરી કે ખોટી, તે હવે પ્રત્યક્ષ પુરાવા રૂપજ થશે.'

ગંગે કહ્યું કે, ' હજુર ! આ છોકરાને અમારી નાતના કાંઇ પણ સંસ્કાર થયા નથી. માટે પ્રથમ એના સંસ્કાર કરી અમે અમારી નાતમાં લઈએ તોજ સરસ્વતી દેવી પ્રસન્ન થઈ એની જીભે આવી બેસે.'

શાહ – એમ કરો.

ગંગે તે છોકરાનો સંસ્કાર કરી ભાટનો પોશાક પહેરાવી ચોતરફથી ઘેરી લઈને બધા ભાટો કવિત લલકારવા લાગ્યા. ગંગે સુર્યને નમસ્કાર કરી કહ્યું કે, ' હે સુર્યદેવ ! મારા વંશની લાજ રાખજો.'

કવિત લલકારવા પછી ગંગે શાહને કહ્યું કે, ' સરકાર ! થોડી સી સુનીયે ?'

સુનારે શાહ અકબ્બર દિલ્યનકો
યેહી હેત પ્રીત ક્રિયા ભાટનકી
એક ચંચલ આંક બસેહે વંશમે,
દેખા ગર્ભમે લડકે પઢ્યનકી;
પરનર પાસ ના રહે પરવસ્ત્રમેં,
દે ખુશબો જાત કલ્યનકી;
કવિ ગંગ કહે યેહી ભાટકો જાયો,
અસલ સ્વરૂપ જાત મન્યનકી.

આમ બોલતાની સાથે જ ગંગે પોતાના વંશની ધ્વજા છટાથી ઠેરવી અને પછી તેનો હાથ પકડી શાહ આગળ લઈ જઈ કહ્યું કે,' બોલ બેટા તારી મરજીમાં આવે તે.' આમ કહેતાંની સાથે તેના કંઠમાં માળા અરપણ કીધી.

તેજ ઘડીએ પહેલા સાત વરસના ભાટના છોકરાએ સભા ગજાવી મુકી.

અકબરશાહ બાદશાહ હુમાયુકે નંદન,
ભાટા કે રંગણ , એક થોરાશા એક થોરાસા;
દો જંજર દે, દો પંજર દે, એક ચાંદીકા એક સોનેકા.
દો બેલ દે, એક તીસકા એક બતીસકા;
દો ઘોડા દે, એક કચ્છકા એક ભુજકા,
દો ઊંટા દે, એક લાહોરકા મુલતાનકા,
દો હાથી દે એક સંગલકા એક દીપકા,
દો મુરગે દે, વો બોલે રાત મુજારકા,
દો પોપટ દે, વો લેવે નામ કીતારકા,
દો કુત્તે દે, વો છોટે છોટે કાન કા,
દો ભાટણી દે, જેસા કુલ ગુલાબકા,

દો ગઉવા દે, ગોવાલણ ગોવાલ લાલકા,
દો ભેંસા દે, હાંકનવાળા સાથકા,
દો કુનબી દે, વો ખેડે ગારા ભાત કા,
દો પલંગ દે, છત્તર આછા સંગાતકા,
દો ગોલી દે, કામ કરે ઘર સમાલકા,
ઝાટક ઝૂટક પલંગ બીછાવે, સોવે લડકા ભાટ કા.

સાત વરસના આ ભાટના છોકરાની વાણી સાંભળતાજ જોવા આવનારાઓએ શાબાશીના પોકારોથી વધાવી લીધો. આ જોઈ શાહે તરત પોતાના ગળામાંનો હાર કાઢીને તે ભાટ પુત્રને પહેરાવી દીધો. ભેટ સોગાદોનો વરસાદ વરસવા લાગ્યો. જ્યારે પોકારો કરતાં બધા બંધ થયા ત્યારે શાહે બીરબલને કહ્યું કે, 'બીરબલ ! ગંગનું કહેવું સાચું છે. ભાટનો દીકરો માના પેટમાંથીજ ભાટ જન્મે છે.' બીરબલે કહ્યું કે, ' એમાં જરાએ જૂઠું નથી.' આમ કહી બીરબલે પોતાની સાલ ગંગને ઓઢાડીને માનથી તેને પાસે બેસાડયો. પછી મેળાવડો હસતો રમતો બરખાસ્ત થયો.

શાહ પણ તે દીવસથી ગંગ ઉપર પ્રસન્ન રહેતો અને તેની છોકરીના છોકરાને વારંવાર પોતાની પાસે બોલાવી, તેની માધુરી વાણી સાંભળી આનંદ પામતો અને તેને મહોટી બક્ષીસો આપતો.

-O-

# વારતા નવાણુંમી

-0:0-

## સવા ગજની ચાદર

-0:0-

એક વખતે શાહે સવા ગજની લાંબી પહોળી ચાદર તૈયાર કરાવી. તે ચાદર થઈ આવી એટલે પોતાના કેટલાક હાજી હા કરનાર દરબારીને પાસે બોલાવીને કહ્યુંકે, 'હું બીછાના ઉપર સુઈ જાઉં છું. આ ચાદર મને ઓઢાડી દો. એમાંથી મારૂં આખું શરીર ઢંકાવું જોઈએ.' આમ કહી શાહ બીછાંના ઉપર સુતો, અને એક દરબારીએ આવીને અંગ ઉપર ચાદર ઓઢાડી. જો પગની તરફ ચાદર ખેંચી તો છાતી અને મોઢું ઉઘાડું રહી ગયું. અને માથા તરફ ખેંચી તો પગ ઉઘાડા રહી ગયા, તરેવાર યુક્તિઓ કરી. બીજા દરબારીઓએ હીકમત કરી જોઈ પણ કાંઈ વળ્યું નહીં. આખરે બીરબલ આવ્યો. તેને એક દરબારીએ કહ્યું કે, 'શાહને આ ચાદર ઓઢાડવી છે તેનું શું કરવું?'

બીરબલે થોડીવાર વિચાર કર્યા પછી કહ્યું કે, 'એ ચાદર મારા હાથમાં આપો એટલે હું પણ જરા મહેનત કરી જોઉં.'

જેના હાથમાં ચાદર હતી તેણે બીરબલને આપી. પોતે આટલી મહેનત કીધી તે છતાં ચાદર શાહને ઓઢાડી ન શક્યા તો આ બીરબલ શી રીતે ઓઢાડશે તે વીશે તેમને વીચાર થયો.

બીરબલે પોતાના હાથમાં ચાદર લઈ શાહના પગ બેવડા વાળી દીધા અને ચાદર ઓઢાડી દીધી. તેનાથી શાહનું આખું અંગ ઢંકાઈ ગયું પછી શાહે બીરબલને કહ્યું કે, 'બીરબલ ! મારા પગ વાંકા કેમ વાળ્યા ? એનું કારણ શું ?'

બીરબલે કહ્યું કે, 'હજુર ! એનો પગ જોઈ પાથરણું તાણવું જોઈયે ? લાંબે પગે કાંઈ ટુંકી ચાદર ઓઢાય ?' બીરબલની આ યુક્તિ જાણી શાહે તેને ખુબ શાબાસી આપી.

-0-

# વારતા એકસોમી

-0:0-

## મુર્ખની મીત્રતાઈ

-0:0-

એક સમે શાહ જુજ દરબારીઓ સાથે બેસી ગામ ગપાટાની વાતો ચલાવી રહ્યા હતા. તેમાં મુર્ખની મીત્રતાઈ વીશે વાત નીકળતાં ગંગે કહ્યું કે:-

**સવૈયા**

ગંગ તરંગ પ્રવાહ ચલે ઓર, કુપકો નીર પીઓ ન પીઓ.
અબ રદે રઘુનાથ બસે તો, ઓરકો નામ લીઓ ન લીઓ.
કર્મ સંજોગ સુપાત્ર મીલે તો, કુપાત્રકો દાન દીઓ ન દીઓ;
કવિ ગંગ કહે સુન શાહ અકબર, મુરખ મીત્ર કીયો ન કીયો.

શાહે તેને શાબાશી આપીને કહ્યું કે, ' રંગ છે ગંગ તારા વીચાર રૂપી તરંગને ? તારા વગર બીજો કોણ આવા સમયસૂચક વાક્યો કહી સંભળાવે ?'

ગંગે કહ્યું કે, 'સરકાર ! જરાક બાકી રહ્યું છે તે સાંભળો.

**કવિત**

ધન દેવે ધામ બાતકો બિશ્રામ દેવે,
રાજકી લગામ દેવે એશો મીત્ર પેખ્યો હે;
સમયાનુકુળ રેવે ભુલ થાય નહિ દેવે,
નિષ્કપટ ન્યાયી કુડકપટ જીને છેક્યો હે;
બાત ગુપ્ત રાખે દાખે બોલ ના કદી ઉથાપે,
પ્રકૃતિ પિછાની જાની લાયક મન લેખ્યો હે;
કહત હે કવિ ગંગ સુનો મેરે દિલ્હીપતી,
સમયપેં સીસ દેવે એસો કોઈ દેખ્યો હે ?

શાહે તુરત એક કીંમતી શાલ મંગાવી ગંગને ઓઢાડી દીધી.

-0-

# વારતા એકસો એક

-0:0-

## બ્રજ ભાષાની બલીહારી

-0:0-

એક સમે શાહ પોતાના એકાંત ભુવનમાં બેઠો હતો તે વખતે તાનસેન ત્યાં હાજર હતો. તેણે કેટલાક પદો ગાયા પછી સુરદાસજીનું પદ ગાયું.

જસોદા બાર બાર યું ભાખે,
હય કો બ્રજમેં હેતુ હમારો,
ચલત ગોપાલહી રાખે.

શાહે આ પદ સાંભળીને તાનસેનને પુછ્યું કે, 'આ પદનો શ્યો અર્થ થાય છે તે તો જરા કહો ?'

તાનસેને કહ્યું કે, 'ખાવીંદ ! જસોદા વારંવાર કહે છે કે, આ બ્રજમાં કોઈ અમારો એવો હેતુ છે કે, ગોપાળને જતા અટકાવે ?' આ પ્રમાણે શાહને સમજાવી થોડી વાર પછી તાનસેન સલામ ભરી ચાલતા થયા.

એટલામાં બીરબલ આવ્યો. તેની સાથે શાહે નહીં જેવી વાતો કરી. કારણકે તેનું લક્ષ તો સુરદાસના પદમાં ભરાયું હતું. તાનસેને સમજાવેલો અર્થ તેના મગજમાં બરાબર બેઠો ન હતો. તેથી તેણે બીરબલને તે પદ સંભળાવી તેનો અરથ પુછયો. બીરબલે કહ્યું કે, ‘હજુર ! બાર બાર એટલે ઘેરે ઘેર . જસોદા ઘેરેઘેર ફરીને એમ કહે છે, આ બ્રજમાં અમારો એવો કોઈ હેતુ છે કે, ગોપાલને જતા અટકાવે ?’

બીરબલના કહેવા પછી થોડી વારે રાજા ટોડરમલનું ત્યાં આવવું થયું. તેને પણ શાહે આ પદનો અરથ જાણવા માગ્યો. તોડરમલે કહ્યું કે, ‘ હજુર ! એનો એવો અર્થ થાય છે કે, ‘બાર એટલે પાણીનો દરવાજો. જસોદા ઘાટે ઘાટે ફરીને એમ કહે છે કે, આ બ્રજમાં અમારો એવો કોઈ હેતુ છે કે, ગોપાલને જતાં અટકાવે.’

આ પ્રમાણે એક બીજાથી થોડાં જુદા પડતાં અરથ સાંભળીને શાહ વીચારમાં પડ્યો. એમાંથી કયો અરથ સાચો તે વીશે તેને કાંઇ નીશ્ચય થયો નહીં. એટલામાં કવિ આબુ ફઈઝીનું ત્યાં આવવું થયું. શાહે તેને પણ તેજ પદનો અરથ પુછયો, અબુ ફઈઝીએ કહ્યું કે, ‘ખલકે ખાવીંદ ! બાર એટલે પાણીનો દરવાજો અથવા આંખોમાંથી પડતાં આંસુ, જસોદા

રડતી રડતી એમ કહે છે કે, આ બ્રજમાં અમારો એવો કોઈ હેતુ છે કે, ગોપાલને જતા અટકાવે !'

આતો વળી ચોથો અરથ નીકળ્યો. કોઈનો અરથ એક બીજાના અરથને મળતો આવ્યો નહીં. આમ વીચાર કરતાં હતા એટલામાં સોદાગર ખાજા જંગ આવ્યો, તેને શાહે આ પદ પુછતાં તેણે કહ્યું કે, 'સરકાર ! બાર એટલે મહેલ. જસોદા મહેલે મહેલે ફરીને કહે છે કે, આ બ્રજમાં મારો એવો કોઈ હેતુ છે કે, ગોપાલને જતા અટકાવે ?'

તે સાંભળી શાહ પાછો વીચારમાં પડ્યો. આમાંથી કયો અરથ સાચો માનવો તે તેને સૂઝયો નહીં. એટલામાં નવાબ ખાનખાનાની સ્વારી ત્યાં પધારી. નવાબ સાહેબ એ પદનો અરથ કેવો કરે છે તે જાણવાનું શાહું મન થયું તેથી તેણે તેને પણ એ પદનો અરથ પુછયો. શાહનું પદ સાંભળી નવાબ સાહેબે થોડીવાર વીચાર કરીને પૂછ્યું કે, 'હજુર ! આ પદનો અરથ મને પહેલાં પુછયો છે કે, બીજા કોઈને પુછયો હતો ?'

શાહે કહ્યું કે, 'તમારા પહેલા બીજાઓને પણ તે પુછવામાં આવ્યો હતો.'

નવાબે પુછ્યું કે, 'તેમણે શો અરથ કર્યો હતો?'

શાહે દરેકનો અરથ કહી સંભળાવ્યો. તે સાંભળી નવાબ ખાનખાનાએ કહ્યું કે, 'સરકાર ! સઉ સઉ પોત પોતાની જાત ઉપર ગયા છે. તાનસેન જાતે ગવૈયો. તેના ગાયનની અંદર વારંવાર ટોમ ટોમ થયા કરે છે તેથી તેણે બારબારનો અરથ ઘડી ઘડી કીધો. બીરબલ જાતનો બ્રાહ્મણ તે ઘરોઘર ફરનારો તેથી તેણે બારનો અરથ ઘર કીધો. રાજા ટોડરમલ મુત્સદી પડ્યો તેથી બારનો અરથ ઘાટ કીધો. પછી તો આપના શાહેર ફઈઝી. કવિને કરૂણા વધુ પસંદ હોય છે તેથી તેને તો રડવુંજ યાદ આવે છે. સોદાગર ખાજાજંગ તો આખો દીવસ અમીર ઉમરાવો અને શાહના મહેલમાં જનાર તેથી તેણે મહેલ અરથ કીધો. એનો અરથ તો જુદોજ છે.'

શાહે કહ્યું કે, 'ત્યારે તું કહે.'

નવાબે કહ્યું કે, 'બાર એટલે શરીરના બાલ-રૂંવા થાય છે. જસોદાના રૂંવે રૂંવા એમ કહે છે કે, આ બ્રજમાં અમારો એવો કોઈ હેતુ છે કે, ગોપાલને જતાં અટકાવે ?'

અકબરે કહ્યું કે, 'નવાબ સાહેબ ? એ તો બ્રજભાષાની બલીહારી છે. આ પદના બીજા પણ જેટલા અરથ કરશો તેટલા થશે. આમાંથી કોઈનો પણ અરથ ખોટો છે એમ કહેવાય નહીં.'

આમ કહી શાહ ત્યાંથી ઉઠીને જનાનામાં ગયો, અને ત્યાં પણ રાણીઓ આગળ બ્રજભાષાના ઉપલા પદના થયેલા અરથ સમજાવી તે ભાષાની બલીહારી ગાઈ.

-0-

# ભાગ બારમો

# વારતા એકસો બે

-૦:૦-

## વગર વિચાર્યું કરનાર પસ્તાય છે

-૦:૦-

એક સમે મોહોરમની કતલની રાતે ઓલીયાની દરગાહમાં બીરબલ પોતાના છોકરાને સાથે લઇ શાહના પ્યાર માટે પગે લાગવા ગયો હતો, તે વખતે બીરબલના છોકરાના પગમાં ઘણી કીમતી ઝીક ટપકીથી ભરેલી મોજડીઓ હતી તે દરઘાહમાં જતી વખતે પગમાંથી ઉતારી પગે લાગવા ગયો હતો. પગે લાગી પાછા ફરતાં એક મોજડી ગુમ થયેલી જણાઇ, લોકોની બહુ ઠઠ હોવાથી મોજડીની શોધ લાગી નહીં. તેથી બીરબલ એક મોજડી લેઇ પોતાને ઘેર ગયો. મોજડી ઠોકર ખાતી ખાતી છેક ઓલીઆની કબર નજીક જઇ પડી. દરઘાહ બંધ કરવાનો વખત થયો ત્યારે પઈસા વગેરે સમેટી લેતાં મોજડી નજરે પડી તે ઉપાડીને જોઇ તો મહામુલ્યવાન લાગી. આ મોજડીને હાથમાં લઇને પગે લાગવા આવેલા લોકોએ કહ્યું કે, 'આ મોજડી કાંઈ આદમ જાતની નથી, પણ નક્કી ઓલીઆ પીરની હોવી જોઇએ નહીં તો કબર નજીક ક્યાંથી હોય ? ખચીત ઓલીઆની આ પ્રસાદી છે. એમ માની ઓલીઆના મહા પ્રસાદને સર્વે મુસલમાનો તોબાહ સાહેબ એમ બોલતા માથે આંખે અડાડી ગાલે લગાડવા લાગ્યા. બાલ બચ્ચાંને અને બીબી વગેરે તમામ લોકને માથે આંખે અને ગાલે ઉપરનો શબ્દ બોલતાં અડકાડતાં હતાં. અને પોતાને બહુ ભાગ્યશાળી સમજતા હતા. સહવાર પડતાંજ તે ઓલીઆનો મુજાવર તે મોજડીને લઇને શાહ પાસે જઇ રાતની બનેલી હકીકત કહી સંભળાવી. તેથી શાહ ઘણો ખુશી થઇ પોતે તથા પોતાની હુરમ વગેરે તે મોજડીને માથે આંખે અને ગાલે અરાડી તોબા સાહેબ એમ કહી પાક પરવરદીગારનો આભાર માન્યો. આ ધામધુમ ચાલી રહી હતી એટલામાં બીરબલ કચેરીમાં દાખલ થયો. તે જાણીને શાહે તરત ઓલીઆની ચમત્કારીક પ્રસાદની વાર્તા કહી મોજડી બતાવી. તે જોઇ બીરબલે કહ્યું કે, 'સરકાર ! એ તો મારા છોકરાના પગની મોજડી છે, જો આપની ખાત્રી ન થતી હોય તો એની જોડીની બીજી મોજડી મારે ઘેરથી મંગાવી આપું. એમ કહી બીજી મોજડી મંગાવી મુકાબલો કરતાં એકજ જાતની અને તેના છોકરાના પગનીજ જણાઇ. આ બંને મોજડીનો મુકાબલો થતાંજ શાહ મુજાવર અને બીજા બધા મુસલમાનો શરમાઈ ગયા કે આપણે ઓલીઆનો પ્રસાદ સમજી માથે આંખે અને ગાલે બીરબલના છોકરરાના પગની મોજડી અડાડી એ કેટલી બધી અણવીચારી ભુલ થઇ છે. હશે હવે સબસે બડી છુપ !' એમ કહી મુંગે મોઢે પોતપોતાને કામે લાગ્યા.

-૦-

# વારતા એકસો ત્રણ

-0:0-

## કાં પુતળું બાંધો કાં પુતળાં લો

-0:0-

બુદ્ધિ હિમ્મત શરમ સુબળ, રહે ન એકે ઠામ;
ઉત્તર એના આપવા, હાજર જવાબી કામ.

એક સમે શાહ દરબાર ભરી બેઠો હતો. દરબારમાં બીરબલ, જગન્નાથ, ગંગ, તાનસેન અને બીજા સાહેરો એકમેકને સવાલ જવાબ કરી રહ્યા હતા. આ ચાલતા સવાલ જવાબથી તમામ દરબાર લીન થઇ ગઇ હતી. એટલામાં જેને પગે સોનાના પુતળાંઓ બાંધેલાં હતાં. હાથમાં વિજય પતાકા રહી ગઇ હતી. મહા સ્વરૂપવાન અને મજબુત શરીરવાળો એક બુદ્ધિશાળી બ્રાહ્મણ દરબારમાં આવીને ઉભો. દરબારમાં બેઠેલાઓને બે હાથે નમસ્કાર કરીને બોલ્યો કે, 'હે શાહના શાહ અકબર ! તારી દરબારમાં નવ રત્નો બીરાજમાન છે. અને તે રત્નો વડે તું શોભી રહ્યો છે. તારા તે નવ રત્નોને દુનિયાનો પંડીત જીતી શકતો નથી. એમ મેં મારે કાને સાંભળ્યું છે. મોટા મોટા પીસ્તાલીશ રાજાઓને જીતી અને તેઓની પાસેથી અકેકું સવાશેર સોનાનું પુતળું બંધાવીને તમારી દરબારમાં દાખલ થયો છું. માટે શાસ્ત્રના વાદ વિવાદમાં મારી સામે ટક્કર ઝીલે એવા તમારા એકાદ રત્નને ઉભો કરો. પણ મારી સરત એટલી છે કે, જો મને કોઇ સંવાદમાં જીતે તો હું આ ૪૫ પુતળાં છોડી દઇને મારે રસ્તે ચાલતો જાઉં, ને ન જીતે તો તમારે સવાશેર સોનાનું પુતળું કરીને મારે પગે બાંધવું પડશે.'

આ બુદ્ધિશાળીના વચન સાંભળતાજ દરબાર વિસ્મય પામી. ક્ષણવાર શાંત રહી, એક બીજાના મોઢા સામું જોવા લાગી. પણ કોઇ આની સાથે સંવાદ કરવાને ઉઠ્યું નહીં. આ જોઇ બાદશાહે તરત બીરબલને ઈસારત કરી. ઇસારત થતાજ બીરબલ ઉભો થયો અને કહ્યું કે, ' મહારાજ ! કહો કે તમારે શું બાબત વીશે સંવાદ ચલાવવો છે.' તેણે કહ્યું કે, મારે માત્ર ચાર સવાલ પુછવાના છે તેનાજ જવાબ આપો. જો જવાબ નહીં, આપી શકશો તો સવાશેર સોનાનું પુતળું બાંધવું પડશે.' બીરબલે કહ્યું કે, ' તમારી શરત કબુલ છે. પણ તમે જો હારો તો આ તમારા પગે બાંધેલા પીસ્તાલીસ પુતળા છોડી દેવા પડશે. એ શરત કબુલ હોયતો સવાલ પુછો.'

સવાલ પહેલો--તમારી શરત કબુલ કરતા પહેલો સવાલ પુછું છું કે, ' આજ રાતે હું સુતો હતો તે વખતે પહેલા પહોરમાં કોઇ સ્ત્રીનો વેશ લઇને આવ્યું, અને મને કહ્યું કે, ઉઠ ત્યારે મેં તેને પુછ્યું કે, તમે કોણ છો ? તેણે કહ્યું કે, હું મતી છું. મેં પુછ્યું કે તમે ક્યાં રહો છો ? તેણે કહ્યું કે હું કપાળે રહું છું હવે એ કપાળે રહે છે તે તો ખરૂં પણ કોઇ વખતે તે આઘી પાછી જાય છે કે નહીં ?

સવાલ બીજો--વળી બીજો પહોર થયો એટલે કોઈ સ્ત્રી આવી, તેને મેં પુછ્યું કે તું કોણ ? તેણે કહ્યું કે, હું શરમ. તું ક્યાં રહે છે તો કહે કે હું આંખમાં રહું છું. તે તો ખરૂં; પણ તે ત્યાંથી ક્યારે આઘી પાછી જાય છે ?

સવાલ ત્રીજો--ત્રીજા પહોરમાં હું આ બે વાતોનો નિશ્ચય કરતો હતો. એટલામાં વળી કોઇ સ્ત્રીને વેશે આવ્યું. તેને જોઇને મેં પુછ્યું કે, તમારૂં નામ શું ? તો કહે કે મારૂં નામ હીંમત. વળી મેં તેને પુછ્યું કે, તમે ક્યાં રહો છો ? તો કહે કે હું છાતીએ રહું છું. એ વાત ખરી; પણ એ કોઇ વખત ત્યાંથી ખસે છે કે નહીં ?

સવાલ ચોથો--ચોથા પહોરમાં હું આ ત્રણે વાતોનો નિશ્ચય કરી રહ્યો હતો; એટલામાં કોઇ તરેહવાર પોશાક પહેરીને આવ્યું. તેનો વેશ સ્ત્રીનો એ નહોતો તેમ પુરૂષનો પણ નહોતો. તેથી મેં વીસ્મય પામીને પુછ્યું કે, તમે કોણ છો ? તો કહે હું બળ છું, ત્યારે કહ્યું કે તમે ક્યાં રહો છો ? તો કહે કે હું શરીરમાં તથા હાથમાં રહું છું. હવે આ વાત ખરી છે. પણ બળ શરીરમાંથી તથા હાથમાંથી કોઇ વખત આઘું પાછું થાય છે કે નહીં ? આ મારા ચારે સવાલના જવાબ આપો. તમારાથી આપી શકાય તેમ નહીં હોય તો પુતળું બાંધી ક્ષમા માગો.

બીરબલે કહ્યું કે, ' મહારાજ ! ધીરજ રાખો. અભીમાનના ઘર ખાલી છે. હું પદ ધારણ કરનાર માણસ આ જગતને જીતી શક્યો છે ? તો પછી શા માટે પાણીના પરપોટા પેઠે ફુલી ગયા છો. આ અકબરની દરબારમાં બેસનારા તમારા જેવા અહંકારી નથી પણ વિદવાનોનું સન્માન કરનારા છે. તેલ જુઓ તેલની ધાર જુઓ પછી કુદકા મારજો. માટે હું તમારા ચારે સવલોના જવાબ આપું છું તે સાંભળો.

તમારા પહેલા સવાલના જવાબમાં કહું છું કે, 'મતિ કપાળે રહે છે એ વાત તમારી ખરી છે. પણ જ્યારે કાળ આવે છે ત્યારે મતિને ફેરવી નાંખે છે. તે વખતે ગમે તેવો સમજુ પુરૂષ હશે તેની પણ મતી મોત ફેરવી નાંખે છે.'

તમારા બીજા સવાલના જવાબમાં કહું છું કે, 'શરમ તો આંખમાંજ રહે છે એ વાત તમારી ખરી છે, પણ જ્યારે માણસને કામ ઉત્પન્ન થાય છે ત્યારે તે શરમ તે વખતે આંખમાંથી એ જતી રહે છે.'

તમારા ત્રીજા સવાલના જવાબમાં કહું છું કે, 'હીંમત છાતીએ રહે છે એ વાત તમારી ખરી છે પણ જ્યારે બીક માણસના શરીરમાં દાખલ થાય છે, ત્યારે હીંમત ખશી જાય છે.'

તમારા ચોથા સવાલના જવાબમાં કહું છું કે, 'બળ શરીર તથા હાથમાં રહે છે, એ વાત તમારી ખરી છે, પણ જ્યારે માણસને ઘડપણ આવે છે ત્યારે તે બળ તેમાંથી જતું રહે છે.'

આ ચારે સવાલના જવાબ દીધા પછી બીરબલે તેને પુછ્યું કે, ' કેમ મહારાજ ! આ તમારા ચારે સવાલના જવાબ બરાબર છે કે નહીં ? ના હોય તો સાફ કહેજો ? અને બરાબર હોય તો તમારે પગેથી પીસ્તાળીશ પુતળા છોડી આપીને તમારે રસ્તે પડો. હવેથી કોઇ દીવસ મનમાં એવું અભિમાન રાખશો નહીં. આતો અદલ ઇનસાફી અકબર બાદશાહનું રાજછે તેથી જીવનદાન આપી છોડી દે છે.'

આ સાંભળી તે અભિમાની બ્રાહ્મણ શરમાઇ ગયો. અને તેનો મ્હોનો ચ્હેરો ફીકો પડી ગયો. આ સવાલના જવાબ સાંભળવાને બેઠેલી તમામ દરબારને બે હાથે આશીરવાદ આપીને તે બ્રાહ્મણે કહ્યું કે, ' હે શાહના શાહ ! તમારો સદા જય થાઓ ! તમારી દરબારને આવી રીતે શોભાવી રહેલા રત્નોને જોઇ મને મહા આનંદ થયો છે. હું તર્કવાદી છું પણ શાસ્ત્રીવાદી નથી. શાસ્ત્રીવાદીને જીતનાર તો દરેક સ્થળે મળી આવે છે. પણ તર્ક શાસ્ત્રી મળી આવતા નથી. તે તર્ક શાસ્ત્રીઓ તમારી દરબારમાં છે તે જોઇ મારા ગર્વનો નાશ થયો છે.' એટલું કહીને તેણે તરત પોતાને પગેથી પીસ્તાળીશ પુતળા છોડી તે ચાલતો થયો. બીરબલની આ મહાન શકતી જાણતાજ તમામ દરબાર બીરબલને હર્ષની ગર્જના કરી વધાવી લીધો.

-0-

# વારતા એકસો ચાર

-O:O-

## કીયા ન હોતો કર દેખો ?

-O:O-

એક માલખાઉં ગામમાં હરગોવન કરીને એક મહા ઠગ રહેતો હતો. તે કોઇ વખતે જુગારી બની જુગાર રમાડી પોતાનો શોક પુરો કરતો હતો. જુગાર રમતા ને રમાડતા ભાખરીના વાંધા પડતા તો કોઇ નવીન નીશાની વસ્તુઓ વેહેંચી લોકોને ફસાવી પૈસા હરણ કરતો હતો. પણ તેના મનની મુરાદ પુરી થતી ન હોતી. પોતાની મુરાદ પુરી પાડવા માટે એક સારા ધનવાનને શોધતો હતો. થોડાજ દિવસમાજ તેજ ગામમાંથી મોહન નામનો એક ધનવાન તેના સપાટે ચડી ગયો. પછી જોઈ લીઓ તેની મજા ! એક બાજુ જુગારખાનું ! બીજી બાજુ નીશાનીઓ વહેંચવાનું ખાતું ધમધોકાર ચાલવા લાગ્યું. રાત ને દીવસની કમાણી ઉછળવા લાગી. એટલામાં મોહન મૃત્યુ પામ્યો તે જોઇ હરગોવન ખુશી થયો. તે ગામમાં ધમાશા કાકા કરીને એક માણસ રહેતો હતો તે હરગોવન અને મોહનની બધી વાતો જાણતો હતો. એક દીવસે હરગોવન ગાડીમાં બેસી રસ્તેથી જતો હતો તે જોઇને ધમાશા કાકાએ કહ્યું કે, ' શું હકનો માલ હરામખોરો ખાશે ?' આ સાંભળતાંજ હરગોવીન મનમાં ગભરાયો અને તરત ઘેર આવી તેનો ધાટ ઘડ્યો. જો આ માણસને લાંબે રસ્તે મોકલાવીશ નહીં તો તે જરૂર મારૂં ભોપાળું ફોડી નાખશે. તે ભોળા સ્ત્રી પુરૂષોને ફસાવવામાં હમેશા ઉન્મદ બનતો. આવો વીચાર કરીને એકદમ દીલ્લીમાં આવ્યો અને અકબરની સમીપ આવી ફરીયાદ કરી કે, ' સરકાર ! ધમશા કાકા કરીને એક રખડતો બીનરોજગારી માણસ અમારા ગામમાં રહે છે તે મારે ઘેર આવી મારી સાથે વાતો કરવા લાગ્યો. આ તેની વાતો ધન કેવી રીતે પ્રાપ્ત કરવું તે સંબંધીની હોવાથી હું તેનો હાથ પકડી મારા ઓરડામાં લઇ જઇ ગાદી પર બેઠા. મેં ચા મંગાવી તેને પાઇ; પાન ખવરાવ્યું અને તેની વાતમાં વધારે તેજ લાવવા માટે મે તેને એક સફેત દવા ખવરાવી. જેનો નીશો આવતા તેણે તે વાતને આગળ ન ચલાવતા બંધ કરીને ચાલતો થયો. આ સમે રાતના દસ વાગ્યા હતા. તપાસ કરતાં જણાયું તો પેટી ઉપર રત્ન નથી. તેથી મને ધમાશા કાકા ઉપર શક ગયો, કે રખેને તે ચોરી ગયો હોય ! એમ ધારીને હું તેને ઘેર ગયો તે વખત તે પોતાના ઓરડામાં બેસીને મારૂં રત્ન તપાસતો હતો તે મેં જોયું. તે ઓરડો રસ્તે જતા માણસની નજરે પડે એવો છે.

પછી મેં તેને કહ્યું કે આ રત્ન મારૂં છે, અને તે તમે ચોરેલું છે, માટે મને આપો. નહીં તો હું તમારા ઉપર ફરીઆદ માંડીશ. ત્યારે ધમશાએ કહ્યું કે જાઓ સુખેથી ફરીઆદી કરો. તે

વખતે તેના ઓટલા પર બેસીને ચાર જણા મીઠાઇ ખાતા હતા તેમને મારૂં રત્ન બતાવીને સાક્ષી રાખ્યા છે. માટે મહેરબાની કરી ને મારૂં રત્ન રૂ ૫૦૦૦ નું છે તે અગર રૂપીઆ અપાવશો.

જેવો પોતે હતો તેવાજ સાક્ષીઓ હતા. તે ચારે સાક્ષીઓ એકમેકને કહેવા લાગા કે આપણે હવે ચોરી કરવાની કાંઇ જરૂર નથી. દરબારમાં જઇ સાક્ષી પૂરી આવીશું એટલે આપણા અસલ ભાઇબંધ જે હમણા નવા લીબાસમાં છે તે આપણને રૂ ૫૦૦ આપશે પછી આપણે પણ અસલ જુગારીઓને ઘડીક ઝુકાવશું ! સાક્ષીઓને સમજાવીને હરગોવન પોતાને ઉતારે ગયો.

અંતે સત્યની જય છે. સત્યજ તરે છે. પાપ છાનું રહેતું નથી, છાપરે ચઢીને પોકારે છે. અને તે દુરગંધની વાસ છે. માટે જેમ દુરગંધ લેવા ચહાતું નથી. તોપણ તે સઉના નાક સુધી જઇ પહોંચે છે; તેમજ પારકા પાપની વાત જઇ પહોંચે છે, છાની રહેતી નથી. તો શું બીરબલ જેવો ન્યાયધીશ આ સફેત ઠગની ઠગારી બાજીને ઉઘાડી કરી નહીં નાખે ?

બીરબલે તરત માણસ મોકલીને ધમાશાને બોલાવી મંગાવીને પુછ્યું કે, તમારી ઉપર તમારાજ ગામના રહીશ હરગોવને રત્ન ચોરી જવાનો આરોપ મુક્યો છે. અને તે આરોપ સાબીત કરાવવા માટે તેણે ચાર સાક્ષીઓ રજુ કરેલ છે. તે સાક્ષીઓની મુખ જુબાની ઊપરથી એમ સાબીત થાય છે કે તમે ખરેખર રત્ન ચોરેલું છે. તે રત્ન તમે લીધું નથી એનો કાંઇ પુરાવો તમારી પાશે છે. ધમાશા કાએ કહ્યું કે, ' બીરબલજી ! આ માણસ કેવો છે ! તેના સાક્ષીઓ કેવા છે ! તેનો વીચાર કરીનેજ ન્યાય આપજો. મારો પુરાવો સત્ય છે. તે સત્ય પ્રત્યક્ષ અંહી પ્રકાશી નીકળશે. તે સીવાય મારી પાશે પુરાવો નથી.' તે સાંભળી શાહે કહ્યું કે, ' ન્યાયધીશ સાક્ષીઓની જુબાની ઉપરથી ખરા ખોટાની તુલના કરીને ન્યાય આપે છે. પણ તમે તેના સાક્ષીઓને તોડનારી સાક્ષી રજુ નથી કરી તેથી તેના સાક્ષીઓની જુબાની ઉપરથી તમને અપરાધી ઠેરવવામાં આવે છે.' આ સાંભળી બીરબલે કહ્યું કે, ' હજુર ! ન્યાયધીશોએ જુબાની ઉપર આધાર રાખી ન્યાય આપવાનો નથી. પણ સાક્ષીઓના લક્ષણ ! સાક્ષીઓની રીતભાત ! સાક્ષીઓની બુદ્ધિ ! સાક્ષીઓની જાત ભાત ! સાક્ષીઓનો ધંધો રોજગાર તપાસીને ન્યાય આપવાનો છે. હું આ વખતે એવા અનુમાન ઉપર આવ્યો છું કે જે માણસ જણસ જણસ ચોરી જાય છે, તે ઘરમાં એકદમ હાથ આવે એમ મુકે નહીં. માટે આમાં હરગોવનની કાંઇ ઠગાઇ છે, આ ઠગાઇ પકડી પાડવા માટે ફરીથી સાક્ષીઓને તપાશવાની જરૂર છે.' શાહે કહ્યું કે, ' સાક્ષીઓને બરાબર તપાસવાથી સત્ય શું છે તે તરત જણાયા વગર રહેનાર નથી એમ મારી પણ ખાત્રી થઇ છે. માટે ફરીથી તપાશ ચલાવો.' શાહનો હુકમ થતાંજ બીરબલે હરગોવન અને ધમશાને એક બાજુએ બેસાડીને પહેલા મોચીને બોલાવીને પુછ્યું કે, ' તું પ્રથમ કહી ગયો છે કે, મેં રત્ન જોયું હતું. પણ તે રંગમાં

કેવું અને તે કેટલું મહોટું હતું ? તે કહે.' આ સાંભળતાજ મોચીતો વિચારમાં પડી ગયો, કેમકે રત્ન તો કોઈ દહાડે જોયેલું નહીં. અને પાંચસે રૂપીઆની આશાએ સાહેદી આપવા આવેલો; પણ મનમાં વીચાર કર્યો કે, ' મારો બાપ મને હમેશાં કહ્યા કરતો કે આ વીંગડો સાચવીને વાપરજે, કારણ કે, તે રત્ન જેવો છે.' માટે રત્ન મારા વીંગડા જેવડુંજ હશે. મારો બાપ કંઇ જુઠું બોલે નહીં. એમ ધારીને તેણે જવાબ આપ્યો કે, ' સાહેબ, તે રંગે કાળું અને મારા વીંગડા જેવડું છે.' આ સાંભળી તમામ દરબાર ખડખડ હસી પડી. મોચીને એક બાજુ બેસાડીને દરજીને બોલાવી પુછ્યું કે, બોલ, રત્ન રંગમાં કેવું અને કેવડું હતું.' દરજીએ વીચાર કરી ને કહ્યું કે, ' મારી કાતર જેવું છે.' હજામને બોલાવીને પુછ્યું કે, ' બોલ, રત્ન કેવા રંગનું અને કેવડું હતું.' હજામે પણ બીજાઓની પેઠે તરત કહી દીધું કે, ' મારા અસ્ત્રા જેવડું હતું.' તરત સુતારને બોલાવીને પુછ્યું તો તેણે કહ્યું કે, ' મારા વાંસલા જેવું હતું.' આ બનાવટી સાહેદોની મુખ જુબાની સાંભળીને તમામ દરબાર હસી પડી. પછી બીરબલે આ ચારે જણને ધમકાવીને કહ્યું કે, ' હરામખોરો સાચુ કહો કે તમને ખોટી સહેદી પુરવા આ હરગોવને કાંઈ લાલચ આપવા કહી છે.' આ મુવાલીઓએ તરત ભઠી ફોડી નાખી. બીરબલે તરત હરગોવન તરફ મોં ફેરવી કહ્યું કે, 'તું બડો બદમાસ છે, તારે માટે બહુ અરજીઓ આવી છે. તેની તપાસ કરવા માટે મેં એક ખાસ અમલદાર નિમેલો છે, ધમાસાની તરફ મોં ફેરવીને કહ્યું કે બદમાસ સ્ત્રીઓ માટે તમે જે કહ્યું છે તે અને તે સિવાયનો બીજો કાંઈ પુરાવો હોય તો તે તમારા ગામમાં આવનાર નવા અમલદારને બતાવી, તે અને તમે આ દરબારમાં હાજર થજો.' પાછું મોઢું ફેરવીને બીરબલે કહ્યું કે, 'ખોટી ફરીયાદ કરવા માટે હરગોવનને બસો રૂપીઆનો દંડ કરૂં છું. અને ખોટી જુબાની આપનાર આ ચાર હરામખોરોને આઠ આઠ દીવસની સખ્ત કેદની શીક્ષા કરૂં છું.' બીરબલનો આ ઈનસાફ જોઇ તમામ દરબાર છક થઇ ગઇ.

-૦-

# વારતા એકસો પાંચમી

-0:0-

## ઈનસાફની ખુબી

-0:0-

એક સમે એક સ્ત્રીએ શાહ આગળ આવી ફરીયાદ કરી કે ' હજામ ગલીમાં રહેનાર મહમદખાન નામના એક પઠાણે બલાત્કાર કરી મારી આબરૂ લુટી. માટે આપ જેવા અદલ ઈનસાફી શાહના અદલ રાજમાં એવા જુલમગારોને બરાબર શીક્ષા થવી જોઇયે છે.' શાહે આ સ્ત્રીની જુબાની સાંભળી લઇને શાહે તરત સીપાઇને મોકલીને તે પઠાણને બોલાવી પુછ્યું કે, આ સ્ત્રીની તમોએ આબરૂ લુટી છે, એવી અરજ મારી સન્મુખ કરવામાં આવી છે. તે માટે તમે તમારો બચાવ શું રજુ કરો છો !' તે પઠાણે હાથ જોડીને કહ્યું કે, ' સરકાર ! હું તો એ વાતમાં કાંઇ પણ જાણતો નથી. તેમ આ સ્ત્રી કોણ છે ? અને તેણીએ શા માટે આવું ખોટું તોમત મુક્યું ? તે માટે પણ હું કાંઇ કહી શકતો નથી. પછી તો આપના લક્ષમાં આવે તે ખરૂં.' આ પ્રમાણે પઠાણનું બોલવું સાંભળી લઇને શાહે તેની મુખ ચેષ્ટા બરાબર નીહાળીને શાહે મનમાં ઠરાવ કરયો કે, આ અપરાધ તેણે કીધો નથી. પણ ઇનસાફમાં બારીકી તપાસવાની ઘણી જરૂર છે. આવો વીચાર કરીને શાહે તે પઠાણને કહ્યું કે તમો દોષિત છો. માટે ૧૫ રૂપીઆ આ સ્ત્રીને આપી આ ફરીયાદ બંધ પાડો એમાંજ લાભ છે, નહીં તો ફજેત થશો.

શાહનો હુકમ થતાજ પઠાણે તરત રૂપીઆ તેણીને આપી દીધા. તે જોઇ શાહે તેણીને રજા આપી. પછી શાહે પઠાણને કહ્યું કે જાઓ તમે એ રૂપીઆ તે સ્ત્રી પાસેથી પાછા લઇ આવો. શાહનો હુકમ થતાજ તે પઠાણ તે સ્ત્રીની પાછળ દોડ્યો અને રસ્તામાં પકડી પાડી રૂપીઆ પાછા છીનવી લેવા પઠાણે બહુ યુક્તી વાપરી પણ તેની યુક્તીમાં તે સ્ત્રીએ પઠાણને ફાવવા દીધો નહિ.

દેતા પાછી તે શાહે પાસે ફરીયાદ કરી કે, ' સરકાર ! આ બદમાશ મારી પાછળ આવીને રૂપીઆ છીનવી લેવા માટે જુલમ ગુજારે છે.' શાહે પુછ્યું કે, ' તે રૂપીઆ દીધા કે નહીં ?' તે સ્ત્રીએ કહ્યું કે, ' હજુર ! શી તાકાત છે કે એ ગુલામ મારી કનેથી રૂપીઆ પાછા લઇ શકે ?' આ સાંભળી શાહે તરત કહ્યું કે, જેમ આ પઠાણ જબરીથી તારી પાસેથી રૂપીઆ લઇ શક્યો નહી તેમ તેણે તારી ઉપર બલાત્કાર ગુજારી તારી આબરૂ લુટી શકયો નથી. કદાચ જે કાંઇ થયું

હશે તે તારી મરજી વગર થયું નહીં હોય. પણ અરસપરસમાં કાંઇ ખટપટ થવાને લીધે તેં આવો રસ્તો લીધો છે. માટે એના રૂપીઆ પાછા આપી દે. અને દરબારને નાહક તસ્દી આપી તે બદલ ૫૧ રૂપીઆ આપ નહીં તો ત્રણ માસ કેદમાં જા.' આવો હુકમ થતાજ તે સ્ત્રી થરથર કંપવા લાગી અને પોતાના પાપનો પસ્તાવો કરી ૫૧ ઉલટ દંડના આપી પછી પોતાના ઘરનો રસ્તો લીધો.

-0-

# વારતા એકસો છઠી

-O:O-

## જાત વિના ભાત પડે નહીં

-O:O-

એક સમે શાહે પોતાના ગુલામને પુછ્યું કે, 'અઈ આજ તું ખરેખરૂં કહે કે આ જગતમાં કોઇ પણ વસ્તુની તને ઇચ્છા બાકી રહી છે ?' ગુલામે કહ્યું કે, ' મારા મનની ઉમેદ આપ નામ વરે પુરી પાડી છે, પણ તેમાંની કંઈક બાકી રહી ગઈ છે માટે આપ હુકમ કરોતો વીદીત કરૂં.' શાહે કહ્યું કે, ' મારા જાન ! બાકી રહેલું હોય તે ખુશીથી માગી લે, હું આપવા કબુલ છું.' ગુલામે કહ્યું કે, માત્ર અંહીથી ભાગી જવાની ઉમેદ મારા મનમાં બાકી રહી છે.' શાહે ઉમેદ છે તો પુરી કર ?' શાહનો આ હુકમ થતાજ ગુલામ તો ત્યાંથી નહાશી પોતાના એક મીત્રના ઘરમાં જઇ ભરાઇ બેઠો. પોતાના પ્રાણ સરખા ગુલામનો વિયોગ સહન નહીં થઇ શકવાથી શાહ ઘણો બે ચેન થઇ જઇને હજુરીઆઓને હુકમ કર્યો કે અઇઆજને શોધી લાવી મારી સમીપ હાજર કરો. શાહનો હુકમ થતા બીજા કારભારીઓ તે ગુલામને મનાવવા ગયા. બહુ સમજાવ્યો પણ તેણે તો ઉહુંજ ઉહુંજ કર્યા કીધું. લોકો થાકી પાછા આવ્યા. શાહતો તેના વિયોગથી વધારે પીડાવા લાગ્યો. શાહે ખાસ મંડળને કહ્યું કે, જે અઇઆજને મનાવી લાવશે તેને અમુલ્ય હીરાનો હાર આપીશ !' શાહનું આ વચન સાંભળી બીજા કોઇએ હા પાડી નહીં. પણ શાણા બીરબલે કહ્યું કે, ' હજુર ! હમણાંજ મનાવી લાવું છું જરા પણ અકળાશો નહીં !' એટલું કહી બીરબલ તે ગુલામની પાસે ગયો અને કંઇ પણ કહ્યા વગર તેણે લાત મુકીઓની ગરમાગરમ મીઠાઇ ચખાડવા માંડી. આ ગરમા ગરમ મીઠાઇથી ગુલામતો ગભરાઇ જઇ તરત ઉભો થઈને કહ્યું કે, ' શાહેબ ! શા માટે મને મારો છો ? હું આવવા ક્યાં ના પાડું છું ?' બીરબલે કહ્યું કે, 'ત્યારે ઝટપટ આગળ ચાલ : ગુલામ અને બીરબલ તરત ત્યાંથી નીકળી શાહ આગળ આવી ઉભા. ગુલામને આવેલો જોઇ શાહ તેને ભેટી પડ્યો અને પુછ્યું કે, 'વ્હાલા અઇઆજ ! તુને બીરબલ શ્યા ફેરબથી મનાવી લાવ્યો તે તું મને જણાવ.' ગુલામે બનેલી બધી હકીકત કહી બતાવી. જે સાંભળી શાહ બીરબલની ઉપર એટલો ખુશી થઇ ગયો કે એકને બદલે બે હીરા આપી દીધા.

**સાર**--મહોટા પુરૂષો કદી પણ કોઇની સાથે સ્નેહ બાંધી મારો કરી લેતા નથી અને કરે છે તો પ્રાણાંત સુધી તેને છેહ દેતા નથી.

-O-

# વારતા એકસો સાતમી

-0:0-

## રાજાનો હજામ પણ ચાલાક હોય છે

-0:0-

એક દીવસે શાહ કચેરી ભરીને બેઠો હતો. પણ કેટલીક વાર સુધી કાંઇ પણ શબ્દોનો ઉચ્ચાર કર્યા વગર એક ટસે જોયા કરતો હતો. તે જોઇ તમામ કચેરી અજાયબીમાં ડુબી ગઇ હતી તે જાણી શાહે એક કાગળ કાઢી દરબારીઓને પુછ્યું કે, 'આ ઉ છે કે જુ છે. કચેરી તેનો નીર્ણય કરી શકી નહીં. એટલે હજામે ઉઠી તે શબ્દ જોઇ કહ્યું કે, ' હજુર ! જુ નથી પણ ઉ છે. જો જુ હોત તો હાલ્યા ચાલ્યા વગર રહેત નહીં.' આ સાંભળી સભા ખડખડ હસી પડી.

-0-

# ભાગ તેરમો

# વારતા એકસો આઠમી

-O:O-

## પાંચ સવાલના જવાબ

-O:O-

નવલપુર નગરના ચતુરસીંહ નામના એક રાજાએ એક વખત શાહના નવ રત્નોની ચાતુરી જોવા માટે એક પત્રમાં પાંચ સવાલ લખી મોકલી તેનો જવાબ માગ્યો કે, 'આંખ છતાં આંધળો, દયાનો સાગર, હાથનો હીરો, બજારની ખાટ, અને નરકની વાટ. આ પાંચે સવાલોનો જવાબ ચાર માસની અંદર લખી મોકલો નહી તો મારી સાથે યુદ્ધ કરવા તત્પર થવું. ખેપીઆના હાથમાંથી શાહે આ પત્ર લઈ વાંચી વીચારી કરી મનમાં કહ્યું કે, ' મારા બુદ્ધીવાન નવ રત્નો કેવાં છે તેની પરીક્ષા કરવા માટે ચતુરસીંહ રાજાએ પાંચ સવાલ લખી મોકલ્યા છે તેનો જવાબ તેજ રત્નો પાસેથી માગવો જોઈએ ? તેઓ પોતાની બુદ્ધિ રૂપી ઘોડો ક્યાં સુધી દોડાવે છે ?' આવો વીચાર કરીને તેણે વળતે દીવસે કચેરી ભરીને પોતાના દરબારીઓને કહ્યું કે, આંખ છતાં આંધળો , દયાનો સાગર, હાથનો હીરો બજારની ખાટ અને નરકની વાટ. આ પાંચે સવાલો જવાબ એક માસની અંદર લાવી નહીં આપો તો તમને બધાને દેહાંત દંડની શીક્ષા કરવામાં આવશે.' આ પ્રમાણે શાહનો હુકમ સાંભળી તમામ કચેરી ભયભીત બની ગઈ અને તેઓએ ગામેગામ અને દેશો દેશમાં તેની શોધ ચલાવી પરંતુ કોઈ ઠેકાણેથી તે વસ્તુઓ મળી શકી નહીં. શું આ વસ્તુઓ ઝાડ ઉપર કે જમીન ઉપર પાકતી હશે ? કે શું કોઈની દુકાનેથી મળતી હશે ?' તે પણ કોઈના સમજવામાં આવી નહીં. અહીંતો મુદ્દત પુરી થવા આવી પણ પાંચેમાંથી એકે ચીજ હાથ લાગી નહીં. તેથી દરબારી મંડળ ગભરાયું અને બીરબલને વીનવીને કહ્યું કે, 'આપ વગર આ પાંચે વસ્તુઓ મળી શકનાર નથી. જો આપ કૃપા કરશો તોજ અમારો બચાવ થશે. આપનો ઉપકાર નહીં ભૂલીએ. આ લોકોની આવી દીનવાણી સાંભળી બીરબલે શાહની હજુરમાં જઈને કહ્યું કે, 'સરકાર ! આપે જે પાંચ વસ્તુઓ દરબારી પાસેથી માગી છે તે નવલપુરમાં ગયા વગર મળવી કઠણ છે. માટે હુકમ કરો તો નવલપુર જઈ ચતુરસીંહને આપી આવું.' બીરબલની આ વાત સાંભળી શાહ બહુ ખુશી થયો. અને માલ ખજાનો અને સાથે નોકર ચાકર આપી બડી ધામધુમથી શાહે બીરબલને નવલપુર તરફ જવાને રવાના કીધો. તે સામે શાહે પોતાની મહોર છાપનો પત્ર એવી મતલબનો લખી આપ્યો કે, ' આપની મંગાવેલી વસ્તુઓ મારા પ્રધાન સાથે મોકલી છે, તે મળેથી વળતી પાછી પહોંચ લખી આપશો.'

થોડાક દીવસ પછી બીરબલે નવલપુર જઈને એક સુંદર બંગલો ભાડે લઈ તેમાં નીવાસ કરવા લાગ્યો.આ નગરના લોકોની રીતભાતથી તથા ચતુર લોકોની ચાતુર્યતાથી જાણકાર થયા બાદ પૂર દમામથી બીરબલ નગરમાં ફરવા લાગ્યો. જે તેને પૂછતું તેને તે કહેતો કે, હું કાશ્મીરના રાજાનો પ્રધાન છું.' મ્હોટા રાજાનો પ્રધાન જાણી ત્યાંના અમીર ઉમરાવો અને સરદારો મ્હોટા માન મરતબા સાથે મેજબાનીઓ આપતા હતા અને તેની સાથે મીત્રાચારી બાંધી.

એકા દીવસે બીરબલ સાથે ચાર સીપાઈ લઈ એક સાધારણ માણસની પેઠે દયારામ નામના વેપારીની દુકાને ગયો. આને જોઈ તે વેપારીએ તેને માન આપી ગાદી પર બેસાડી આવવાનું કારણ પુછ્યું. તેના જવાબમાં બીરબલે કહ્યું કે, 'શેઠજી! કાશ્મીર રાજાની કન્યા તમારા રાજાના કુમારને આપવાનો નીશ્ચય કરેલ છે, તે માટે ચાંદલાના રૂપીઆ આપવાનો જે ઠરાવ થયો છે તે સઘળી રકમ તમારો રાજા આગળથી માગે છે પણ તેટલી રકમ મારી પાસે નથી માટે પુરી કરવા માટે મેં મારા રાજા ઉપર કાગળ લખી હૂંડી મંગાવી છે, પણ તે હુંડીને આવતા લગભગ છ દીવસ લાગશે. અને તમારો રાજા તો આજ ને આજ પહેરામણી માગે છે માટે હમણાં આપવીજ જોઈએ. જો તે રકમ હમણાં ના ભરાયતો કામમાં ખલેલ પડે. તે ખલેલને દુર કરવા માટે આપની પાસે આવ્યો છું.જો મને રૂપીઆ દશ હજારની મદદ છ દીવસના માટે જ આપશો તો મ્હોટી મહેરબાની! હું વ્યાજ સાથે મુદ્દત પ્રમાણે આપને પાછા નાણાં આપીશ.' પ્રથમથીજ કાશ્મીરના પ્રધાનના વખાણ સાંભળેલા હોવાથી તે વેપારીએ વગર અચકવે તેની માંગણી સ્વીકારીને કહ્યું કે, 'જેટલા જોઈએ તેટલા રૂપીઆ લઈ જાઓ.' એમ કહી તેને દશ હજાર રૂપીઆ ગણી આપ્યા. તે લઈ બીરબલ પોતાને મુકામે ગયો.

થોડા દીવસ વીત્યા પછી એક બીજા પૈસાની મદથી અંધ બનેલા શેઠને ત્યાં બડા ઠાઠમાઠની સાથે બીરબલ ગયો છતાં તે પૈસાના અભીમાની દેવે કાંઈ પણ આવકાર ન દેતા જાણે કશું એ જાણતો ના હોય તેવો ડોળ કરી બેસી રહ્યો. અંતે બીરબલે પોતાની સઘળી હકીકત કહી સંભળાવીને રૂપીઆ પંદર હજારની માંગણી કરી. શેઠે ઓળખાણ માગી. બીરબલે બીજી રીતે સમજાવી શેઠને ઠંડાગાર કરી દીધા. બીરબલના શરીર પરના દાગીના જોઈ મનમાં લલચાયો અને સરકારી કામ માટે આવેલ છે તેથી પણ કાંઈ ફાયદો થશે. માટે આ વખતે તેનું કામ કરીશ તો તે મારા તાબામાં રહેશે. આવો વીચાર કરીને શેઠે તેને કહ્યું કે, ' જો કે તમારૂં કામ હું તમારા માનની ખાતર કરવા કબુલ કરૂં છું. પણ વ્યાજ તો પ્રથમથી જ કાપી લઈશ. તેની સાથે લેખ પણ લખી આપવો પડશે.' બીરબલે તે મુજબ કરી આપી સાડાનવ હજાર રૂપીઆ લઈ પોતાને ઠામે ગયો.

આ નગરમાં એક રૂપીઆ (રૂપવંતી) નામની ગુણકા બહુજ પ્રમાણીક અને એક વચની હતી તેની તે પરીક્ષા કરવા માટે બીરબલે મનમાં કરી ને પોતાના એક સીપાઈને રૂપીઆ પચાસ આપીને કહી મોકલાવ્યું કે, ‘આજ રાતે તમારે ત્યાં આવનાર છું. માટે સઘળી પ્રકારની ગોઠવણ કરી રાખજો.’ સીપાઈ તેને ત્યાં જઈ તેના હાથમાં રૂપીઆ આપી સઘળી હકીકત કહી. આ હકીકત સાંભળી લઈ તે ગુણકાએ તે સીપાઈને કહ્યું કે,' તમારા સરદારને કહેજો કે આજની રાત્રીએતો આપનીજ હું વેચાણ થઈ ચુકી છું માટે મરજીમાં આવે ત્યારે પધારવું.' પછી તે ગુણકાએ બધી ગોઠવણ કરીને બારીએ બેસી નવા પ્રેમની આવવાની રાહ જોતી બેઠી. અગીઆર વાગી ગયા તોપણ નવો શેઠ આવ્યો નહીં. ગુણકાને ઉંઘ આવવાથી તે પલંગની નીચે સુતી. એટલામાં બીરબલે આવી દરવાજા ઠોક્યા, ગુણકાએ તરત ઉઘાડી તેનો હાથ પકડી માન સહીત પલંગ ઉપર બેસાડ્યો. હવે આ ગુણકા કેવા ગુણવાળી અને કેવા ખાનદાનવાળી છે તેની પરીક્ષા કરવા માટે બીરબલે તરત ગુસ્સો કરી ચાબુક હાથમાં લઈને એક ઝપાટો લગાવ્યો. તે જોઈ તે ગુણકાએ કહ્યું કે, 'નાથ ! મારા અપરાધને ક્ષમા કરો.' છતાં પણ તેની પરવા ન કરતાં તેણે બીજા દસ ફટકા સપાસપ ખેંચી કાઢ્યા. તોપણ તે પ્રમાણીક ગુણકાએ બીરબલનું મન દુખવ્યું નહીં. અને જેમ ઘરની સ્ત્રી પતિ સાથે વરતે તેમ બીરબલ સાથે હાવભાવથી વરતી, વીલાસાદી રંગોમાં રમાડી બીરબલના મનને આનંદ આપી સહવાર પડતાં બીરબલને જવાની રજા આપી.

ચોથે દહાડે ફરતો ફરતો બીરબલ એક કુટીલા નામની ગુણકાના ઘરની નીચે આવી આગો તે જોઈ ગુણકા લલચાણી અને આ કોઈ માલદાર છે તેથી લુટવાને ઠીક બનશે આવો વીચાર કરીને તેને બીરબલને આંખ મારી. બીરબલ તરત ઉપર ગયો. વાતચીત કરતાં તે કુટીલ ગુણકાએ કહ્યું કે, ' માત્ર રાતના વીસ રૂપીઆ લઉં છું. પછી આપ આપો તે ખરા.' બીરબલે તેના હાથમાં દશ રૂપીઆ આપીને કહ્યું કે, આજ રાતે હું આવીશ.' એમ કહી તે પોતાને મુકામે ગયો. રાત પડી, બીરબલ તે કુટીલાને ત્યાં ગયો, તેના ઘરના બારણા બંધ જોયા, તેણે ખુબ જોરમાં ઠોક્યાં, તે આ સમે પોતાના યારોને સમજાવતી હતી, બીરબલને આવેલો જાણી તરત તેણે પોતાના યારોને એક બાજુ સંતાઈ જવાને કહીને કહ્યું કે,' હું ઈસારત કરૂં એટલે આવજો.' એટલું કહી તેણે તરત દરવાજા ઉઘાડી બીરબલનો હાથ ઝાલી પલંગપર લઈ જઈ કાળી આંખ નચાવવા લાગી. નખરાથી નાચી રહેલી તે ગુણકા નાચતી નાચતી અને પહેલા સંતાડી રાખેલા આશકોને ઇસારો કરતી ઘરની બહાર નીકળી ગઈ. આ જોઈને તે આશકો વરૂઓની પેઠે બીરબલના અંગ ઉપર ધસી આવ્યા અને તેના બધા દાગીના ઉતારી લઈ તે ગુણકાને આપી નહાસી ગયા. ગુણકાએ તે દાગીનાઓને એક બાજુ સંતાડી લઈને મહોટેથી બુમો મારવા લાગી કે, 'કોઈ દોડોરે દોડોરે ! મારા ઘરમાં ચોર પેઠો છે, મને મારવાથી મારો જીવ બચાવીને હું બહાર નીકળી આવી છું. મારી દોલત લુટી જશે

માટે કોઈ પકડોરે પકડો! આ દુષ્ટાની બુમ સાંભળી આસપાસના લોકો અને સીપાઈઓ ઉપર ચઢી આવીને કહ્યું કે, 'ચોર શી રીતે દાખલ થયો ? છે કે પલાયન થઈ ગયો છે ?' તે ગુણકાએ કહ્યું કે, 'હજી ઘરમાં જ છે.' તરત સીપાઈઓ ઘરમાં દાખલ થઈ બીરબલને બાંધી લઈ ચબુતરા ઉપર લઈ ગયા. બીજે દીવસે કોટવાળ બીરબલને લઈ રાજા સમીપ ઉભો કરીને કહ્યું કે, 'આ ચોરે રાતે ચોરી કરી છે તે માટે આપ શું કહો છો ?' તેની કાંઈ પણ તપાસ ન કરતાં રાજા એ તેને શુળીએ ચડાવવાનો હુકમ દીધો. હુકમ થતાં જ કોટવાળ બીરબલને શુળી દેવા લઈ ચાલ્યો. પછી કોટવાળને બીરબલે કહ્યું કે, 'જો તમે મને હું કહું તે ઠેકાણેથી લઈ જશો તો તેના બદલામાં તમને રૂપીઆ સો આપીશ.' કોટવાળે તેની વાત કબુલ કરી. બીરબલ તરત તે અંધ શેઠની પાસે જઈને કહ્યું કે, 'બીન અપરાધે રાજાએ મને શુળીની શિક્ષા કરી છે. તેનું મને જરા પણ દુઃખ લાગતું નથી, પણ તમારૂં દેવું રહી જશે તેનું જ મને દુઃખ લાગે છે. જો તમારે તમારા રૂપીઆ મેળવવા હોય તો બીજા બે હજાર રૂપીઆ રાજાને આપી મને છોડાવો.' આ સાંભળતાજ શેઠે આંખ ચઢાવીને કહ્યું કે, 'સરસ પોશાકી દેખકે, કબુન ધરીએ પાય, પીછે સોબત કીજીએ, પહેલી દેખ સ્વભાવ. મિત્તસે ચિત્ત મિલાવે; નહીં તો ખત્તાં હજાર પલકકે બીચમેંખાવે, કથે સો કવિયું કાન હીન દીજે ત્યાગી કબુ ન ધારીએ પાવ દેખકે સરસ પોષાકકી.' એટલું કહી તે શેઠે બીરબલને ધકા મારી બે ઈજત કરી કાઢી મુક્યો. બીરબલ ત્યાંથી નીકળી દયારામ શેઠની પાસે જઈ રડી પડી આંખમાં આંસુ લાવી કહ્યું કે, ' જો તમે બે હજાર રૂપીઆ ખરચ કરશો તો મારા પ્રાણ બચશે ! તમારા ખોટાં થતાં નાણાં તમને મળશે ? ત્રીશ હજાર રૂપીઆની હુંડી પણ આવી ગઈ છે તેનું પણ શું થશે તે પણ કહી શકતો નથી ? ' શેઠે વીચાર કરીને મનમા કહેવા લાગો કે, 'મારી કીસ્મતમાં જો તે લખેલા હશે તે ગમે તે રીતે મળશે જ ? માટે બીજા હજાર ખરચી એને છોડાવવો જોઈએ ? કારણ કે તે મારે આશરે આવી આશરો માગે છે. માટે તેને નીરાશ કરી કાઢી મુકવો એ મારા જેવાને લાંછનરૂપ છે.' આવો વીચાર કરીને તેણે કોટવાળના હાથમાં પચાસ રૂપીઆ મુકીને કહ્યું કે, ' હું રાજા પાસે જઈ આવું નહીં ત્યાં સુધી તમારે તેને શુળીએ ચઢાવવો નહીં.' કોટવાળે તે વાત કબુલ રાખી. એટલે દયારામ શેઠ રાજા સમીપ આવીને કહ્યું કે, 'આપે તપાસ કર્યા વગર જે માણસને શુળીની શીક્ષા કરી તે શું ધર્મ ન્યાય નીતીથી ઉલટી નથી? તેની તપાસ કરી ન્યાય કરો. ન્યાયમાં તે અપરાધી ઠરશે તો તેનો દંડ આપવા તત્પર છું.' આ શેઠના આવા શબ્દો સાંભળતાંજ રાજાએ અપરાધીને પાછો બોલાવવાનો હુકમ કીધો. હુકમ થતાંજ સીપાઈઓ છુટ્યા. ઝપાટા બંધ વધસ્થાને દોડી જઈ અપરાધીને બોલાવી લાવી રાજા સમીપ ઉભો કીધો. બીરબલે તરત અકબરના હાથનો લખેલો પત્ર રાજાના હાથમાં આપ્યો. રાજાએ તે પત્ર વાંચીને બીરબલને પૂછ્યું કે, તે પાંચે વસ્તુઓ ક્યાં છે?' બીરબલે કહ્યું કે, 'મહારાજ ! ધનના મદથી અંધ બનેલા શેઠને, કુટીલા ગુણકાને અને

રૂપવંતીને આપ બોલાવી મંગાવો એટલે સઘળી વસ્તુઓ તૈયાર છે.' રાજાએ તરત ઠામ ઠેકાણાં આપી ત્રણેને બોલાવી મંગાવ્યા. તે જોઈ બીરબલે કહ્યું કે, ' મહારાજ ! આંખ છતાં આંધળો એ આપની પહેલી વસ્તુ તે આ ધનના મદથી અંધ બનેલો ધનજી શેઠ, જેણે સારા સારનો વીચાર ન કરતાં અઢળક ધન મેળવ્યું છે તે લક્ષ્મીના મદથી આંખ છતાં આંધળો બન્યો છે. તે તપાસી લો. દયાનો સાગર એ આપની બીજી વસ્તુ તે આ દયારામ શેઠ છે. જેની સાથે મને કદી પણ ઓળખાણ નહોતી છતાં એક શબ્દ ઉપર દશ હજાર રૂપીઆ કાઢી દીધા. એટલુંજ નહીં પણ મને છોડવવા માટે બે હજાર રૂપીઆ લઈ આપની હજુરમાં હાજર થયેલ છે. જેણે પ્રમાણીકપણે વહેવાર ચલાવી કુળને દીપાવે છે. જોઈ લો હાથનો હીરો ત્રીજી વસ્તુ આ રૂપવંતી ગુણકા છે, છતાં એક વચની છે અને પોતાની કબુલાત પ્રમાણે વરતી પૈસા દેનારને આનંદ આપે છે. ખાત્રી હરવી હોય તો તપાસી જુઓ તેની પીઠ પર કેટલા ચાબુકના ફટકા પડેલા છે તે છતાં તે બોલી નહોતી. તેથી ખરેજ આ સ્ત્રી હાથનો હીરોજ છે ! તપાસી લો ચોથી વસ્તુ જે બજારની ખાટ તે આ કુટીલા ગુણકા જેની સાથે મેં ઠરાવ કરીને એક રાતના દશ રૂપીઆ આપેલા હતા અને જ્યારે હું રાતે તેને ઘેર ગયો ત્યારે તે પોતાના આશકો સંગે બેસી રંગ ઉરાડી રહી હતી. મેં જ્યારે બહુ જોરથી દરવાજા ઠોક્યા ત્યારેજ તેણે દરવાજા ઉઘાડ્યા. આપ સ્વાર્થી પ્રેમ બતાવી નાચી કુદીને બહાર નીકળી ગઈ. કે તરત તેના બદમાશો અથવા તે રાંડના ભડવાઓ એકદમ મારા અંગ ઉપર ધસી આવી મારા દશ હજારના દાગીના ઉતારી લઈ તે આ રાંડને આપીને પલાયન થઈ ગયા પછી આ રાંડે મને ચોર ઠેરવીને આ દશાએ પહોંચાડ્યો માટે તે બજારની ખાટ છે. બીરબલની આ વાતની ખાત્રી અક્રવા માટે રાજાએ તે રાંડને ખુબ મેથીપાક જમાડી વાત કબુલ કરાવી. આથી આ સંબંધીની શંકા દુર થઈ. આ જોઈ બીરબલે કહ્યું કે, 'સરકાર ! પાંચમી વસ્તુ આપજ છો. કારણ કે મારો ઇન્સાફ કર્યા વગર એકદમ શુળીએ ચઢાવવાનો હુકમ આપ્યો. માટે જ આપ નરકની વાટ છો. આ પાંચે વસ્તુઓ આપની હજુરમાં હાજર કરી માટે તેની પહોંચ લખી આપો.'

બીરબલની અક્કલ જોઈ તમામ દરબાર છક બની ગઈ. રાજાએ છતી આંખે અંધ બનેલા શેઠને અને તે કુટીલા રાંડ અને તેની રાત કમાઈ ખાનારા દાદાઓને સજા કરી. દયાના સાગરને અને હાથના હીરાને માન આપી વીદાય કીધા. દયારામ શેઠને પોતાની ત્રીજોરીમાંથી દશ હજાર રૂપીઆ ગણી આપી બીરબલને ખુશ કીધો. બીરબલને પહોંચનો પત્ર લખી આપી મહોટા ઠાઠથી રવાના કીધો. બીરબલ દીલ્લી આવી તે પહોંચનો પત્ર શાહના હાથમાં દીધો . અકબરે તે પત્ર વાંચી બીરબલને શાબાસી આપી.

-0-

# વારતા એકસો નવીમી

-O:O-

## અદલ ઈનસાફને હરતાલના પાણીમાં ધોઈ નાંખો

-O:O-

વખત વિચારી જે વદે, પામે સદા સન્માન;
દહે શોક દુઃખ દરિદ્રતા, રહે નેક રસ વાન.

એક વખતે અકબરે ચોરને ફાંસીએ લટકાવવાનો હુકમ કીધો. તેથી તે શાણો ચોર જરા પણ હીંમત ન હારતાં બંને હાથ જોડીને કહ્યું કે, 'હજુર ! આ એક વખતનો મારો અપરાધ માફ કરો. જો આપ આ વખતે મને છોડી બક્ષશો તો, હું એક અજાયબી ભરેલો હુન્નર આપ આગળ પ્રકાશ કરીશ. તે હુન્નર આજ દીન સુધી મારા વગર હાલમાં કોઈ પણ જાણતું નથી. જો મારો નાશ કરવામાં આવશે તો તેની સાથે હુન્નરનો પણ નાશ થશે. પછી જેવી સરકારની ઈચ્છા.'

ચતુર ચોરનું આ વાક્ય સાંભળતાંજ આતુરતાથી શાહે પુછ્યું કે, 'જે કોઈ જાણે નહીં એવો તો તું કેવો હુન્નર જાણે છે તે તો જરા જણાવ ?' ચોરે કહ્યું કે, 'સરકાર ! હું સાચા મોતી ઉગાડી જાણું છું!' ચોરની આવી અજાયબ જેવી વાત સાંભળી શાહ આશ્ચર્યતા પામીને મનમાં વીચાર કરવા લાગ્યો, કે 'મોતી તે વળી કેવે પ્રકારે ઉગતાં હશે ? શું તે મંત્ર તંત્રથી કે સાધુની સીદ્ધાઈથી કે વનની જડીબુટ્ટીઓથી અનાજની પેઠે ઉગતા હશે ? જગતના પિતાએ આ જગતમાં એક એકથી અધીક બુદ્ધિશાળી, એક એકથી વધારે કળાવાન અને ઇલ્મી માણસોને ઉત્પન્ન કરેલાં છે, વળી કપાળે કપાળે પણ જુદી જુદી મતી હોય છે, જેમ કુવાનાં પાણીઓ જુદા જુદા ગુણવાળાં હોય છે. દેશો દેશના આચાર વીચાર પણ જુદા જુદા હોય છે અને જણ જણના મુખની વાણી પણ જુદા જુદા પ્રકારની હોય છે, તેમ આ ચોરમાં ઈલમ કાં ન હોય ? હોવોજ જોઈએ ! અકલ અંધારે વેંહેચાયલી છે. જો સોનું વિષ્ટામાં પડ્યું હોય તોપણ તેને લેવા કહ્યું છે.' આવો વીચાર કરીને શાહે ચોરને કહ્યું કે, ' તે મોતી કેવા પ્રકારે ઉગે છે તેતું જો બરોબર બતાવીશ તો તારા હકમાં મોટો લાભ થશે.'

આ સાંભળી તે ચોરે કહ્યું કે,'ગરીબ પરવર ! મને જે જે તે બાબતમાં મસાલા જોઈએ તે પુરા પાડવાનો બંદોબસ્ત કરી આપશો એટલે તરત આપને મોતી ઉગાડવાની કળા બતાવી દઉં.' ચોરે ઉતારી આપેલા મસાલા પ્રમાણે મસાલો મંગાવીને શાહે ચોરની આગળ મુક્યો. જે લઈને તે ચોર બહાર ગયો. અને એક સ્વચ્છ ભુમી શોધી જેમ ખેડુત અનાજની વાવણી કરવા માટે પ્રથમ ખેતરને ખેડે છે તેમ આ ચોરે તે સ્વચ્છ ભુમી ને ખેડીને તેમાં મસાલો

વેરી દીધો. અને પછી શાહ આગળ આવીને શાહને કહ્યું કે, 'કીબલે આલમ ! બધું બરાબર કરી ચુક્યો છું. હવે માત્ર મોતી વાવી દેવા એટલું જ કામ બાકી રહ્યું છે, પરંતુ હું ચોર છું તેથી મારે હાથે વાવીશ તો ઉગશે નહીં, કેમકે જેણે કોઈ દીવસ ચોરી ન કરી હોય તે માણસના હાથથી વાવે તોજ ઉગે. માટે જેણે ચોરી ન કરી હોય તેવો માણસ આપવાની મહેરબાની કરશો.

આ પ્રમાણે ચોરનું બોલવું સાંભળીને પોતાની હજુરમાં ઉભેલા અમીર ઉમરાવોને શાહે પુછ્યું કે, 'આ ચોર કહે છે જેણે કોઈ વખત કોઈ પણ પ્રકારની ચોરી ન કરી હોય તેવા માણસના હાથથીજ મોતી ઉગે. માટે તમે એ કામથી પવીત્ર છો, જેથી ગમે તે એક જણ એની સાથે જાઓ.' શાહના આ વચન સાંભળીને અમીર ઉમરાવોના હોશકોશ ઉડી ગયા. અને અમીર ઉમરાવો મનમાં વીચારવા લાગ્યા કે, કદાચ બાળપણમાં કંઈક લાલચને માટે ચોરી કીધેલી પણ હોય તેની શી ખાત્રી ! અને કદાચ હામ ભીડી પવીત્ર બની મોતી વાવવા ગયા અને મોતી ન ઉગ્યા ત્યારે આ ચોર શું કહેશે ? આ પણ મારા જેવો ચોર છે તેથી મોતી ઉગ્યા નહીં ? ત્યારે આપણીએ શી દશા થશે ? હાથે કરીને શા માટે હજારો માણસની વચમાં પોતાનું ડહાપણ ડોળી પોતાની વીના કારણે ફજેતી કરાવવી જોઈએ ? માટે નહીં બોલવામાં નવ ગુણ છે. આમ વીચારીને તેઓએ કંઈ પણ જવાબ દીધા વગર છાના માના બેસી રહ્યા. આ બનાવ જોઈ તે ચતુર ચોરે કહ્યું કે,'સરકાર ! તમારી દરબારમાં મારા જેવા ચોરોજ છે ? શાહુકાર હોય એમ તો જરા પણ જણાતું નથી. તો જ્યારે આટલા બધા ચોરોને આપે પોતાના માનીતા ગણીને મહોટી મહોટી જાગીરો બક્ષી છે. અને મહોટા મહોટા ઓહ્વાઓ આપેલા છે ત્યારે મારા જેવા અલ્પ ચોરને અલ્પ ચોરી કરવા માટે શું શુળીની શીક્ષા ? કારણકે આપ જેવા અદલના શાહના અમલમાં નીષ્પક્ષપાતપણે અદલ ઈન્સાફ મળે છે તો પછી મને શા માટે અદલ ઈનસાફ ન મળવો જોઈએ ? અને જો હું શીક્ષાને પાત્ર છું તો સઘળા ચોરોને શીક્ષા તેજ પ્રમાણે થવીજ જોઈએ. નહી તો અદલ ઈનસાફ મળે છે એ શબ્દ ઉપર હરતાલ લગાડી રદ કરવો ઘટે છે.'

ચોરનું આવું યુક્તીદાર બોલવું સાંભળી શાહ ખુબ પ્રસન્ન થયા અને તેનો અપરાધ માફ કરી યોગ્ય ઈનામ આપી તેને રવાના કીધો.

-0-

# વારતા એકસો દસમી

-0:0-

## શહાણાઓની પરીક્ષા

-0:0-

### સમજુ તણા મત એક સદાય, મુરખ તણા મત જુ જુવા થાય.

એક વખતે અકબરે બીરબલને પુછ્યું કે, 'સો શહાણાનો એક મત હોય છે એ વાત ખરી છે?' બીરબલે કહ્યું કે, 'સરકાર તે વાર્તા ભોજરાજાના સમયમાં પણ પ્રકાશમાં આવેલી છતાં જો આપને તે માટે શંકા થતી હોય તો હમણાંજ અજમાવી લો.' શાહે તેજ વખતે શહેરના સારા અકલમંદ ગણાતા સો શહાણાઓને બોલાવીને કહ્યું કે, 'આજની અડધી રાતે તમારામાંના બધાઓમાંથી એક પછી એક મારા હમામખાનાના હોજની અંદર એક એક ઘડો દુધનો ભરી રેડી જવું?' શાહનો આવો વીચીત્ર હુકમ સાંભળી સો શહાણાઓએ કહ્યું કે, જેવો હજુરનો હુકમ.'

અડધી રાત પડતાજ સો શહાણાઓએ એક પછી એક પોતાને ઘેરથી નીકળી હમામખાનાનો રસ્તો લીધો. આ બધાઓમાંથી પહેલા જનારના મનમાં એવું ઉગી આવ્યું કે જ્યાં નવાણું ઘડા દુધના હોજમાં રેડાશે ત્યાં હું એક ઘડો પાણીનો જો રેડી દઈશ તો તેમાં તેની શું ખબર પડવાની છે? આવો વીચાર કરીને પહેલા આવનારે પાણીનો ઘડો ભરી હોજમાં ઠાલવી પોતાના ઘરનો રસ્તો લીધો. આ પ્રમાણે એક પછી એક આવતા ગયા અને ઉપર પ્રમાણે વીચાર કરી પાણી રેડી રસ્તો માપતા ગયા. કેમકે એક બીજાની વાત કોઈ જાણે નહીં. અને એવા હેતુથીજ તે બધા શહાણાઓએ પણ એક મેકને નહીં મળે માટે અલગ રહી પોતાનું કામ કરી પોતાને ઘેર ચાલી જતા હતા.

જ્યારે સવારે અકબરે જઈ હોજમાં જોયું તો તેમાં પાણી ભરેલું દીઠું. તે જોઈને આશ્ચર્ય પામી એકદમ તે સો શહાણાઓને તેડાવીને પૂછ્યું કે, 'મારા કહેવા મુજબ ન કરતાં પાણીના ઘડા કેમ રેડી ગયા? સત્ય કહો. નહીં તો શીક્ષા કરવામાં આવશે?' શાહનો આવો સખ્ત હુકમ સાંભળી તેઓમાંના એકે કહ્યું કે, ગરીબ પરવર ! હું પ્રથમ ગયો ત્યારે હોજને ખાલી જોવાથી મેં વીચાર કીધો કે મારા પછી તો નવાણું ઘડા દુધના રેડાશે તો હું એક પાણીનો ઘડો રેડી જોઉં તો શું વરતાવનું છે? એવા વીચારથીજ પાણી રેડી ચાલતો થયો. એવીજ રીતે એક પછી એકને બોલીવી પુછ્યું તો બધાએ પહેલા પાણી રેડનારની પેઠેજ કહ્યું. આ બધા શહાણાઓની વાત સાંભળી શાહે કબુલ કીધું કે, ' સો શહાણાનો એકજ મત હોય એવી કહેલી વાર્તા માત્ર સાંભળી હતી પણ તે વાતને મારી નજરેથી સીદ્ધ થએલ જોઉં છું તેથી ખાત્રી થઇ છે કે સો શહાણાનો એક મત હોય એમ બીરબલનું કહેવું છે તે સત્ય છે એમાં જરા પણ સંદેહ જેવું નથી.

-0-

# વારતા એકસો અગીઆરમી.

-0:0-

## બીન અકલી હજામ.

-0:0-

### સમજુ સમજે સહેલમાં, વાક્ય વીષેના ભાવ; પણ શું સમજે અબુઝ નર, યુક્તી યુક્તીના દાવ.

એક વખત એક હજામને બીરબલે કહ્યું કે, 'તમે બહુ સારા કારીગર છો એમ મારા સાંભળવામાં આવ્યું છે . માટે જો તમે મારી હજામત સારી બનાવશો તો હું કાંઇક તમને આપીશ. બીરબલના આ વચનો સાંભળી હજામ તો બહુ જ ખુશી થઇ ગયો કે કાંઇક તે શું વસ્તુ છે? એમ વીચારી ખુશી થતો હજામ હજામત કરવા બેઠો, અને જેટલી પોતાનામાં કારીગરી હતી તેટલી અજમાવી. તેથી બીરબલે પણ ખુશી થઇ એક રૂપીઓ હજામને આપવા માંડ્યો એટલે હજામે કહ્યું કે, 'આપનો કરાર શું હતો ? એક રૂપીઆનો હતો કે હું કાંઇક આપીશનો હતો ? માટે મને એ રૂપીઓ જોઇતો નથી,' હજામની અકલ જોવા માટે બીરબલે કહ્યું કે, "લે ત્યારે આ બે રૂપીઆ.' અકલના બુઠા અને અંધ પાશળીઆ હજામે તે બે રૂપીઆ ન લેતા પાછા ફેંકી દઇ ને કહ્યું કે, ' મારે રૂપીઆની સરત નહોતી ફક્ત કાંઇકની જરૂર છે માટે તેજ આપો!' હજામનો આવો હઠ જોઇને શઠે શાઠ્ય સમાચરેત એ પ્રમાણને ધ્યાનમાં લઇને, હજામ ન જાણી શકે તેવી રીતે એક પાણીના ભરેલા ઘડામાં બે રૂપીઆ નાખી દીધા અને થોડીવાર પછી તે હજામને કહ્યું કે, ' પહેલા ઘડામાંથી પાણીનો ગ્લાસ ભરી લાવ.' હજામ તે ઘડામાંથી જેવો પાણીનો ગ્લાસ ભરવા જાય છે તેવો તેમાં અવાજ થયો એટલે ઘડામાં નજર કરી જોતાં બોલ્યો કે, 'બીરબલજી ! આમાં તો કાંઇક પડેલું છે.' હજામનો આ સવાલ સાંભળીને બીરબલે હજામને પુછ્યું કે, એક કાંઇક છે કે બે?' હજામે કહ્યું કે, 'દીવાન સાહેબ ! બે છે.' બીરબલે કહ્યું કે, ત્યારે તું તે લઇ લે.' આવો હુકમ થતા જ હજામે તે પાણીના ઘડામાં હાથ નાખી બહાર કહાડી જોયું તો બે રૂપીઆ જણાયા. બાદ બીરબલ ગુસ્સે થઇ કહ્યું કે, 'અલ્યા બેવકુફ ! મેં એક કામીક આપવાની સરત કરી હતી કે બેની? છતાં તે બે કાંઇક ઘડામાંથી કેમ કહાડી લીધા?' આવો પ્રશ્ન સાંભળતાં જ હજામ ગભરાઈ ગયો અને પોતાનીજ જબાનથી પોતે બંધાઈ ગયો જેથી મુંગે મોઢે પોતાનો રસ્તો લીધો.

-0-

# વારતા એકસો ચૌદમી.

-0:0-

## કાળી અને બીરબલ.

-0:0-

એક વખતે કાળીકા દેવીએ બીરબલને ડરાવવાનો વીચાર કીધો. પોતાના હજાર માથાવાળું ભયંકર સ્વરૂપ ધારણ કરી દેવી બીરબલ પાસે આવી. બીરબલે કાળીકાને પોતાની સમીપ આવેલી જોઇ તુરત ઉભો થઈ હસીને નમન કીધું. અને પછી દીલગીર થયો. પોતાના ભયંકર સ્વરૂપથી બીરબલ ન બીહનો, તથા પ્રથમ હસ્યો અને બાદ દીલગીર થયો એ જોઇ દેવી વીચારમાં પડી. પણ તેનો ખુલાસો સમજાઓ નહીં, તેથી ખુલાસો કરવા બીરબલને કહ્યું. બીરબલે મસ્તક નમાવી કહ્યું કે, હે દેવી ! આપે આપના દર્શન દીધા, તેથી ખુશાલીમાં હું હસ્યો, પણ દીલગીર થવાનું કારણ કાંઇ કહેવા લાયક નથી, માટે તે વીષે મને માફ કરો.

આ ઉપરથી તો દેવીને જાણવાની વધારે આતુરતા થઇ, તેથી વધારે આગ્રહ કીધો. એટલે બીરબલે કહ્યું કે, ' માતા ! મારા બે હાથ અને એક નાક છે. તે પણ જ્યારે મને સરકમ (શલેખમ) થાય છે ત્યારે નાક સાફ કરી કરીને મારા હાથ દુઃખી આવે છે. ત્યારે આપના હાથ તો બે જ પણ એક હજાર માથા ઉપર નાક તો એક હજાર છે. તે જ્યારે આપણે શલેખમ થતું હશે ત્યારે આપ બે હાથથી કેમ પહોંચી શકતા હશો ! આપણે તેથી મહા દુઃખ ભોગવવું પડતું હશે, એમ જાણી હું દીલગીર થયો.'

બીરબલને આવો હાજર જવાબી જાણી દેવી તેને આશીરવાદ દઈ અલોપ થઈ ગઈ.

-0-

# વારતા એકસો તેરમી.

-0:0-

## લંપટ વ્યસની.

-0:0-

એક વખતે સાંજને સમે શાહ અને બીરબલ છુપા વેશમાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં આ બંને જણ એક ગલીના નાકા ઉપર આવી ઉભા તે ગલીના નાકા પર કંગાલ દેખાવની એક ભીખારણ ઉભી હતી. આ ભીખારણના હાલ એવા હતા કે, તેના હાથના કોઇ બે બોર પણ ન ખાય. તેનો આવો દેખાવ છતાંતે ગરભણી હતી. આ જોઇ શાહ અચંબો પામી બીરબલને કહ્યું કે, 'કામદેવની સત્તા કેટલી બધી મહોટી છે ! જે સ્ત્રીની બાજુમાંથી પસાર થતાં પણ કમકમાટ ઉપજે તેની સાથે વીલાસ કરનાર કોણ હશે?

બીરબલ - સરકાર ! જે માણસને વ્યસન પડ્યું તે છુટતું નથી. ભુખ્યો જેમ એઠા ભાત, અને ઉંઘ જેમ ભાંગેલો ખાટલો જોતી નથી તેમ કામી માણસ જાત અને કુજાત જોતું નથી એવાં કંઇક એશકી ફાંકડાઓ પડ્યા છે જેઓને જોતાં તેઓ સુઘડ છે એમ જણાય, પણ અંદરખાનેથી તેઓ સઉથી ગંદે ઠેકાણેના ફરનાર હોય છે.

શાહ - બીરબલ ! તું કહે છે તેમ કદાચ હશે. પણ આ સ્ત્રીના ભોક્તાને તું શોધી કહાડીશ.

બીરબલ - હજુર ! આપણે થોડીવાર અહીં ફરતા રહીશું તો કદાચ તેમ બની શકશે.

થોડીવાર તેઓ ત્યાંથી થોડે દૂર જઈ ફરવા લાગ્યા. પણ તે વખતે બીરબલની નજર તો પેલી સ્ત્રી તરફ જ હતી. શાહ બીજી બાજુએ જોતો હતો, એટલામાં એક ફાંકડો માણસ ત્યાં આવી લાગો. તે સારા ખાનદાનનો હતો, બીરબલની નજર તેના તરફ જતાજ બીરબલે શાહને કહ્યું કે, 'માલીક ! આ કંગાલ સ્ત્રીનો યાર આ માણસ હોવો જોઇએ એમ મને લાગે છે.'

શાહ - કેવી રીતે ?

બીરબલ - જાણે જાણતા ન હોઇએ તેમ તેના તરફ જોયા કરશો તો માલમ પડશે.

તેમને તે વીષે થોડી વારમાં ખાત્રી લાયક પુરાવો મળ્યો તે ફાંકડો આશક તે સ્ત્રીની આગળ આવીને તેને કાંઇક ઇશારત કરી ત્યાંથી ઝડપમાં ચાલી ગયો. આશકના ગયા પછી તે માશુક પણ ત્યાંથી ચાલી ગઇ.

આ જોઇ શાહની ખાત્રી તો થઇ કે, તે સ્ત્રીનો ભોક્તા તેજ માણસ હોવો જોઈએ.

-0-

# વારતા એકસો ચૌદમી.

-0:0-

## અવલોકનની ખુબી.

-0:0-

ઉપલી વાત બન્યા પછી શાહ અને બીરબલ આગળ કુચ કરી. તે વખતે શાહ નીમીશવારતો વીચારમાંજ ચાલતો હતો. ક્ષણવાર પછી શાહે બીરબલને પુછ્યું કે, ' બીરબલ ! જે ઇસ્કી ફાંકડાને તેં મને બતાવ્યો હતો તેને તેં કેવી રીતે ઓળખી કાઢ્યો.

બીરબલ – ખલકે ખાવીંદ ! એ ખૂબી અવલોકનની છે. મને અવલોકન કરવાની ટેવ પડી ગઈ છે. જે વખતે આપણે બંને ત્યાં ઉભેલા હતા તે વખતે તે માણસ દુરથી આવતો હતો. તેના હાથમાં તમાકુ હતી પણ તેને લગાડવાની ચુનાની શોધમાં હતો. એટલામાં એક સંડાસખાનાને ચુનો તાજોજ લગાડેલો હતો. તેની ઉપરથી તે માણસને આંગળીવતી ચુનો ઉખેડીને તમાકુને લગાડ્યો. જે માણસ તમાકુ વાસ્તે સંડાસખાનાનો લગાડેલો ચુનો લે, તે બીજી વસ્તુ કાં ન કરી શકે ? આવી રીતે મેં દીઠો તેથી મારી ખાત્રી થઇ કે, તે લંપટ અને વ્યસની હોવો જોઇએ.

શાહ - હે દાનેશમંદ બીરબલ ! અવલોકનથી આ પ્રમાણે લાભ તો થાય છે.

બીરબલ - હે ન્યાયવંત ! અવલોકનની ખુબી તો ઓરજ છે. આપે પહેલા અવલોકન કરનાર ફકીરની વાત તો સાંભળી હશે ?

શાહ - હે બુદ્ધિવંત ! હા, એ વાત મેં આગળ સાંભળી હતી ખરી પણ હમણા તે ભુલી ગયો છું. માટે ફરીથી તને યાદ હોય તો સંભળાવ.

બીરબલ - ગરીબ પરવર ! ચાલો આપણે પહેલા હોજ આગળ બેસી વાત કરીએ.

બંને જણા ત્યાંથી થોડે દુર આવેલા એક પાણીના હોજ આગળ જઇ બેઠા. ત્યાં બીરબલે અવલોકન વીષે ફકીરની વાત તેને કહી સંભળાવી.

એક ફકીર એક સમે જંગલમાંથી ચાલ્યો જતો હતો તેને બે વેપારીઓ સામે મલ્યા. તેઓ કાંઇ વસ્તુ શોધતા હોય એમ લાગતું હતું. તેમને જોઇ ફકીરે પુછ્યું કે, 'શેઠજી ! તમારૂં એકાદ ઊંટ ખોવાયું છે ?'

પહેલા વહેપારીઓએ કહ્યું કે, ' હા! અમારૂં એક ઊંટ ખોવાયું છે.'

ફકીર - તે જમણી આંખે કાણું છે ?

વેપારી - હા.

ફકીર - એનો આગલો દાંત એકાદ દાંત પડી ગયો છે ?

વેપારી - હા.

ફકીર - એનો પાછલો પગ લંગડાય છે ?

વેપારી - હા.

ફકીર - તેની એક બાજુએ મધ અને બીજી બાજુએ ઘઉં ભરેલા હતા ?

વેપારી - હા. પણ તેની ઉપર ઝવેરાત હતું તે ક્યાં છે ?

પોતાના ખોવાયેલા ઊંટ વીષે તે ફકીરે આટલી બધી એંધાણીઓ આપે તે વેપારીઓને શક ગયો કે , ' આ ફકીરેજ ઊંટ ચોરેલું હશે અને તેથી એ આટલી બધી હકીકત કહી શક્યો છે. એમ જાણીનેજ તેમણે તેની પાસે ઝવેરાત માંગ્યું.

તે સાંભળી ફકીરે કહ્યું કે, 'શેઠ, મેં તમારૂ ઝવેરાત લીધું નથી તેમ તમારા ઊંટને નજરે પણ દીઠું નથી.'

વેપારી - તું ફકીરના વેશમાં ચોર હોય એમ જણાય છે.

એમ કહી તેને પકડીને ત્યાંથી કોઇ નજીકના શહેરમાં તેને લઈ ગયા અને ત્યાં ન્યાયાધીશની દરબારમાં એને લઇ જઇને ઉભો કીધો. પછી તે વેપારીઓએ ન્યાયાધીશની આગળ પોતાના ખોવાયલા ઉંટની વાત કહી સંભળાવી. વેપારીની આ વાત સાંભળી લઇને પછી ન્યાયાધીશે ફકીરને પોતાનો બચાવ કરવા કહ્યું.

આ ઉપરથી ફકીરે કહ્યું કે, 'નામદાર ન્યાયાધીશ સાહેબ ! હું જંગલમાં ફરનાર ફકીર છું. મેં આ વેપારીઓનું ઊંટ જોયું નથી. પણ જંગલમાં ફરતાં મને અવલોકન કરવાની ટેવ પડી ગઇ છે તેથી મેં જે દીઠું હતું તે તેમને કહી સંભળાવ્યું. રસ્તે ચાલતાં મને ઊંટનાં પગલાં પડેલા દેખાયા તે ઉપરથી મેં જાણ્યું કે, થોડી વારમાંજ ત્યાંથી કોઈ ગયેલું હોવું જોઇએ. તેની ડાબી તરફની વનસ્પતીનો ભાગ ખવાયેલો હતો પણ જમણી બાજુનો બધો અનામત હતો તેથી મેં જાણ્યું કે, તે જમણી આંખે કાણો હોવો જોઇએ. તેણે ખાધેલી વનસ્પતીમાંથી કેટલોક ભાગ રહી ગયો હતો તેથી મેં એવું અનુમાન કીધું કે, તેનો એકાદ દાંત પડી ગયો હશે. તેના પાછલા એક પગનો આકાર જમીન ઉપર બરોબર પડ્યો ન હતો તેથી મેં ધાર્યું કે તે એક પગે લંગડો હશે. રસ્તાની એક બાજુએ ઘઊં વેરાયેલા હતા અને બીજી બાજુએ થોડું મધ ઢોરાયલું હતું. ઘઉં લઇ જવાને કીડીઓ વળગેલીઓ હતી. અને મધની ઉપર માખો ગણગણતી હતી તેથી અમને જણાયું કે, તેની એક બાજુએ ઘઉં અને બીજી બાજુએ મધ લીધેલું હશે. તેમ વળી સાથી કોઈ માણ્સ નહિ હોય એટલે તે ઉંટ એકલું નાશી જતું હોવું જોઇએ. જો સાથે માણસ હોત તો ઘઉં અને મધ વેરાત નહી. આ અવલોકન ઉપરથી મેં અનુમાન કીધું છે. પણ મેં તે ઉંટને નજરોનજર જોયું નથી. તે બાદ હું આગળ ચાલ્યો તે વખતે આ બે વેપારીઓ કોઇને શોધતા હોય એવી રીતે મને સામા મળ્યા. તેમને જોઇ મેં

અનુમાન કીધું કે, તેઓ ઉંટના માલેક હોવા જોઇએ, મને જંગલમાં ફરતાં આવી સેંકડો ચીજો નજરે જણાય છે. આ શહેરનું દરેક જણ મને ઓળખે છે.'

ન્યાયાધીશને ફકીરના બોલવાની ખાત્રી થવાથી તેણે તેને છોડી દેવાનો હુકમ આપી વેપારીઓને કાઢી મુક્યા.

ઉપલી વાત કરી રહ્યા પછી બીરબલે કહ્યું કે, 'સરકાર ! મને ચાલતા અવલોકન કરવા લાયક સેંકડો ચીજો મળે છે.'

બીરબલની આ વાત સાંભળી શાહ ઘણો આનંદ પામ્યો અને ત્યાંથી ઉઠીને બંને જણ મહેલ તરફ વળ્યા.

-O-

# વારતા એકસો પંદરમી

-0:0-

## લાડ અને કપુર

-0:0-

બાદશાહી ગવૈયામાં લાડ અને કપૂર કરીને બે ગવૈયા હતા. તેમની ઉપર પણ શાહનો સારો પ્રેમ હતો. એક દીવસ તેમણે શાહનો અપરાધ કર્યો. શાહે તેમને કહ્યું કે, તમે અમુક ગુન્હો કીધો છે તે બદલ શું કહેવા માગો છો?

લાડ અને ક્પુરને એવું અભીમાન હતું કે આપણે માનીતા છીએ તેથી શાહ કાંઇ પણ સજા કરનાર નથી તેથી પોતાથી થયેલા ગુન્હાની માફી ન માગતા તેઓ શાહની સામે ખડખડ હસી પડ્યા. જો તેમણે માફી માગી હોત તો શાહ તે ક્ષમા કરત પણ આતો ઉલટા સામે હસી પડ્યા તેથી શાહે પોતાનું અપમાન થયેલું માની લઇ તે બંનેને કહ્યું કે, ' તમે બંને જણ મારા રાજની હદ છોડી જતા રહો.'

શાહનો આ હુકમ સાંભળી તે બંને ત્યાંથી ઉઠીને ગુપચુપ ચાલતા થયા. પણ દીલી છોડી બીજે સ્થળે જવા તેમનું મન ન માનવાથી તેઓ સાંજ સવાર શહેરમાં ફરવા લાગ્યા. આમ છાની રીતે ફરતાં તેમને છ માસ થઇ ગયા. એક દહાડે તેઓ ફરવા નીકળ્યા હતા એટલામાં શાહની તેમની ઉપર નજર પડી. શાહે તેમને જોતાં જ ઘોડો તેમની તરફ દોડાવ્યો. શાહને પોતાની તરફ આવતો જોઇ તેઓ એક ઝાડ પર ચઢી ગયા. શાહે પોતાનો ઘોડો તે ઝાડ નીચે લઈ જઈ કહ્યું કે, 'કેમ મેં તમને મારા રાજની હદ છોડી જવા કહી હતી છતાં તમે કેમ રહ્યાં છો ?'

કપુરે કહ્યું કે, 'સરકાર ! અમે તો આપના હુકમ પ્રમાણે અહીંથી ગયા હતા, પણ આપના રાજની હદ સીવાય બીજા રાજની હદ જણાઈ નહી તેથી ક્યાં રહેવું તેનો વીચાર કરતાં કરતાં પાછા દીલ્લીમાં આવી લાગ્યા. આખરે જ્યારે ક્યાંય પણ રહેવાની જગા ન મળી ત્યારે હવે તો આકાશમાં જઈ રહેવાનો વીચાર રાખ્યો અને તેથી ત્યાં જવાનો રસ્તો શોધવા નીકળ્યા. અને તેથી પહેલી મુસાફરી અહીંથી શરૂ કીધી છે.'

તેનું આવું બોલવું સાંભળીને શાહ હશ્યો અને તેમને નીચે ઉતાર્યા. નીચે ઉતરતાજ પોતાના અપરાધની શાહની પાસે ક્ષમા માગી. એટલે શાહે તેમને માફી આપી પાછા દરબારમાં આવવા આજ્ઞા કીધી.

-0-

# વારતા એકસો સોળમી

-0:0-

## દુરીજનની દ્રુષ્ટતા

-0:0-

દુરીજનની દ્રુષ્ટતા ઉપર વાત નીકળતાં ગંગ કવિએ કહ્યું કે, ગરીબ પરવર ! જરા સાંભળો.

**કવિત**

અકારણ ક્લેશ કરે ઇષારમેં અંગ જલે,
રંગ દેખી રીઝે નહીં દ્રષ્ટિ દોષ ખડે
આપકો ન કરે કાજ પરકો કરે અકાજ,
લોગનકી છાંડી લાજ અસુયામેં અડ્યો હે;
મન બાની ક્યા ક્રુર ઓરકું બતાવે શુર,
કામ ક્રોધ હો હજુર બીધીને ક્યું ઘડ્યો હે;
કહત હે કવી ગંગ શાહનકે શાહ શુરા,
દુનીયામેં દુઃખ એક દુરીજનકો બડો હે.

'દુરીજન માણસ પોતાની દ્રુષ્ટતાનો કદી પણ ત્યાગ કરતો નથી.'

શાહે આ કવીત સાંભળી બીરબલને કહ્યું કે, 'બીરબલ ! ગંગ જેવા કવી રત્નો વીનાની દરબાર કદી પણ શોભતી નથી ?'

બીરબલ - ખાવીંદ ! ગંગ જેવા બારોટોની સહાયતાથી જ કેટલીક વેળા તો યુદ્ધમાં ફત્તેહ મળે છે. લશ્કર થાકી ગયું હોય તે વખતે આવા કવી રત્નોજ પોતાની કવીતા કહી સંભળાવી તેમની થાક ઉતરાવી નાખે છે એટલું જ નહીં પણ નામરદને પણ મરદ બનાવે છે.

શાહે બીરબલને ધીમેથી કહ્યું કે, 'ગંગ સાથે વધારે વીનોદ થાય એવું કરો.'

બીરબલ--'સરકાર ! આપના હુકમનીજ ખોટી છે.'

શાહ--મને એક ચરણ યાદ આવ્યું છે તેની પાદપુર્તી કરવી છે. તે ચરણ.

કર્મ છુપે નહીં ભભુત લગાયો

આ ખાનગી દરબારમાંથી કોઈ કરી આપો જોઇએ?

ગંગ--હજુર ! એ પાદપુર્તી થઈ તો ચુકી છે. સાંભળો.

### સવૈયો

તારાકી જોતમેં ચંદ્ર છુપે નહીં,
સુર છુપે નહીં બાદર છાયો;
રન ચઢ્યો રજપુત છુપે નહીં,
દાતા છુપે નહીં ઘર મંગન આયો.
ચંચલ નારકો નેન છુપે નહીં,
પ્રીત છુપે નહીં પુઠ દીખાયો;
કવી ગંગ કહે સુન શાહ અકબર,
કર્મ છુપે નહીં ભભુત લગાયો.

જેમ તારાના તેજથી ચંદ્રનો પ્રકાશ ઝાંખો પડતો નથી, વાદળથી કાંઈ સુરજ છુપાઈ જતો નથી, ખરો શુરવીર રજપુત છુપાઇ રહેતો નથી, દાતાર પુરુષ દાન દેતી વખતે છાનો રહી શકતો નથી, ચંચલ સ્ત્રીની નેણો પણ સંતાઈ શકતી નથી, પીઠ બતાવેથી સ્નેહ છુપાવી શકાતો નથી, કવી ગંગ કહે છે કે, હે અકબર શાહ. સાંભળો કે, તેમજ ભભુત લગાડવાથી કર્મ છુપાઇ શકતું નથી.

આ સાંભળી શાહે ગંગને કહ્યું કે, હે ગંગ ! કર્મ વગરનું બીજું બધુંએ છુપાવવું હોય તો છુપાવી શકાય કે નહીં ?

ગંગે કહ્યું કે, 'નામવર ! એવો પણ વખત હોય છે કે, એક કર્મ વગર બંધુએ સંતાડી શકાય છે તે માટે જરા સાંભળો.

### સવૈયા

દીન છુપે તથવાર ઘટે,
ઓર સુર છુપત હે ગ્રેનકો છાયો;
ગજરાજ છુપત હે સીંહકો દેખત,
ચંદ્ર છુપત અમવાસ આયો;
પાપ છુપે હરી નામકો જાપત,
કુળ છુપે હે કપુત કો જાયો,
કવી ગંગ કહે સુન શાહ અકબર,
કર્મ ન છુપેગો છુપો છુપાયો.

**અર્થ**--તીથી ઘટવાથી એક દહાડો ઘટી જાય છે તે છુપાયા સમાન છે, ગ્રહણના યોગથી સુરજ પણ છુપાઇ જાય છે, સીંહને જોતાંજ હાથી છુપાઈ જાય છે, અમાસને દહાડે ચંદ્ર પણ છુપાઇ જાય છે, અને ખાનદાની કુળમાં કોઈ કપુત ઉત્પન્ન થાય તો તેનું ખાનદાની નામ બદનામીમાં છુપાઈ જાય છે. કવી ગંગ કહે છે કે, હે શાહ ! આટલા બધા છુપાઈ શકાય છે, પણ કર્મને છુપાવી શકાતું નથી.

શાહ અને ત્યાં હાજર રહેલા બધા દરબારીઓ ગંગની આવી અદભુત કવિતા સાંભળી આનંદ પામ્યા, અકબરે તેને તેના લાયક સરપાવ દીધો.

-0-

# વારતા એકસો સત્તરમી

-0:0-

# રંડીયોકા યાર સદા ખુવાર

-0:0-

એક વખત શાહ અને બીરબલ બાગમાં બેસી આનંદની વાતો ચલાવી રહ્યા હતા. વાતપર વાત નીકળતાંજ શાહે બીરબલને પૂછ્યું કે, 'હે બીરબલ ! માણસ પોતાના મન પર કાબુ ન રાખતા વિષય વાસનામાં લપટાઈ જાય છે તે સમે તેને પોતાના શરીરનું પણ ભાન રહેતું નથી; અને તેની સાથે પોતાની તમામ માયા મીલકતનો નાશ કરી નાખે છે.

બીરબલ - સરકાર ! ઇશક આંધળો છે. આસપાસની ચીજો જોઇ શકતો નથી. ઇશ્કને વશ થયેલો માણસ સારા નરસાનો વીચાર કરી શકતો નથી. તેનો એક દાખલો થોડા સમય ઉપર મારા દીઠામાં આવ્યો હતો તે જો આપ રજા આપો તો કહી સંભળાવું.

શાહ-ખુશીની સાથે સંભાળવ.

બીરબલ-સાંભળો ત્યારે સરકાર ! ચંચલ નગરીમાં કરમચંદ કરીને એક ધનાઢ્ય રહેતો હતો, તે પોતાની પાછળ અનેક દોલત જગુ નામનો એક પુત્ર વારસ મુકી ગયો હતો. બાપના મરણ બાદ તેના હાથમાં બધી દોલત આવી એટલે તેણે વેપાર રોજગાર ઉપર ધ્યાન આપવાને બદલે રાંડના નાચ ગાયન અને તમાસા ઉપર મોહીત પડીને બાપના ચાલતા રોજગારને તજી દીધો. સંગ તેવો રંગ તે પ્રમાણે તેણે મીત્ર પણ તેવા મળ્યા હતા. તે રંગમાં ભમતાં ભમતાં તે એક વેશ્યા ઉપર આશક પડ્યો. તે ઈશ્કમાં એવો લીન થઈ ગયો કે, તેના વગર તેને જરા પણ ચહેન પડે નહીં. થોડે થોડે કરીને તેની તમામ માયા મીલકત તે ધુતારી રાંડે હરી લીધી, તે એટલા સુધી કે એક વખતના ખાધા જેટલું પણ તેની પાસે રહ્યું નહીં. તે ધુતારી રાંડે જોયું કે, હવે પાસે રાતી પાઇ પણ રહી નથી તેથી હવે તેને પોતાને ત્યાં રાખવામાં લાભ નથી ત્યારે તેને કાઢી મુકવા માંડ્યો.

શાહુકારની હવે આંખો ઉઘડી, પોતાનું કેવું સત્યાનાશ વળ્યું હતું તે તેણે હવે જ જોયું. તેણે તે ગુણકાને કાલાવાલા કરી કહ્યું કે, 'અરે ! તેં મારી તમામ દોલત અને માયા પુંજી હરી લઈને તું મને કાઢી મુકે છે તો હવે હું ક્યાં જાઉં?'

ગુણકા - તેમાં હું શું કરૂં ? તને ગમે ત્યાં જા.

શાહુકાર - તારા વગર મારે બીજું એકે ઠેકાણું રહ્યું નથી.

ગુણકા - નથી તો જહાનમમાં જા.

શાહુકાર - અરે ! મેં તને આવી દગાબાજ ધારીને મારી દોલત આપી દીધી નથી, પણ તું મને સદા તારી પાસે રાખશે એવું ધારીને આપી દીધી છે તેથી તું મને કાઢી મુકવાને તત્પર થઈ છે.

ગુણકા - વેશ્યા તે કોઈની સગી થતી હશે ? વેશ્યા તો માત્ર એક પૈસાનીજ સગી છે. માટે ચાલ હવે બહુ થયું. અહીંથી જતો રહે.

શાહુકારે તે રાંડના બહુ કાલાવાલા કર્યા ત્યારે તે રાંડે તેને કહ્યું કે, 'જો મારે ત્યાંજ રોટલો ખાઇને પડ્યા રહેવું હોય તો સરત કબુલ કરે તો રાખું.'

શાહુકાર - કહે જોઈએ.

વેશ્યા - હું જ્યાં જાઉં ત્યાં મારા જોડા સંભાળીને તારે બેસવું. આ સરત જો તારે કબુલ હોય તો રોટલો ખાઈને પડી રહેજે.

લાચારીને લીધે સાહુકારે તેની આ શરત કબુલ રાખી. પોતાની આવી હાલતને લીધે તેને વેરાગ ઉત્પન્ન થયો હતો, જે ધણીએ સુખ જોયલું તે આવી હાલતમાં આનંદથી કેમ રહી શકે ? તેનું શરીર બગડતું ગયું, અને તેની સાથે તેના ચહેરાનો રંગ પણ ગયો.

એક દીવસે તે ગાનારી રાંડ આ નગરમાંથી આવી અને કોઈ બીજા શાહુકારને ત્યાં નાચવા ગઈ. તેની સાથે આ શેઠ પણ ગયો. વેશ્યાએ જોડા ઉતાર્યા તે લઈને તે એક બાજુએ બેઠો. પેલા શેઠને ત્યાં મ્હોટા મ્હોટા લોકો હાજર થયા હતા. તબલચીએ તબલા ઉપર થાપ મારી, સારંગીવાળાએ સારંગીના સુર મેલવવા માંડ્યા અને વેશ્યા નાચવા માટે ઉભી થઈ; એટલે આ ભીખારી થઈ ગયેલા શેઠે પોતાના હાથના જોડા વગાડવા માંડ્યા. બીજા શેઠની નજર આની ઉપર પડી એટલે તે મનમાં કહેવા લાગ્યો કે, 'અરે ! આ કેવો બેવકુફ છે? એને એવી તે શી ગમત પડે છે કે, એ જોડા વગાડીને ખુશી થાય છે?'

થોડી વાર પછી એક નાચ પુરો થયો અને ગાનારી બેસી ગઈ કે બીજા શેઠે જોડા વગાડનારને પોતાની આગળ બોલાવીને પૂછ્યું કે, 'અરે ભલા માણસ, તને એવી તે શી ગમત પડે છે કે, તું જોડા વગાડવા મંડી પડ્યો છે ?'

વેશ્યાના યારે કહ્યું કે, એ વાત જો તમને કહીશ તો મારો રોટલો જશે, માટે પુછશો નહીં. હું તે કહેનાર નથી.'

બીજા શેઠે કહ્યું કે, 'થોડા વખત ઉપર આ રાંડ ઉપર મોહીત પડી તેને આધીન થઈ ગયો. થોડા જ વખતમાં મારી તમામ માયા મીલકત મેં એને ખવરાવી દીધી. અને હું ભીખ માગતો થયો. આ ધુતારી રંડા મને પાળશે એમ હું માનતો હતો. પણ જ્યારે એક દીવસ શું પણ એક વખતના ખોરાકના ઢીંગલા મારી પાસે ન રહ્યા ત્યારે એણે મને કાઢી મુકવા માંડ્યો. જ્યારે મેં બહુજ આજીજી કીધી ત્યારે પોતાના જોડા ઉપાડવાની મારી પાસે કબુલાત

કરાવી લઈ મને પેટવડીએ રાખ્યો. હમણા જ્યારે આ સારંગી તબલાનો અવાજ મેં સાંભળ્યો ત્યારે એક કવિનું કહેલું કવિત મને યાદ આવ્યું.'

શાહુકાર - તે શું છે?

ઈશ્કી ભીખારીએ કહ્યું કે, સાંભળો.

**કવિત**

પરી પુરણ પાપકે કારણ તે,
ભગવંત કથા ન રૂચે જીનકો,
તીન વેશ્યાકો પાસ બુલાય લઈ,
નચાવત હે દીનકો રેનકો,
મૃદંગ કહે ધીકહે, ધીકહે,
સારંગી કહે કીનકો, કીનકો,
તબ હાથ ઉઠાયકે નારી કહે,
ઈનકો ઈનકો ઈનકો ઈનકો.

જ્યારે પાપ બરાબર ભરાઈ રહ્યા હોય ત્યારે ભગવાનની કથા ગમતી નથી, એટલે રાંડને બોલાવી રાત દહાડો નાચ કરાવે છે. તે સમે તબલા કહે છે કે ધીક છે, ધીક છે, એટલે સારંગી વાગે છે કે કીનકો, કીનકો, એટલે કોને કોને, તે વખતે રાંડ લાંબો હાથ કરી પોતાનું ગાયન સાંભળવા બેઠેલા તરફ ફરીને કહે છે કે આલોકોને, આ લોકોને.

માટે આ બધું યાદ આવતાં હું જોડા વગાડીને કહું છું કે, મારી ગતી થઈ તેવી તમારી પણ થશે, આટલોજ મારો ખુલાસો છે.'

બીજા શાહુકારની ઉપર આથી ઘણી અસર થવાથી તરત તેણે તે રાંડને કાઢી મુકાવી અને આ ભાગ્યહીણ શેઠને પોતાની પાસે રાખી લીધો. તે સમેથી ત્યાં હાજર રહેલાઓએ રાંડની સોબત કરવી મૂકી દીધી.

આ વાત સાંભળી શાહ ઘણો ખુશી થયો.

-0-

# વારતા એકસો અઢારમી

-0:0-

# શીપાઈ રૂપ શીશી

-0:0-

## પ્યાર યારથી રાખવા, ગણે ન પતિનું કહેણ

એક સમે શાહ દરબાર ભરી બેઠો હતો તે વખતે એક માણસે આવી હાથ જોડી અરજ કરી કે, ' સરકાર ! કોઈ જાર માણસ ઘરમાં હમેશાં આવે છે, એમાં તો જરાએ શક નથી. પરંતુ તેને મેં હજી સુધી જોયો નથી અને જાણતો પણ નથી જે કોણ છે ? તેને હવે પકડવા ચાહું છું, જેથી આપ આગળ આવ્યો છું કે, તેને કોઈ પણ પ્રકારે પકડી આપવાની યુક્તી બતાવવા કૃપા કરશો તો આપનો મોટો ઉપકાર થશે.' તે સાંભળીને શાહે કહ્યું કે, ' હું એક સરસ અત્તરની એક શીશી આપું છું તે લઈ જા અને તે તારી નારીના હાથમાં મુકીને કહેજે કે આ શીશીમાંથી જરા પણ અત્તર વાપરીશ નહી.' એક કહી તે સરસ અત્તરની શીશી આપી તેને રવાના કીધો અને તે માણસે પણ તેજ પ્રમાણે કીધું.

શાહે તે માણસના ઘરની ચોતરફી ચોકી બેસાડી દીધી અને ભલામણ કરી કે જે માણસના કપડામાંથી આપેલી શીશીમાંના અત્તરની વાસ આવતી જણાય કે તરત તેને મારી પાસે પકડી લાવવો.

જ્યારે પેલો જાર પુરુષ ફરીયાદ કરવા જનારની સ્ત્રીને મળવાને આવ્યો ત્યારે તે સ્ત્રીએ પોતાના સ્વામીએ અનામત તરીકે સોંપેલી જે અત્તરની શીશી હતી તેમાંથી અત્તર કાઢી પોતાના યારને છાંટ્યું, અને કહ્યું કે, મારા આંખોના તારા ! મારા કંઠના પ્રાણ ! આ ઉમદા અત્તરની શીશી મને મારા પતીએ અનામત તરીકે સોંપીને ખાસ ભલામણ કરીને કહ્યું છે કે, આમાંથી તું જરા પણ અત્તર વાપરતી નહીં. પણ દીલોજાન ! તે ભલા માણસની જરા પણ દરકાર ન રાખતાં મેં આપના ઉપયોગમાં લીધું. કેમકે એવી ઉમદા વસ્તુથી આપને સ્વાદ ન ચખાડું ત્યારે પછી બીજા કોને ચખાડું ? ભલેને ધણી જે કરનાર હશે તે કરી લેશે તો, તે તમારે માટે સહન કરી લઈશ.' આવા અત્યંત પ્યારની વાત સાંભળી તેના યારે કહ્યું, ' રંગ છે મારા કાળજાની કોર ! તારા પાર વગરના પ્રેમ ઉપર મારો પ્રાણ કુરબાન છે!!' કેટલોક વખત ગયા બાદ એસ આરામ કરી તે યાર પોતાને પંથે પડ્યો, એટલે તે અત્તરની ભભક રાજના અનુચરોને આવતાંજ તે જાર માણસને એકદમ પકડી શાહ હજુર લઈ ગયા એટલે

શાહે સદરહુ ફરીયાદ કરનાર માણસને બોલાવીને કહ્યું કે, તારી કુલટા સ્ત્રીનો આ યાર છે, કેમ કે આ અત્તરની શીશી તેં અનામત તરીકે તારી સ્ત્રીને સોંપી હતી છતાં તે શીશીમાંનું અત્તર પોતાના યારને છાંટ્યું છે તેની ખુશબો તું તપાસી લે એટલે તારી પણ ખાત્રી થશે અને ઘેર જઈ તારી ઓરત પાસેથી તે અત્તરની શીશી માગી તપાસીશ એટલે એથી પણ વધુ ખાત્રી થશે. શાહના કહેવા મુજબ તપાસ કરતાં ખરૂં જણાવ્યું.

-0-

# વારતા એકસોવીસમી

-0:0-

## સોનીની ચાલાકી

-0:0-

એક સમે શાહે બીરબલને પુછ્યું કે, 'એ બીરબલ ! કારીગરો માટે લોક વાયકા એવી ચાલે છે કે ગમે તેટલી ચોકસી રાખો તોપણ કારીગરને હાથ થાપ ખાઇ જવાય એ વાત ખરી છે કે ખોટી ?

બીરબલ--સરકાર ! પોત પોતાના હુન્નરમાં સઉ કોઇ ચાલાક હોય છે.

શાહ--શું દરજી સોની વગેરે દરેક જાતના કારીગરો કસબ ચોર હોય છે ?

બીરબલ--હજુર ! હું એમ નથી કહેતો કે દરેક કસબી ચોર હોય છે. સોની સોનું ચોરવાના કસબ માટે એવી વાતો કહેવાય છે કે બરોબર ધ્યાન દઇને પાસે બેઠેલા ઘરાકના સોનામાંથી ઘરાકની આંખમાં ધૂળ નાખીને તે સોનું ચોરે છે. જે પોતાની બેન છોકરીનાં દાગીનામાંથી પણ થોડું ઘણું સોનું ચોર્યા વગર બનાવતાં નથી. અને તેવી એક વાત મારા સાંભળવામાં આવેલ છે.

શાહ--તું જે કહે છે તે ખરી વાત હશે. પણ મારે પોતાને સોનીઓની ચતુરાઈનું પારખું જોવું છે.

બીરબલ--ઠીક છે. આપને નજરોનજર બતાવીશ.

થોડા દહાડા વીત્યા બાદ બીરબલે ગામમાંથી ચાલાક સોનીઓમાંથી દશને તેડાવી મંગાવી એ બધાઓને શાહ સામે હુકમ દીધો કે, 'સોની મહાજન ! નામધાર બાદશાહ માટે પચીશ મણ સોનાના વજનનો એક હાથી બનાવવો છે. એકજ જાતનું પચીશ મણ સોનું તમને આપવામાં આવશે. હાથી વીસ દહાડામાં તૈયાર કરી આપવો પડશે. આ હાથીના સોનામાંથી થોડું સોનું તમે ચોરજો. પણ જો સોનું ચોરતાં પકડાયા તો મોતની સજા કરવામાં આવશે અને હાથી બનાવી રહેતાં સોનું નહીં ચોરો તોપણ તમને સજા કરવામાં આવશે. આ કામની મજુરી તમને પુરેપુરી આપવામાં આવશે. આ કામ કરતી વખતે તમારી ઉપર સખત ચોકી પેહેરો પણ રાખવામાં આવશે.

બીરબલનો હુકમ સાંભળતાંજ સોનીઓના હોંસ કોસ ઉડી ગયા. થોડીવાર પછી તેઓના બે મુખી આગેવાનોએ હાથ જોડીને કહ્યું કે, 'ખલકે ખાવીંદ ! હાથી બનાવવાનો હુકમ કરો છો તે માથે ચઢાવીએ છીએ, પણ ચોરીતો અમારાથી બનવાની નથી. જોઇએ તો બાપજી, બીજા કોઇને બોલાવીને એ કામ સોંપો.'

બીરબલ--નહીં, પ્રથમ કહેવા મુજબ એ કામ તમારેજ કરવું જ પડશે.

સોનીઓએ બીરબલને બહુ સમજાવ્યો, પણ બીરબલ ન સમજતા સોનીઓને તે કામ કરવાની ફરજ પાડવાથી બીજે દહાડે હથીયારો લઈ કામે આવવાનો વાયદો કરી સોનીઓ ત્યાંથી જતા રહ્યા. એજ દહાડે બધા 'હવે કેમ કરવું ' એ મસલત કરવા એકઠા મળ્યા. શાહે બરાબર જોખાવી કસ કઢાવી આપેલું સોનું, તેમાં વળી ઉપર હથીઆરબંધ શાહના ભરોસાદાર સીપાઇઓની ચોકી. આવી રીતનો મામલો છતાં સોનું કેમ ચોરવું તે માટે તેઓને મ્હોટો વીચાર થઇ પડ્યો. ઘણી ઘણી યુક્તિઓ કરતાં આખરે એક યુક્તી બધાને પસંદ પડી અને તે પ્રમાણે કરવા બધા એકમત થયા.

બીજે દહાડે સમય થતાં બધા સોનીઓ પોતાને ઉપયોગનાં હથીઆરો લઇ દરબારી મહેલમાં હાજર થયા. સોનું જોખી અને તેનો કસ કહાડીને તેમને સોંપવામાં આવ્યું. શાહના ખાસ ભરોસાદાર અમલદારોની તેમના ઉપર ચોકી રાખવામાં આવી. અમલદારોને ખાસ હુકમ હતો કે, જો કોઇ પણ સોની સોનું ચોરતાં પકડાય એટલે તેને તરતજ કેદ કરવો. પણ સોનીઓ કાંઇ કાચા ન હતા. તેઓ આવી રીતે સોનું ચોરે શા માટે ? આખો દહાડો બધાએ કામ કીધું. સાંજ પડતાંજ બધા રજા લઇ પોતાને ઘેર ગયા. પોતાને ઘેર આવીને જમ્યા અને રાતના પોતાને કામે વળગ્યા. દીવસના જેટલો ભાગ બધાએ મળીને સોનાના હાથીને બનાવ્યો હતો તેટલોજ ભાગ પીતળના હાથીનો બધાએ થોડાક કલાકમાં બનાવ્યો. આ પ્રમાણે શાહના મહેલમાં દીવસે જેટલું કામ કરતાં તેટલુંજ કામ રાતના એક મહોટા સોનીના ઘરમાં કરતાં આ પ્રમાણે બંને હાથી ઓગણીસમેં દહાડે બનાવી તઈયાર કીધા. પીતલના હાથીને પાલીસ કરી ચલકદાર કરવામાં જરાપણ કચાસ રાખી ન હતી. હવે પીતળના હાથીને રાતના ગુપચુપ ઉચકીને જમના નદીમાં એક ઠેકાણે દાટી આવ્યા. બીજે દહાડે સવારના પહોરમાં દરબારમાં હાજર થઇ શાહ અને બીરબલને બોલાવી પેલો સોનાનો હાથી તઇયાર કરેલો દેખાડ્યો. રાજાએ તરત પોતાના સોનીને બોલાવી કસ કઢાવ્યો તો બરોબર નીકળ્યો. તેમજ વજન કરતાં હાથી તેમજ વધેલું સોનું પણ બરોબર નીકળ્યું. આવી રીતે વજન તથા કસની ખાત્રી કર્યા પછી એક બુધ્ધા સોનીએ કહ્યું કે, 'સરકાર ! હવે આ હાથીને પાલીસ કરવો છે માટે એક ગાડામાં ભરી જમના નદીને કાંઠે લઇ જવા હુકમ કરો. ત્યાં પાણી અને રેતીથી પાલીસ સારી થશે.'

રાજાએ તે વાત કબુલ કરી અમલદારોની દેખરેખ નીચે સોનાના હાથીને ગાડામાં ઘાલી નદીએ લઇ જવા કુકમ કીધો. નદી ઉપર આવતા ગાડામાંથી સોનાનો હાથી ઉતારી જ્યાં પીતલનો હાથી દાટ્યો હતો તેને બહાર કાઢી તેને ઠેકાણે સોનાનો હાથી દાટી દીધો. પીતલના હાથીને ખુબ ચલકતો કરી સાંજના ગાડામાં ઘાલી દરબારમાં લાવી રજુ કીધો. તમામ દરબાર એકઠી થઇ આ બનાવટી હાથીની કારીગરી જોઇ આનંદ પામ્યા. બાદશાહે સોનીઓના મુખીને કહ્યું કે, 'સોની મહાજન ! હવે ખરૂં કહો કે કેટલા સોનાની ચોરી કીધી.'

સોની--શું અમે ચોર છઇયે કે ચોરી કરીએ? આપે કરી આપેલા વજન અને કસ બરોબર માલ મળી રહ્યો. મહેનતના પ્રમાણમાં મઝુરી મળે એટલે બસ.

શાહ--તમો જે કહો છો તે ખરૂં છે. પણ આપણી શરત શી છે તે તો તમને યાદ હશેજ.

સોની--હજુર! તમારા ચાલાક અમલદારોની હાજરીમાં અમારાથી ચોરી કેમ કરી શકાય?

શાહ--તે હું કાંઇ જાણતો નથી. હું તો મારી સરત મુજબ વરતનાર છું. જો સોનાની ચોરી કરી નહીં હોય તો તમને મોતની સજા કરવામાં આવશે. માટે તમે કહો કે કેટલા સોનાની ચોરી કરી છે. તમારો અપરાધ માફ છે.

બીરબલ સોનીઓની કાંઇક ચતુરાઇ જાણી ગયો હતો તેથી તે એટલી વાર સુધી ગુપચુપ ઉભો હતો તેણે કહ્યું કે, 'મહાજન! માલીક ક્યાં કહે છે કે, તમે થોડા સોનાની ચોરી કરી છે? તમે તો વધારે સોનાની ચોરી કરી હોય એમ લાગે છે.'

સોની--અમને ક્ષમા કરો. અમે વધારે ચોરી કરી નથી.

શાહ--તમારા અપરાધની ક્ષમા કરવા છતાં તમે તમારો અપરાધ કબુલ નહીં કરો તો પછી તમને વધારે સજા ખમવી પડશે. કારણ કે મેં પહેલાજ કહેલું છે ચોરી કરતાં પકડાશો અને નહીં કરશો તોપણ સજા થશે. માટે તમારા બોલવા ઉપરથી બધુએ બરાબર છે તેથી એમ લાગે છે કે તમે શીક્ષાને પાત્ર થયા છો. માટે સજા ભોગવવા તત્પર થાઓ.

હવે વધારે રીકઝીક કરવામાં સાર નથી એમ જાણી પેલા બુધ્ધા સોનીએ કહ્યું કે, 'તમારા ચંચલ અમલદારોએ અમારી ચોરી પકડી શક્યા નથી પણ અમેતો આખા હાથીની ચોરી કરી છે. ખાત્રી કરવી હોય તો તપાસો કે એ સોનાનો છે કે પીત્તળનો?

સોનીના આવા શબ્દો સાંભળી શાહ ચમક્યો, તેણે પોતાના સોનીને બોલાવી મંગાવી તેનો કસ કઢાવ્યો તો હાથી તો પીતળનો માલમ પડ્યો. શાહે આ કેમ બન્યું તે માટે સોનીઓને ખુલાશો પુછ્યો. સોનીઓએ બનેલી બધી વાત કહી સંભળાવી, નદીમાંથી હાથી લાવી શાહને સ્વાધીન કીધો. શાહે સોનીઓને તેમની ચાલાકી માટે શાબાશી તથા ઇનામ આપી વીદાય કીધા.

-o-

# વારતા એકસો ઓગણીસમી

-0:0-

## કયો દેશ બેશરમી હશે ?

-0:0-

એક સમે શાહે બીરબલને પુછ્યું કે, 'આપણા હીંદુસ્તાનમાંના કયા દેશના માણસો વધુ બે શરમી હશે ?'

બીરબલ--જહાંપનાહ ! સઘળા દેશો કરતાં વધુ બે શરમી માણસો પૂર્વ દેશના હોય છે.

શાહ--તો તેની ખાત્રી કેમ થાય ?

બીરબલ--નામવર ! થોડા વખત પછી આપને તેની ખાત્રી કરી આપીશ.

કેટલાએક દીવસ ગયા પછી બીરબલે ચારે દેશની નાયકાઓને બોલાવી શાહની હજુરમાં ઉભી રાખી. અને પછી અરજ કરી કે, ' આપના પ્રશ્નનો ખુલાસો મેળવવા દરબાર ભરવી જોઇએ કે જેથી તરત તમારી શંકાનું સમાધાન થઇ જશે. ' શાહે તેજ દહાડે દરબાર ભરી ગાન તાન શરૂ કરાવ્યાં. ગાન તાન ખલાસ થયા પછી પાછલી રાતે પહેલા પશ્ચિમ દેશની નાયકાને પુછ્યું કે, 'રાત કેટલી બાકી રહી હશે ?' તે નાયકાએ કહ્યું કે, 'ગરીબ પરવર ! થોડીજ બાકી રહી છે.' શાહે પુછ્યું કે. ' એમ તું શાના આધાર ઉપરથી કહી શકે છે ?' તે નાયકાએ કહ્યું કે, ' મારી નાથનાં મોતી થંડાં થયાં છે તે ઉપરથી કહી શકું છું કે રાત થોડી રહી છે. કેમકે પરોઢીએજ ઠંડી હવા વાય છે. ' પછી દક્ષીણ દેશની નાયકાને પુછ્યું કે, ' હવે રાત કેટલી બાકી હશે !' તે નાયકાએ કહ્યું કે, 'હમણાંજ પ્રાતઃકાળ થશે.' શાહે પુછ્યું કે, ' એમ તું શા ઉપરથી કહી શકે છે ?' તેણે કહ્યું કે, ' હજુર ! પાન ફીકું લાગે છે. ' પછી ઉત્તર દેશની નાયકાને પુછ્યું કે, ' હવે રાત કેટલી બાકી છે. ' તેણે કહ્યું કે ઘણી થોડીજ બાકી રહી છે.' શાહે પુછ્યું કે, ' એમ તું શા આધાર ઉપરથી કહી શકે છે. ' તેણે કહ્યું કે, 'સરકાર ! દીપકનું તેજ ઝાંખું લાગે છે. ' છેવટે પૂર્વ દેશની નાયકાને પુછ્યું કે, ' હવે રાત કેટલી બાકી રહી છે ?' તેણે કહ્યું કે, ' નામદાર ! મને જંગલ જવાની હાજત થઇ છે, તે ઉપરથી કહી શકું છું કે હવે રાત ઘણીજ થોડી રહી છે. ' તેનું આવું બે શરમ ભરેલું બોલવું સાંભળી શાહની બીરબલના બોલવાની ખાત્રી થવાથી શાહે બીરબલને કહ્યું કે, ' હવે પછી પુર્વ દેશના લોકોને હજુરમાં કે દરબારમાં દાખલ થવા દેવાજ નહીં.'

-0-

# વારતા એકસો એકવીસમી

-0:0-

## બુદ્ધિની બાજી

-0:0-

એક સમે શાહ લાડ અને કપુર નામના ગવૈયાના ગાયનથી બહુ જ રીઝવાથી શાહે તેઓને એક હાથી ઇનામમાં આપ્યો. લાડ અને કપુરે એક વરસ સુધી આ હાથીની ખોરાકી પુરી કરતાં તેની બધી દોલતનો ભંડાર ખાલી થઇ જવાથી લાડે કપુરને કહ્યું કે, 'ભાઇ, શાહનું આ ઇનામતો ખરેખર એક જુલમી બલા જેવું છે ! જો થોડો વખત આ હાથી આપણે ત્યાં રહેશે તો, ઘરનાં છોકરાં છાશ પીતાં થઇ જશે. પણ કરવું શું ? ન વેંહેચી શકાય ન કોઇને આપી શકાય કે ન રાખી શકાય. માટે કંઇક યુક્તી શોધવી જોઇએ.' લાડને કપુરે કહ્યું કે, 'ભાઇ ! હાથીની કોટમાં ઢોલ તંબુરા વગેરે લટકાવી છુટો મુકી દેવાથી આપણો છુટકો થશે.' આવો વીચાર કરી તે હાથીને છુટો મુકી દીધો. એટલે તે હાથી શહેરમાં ધુમતો અને મરજી મુજબ તોફાન કરવા લાગ્યો. હાથીના તોફાનથી ત્રાસ પામેલા શહેરના લોકો શાહ હજુર જઇ અરજ કરી કે, 'હજુર ! શહેરમાં છુટો ફરતો હાથી અમને બહુ નુકશાન કરે છે અને તેથી ઘરની બહાર પણ નીકળવા પામતા નથી.' આ સાંભળી શાહે સીપાઇઓને કહ્યું કે, 'તપાસ કરો કે તે કોનો હાથી છે ?' શાહનો હુકમ સાંભળી સીપાઇઓએ તપાસ કરી શાહને કહ્યું કે, 'સરકાર ! એ હાથી લાડ અને કપુરનો છે.' શાહે તેઓને બોલાવી મંગાવીને ક્રોધથી કહ્યું કે, 'કેમ ! તમારા હાથીને છુટો મુક્યો છે ?' લાડે કહ્યુ કે, 'ખાવીંદ ! તેને બાર માસ સુધી ખાનપાનમાં ખુશી રાખી તેને અમારો સઘળો હુન્નર શીખવી પ્રવીણ બનાવ્યો છે, તેથી તેને ઢોલ તંબુરો આપી રજા આપી કે મુલક બાદશાહ સરકારનો છે માટે ખુશીથી ફરી ગાન તાનથી અમીરોના મન રંજન કરી તારૂં પણ ગુજરાન કર અને અમોને પણ જે આપવું ઘટે તે આપજે.' આ પ્રમાણે લાડનું બોલવું સંભળી શાહને હસવું આવ્યું અને હાથીને પકડી મંગાવી હાથીશાળામાં બંધાવ્યો અને તેના બદલામાં તેમને એક સારી પેદાશવાળું ગામ ઇનામમાં આપ્યું.

-0-

# વારતા એકસો બાવીસમી

-0:0-

## માટીમાંથી નીકળવું અને માટીમાં સમાવું

-0:0-

એક સમે શાહ અને બીરબલ નગરની બહાર ફરતા ફરતા એક જુના કબરસ્તાન આગળ આવી તેની કબરો જોવા લાગ્યા. એટલામાં એક માણસનો પગ એક કબર ઉપર પડ્યો જેથી તે કબરનો અડધો ભાગ ટુટી એકદમ નીચે બેસી ગયો તેની અંદર તપાસતાં એવો ચમત્કાર જોવામાં આવતો હતો કે મૃત કલેવરના જેવું એક હાડપીંજર દેખાતું હતું. તે કબર જોઇ શાહ ઘણો હેરત પામીને તે કબરની અંદરના ભાગને હાથ લગાડી તપાસી જોતાજ તે હાડપીંજર કેવળ માટી જેવું બની ગયું હતું, તેથી હાથ અડાડતાની સાથે ભાગીને ભુકા થઇ ગયું. તે જોઇ એજ વખતે શાહે એક કવિતા ગાઇ કે,

બહોત લોગ એસેથે જીનકા હમેશાં,
સમીને બદનથા મહતર કફનથા

આવું શાહનું બોલવું સાંભળી બીરબલે કહ્યું કે,

જો કબર કહું ઇનકી ખોદી તો દેખા,
ના તારે કફનથા આ અજુએ બદનથા.

આ સાંભળી શાહ ઘણો ખુશી થયો.

-0-

# વારતા એકસો તેવીસમી

-0:0-

## ભમરો

-0:0-

વઇશાખ માસની ગરમી સખ્ત પડવાને લીધે એક દીવસે સાંજને સમે અકબર અને બીરબલ ઠંડી હવા ખાવા માટે બાગમાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં બંને જણા કુદરતની અલોકીક લીલાની બલીહારી ગાતા હતા. બગીચામાં અનેક પ્રકારના મનહર સુંદર ફુલના ઝાડો એક બાજુ ફુલથી ઝુલી રહ્યાં હતાં. બીજી બાજુ ફળથી લચી રહેલી દાંખલીઓ છેક જમીન સુધી વાંકી વળી રહી હતી. એટલામાં શાહની નજર ફુલના ઝાડો ઉપર ગંજારવ કરી રહેલા ભમરાઓ ચંપાના ફુલ ઉપર ન બેસતાં બીજી બધી જાતના ફુલો ઉપર બેસતા હતા. જોકે ચંપાની સુગંધ ઘણીજ ખુશબોદાર હોય છે છતાં ભમરાઓ તેની નજદીક કેમ જતા નથી એવું જાણી શાહ અજાયબ પામ્યો. તેથી તેણે તરત પોતાના મનની તે વાત બીરબલને કહી કે, 'એ બીરબલ ! આ ભમરાઓ બધા ફુલોનો રસ ચુસે છે, કમળની અંદર તો એટલા બધા લીન થઇ જાય છે કે, રાતે કમળ બંધ થઇ જાય છે છતાં તેમાંથી બહાર ન નીકળતાં મરણને પસંદ કરે છે. પણ આવા ખુશબોદાર અને સુંદર ચંપા આગળ કેમ જતા નથી ? તેનું કારણ શું ? તે તું જાણે છે ?'

બીરબલ--માલીક ! એનું કારણ અમારા શાસ્ત્રમાંનું છે તેથી તે ઉપર એક કવીએ કવીતા બનાવી છે કેઃ-

ચંપા તુજમેં તીન ગુણ, રૂપ રંગ ઓર બાસ;
એક બડો અવગુણ હે કે, ભમર ન આવત પાસ.

કવી કહે છે કે, ચંપા તારામાં રૂપ, રંગ અને વાસ એ ત્રણે છે છતાં એક મહોટો અવગુણ એ છે કે, ફુલોની સુગંધીનો ભોગી ભમરો તારી પાસે મુદલ આવતો નથી. તેનું કારણ આ પ્રમાણે બીજી કવિતામાં છે કેઃ-

ચંપક વરણી રાધિકા, ઓર ભમર હરીકો દાસ;
ઇસ કારણ આવત નહીં, ભમર ચંપા પાસ.

એટલે કે, રાધા છે તેનો રંગ ચંપાના જેવો છે અને ભમર હરીનો દાસ છે. તેથી ભમરાઓ ચંપાના ફુલ આગળ આવતા નથી. ગરીબ પરવર ! કવીએ આ કારણ કલ્પનાથી બહુ સારૂં શોધી કાઢ્યું છે. પણ ખરૂં પુછાવો તો ચંપાની વાસ તેજ છે તેથી ભમરા તે સહન કરી શકતા નથી તેથી તે ચંપાથી દુર રહે છે.'

બીરબલનો આ ખુલાસો સાંભળી શાહ ઘણો ખુશી થયો.

-0-

# વારતા એકસો ચોવીસમી

-0:0-

## શું આ ધર્મશાળા છે ?

-0:0-

એક સમે શાહ શીકારે ગયો હતો. તે બે ચાર દહાડા સુધી રોકાવાનો હતો. તેથી બીરબલ દરરોજ સાંજના જુદો જુદો વેષ ધારણ કરી શહેરની ચરચા જોવા નીકળતો હતો. શાહને શીકારે ગયે ચોથો દીવસ થયેલો હોવાથી બીરબલે જોગીનો વેષ ધારણ કરી શહેરમાં એક રોન મારીને પછી શહેર બહાર ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં તે થાકી જવાથી રાજ બાગમાં જઇ નીમીશ વાર આરામ લેવા બેઠો. આ સમે કોઇ માણસ રાજબાગમાં હાજર ન હોવાથી તેને કોઇએ અટકાવી પુછ્યું નહીં કે તું ક્યાં જાય છે ? શાહ શીકારે ગયેલો હોવાથી નોકરો રાજબાગના મહેલમાં ભરાઇ બેઠા હતા. બીરબલને વધારે જરૂર ન હતી તેથી તે બંગલાના ઓટલા ઉપર જઇને બેઠો. એટલામાં શાહ ત્યાં આવી ચઢ્યો. પોતાની સાથેના માણસોને પાછળ મુકીને તે આગળ નીકળી આવ્યો હતો. બીરબલે જોગીનો વેષ એવી તો સફાઇથી પેરેલો હતો કે ગમે તેવો તેનો પાસેનો સંબંધી પણ ઓળખી ન શકે. શાહને શીકારેથી પાછો ફરેલો તેણે જોયો, પણ જાણે તેને જોયોજ ન હોય એવી રીતે બીરબલ બેસી રહ્યો.

કેટલીકવાર સુધી તેની સામે એકી નજરે જોયા પછી શાહે પુછ્યું કે, 'જોગીરાજ ! ક્યાંથી આવો છો ?'

તે વેષધારી યોગીએ પોતાનો અવાજ બદલી નાખી કહ્યું કે, 'ફરતો ફરતો આ તરફ આવી ચઢ્યો છું.'

શાહ--આ કાંઇ ધરમશાળા નથી ? આતો શાહનો રાજબાગ છે. શું તમારે મન બાદશાહી બાગ અને ધરમશાળા બંને સરખા છે કેમ ?

વેષધારી યોગી--નામવર ! હું એક બે સવાલ પુછું તેનો જવાબ આપવાની જરા મહેરબાની કરશો. જ્યારે પહેલાં આ રાજબાગ અને મહેલ બંધાયો ત્યારે એમાં કોણ રહેતું હતું ?

શાહ--મારા વડીલો રહેતા હતા.

બીરબલ--તે પછી ?

શાહ--પછી મારા દાદા અને મારો બાપ રહેતા હતા.

બીરબલ--હમણાં અંહી કોણ રહે છે ?

શાહ--હું પોતે રહું છું.

બીરબલ--આપની પછી અંહી કોણ રહેશે ?

શાહ--મારા વંશજો અંહી રહેશે. પણ તારૂં કહેવું શું છે? યોગીરૂપ બીરબલે કહ્યું કે, 'માલીક ! જે મકાનમાં એક પછી એક ઘણાં માણસો રહી જાય તે મકાનને ધરમશાળાની ઉપમા આપવામાં ખોટું શું છે? મને તો એમજ જણાય છે કે આ રાજબાગ નહીં પણ ધરમશાળાજ છે. ફારસી ભાષામાં ધરમશાળા અને રાજબાગ માટે એકજ શબ્દ છે, અને તેનું કારણ પણ એજ જણાય છે. આ ઉપરથી એટલું તો નકી માનવું કે, આપણે બધા આ પૃથ્વી ઉપર મુશાફર છીએ. આપણે બધાને મોડે વહેલે એકજ રસ્તે જવું છે. જન્મયો તે મરવાનોજ છે.

શાહ આ સાંભરી ઘણોજ ખુશી થઇને કહ્યું કે, 'સાંઇ મવલા ! તમારૂં કહેવું સાચું છે. એક કવીએ માણસ માત્રને શેત્રંજના મોહોરાની જે ઉપમા આપી છે તે વાજબી છે. આપણે બધાઓ એકજ તત્વના બનેલા છીએ અને તેમાં પણ શેત્રંજના મોહોરાની માફક કોઇ રાજા, કોઇ વજીર, કોઇ પ્યાદું એમ બધા જુદા જુદા ગણાય છે. શેત્રંજના રમવાની શરૂઆતથી તે તે રમત પુરી થાય ત્યાં સુધી તેઓ જુદે જુદે નામે ઓળખાય છે, પણ જ્યારે રમત પુરી થાય અને મોહોરા બધા એક પેટીમાં જઇ પડે ત્યારે પછી તેની લાયકાત એકસરખીજ થાય છે. તેજ માફક આ સંસાર રૂપી ખેલ ચાલુ છે. તેમાં રમત ખતમ થતાજ બધા એક સ્થળે કાળના મુખમાં જઇ પડે છે અને તે વખતે રાજા વજીર કરોડપતી સાહુકાર અને નોકરચાકર બધાઓ એકસરખા થઇ રહે છે. ત્યાં નાનું મોટું કોઇ નથી.

શાહ્ની આ વાત સાંભળીને બીરબલ બહુ આનંદ પામી ઉઠી ને ઉભો થઇને ખોટો વેષ કહાડી નાખી ખરા વેશમાં ઉભો. શાહે તરત તેને ઓલખ્યો કે આ તો બીરબલ છે. પછી બીરબલે કહ્યું કે, 'ખલકે ખાવીંદ ! આપનું કહેવું સત્ય છે. આપના જેવા બાદશાહના મુખની આવી વાણી સાંભલીને હું ઘણો આનંદ પામ્યો છું. આપ હમેશાં સત્કર્મો કરો છો તે આપને રંગ છે.'

શાહ--બીરબલ ! માણસ એક બીજાની સોબતથી સુધરે છે એ વાત ખરી છે. પણ હું ધારૂં છું કે, તું તપાસ કરવા માટે ફરવા નીકળ્યો છે? કેમ ! આજ કાંઇ નવું જોયું?

બીરબલ--આપના પ્રતાપથી આજ કાંઇ જાણવા જોગ બનાવ બન્યો નથી.

આમ કહી બંને જણ મહેલમાં દાખલ થયા ત્યાં બીરબલે શાહને તે'દીવસના કેટલાક બનાવોથી માહીતગાર કરી રહ્યાં પછી બંને જણ શહેરમાં દાખલ થયા.

-0-

# વારતા એકસો પચીસમી

-0:0-

## આ સ્વપ્નું કેવું ?

-0:0-

એક વખત શાહે બીરબલને પુછ્યું કે, 'બીરબલ! આજ રાતે મેં આવું અજાયબી ભરેલું સ્વપનું જોયું કે જાણે હું અત્તરના સરોવરમાં પડી ગયો હતો અને તું મળ મુત્રની ગટરમાં પડી ગયો હતો!' શાહનું આવું મશ્કરીવાળું બોલવું સાંભળીને બીરબલે કહ્યું કે, 'નામવર! મેં પણ આજ રાતે તેજ માફક સ્વપનું જોયું હતું, પણ તમારા અને મારા સ્વપનામાં માત્ર એટલોજ ફરક છે કે હું આપના શરીરને જીભ વડે ચાટતો અને આપ આપની જીભ વડે મારા શરીરને ચાટી રહ્યા હતા.' બીરબલનું આવું બોલવું સાંભળી શાહ ચુપ થઇ ગયો.

-0-

# વારતા એકસો છવીસમી

-0:0-

## રાતે સાડલે રાંડ, પાશેર લઈ ગઈ ખાંડ

-0:0-

એક સમે ઘોડાના વેપારીઓ જાતજાતના સરસ ઘોડાઓ લઇ શાહ સમીપ આવી ઉભા. શાહે આ ઘોડાઓમાંથી સરસમાં સરસ ઘોડાઓ વીણી લઇ ખરીદ કીધા. અને તેથી પણ સરસ બીજા ઘોડાઓ લાવવા માટે આગળથી એક લાખ રૂપીઆ આપી કહ્યું કે, 'આવતી મોસમમાં જરૂર લાવજો.'

સોદાગરનું નામ શું ? કઇ જાતનો છે ? કયા દેશનો રહીશ છે ? તેની કાંઇ પણ પુછપરછ કર્યા વગર રૂપીઆ દઇ દીધાથી તે સોદાગર પોતાને રસ્તે પડ્યો.

સોદાગર ન આવવાથી એક દીવસે શાહે બીરબલને પુછ્યું કે, 'બીરબલ ! મારા દેશમાં બેવકુફ કેટલા છે ? તેની ગણત્રી કરીને કહો કે જેથી હું તેની નોંધ રાખી શકું !' બીરબલે કહ્યું કે 'કીબલે આલી ! બેવકુફોની ગણત્રીની નોંધ મેં પહેલાની લખી રાખી છે અને તેમાં સઉથી પહેલું નામ આપનું લખવામાં આવેલું છે.'

શાહ--કેમ બીરબલ ! મગજ ઠેકાણે છે કે નહીં ? સઉના જેવો શું મને બેવકુફનો સરદાર ગણે છે ?

બીરબલ--સરકાર ! તાબેદારનું સાંભળ્યા પહેલા તાબેદારને ધમકાવશો નહીં ? સોદાગરનું ઠામ ઠેકાણું અને તેની જાત ભાત જાણ્યા વગર પ્રસન્ન થઇ જઇને તેને લાખ રૂપીઆ આપી દીધા એ બેવકુફી નહીં તો બીજું શું ?

શાહ--કદાચ તે સોદાગર ઘોડા લઇ આવ્યો તો તારી નોંધમાં મારૂં નામ લખેલું છે તેનું કેમ કરીશ ?

બીરબલ--આવનાર તો નથી ને કદાચ સોદાગર ઘોડા લઇ આવ્યો તો આપના નામને ઠેકાણે સોદાગરનું નામ દાખલ કરીશ.

શાહ--તેનું કાંઇ કારણ ?

બીરબલ--કોઇ પણ જાતની જામીનગીરી આપ્યા વગર એક લાખ રૂપીઆ હાથ લાગવા છતાં ગુપચુપ ગોથું મારી ઘરમાં બેસી ન રહેતાં ઘોડા ખરીદી લાવે તો એને બેવકુફનો રાજાજ જાણવો.

બીરબલનો આ ખુલાસો સાંભળી શાહ ઘણો ખુશી થયો.

-0-

# વારતા એકસો સીતાવીસમી

-0:0-

## જેનું ખાવું તેનું ગાવું

-0:0-

એક સમે શાહે બીરબલને પુછ્યું કે, 'બીરબલ ! રીંગણાંનું શાક બહુજ સરસ સ્વાદવાળું થાય છે ?'

બીરબલ--હજુર ! આપ કહો છો તે ખરૂં છે. અને તેથી લોકો રીંગણાને શાકને ખાવામાં વધારે પસંદ કરે છે.

કેટલાએક દહાડા ગયા પછી શાહ રીંગણાની નીંદા કરવા લાગ્યા. રીંગણા વીરૂધ્ધ શાહનું બોલવું સાંભળી બીરબલે કહ્યું કે, 'હજુર ! રીંગણાનું શાક ખાધાથી કેટલાક રોગો ઉત્પન્ન થાય છે.'

શાહ--બીરબલ ! તું પણ ઠીક ગપના ગોળા છોડે છે પહેલા મેં એક દીવસે રીંગણાના શાકને વખાણ્યું હતું ત્યારે તે પણ તેને વખાણેલું હતું. અને આજ તેના અવગુણ ગાય છે માટે એ કેવી તારી મુર્ખાઇ ?

બીરબલ--ન્યાયવંત ! આપજ ન્યાય કરો કે હું આપનો નોકર છું કે રીંગણા ભાઇનો ? અમારામાં એક કહેવત છે કે જેનું ખાધે તેનું ગાવું.

બીરબલના આટલા શબ્દો સાંભળતાંજ શાહ ખડખડ હસી પડ્યો.

-0-

# વારતા એકસો ઇઠાવીસમી

-O:O-

## પાણી અને અગ્નિ

-O:O-

એક સમે શાહ શહેરના કીલ્લાની ઉપર ચઢી સાંજના વખતે જમુના નદીના જળ પ્રવાહની ગમ્મત જોતા હતા તે સમે આસપાસના મંદીરો તથા ઘરોના દીવાઓની રોશનીનો પ્રતીબીંબ જમનાના જળમાં પડતો હતો તે જોઇ શાહે એક કવીતાનું પદ બનાવ્યું કેઃ-

હમને દરીયાકી તરફ શેર ચેરાગાન દેખા.

આવું એક પદ રચી પછી શાહ દરબારમાં દાખલ થઇને બીરબલને કહ્યું કે, 'હું જે કવીતાનું પદ કહું તેનાજ ભાવને મળતુ બીજું પદ બનાવી આપ.'

દરબારમાં બેસનારા તમામ લોકો જાણતા હતા કે બીરબલને સરસ્વતી દેવી પ્રસન્ન છે, તેથી તે ગમે તેવી વગર જોએલી કે વગર સાંભળેલી વાર્તા પણ કહી શકે છે અને શાહને પણ તે વાર્તાની પૂરતી ખાત્રી હોવાથી પાદપુરતી કરવા કહ્યું.

બીરબલે કહ્યું કેઃ-

આબ વ આતસકું હમ દસ્તા વ ગરેબાન દેખા.

જેમ તમે સમુદ્રની તરફ સહેલ કરતાં તેમાં રોશની જોઇ, તેમ મેં પાણી અને આગ એકમેકમાં મળી ગયેલ છે એજ અજાયબી પામવા જેવું છે.

બીરબલનો આ ખુલાસો સાંભળી શાહ ઘણો ખુશી થયો.

-O-

# વારતા એકસો ઓગણત્રીસમી

-0:0-

# પોતાની માને કોણ ડાકણ કહેશે ?

-0:0-

એક સમે શાહ અને બીરબલ રાતના નગર ચર્ચા જોવા નીકળ્યા. ફરતાં ફરતાં શાહે કહ્યું કે, 'બીરબલ ! તમારા હીંદુ લોકો કરતાં અમારી મુસલમાનની જાત સંપીલી સમજુ અને શહાણી હોય છે. એમ હું કેટલાક કારણો ઉપરથી કહી શકું છું.'

બીરબલ--સરકાર ! આ જગતમાં એવો કયો માણસ હશે કે પોતાની માને ડાકણ કહેવા તત્પર થશે ? હું કહું છું કે કોઇ નહીં ? તેમ આ માણસાઇ જગતમાં કોઇ પણ એવો માણસ હશે કે પોતાની ભુલ અને પારકી અછત કબુલ કરશે ? કદી નહી ? ખરી રીતે વીચાર કરી જોશો તો હીંદુ સમાન શહાણી સમજુ અને સંપીલી જાત એકે નથી, જોકે આપે તેનો જાતે અનુભવ મેળવ્યો નથી તેથી આપ એમ કહી શકો છો ? પણ તેનો અનુભવ જ્યારે તમને થશે ત્યારે તમે કબુલ કરશો કે હીંદુ વગર કોઇ શહાણી પ્રજા નથી.

આમ વાતો કરતાં કરતાં બંને જણ જરા આગળ ચાલ્યાં એટલામાં એક વાણીઆણી મળી તેને જોઇ બીરબલે મશ્કરી કરી અને તેના સાડલાનો જરા છેડો ખેંચ્યો. આ મહોલ્લો વાણીઆનો હતો તેથી ત્યાં જતા આવતા વાણીઆઓએ આ બનાવ નજરોનજર જોયો છતાં પણ વાણીઆ કાંઇ પણ ન બોલતાં તે બાઇને કહેવા લાગા કે, 'બેન ! કાંઇ નહીં. હશે. જે થયું. પણ સારા માબાપની છોકરીનું એ કામ છે કે કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર દાંતમાં છેડો ઘાલી ઘેર જવું. હલકું માણસ હોય તે પોતાની જાત બતાવ્યા વગર રહે નહીં.' એટલું કહી તેઓ ચાલતા થયા.

શાહ--બીરબલ ! જો કેવી બાયલી જાત છે ? પોતાની જાતની સ્ત્રીની મશ્કરી કરનારને જોવા છતાં તને કાંઇ પણ શીક્ષા પત્રી ન કરતાં ગુપચુપ ચાલી ગયા. ખરેખર બીકણ ઝેર વેર વગરના બીલકુલ બાયલા છે,' આ પ્રમાણે વાતો કરતાં જાય છે એટલામાં તરકવાડો આવ્યો ત્યાંથી નાજુક બદન નખરાવાળી બીબી બની ઠનીને જતાં હતાં તેને જોઇને બીરબલે તેની મશ્કરી કરીને આંખ મારતાજ બીબીનો મીજાજ ગયો અને ગાળોનો વરસાદ વરસાવા લાગી. બીબીએ મચાવી મુકેલા ધમશાણથી આસપાસ રહેતા મુસલમાનો મારો મારો સાલેકું ! આવી બુમો મારતા આવતા દીઠા જોઇ બીરબલ નહાસી જઇ પોશાક બદલી તે જગાએ પાછો આવી મુસલમાનોને પુછવા લાગ્યો કે, 'શું છે ખાં સાહેબ !' મીયા કહેવા લાગો કે, 'અરે સાહબ ! કોઇ બદમાસ ઇન બીચારી ઓરતકી ઇજતપર હુમલા કર ભાગ ગયા ! જો શાલા હાથ આતા તો માર મારકે ખીમા બના દેતેથે !' આ જોઇ શાહ અને બીરબલે

ચુપચાપ ચાલતી પકડી. વાટે ચાલતા શાહે બીરબલને કહ્યું કે, 'કેમ બીરબલ ! તેં જોયું ? મુસલમાનની જાત કેવી સંપીલી છે ? પોતાની જાતની સ્ત્રીની ઠઠા કરનારનો કીનો લેવા હાથમાં લાકડી અને તરવારો લઇને કેવા દોડી આવ્યા !'

બીરબલ--કીબલે આલીમ ! હું તમને પહેલાજ કહી ચુકો છું કે,માણસ માત્રને પોતાની ભુલ પોતે જોઇ શકતો નથી,જેમ તમારી જાતના વખાણ કરો છો તેમ તેની સાથે તેની મુર્ખાઇને પણ ધીકારતા જાઓ, આપ હીંદુઓને તદન હીચકારા અને કુસંપી કહેતા હતા. પણ તેઓ વખત વીચારીને વર્તનારાં છે, જો તેઓએ ડહાપણ વાપર્યા વગર મુસલમાનોની પેઠે ધાંધલ મચાવી હજારો લોકોને ભેગા કર્યા હોતતો કોની આબરૂ જાત ! જેમ બીબીએ હાથે કરી પોતાની ફજેતી કરાવીને હલકાઇ કરાવી તેમ વાણીઆણીએ ન કરાવતા પોતાની આબરૂનું રક્ષણ કરયું છે. આબરૂ ગુમાવી બહાદુરી બતાવનારને બહાદુર કોણ કહેશે ? નીતી રીતીનો ત્યાગ કરી બધાઓ એકઠાઓ થઇ બીજા ઉપર હુમલો લઇ જનારાઓને શું ન્યાયદર્શક પુરૂષો કદી પણ વખાણશે ? આપજ વીચાર કરીને કહો કે વાણીઆ ડાહ્યા કે મીયાંભાઇ ડાહ્યા ?

શાહ--બીરબલ ! આ દાખલા ઉપરથી એમ સીદ્ધાત થાય છે કે, હીંદુ કોમ ઘણી ડહાપણવાલી અને વીચારવંત છે એમાં તો જરાએ શક નથી ? અને તરકની બુદ્ધી પોતાને હાથે પોતાનું માથું કપાવે તેવી છે. તેઓ સારાસારનો વીચાર કરનાર નથી પણ કેવલ મુર્ખ છે. આ ઉપરથી મારી ખાત્રી થઇ છે કે વાણીઆ બુદ્ધી અને તરક બુદ્ધી વચ્ચે આસમાન જમીન જેટલો તફાવત છે. આમ વાતો કરતાં બંને જણ પોત પોતાને ઠેકાણે ગયા.

-0-

# વારતા એકસો ત્રીસમી

-0:0-

## ભલાઈ કરતાં ભુંડાઇ કેમ થાય ?

-0:0-

એક સમે શાહે બીરબલને પુછ્યું કે, 'બીરબલ ! ભલાઈ કરતાં ભુંડાઇ કેમ પ્રાપ્ત થાય ?'

બીરબલ--હજુર ! આ માટેની ખાત્રી કરી આપવામાં તો આપણા મુલ્લાં દોપ્યાજ ખુબ ચાલાક છે !

બીરબલના આ શબ્દો સાંભળતાંજ શાહે તરત મુલ્લા દોપ્યાજને બોલાવી લાવવા સીપાઇને મોકલ્યો. હુકમ થયેલોજ સીપાઇ તરત મુલ્લાંને ઘેર જઇ બોલાવી લાવ્યો. મુલ્લાંને આવેલો જોઇ તેને શાહે પુછ્યું કે, 'મુલ્લાજી ! તે કામ કયું હશે કે ભલાઈ કરતાં ભુંડાઇ થાય ?'

મુલ્લાં-- તે કામ હું સારી પેઠે જાણું છું પણ શરમને લીધે મારાથી કાંઇ કહી શકાતું નથી. છતાં લાચારીથી કહું છું કે જે વખતે આપનો સીપાઇ મને તેડવા આવ્યો તે વખતે હું જમવા બેસવાની તૈયારીમાં હતો. પણ શું કરૂં? લાચાર ! હુકમને શીર સમાન ગણી આવવુંજ જોઇએ ? એમ ધારીને પકવાનોથી પીરસેલા થાળને પડતો મુકીને આપની સમીપ હાજર થયો છું, પણ શું કરૂં કે ભુખને લીધે શક્તી ઘટી જવાથી આપના સવાલનો જવાબ આપી શકતો નથી.

શાહ--જ્યારે શક્તી નહોતી તો અહીંઆં સુધી તમે શી રીતે આવી શક્યા ?

મુલ્લાં--હું તો માણસ છું પણ જનાવર ભુખે પણ બે ચાર કદમ ચાલી શકે છે, પણ બોલી શકતું નથી.

મુલ્લાંનું આવું બોલવું સાંભળી શાહે તરત ઉત્તમ પ્રકારના ભોજનનો થાલ લાવવાને રસોઇઆને હુકમ કીધો, હુકમ મુજબ રસોઇઓ ભોજનનો થાળ ભરી કચેરીમાં લાવી મુલ્લાં આગળ મુક્યો. મુલ્લાંએ તરત તે થાલને હાથમાં ઉપાડી બહાર ચાલવા લાગ્યો. આ જોઇ શાહે તેને કહ્યું કે, " મુલ્લાંજી ! અહીંઆ બેસીનેજ જમો. ' હુકમ મુજબ તે ત્યાંજ બેસીને જમ્યો. મુલ્લાંને મસ્ત બનેલો જોઇને શાહે પુછ્યું કે, ' કહો હવે તે કામ કયું કે ભલાઈ કરતાં ભુંડાઇ પ્રાપ્ત થાય ?'

મુલ્લાં--હજુર ! બતાવી તો દીધું !

શાહ--હું તો તેમાં કાંઇ સમજી શક્યો નથી કે, તમે શું બતાવ્યું ?

મુલ્લાં--શાહે આલી ! આ વખતે આપે મને ઉત્તમ પ્રકારનું ભોજન જમાડ્યું. પણ બરાબર જમાયું નહીં તેથી ઉલટું મારૂં લોહી બળી ગયું જેથી મને મહા હાની થઇ.

શાહ--એનું કારણ ?

મુલ્લા--તમે મને ભર દરબારમાંજ બેસી જમવાની ફરજ પાડી માટે શરમમાં ને શરમમાં પુરૂં ખવાયું નહીં.

મુલ્લાંનું આ પ્રમાણેનું બોલવું સાંભળી શાહ ઘણો ખુશી થયો.

-O-

# વારતા એકસો એકત્રીસમી

-0:0-

## કીર્તિને કાળ ન ખાય

-0:0-

એક સમે તમામ દરબાર ભરાઇને બેઠી હતી, એટલામાં એક કવી દરબારમાં દાખલ થઇ આ પ્રમાણે બોલ્યો,

**દોહરો**

કહા ન અબલા કર શકે, કહા ન સીંધુ સમાય;
કહા ન પાવકમેં જળે, કહા કાળ નવ ખાય.

હવે આનો શો જવાબ આપવો તેના વીચારમાં તમામ દરબાર પડી ગઇ. આ જોઇ બીરબલે જવાબ આપ્યો કે,

સુત નહીં અબલા કર સકે, મન નહીં સીંધુ સમાય,
ધર્મ ન પાવકમેં જલે, કીર્ત કાળ નવ ખાય.

આ દોહરો સાંભળી શાહ દરબારીઓ આનંદ પામ્યા. તે કવી પણ ખુશી થયો. બાદશાહે બંનેને ઇનામ આપ્યા. ઘણો ખુશી થયો.

-0-

# વારતા એકસો બત્રીસમી

## -0:0-

## કવીની કલ્પના

-0:0-

એક સમે દરબાર તમામ દરબારીઓથી ભરાઇ ચીકાર થઇ ગઇ હતી. આ સમે ખુબ રંગ રાગ ઉડી રહ્યો હતો. દરબારીઓનાં મન રીઝવવા માટે ગંગ પોતાની કવીતા લલકારી રહ્યો હતો. તાનસેન તાલ લેતો હતો, તે સમયે શાહને એક કવીતા સાંભળી આવતાં કહ્યું કે, 'બીરબલ ! આ કવીતાનો જવાબ મને આપઃ-

**દોહરો**

કોન ચાહે બરસના, કોન ચાહે ધુપ;
કોન ચાહે બોલના, કોન ચાહે ચુપ.

અરથ--વરસાદને કોણ ચહાય છે, તડકાને કોણ ચહાય છે, બોલવા અને ચુપ રહેવા કોણ ચહાય છે ?'

**બીરબલ--**

**દોહરો**

માલી ચાહે બરસના, ધોબી ચાહે ધુપ;
શાહ ચાહે બોલના, ચોર ચાહે ચુપ.

અરથ--વરસાદને માલી ચાહે છે, અને તડકાને ધોબી ચાહે છે. શાહુકાર બોલવાને અને ચોર ચુપ રહેવાને ઇચ્છે છે,

બીરબલનો આ પ્રમાણેનો ઉત્તર સાંભળી શાહ અને તમામ દરબારીઓ ઘણા ખુશી થયા. તે જોઇ એક કવીએ હાથ જોડીને કહ્યું કે, 'સરકાર ! જો મને પરવાનગી આપો તો આ બંને દોહરાનો જુદોજ અરથ કરી બતાવું.'

શાહ કવીતાનો બહુ શોખીન હતો તેથી કવીને તેમ કરી બતાવવાની પરવાનગી આપી. એટલે તે કવી બોલ્યો કેઃ-

**દોહરો**

અતીકા ભલા ન બરસના, અતીકી ભલી ન ધુપ;
અતીકા ભલા ન બોલના, અતીકી ભલી ન ચુપ.

અરથ--વરસાદ વધુ વરસવાથી, તેમ તડકો વધુ પડવાથી નુકશાન થાય છે. વધુ બોલવાથી અને તેમ એકદમ ચુપ રહેવાથી પણ હાની થાય છે. આ કવીની કવીતા સાંભળી શાહ અને બીજાઓ આનંદ પામ્યા. શાહે આ કવીને તરત ઇનામ આપવાનો હુકમ કીધો.

-0-

# વારતા એકસો તેત્રીસમી

-0:0-

## આંધળો અને શાહ

-0:0-

એક દીવસની રાતે શાહ અને બીરબલ વેશ પલટાવીને ફરવા નીકળ્યા હતા. આ બંને ફરતાં ફરતાં થોડાક છેટે નીકળી ગયા. એટલામાં એક આંધળો માણસ ખભા ઉપર પાણીનો ઘડો મુકીને અને હાથમાં એક બળતું ફાનસ લઇને તેઓને સામે મળ્યો. આંધળાઓ આવી બાબતમાં ઘણા હુંશીઆર હોય છે અને પોતાનો આવ જાવ કરવાનો રસ્તો ભુલતા નથી એ વાતથી શાહ કંઇ અણવાકેફ નહતો. છતાં હાથમાં બળતું ફાનસ જોઇને શાહ ઘણો અજાયબી પામ્યો. શાહે બીરબલને કહ્યું કે, 'એને પુછ કે તું શા માટે ફાનસ લઇને ચાલે છે?'

એટલામાં આંધળો નજદીક આવ્યો તે જોઇ બીરબલે તેને ઉભો રાખીને પુછ્યું કે, 'અરે અંધ! તું આ સમે ફાનસ લઇને કેમ નીકળ્યો છે? તને તો રાત અને દહાડો, સવાર અને સાંજ, અંધારું અને અજવાળું એ બધું સરખુંજ છે. તો પછી દીવો લઇને ફરવાથી શું લાભ છે?

આંધળો-અરે મુરખ! આ ફાનસ કાંઇ આંખ વગરનાં આંધળાઓ માટે નથી, પણ હૈયાના ફુટેલ આંધળાઓ માટે હોય છે. અંધારી રાતના પાણીનો ઘડો લઇને હું આવું છું તે તમારા જેવા હૈયાના આંધળાને ન દેખાય કે આંખોનો આંધળો પાણીનો ઘડો ભરીને આવે છે તો તમે મને ધકો મારીને ચાલ્યા જાઓ અને મારો ઘડો પડી જાય. અને તેની સાથે હું પણ પડી જાઉં. પણ જો મારા હાથમાં ફાનસ હોય તો તમને જણાય કે, આંધળો આવે છે તેથી તમે મારાથી છેટે ખસીને ચાલ્યા જાઓ.

આંધળાની આવી ચતુરાઇ સાંભળી શાહ ઘણો ખુશી થયો. તેણે બીરબલને કહ્યું કે, ' આ આંધળાને કાંઇ ઇનામ આપવું જોઇએ.'

બીરબલ--ઠીક છે ગમે તે આપો.

શાહે તેને પાંચ મહોરો આપવા માંડી તે ન લેતાં આંધળાએ કહ્યું કે, હું ભીખારી નથી કે કોઇનું દાન લઉં.

તું જાતનો કોણ છે એમ પુછતાં તે આંધળાએ કહ્યું કે, ' હું જાતે રજપુત છું અને શાહ સલામતના લશ્કરમાં ચાકરી હતો. પણ ઘડપણ આવતાં મારી આંખો ગઇ તેથી મેં મારી ચાકરી છોડી દીધી અને ગરીબાઇમાં મારૂં ગુજરાન ચલાવું છું. મારો એક છોકરો હતો તે લડાઇમાં મરણ પામ્યો. તેનો એક ન્હાનો છોકરો છે તે મોટો થશે ત્યારે તે શાહ સલામતની નોકરીમાં જોડાશે.' શાહને તે અંધ સીપાઇની દયા આવવાથી તેણે તેનું નામ ઠામ પુછી તેને જીવીકા જેટલો પગાર બાંધી આપ્યો કે તે સુખમાં દહાડા કાઢે.

-o-

# વારતા એકસો ચોત્રીસમી

-0:0-

## ચપટીમાં ઉરાડવું

-0:0-

એક સમે શાહ દરબાર ભરી બેઠો હતો. બધા દરબારીઓ પણ મોજુદ હતા. દરબારનું કામ ખતમ થયા પછી આડી અવળી વાતો ચાલતી હતી. લહુઓ વચ્ચે વચ્ચે રમુજી વાક્યો બોલી તમામ દરબારને હસાવતો હતો, એટલામાં શાહને બગાસું આવ્યું. તે વખતે રીવાજ મુજબ કેટલાક લોકોએ ચપટી વગાડી.

આપણામાં રીવાજ છે કે, કોઇને બગાસું આવતાં તે પોતે અથવા બીજો કોઇ પાસે બેસનાર વચલી આંગળીને અંગુઠાથી ચપટી વગાડે છે. તો અહીં તો રાજવંશી ખાતું, તેમાં વળી શાહ જેવાએ બગાસું ખાધું એટલે ચપટી વગર ચાલેજ કેમ ?

આ વખતે બીજા તો કોઈ કાંઇ ના બોલ્યા પણ લહુઆથી રહી શકાયું નહીં, તેણે તરત પોતાના એક હાથની મુઠી વાળીને તે ચપટી વગાડનારાઓને બતાવી.

તે જોતાંજ શાહે લહુઆને પુછ્યું કે, 'એ બે લહુઆ, તેં આ લોકોને મુઠી શા માટે બતાવી ?

પછી લહુઆને પુછવું પડે ? તે જવાબ આપવાની રાહજ જોઇ રહ્યો હતો. તેણે કહ્યું કે, ' માલીક ! આ તમામ લોકો ચપટી વગાડી એમ જણાવે છે કે, અમે બધા ખુદાવીંદ શાહને ચપટીમાં ઉડાવી છઇએ પણ હું મુઠી બતાવીને કહું છું કે, તમે બાદશાહની મુઠીમાં છો, તમે તે ચપટીમાં શું ઉડાવશો !'

આ સાંભળી બધા હાજીઆ દાસો શરમાઇ ગયા.

-0-

# ભાગ અઢારમો

# વારતા એકસો પાંત્રીસમી

-0:0-

## પૃથ્વીનો મધ્ય ભાગ કયો ?

-0:0-

એક સમે શહેનશાહી જનાના મ્હોટા હીજડાએ વીચાર કીધો કે, બીરબલ હમેશા હાજર જવાબો આપી શાહના મનને રીઝવે છે, માટે તેને એવો એક સવાલ પુછવામાં આવે કે તેનો તે જવાબ ન આપી શકે; તો પછી તેની કીર્તિને ઝાંખ લાગે અને શાહની પણ પ્રીતી ઓછી થાય. આવી મતલબનો વીચાર કરી અને લાગ જોઇ શાહને હીજડાએ કહ્યું કે, 'માલીક ! મને બે સવાલ યાદ આવ્યા છે. તે બીરબલને પુછવા લાયક છે.'

શાહ--કયા બે સવાલ ?

હીજડો--માલીક ! એક સવાલ તો પૃથ્વીનો મધ્ય ક્યાં છે અને બીજો સવાલ આ દુનિયામાં સ્ત્રીઓ વધુ છે કે પુરૂષો વધુ છે ? આ બે સવાલ એવા તો ગહન છે કે બીરબલ જેવો મહાન હુશીઆર દરબારી પણ ગુંચવાયા વગર રહેશે નહીં.

શાહે હસીને કહ્યું કે, ' તું કહે છે તો એ સવાલો હું પુછીશ.' શાહને એટલા માટે હસવું આવ્યું કે જોતાતો આ સવાલ કઠણ હતા પણ બીરબલ જેવા ચતુર માણસની અકલ પાસે તે તદ્દન નહી જેવા હતા.

એક સમે દરબાર ભરાઇ હતી વચ્ચમાં શાહે બીરબલને પુછ્યું કે, ' બીરબલ ! પૃથ્વીનું મધ્ય ક્યાં છે ?'

બીરબલે તરત ઉભા થઇ દરબારના મધ્ય ભાગમાં જઇ કહ્યું કે, 'નામવર ! આ જગા પૃથ્વીનો મધ્ય ભાગ છે.'

શાહ--એજ છે એની ખાત્રી શી ?

બીરબલ--જોઇએ તો આપ માપી જુઓ, આપ જેવા મ્હોટા બાદશાહનું આ પાયતખ્ત શહેર, કે જ્યાં દેશ દેશોના વેપારીઓ પોતાનો વેપારનો માલ ખપાવવા સેંકડો નહીં પણ હજારો ગાઉ ઉપરથી આવે છે તે નહીં તો બીજો કયો પૃથ્વીનો મધ્ય ભાગ હોય ?

બીરબલની આવી ચતુરાઇ જોઇ શાહ ઘણોજ ખુશી થયો. અને દરબારીઓ પણ ચકીત થયા.

દરબાર બરખાસ્ત થઇ અને શાહ મહેલમાં ગયો તે વખતે બીરબલને પણ સાથે તેડતો ગયો. ત્યાં જનાનખાનાનો વડો હાજર હતો. થોડીવાર અહીં તહીંની વાતો કર્યા પછી શાહે બીરબલને પુછ્યું કે, ' બીરબલ ! આખી દુનીયામાં પુરૂષો વધારે હશે કે સ્ત્રીઓ ?' આમ બોલતાં તે વડા હીજડાની સામે જોઇ રહ્યો.

બીરબલ આ હસવા ઉપરથી કાંઇક વાત પામી જઇને કહ્યું કે, ' માલીક ! આ જવાબ આપવો જરા કઠીણ છે કારણ કે, એમાં એક વાતનો નીર્ણય થવો જરૂરનો છે. હીજડાઓને સ્ત્રીમાં ગણવા કે પુરૂષમાં એ મોટો વાંધો છે. નથી તેઓ મરદમાં ગણાતા કે નથી ગણાતા ઓરતમાં. માટે આખી દુનીઆમાં હીજડાઓની સંખ્યા જો આપ ગણી આપો તો પછી હું મારો જવાબ આપું.'

શાહ--બીરબલ ! એ ગણત્રી થાય તેવી નથી.

બીરબલ--ત્યારે હું આપનો જવાબ શી રીતે આપી શકું ?

આ સાંભળી શાહ ખુશ થઇને તેને જવાની રજા આપી.

-o-

# વારતા એકસો છત્રીસમી

-0:0-

## ગપીદાસનો ગપ ગોલો

-0:0-

એક સમે શાહ અને બીરબલ બાગમાં બેસી વિનોદની વાતો ચલાવી રહ્યા હતા. એટલામાં ત્યાં એક ગપીદાસ આવ્યો. આ માણસ જ્યારે આવતો ત્યારે કાંઇને કાંઇ અસંભવીત વાત લાવતો હતો. પણ તેની વાત સાંભળી કોઇ પણ જવાબ આપતું નહતું. આજ તેણે આવીને કહ્યું કે, 'ખુદાવીંદ ! મેં એક નવાઇ જેવો બનાવ જોયો છે, રજા હોય તો કહી સંભળાવું.'

શાહ--બોલ તેં શું જોયું ?

ગપીદાસ--હજુર ! આજ એક બકરી વાઘનો કાન પકડી ચાલી જતી હતી તે મેં મારી નજરે દીઠું.

તેની આવી ગપ સાંભળતાંજ શાહ તો ખડ ખડ હસી પડ્યો પણ બીરબલે વીચારયું કે આ ગપીદાસને એવો બનાવવો કે, તે ગપનો ગોળો છોડતાં ભુલી જાય. એમ ધારી બીરબલે કહ્યું કે, ' હા, તમારી વાત ખરી હોય એમ મને લાગે છે કારણ કે મેં પણ એક નવાઇ જેવો બનાવ જોયો છે. એક દહાડે એક માણસ પોતાની ભેંસને પાણી પીવરાવવા માટે નદીને કાંઠે લઇ ગયો. ભેંસ પાણી પીતી હતી એટલામાં એક મગર આવીને માણસના બે પગ પકડ્યા, તે માણસે સમયસુચકતા વાપરી ભેંસનું પુછડું પકડી લીધું. બંનેએ તેને પોતપોતાની તરફ ખેંચવા માંડ્યો. છેવટે મગરે તેના શરીરનો અડધો ભાગ ખેંચી જવા શક્તીવાન થયો. બાકીનો આગલો ધડ ભેંસના પુછડાને વળગી રહ્યો. એટલામાં ત્યાં એક વૈદ આવી ચઢ્યો, તેણે બકરીનો પાછલો ભાગ કાપી તે માણસના ધડ સાથે સાંધી દીધો. થોડા દીવસમાં તે સાજો થઇ ગયો. હજી સુધી તે માણસ બકરીની પેઠે દુધ આપે છે.'

પોતાની ગપ સામે બીરબલે ગપ મારી તેથી તે નાજવાબ થઇ શરમાઇને ત્યાંથી જતો રહ્યો.

-0-

# વારતા એકસો સાડત્રીસમી

-0:0-

## વણીક કળા -૧

-0:0-

એક દીવસે બીરબલે શાહને કહ્યું કે, 'જનાબે આલી ! ગઇ કાલે એક વણીકના ઘરમાં ચોર ભરાયો હતો તેણે તે ચોરને યુક્તી કરીને પકડાવીઓ હતો. તે યુક્તી બહુજ અજાયબ પામવા જેવી હતી.'

શાહ--એવી તે શી યુક્તી કીધી હતી તે તો જરા કહી સંભળાવ.

બીરબલ--સાંભળો ત્યારે.

પાનાચંદ નામના વણીકના ઘરમાં પાછલી રાતે એક ચોર દાખલ થયો. પણ વાણીઆને ખાટલાપર જાગતો પડેલો જાણીને તે ચોર તેના ખાટલા નીચે સંતાઇ બેઠો. પોતાના ખાટલાની નીચે ભરાઇ બેઠેલા ચોરને વાણીઆએ દીઠો. મોતના ભયથી વાણીઓ કંઇ પણ ન બોલતાં જાણે પોતે તેજ વખતે ઉંઘમાંથી ઉઠ્યો હોય એવો દેખાવ કરી પાનસોપારીની ચમચી કાઢી પાન ખાવા બેઠો. બે ત્રણ પાન સારી પેઠે કાથો ચુનો તથા સોપારી નાખી તેણે મોઢામાં ભર્યા અને ઉપરથી તંબાકુની ચપટી લીધી. તંબાકુ ખાનાર પાનની પીચકારીઓ મારે છે તેમ આ વણીકે મોઢાના બે હોઠ આડા આંગળા મુકી પીચકારીઓ મારવા માંડી. તે આબાદ ખાટલાની નીચે બેઠેલા ચોરની ઉપર પડતી હતી. ચોરે વીચાર કીધો કે વાણીઓ પાન ખાઇ રહેશે એટલે સુઈ જશે. પણ તેમ તો કાંઇ બન્યું નહીં. પણ તેમ ન બનતા વાણીઆએ તો ચાવેલા પાનનો કુચો કાઢી નાખી બીજા પાનની પટી બનાવી ખાધી અને તેની પીચકારીઓ નવેસરથી મારવી શરૂ કીધી. આમ કરતાં કરતાં સહવાર પડવા આવી હતી, પોતાના ઘરમાં ચોર ભરાયો છે એ વાત વાણીઆણી જાણતી નહતી તેથી તે પોતાનો ઉઠવાનો સમય થતાં ઉઠી એટલે વાણીએ એક પીચકારી તેની ઉપર નાંખી આથી વાણીઆણી રીસે ભરાણી અને દરવાજો ઉઘાડવા જતાં બોલી કે, 'બલ્યુ, તમે તો હવે બહુજ ગંદા થયા છો ! મારી ઉપર આવી રીતે પાનની પીચકારીઓ નાખો છો તેથી મને તો શુગ લાગે છે.' એટલું કહી તેણે દરવાજો ઉઘાડી નાખ્યો. તે જોઇને વાણીઆએ કહ્યું કે, ' મેર રાંડ અભાગણી તું તે કેવી છે ! ખાટલા નીચે હાથ કરીને આ બીચારા પારકા માણસની ઉપર હું

બે કલાક થયા પીચકારીઓ મારૂં છું છતાં તે તો કાંઇ બોલતો નથી અને તારી ઉપર એક પીચકારી નખી તેમાં એટલી બધી સુગાઈ કેમ ગઇ ! લે, વળી આવી મોટી મરજાદણની છોકરી !'

વાણીઆની મ્હોટી બુમ સાંભળતાજ આસપાસ રહેતા પાડોસીઓ ત્યાં એકઠા થઇ ગયા. તેમને અંદર બોલાવી પહેલા ચોર ભાઇને ખાટલા નીચેથી બહાર કાઢ્યો.

ચોર બીચારો પાનની પીચકારીથી કીરમજી રંગથી રંગાઇ ગયો હતો. તેના કપડા, શરીર, મો વગેરે બધા ભાગો ઉપર પાનની પીચકારીઓ પડી હતી. એકઠા થયેલા પડોસીઓએ મળી ચોરને પકડ્યો અને સીપાઇઓને બોલાવી તેને પકડાવી દીધો. કોટવાર પાસે લઇ ગયા કોટવાળે વાણીઆની હકીકત સાંભળી લઇને ન્યાયધીશ આગળ મોકલ્યો.

ચોરે પોતાનો અપરાધ કબુલ કરવાથી ન્યાયધીશે તેને સજા કીધી.

શાહ--બીરબલ ? વાણીઆઓ ઘણી વેળાએ તે બહુજ ચતુરાઇથી કામ લે છે.

બીરબલ--હજુર ! બીજા વાણીઆએ આવીજ રીતની યુક્તી કીધી હતી. અને તેણે પોતાના ઘરમાં ખાતર પાડી દાખલ થયેલા ચોરને પકડાવીઓ હતો તે વાત બીજી વખત હું કહી સંભળાવીશ. એટલું કહી બંને જણ છુટા પડ્યા.

-o-

# વારતા એકસો આડત્રીશમી

-0:0-

## વણીક કળા -ર

-0:0-

બે ચાર દહાડા વીત્યા પછી એક દીવસે શાહ અને બીરબલ બાગમાં બેઠા હતા. તે સમે વાત ઉપરથી વાત નીકળતાં વાણીઆની વાત યાદ આવતા શાહે કહ્યું કે, ' બીરબલ ! તે દીવસે બીજા વાણીઆની કળા વીષે વાત કરવા કહ્યું હતું તે જો યાદ હોય તો કહી સંભળાવ.

બીરબલ--તે આપણા શહેરનોજ પણ જરા ગરીબ હાલતનો એક વાણીઓ હતો. તેણે પણ ચોરને મારી નાખી પોતાના માથેથી તોહોમત ઉતારી બીજા ઉપર નાંખ્યું હતું.

કપુરચંદ નામે વણીક પોતાના નાના સરખા ઘરમાં રહેતો હતો. એક રાતના તેના ઘરમાં ચોર દાખલ થયો. તે ચોર એક બાજુએ બેસી વાણીઆના કીમતી સામાનનો પોટલો બાંધતો હતો. એટલામાં વાણીઆની નજર તેની ઉપર ગઇ. તરત વાણીઆએ તરવાર ખેંચી ચોરનું માથું ઉરાડી મુક્યું.

પ્રભાત થવા આવી એટલે વાણીઓ ઓસરીમાં જઇ બેઠો. એટલામાં પડોસમાં રહેનાર એક સીપાઈ ત્યાંથી જતો હતો. તે સીપાઈને ઘરમાં બોલવીને તે ચોરના શબને બતાવીને કહ્યું કે, ' જમાદાર સાહેબ ! રાતે ચોરી કરવા આ ચોરને મેં ઠાર કરેલ છે, પણ હવે સરકારમાં મારે ફરીયાદ શી રીતે કરવી તે હું જાણતો નથી.' એટલું કહી એક નવું ધોતીઉં જમાદારને દીધું. તે લઈ જમાદારે કહ્યું કે, ' અરે એમાં તે શું ? આ ચોરને તો મેં માર્યો. આ તો જુનો ચોર હતો તેથી તેને જીવતો અથવા મુવેલો લાવનારને સરકારે ઇનામ આપવા ઠરાવ કરેલ છે. તેજ ચોર આજ માર્યો ગયો તેથી મને ઇનામ મળશે.'

એટલું કહેતાની વાર જમાદારે ચોરના શબને વાણીઆના ઘરમાંથી ઘસડી બહાર કાઢી અને મજુરો પાસે ઉંચકાવી ચોકી ઉપર લઈ ગયો.

જમાદાર ગયા પછી વાણીઆણીએ કહ્યું કે, 'પ્રાણનાથ તમે ધોતીઉં મફતનું આપી દીધું. ચોરને તમે ઠાર કીધો. અને તેનું ઇનામતો જમાદાર લેશે ?

વાણીઓ--તું જોજે તો ખરી, એ ધોતીઆના ઢોલતો હવે વાગશે.'

આ સાંભળી વાણીઆણી ચુપ થઇ ગઇ.

જમાદારે ચોરને મારયો એવી વાત આખા ગામમાં પસર ગઇ.

આ વાત ચોરના ભાઈની જાણવામાં આવતાંજ તેણે તેજ રાતના જમાદારને મારી નાખવાનો ઠેરાવ કીધો. ચોર જમાદારની પુંઠે પડ્યો અને એક અંધારી ગલીમાં તપાસ કરવાને જતા જમાદારનું માથું ચોરના ભાઈએ ઉરાડી મુક્યું.

રોન ફરતા જમાદાર મરાયો એવી વાત થોડી વારમાં આખા શહેરમાં ફેલાઇ ગઇ. તેના શબને તેને ઘેર લઇ ગયા અને સવારના પહોરમાં તેને ઠેકાણે પાડવા લઇ ગયા. તેના શબને લઇ ગયા પછી તેના ઘરની અને સગાવહાલાઓની સ્ત્રીઓ એકઠી મળી ઘરની બહાર કુટવા લાગી. તેમને રડતી કુટતી સાંભળી વાણીઅણે વાણીઆને પુછ્યું કે, કોણ મરી ગયું ?

વાણીઓ--અરે એ તો ધોતીઆના ઢોલ વાગે છે ? ગીત તો હવે ગવાશે !

વાણીઆણી બહાર આવીને જોયું તો જમાદારના માર્યા ગયાની વાત તેના સાંભળવામાં આવી.

પોતાના ધણીએ ચોરને ઠાર કીધો પણ જમાદારે એક કીર્તિ મેળવવાની લાલચે પોતાને માથે તે ચોરને મારી નાખવાનું કેટલું બધું જોખમ ઉંચકી લીધું, તે જોઇ પોતાના ધણીની કળાથી તે આનંદ પામી.

બીરબલ--જનાબે આલી ! વણીક કળાથી પોતાના માથા ઉપરનું જોખમ બીજા ઉપર નાખી પોતે છુટો થઇ ગયો. તેથી વાણીઆ ડાહી માના દીકરા કહેવાય છે એ વાત ખોટી નથી.

બીરબલની આ વાત સાંભળી શાહ ઘણો ખુશી થયો. અને બંને જણ ત્યાંથી છુટા પડ્યા.

-o-

# વારતા એકસો ઓગણચાલીસમી

-0:0-

## શાહ અને વાણીઆઓ

-0:0-

એક સમે શાહ અને બીરબલ હાંક સલેમાન ગાંડાની પેઠે વાતો હાંકી રહ્યાં હતાં ઉનાળાના દહાડા હતા પણ બગીચામાંના ઝાડોને લીધે મંદ માદ વાયુની લહેરો આવતી હતી. ઉનાળાને લાયકના બારીક લુગડાઓ બંનેએ પહેરેલાં હતાં. વાત ઉપરથી વાત નીકળતાં શાહે પુછ્યું કે, 'બીરબલ ! વાણીઆઓ ડાહીમાના દીકરા કહેવાય છે તે વાત ખરી કે નહીં ?

બીરબલ--ગરીબ પરવર ! ખરેખર વાણીઆઓ જેવા ડાહીમાના દીકરા બીજા કોઈકજ હશે.

શાહ--બીરબલ ! મને એનો પુરાવો બતાવીશ !

બીરબલ--નેક નામદાર ! હમણાંજ એમાં તે શું !

એટલું કહીને બીરબલે થોડાક મગ મંગાવીને દરબારમાં રાખીને પછી શહેરમાંથી ચાર શહુકાર વાણીઆઓને બોલવી મંગાવી માનસહીત આસન પર બેસાડ્યા. પછી બીરબલે પુછ્યું કે, ' શેઠજી ! આ અનાજનું નામ શું ?'

ડાહીમાના દીકરા વિચારમાં પડી ગયા કે, આજ આ જાણીતા અનાજનું નામ શાહ પુછે છે માટે તેમાં કાંઇ ભેદ હોવો જોઇએ. માટે કાંઇ વીચાર કરીને જવાબ આપવો. જો શહેનશાહને આપણો ખરો જવાબ આપીશું તો તે કાંઇ વાંકમાં લાવી આપણને હેરાન કરશે. તેઓને આવી રીતે વીચારમાં પડેલા જોઈ શાહે પુછ્યું કે, ' કેમ શેઠજીઓ ! વીચારમાં પડ્યા ? આનું નામ શું તે કહોની !'

એક વાણીઓ થોડાક હાથમાં લઇને કહ્યું કે ' સરકાર ! આતો અડદ જણાય છે !'

બીજાએ કહ્યું કે, ' આ તો મરી જેવું જણાય છે ખરૂં !'

તીજો--વટાણાથી કાંઇ નાનું અનાજ છે એનું નામ શું તે મને યાદ આવતું નથી ?

આ પ્રમાણે તેમની વાતો સાંભળી શાહે કહ્યું કે, ' અરે વાણીઆઓ ! તમે તો દીવાના થયા છો ? આ તો મગ છે મગ !

વાણીઆ--સાહેબ ! હા. એજ એજ.

શાહ--એજ એટલે શું ? નામ દોની ?

વાણીઆ--આપે હમણાં જે કહ્યું તે ?

શાહ--પણ તેનું કંઇ નામ ?

વાણીઆ--આપે હમણાં નામ દીધું તેનું નામ તો અમે ભુલી ગયા સરકાર માબાપ !

શાહ-શું મગ ?

વાણીઆ--હા માલીક એજ !

આટલું થતાં પણ વણીકોએ મગનું નામ પાડ્યું નહીં. તેની આવી ચતુરાઈ જોઇ શાહ અજાયબ પામ્યો. પછી તેઓને જવાની રજા આપી.

-o-

# વારતા એકસો ચાલીસમી

-O:O-

# રૂપનું પુતળુ

-O:O-

બીરબલ જરા કાળા વરણનો હતો. એક વખતે દરબારમાં રૂપ રંગ વીષે વાત નીકળતાં બીરબલના કાળા રૂપની બધાએ મશ્કરી કીધી. આ સમે બીરબલ દરબારમાં હાજર ન હતો. થોડો વખત વીત્યા બાદ બીરબલ દરબારમાં દાખલ થયો ત્યારે તેને જોઈ શાહ તથા તમામ દરબારીઓ હસવા લાગ્યા. પોતાને જોઈ સઘળાઓ શા માટે હસે છે તેનું કારણ જાણવાની બીરબલને ઇચ્છા થઇ, પણ તે ઇચ્છા બહાર ન જણાવતાં તે ગુપ ચુપ પોતાની જગાએ જઇ બેઠો. બેઠા પછી તેણે ધીમે રહીને શાહને પુછ્યું કે, ' સરકાર ! આજ તો આપ કાંઈ તુણાજ ખુશ મીજાજમાં છો !'

શાહ--બીરબલ ! એ તો તારૂં સ્વરૂપ જોઈને હસતાં હતાં. અમે બધા સફેદ દુધ જેવા છઇયે અને તું કાળો કેમ છે ?

બીરબલ--ત્યારે આપ ખુદાવીંદને એ માટે કાંઇજ ખબર નથી ?

શાહ--નહીં ! મને એ માટે કાંઇ ખબર નથી, એનું કારણ શું તે કહે.

બીરબલ--અન્નદાતા ! પરમ પુરૂષોત્તમ ભગવાને જ્યારે જગત રચવા માંડ્યું ત્યારે પહેલા ઝાડ પાન વગેરે બનાવ્યું. પણ તે ઝાડપાનથી તેને જોઇએ તેવો સંતોષ ન મળવાથી તેણે પશુ પક્ષીઓની સૃષ્ટી ઉત્પન્ન કીધી. તે જોઈ તેને આનંદ થયો પણ જુજ વખતનો ! તેથી પણ વધારે સૃષ્ટી રચવાનો વીચાર કરી જગતનીયંતાએ મનુષ પ્રાણી બનાવ્યું. મહેષ પ્રાણીને જોઇ કૃષ્ણમોરારીએ અત્યંત આનંદ માન્યો. પોતાની કૃતી સફળ માની, પછી મનુષ પ્રાણી માટે ચાર વસ્તુઓ બનાવી. એક તો રૂપ, બીજું દ્રવ્ય ત્રીજી અકલ, અને ચોથું બળ. એ પ્રમાણે ચાર વસ્તુઓ બનાવ્યા પછી તે ચારે વસ્તુને થોડેથોડે અંતરે મુકીને માણસ માણસ જાતને હુકમ કરયો કે, અમુક વખતની અંદર આમાંથી સહુને મન ગમતી વસ્તુઓ લઇ લેવી. મારા તે વખતના વીચાર પ્રમાણે લે તો પહેલાં અકલ લેવા ગયો પણ અકલ લેતાં

ઘણોજ વખત લાગ્યો. પછી બીજી વસ્તુ લેવા ગયો. ત્યાં મને જણાયું કે, આપેલી પુરી થઇ હતી તેથી મને બીજી વસ્તુ મળવી કઠણ હતી. તેથી માત્ર હું અકલ લઇને પાછો ફર્યો આપ પોતે તો પહેલા રૂપ, પછી દ્રવ્ય લેવા ગયા તે આપને મળ્યું. મને રૂપ લેવા અવકાશ ન મળવાથી હું કાળો રહ્યો.

બીરબલનું આવું યુક્તીદાર બોલવું સાંભળી શાહ આનંદ પામ્યો. તે મનમાં સમજી ગયો કે બીરબલે પોતાના અકલવાન બનાવી મને રૂપનું પુતળું બનાવ્યો છે. દરબારીઓ પણ બીરબલ નો આ ખુલાસો સાંભળી આનંદ પામ્યા. પણ પોતે બીરબલને જોઇ હસ્યા હતા તેથી શરમને લીધે નીચેથી ઉંચે જોઇ ન શક્યા. બીરબલે પોતાની હુશીઆરીથી તેમને પોતાને વશ કરી લીધા હતા.

-0-

# વારતા એકસો એકતાલીસમી

-0:0-

## બહુ રૂપી ઠગ

-0:0-

દીલ્લી શેહેરમાં એક બહુ રૂપી ઠગ રહેતો હતો. તે થોડો પઇસાદાર હતો. તેના શરીરના અવયવો એવી રીતે વળતા હતા કે તે પોતાના શરીરને તથા ચેહેરાને તરેહવાર રૂપ આપી શકતો હતો. એક સમે તેણે એક ચનુર ચીતારાને પોતાને ઘેર બોલાવી પોતાની છબી પાડવા કહ્યું. ચીતારાએ તેની કીંમત ઠેરાવી થોડા દહાડામાં તેની છબી લાવવાનો વાયદો કરીને ગયો. કરેલા વાયદાની અંદર તે ચીતારો તેની છબી પાડી લાવ્યો. તે જોઇ તે માણસે પોતાનો ચેહેરો એવી રીતે ફેરવી નાખ્યો કે, તેના ચહેરામાં તથા છબીમાં આસમાન જમીન જેટલો ફરક પડી ગયો તે જોઈ ચીતારો વીચારમાં પડી ગયો કે, આમ કેમ થયું. છબી બનાવતાં પોતાનીજ કાંઇ ભુલ થઈ હશે જાણી ચીતારે ચહેરો ફરીથી ચીતરવા કબુલ થયો. થોડા દહાડામાં પોતાની ખાત્રી પુરવક કામ કરી ચીતારો પાછો આવ્યો તો તે ઠગે કાંઇક ફેરફાર કરયો. આ પ્રમાણે ચાર પાંચ વખત થતાં તે થાક્યો. ચીતારાએ વધુ ફેરફાર કરવાની ના પાડી. મેહેનતના પઇસા માગ્યા. ઠગે કહ્યું કે, મારી છબી તેં બરોબર પાડી નથી છતાં પઇસા સાના માગે છે ?

ચીતારો--પાચ છ વખત તમારી છબીમાં ફેરફાર કરવા છતાં તમે કહો છો કે, છબી બરોબર નથી એ શું ? મને મારી મહેનતના પઇસા આપો.

પઇસા સંબંધી બંને વચ્ચે તકરાર ખૂબ ચાલી. ઠગે ચીતારાને મારવાની ધમકી આપી. આ ધમકીથી ચીતારો ગભરાઈ જઈ તરત ત્યાંથી નીકળી બીરબલ પાસે આવીને તે છબી બતાવી બનેલી સઘળી હકીકત કહી બીરબલે સઘળી વાત સાંભળી લઈ વીચાર કર્યો કે, ઠગે જરૂર આ ચીતારાને છેતરયો છે તે માણસ પોતાના ચહેરામાં કોઈ પણ રીતે ફેરફાર કરી જાણનાર હોવો જોઈએ. માટે આ ચીતારાના પઇસા કોઈ યુક્તી કરી આપવા જોઈએ.

આવો વીચાર કરી બીરબલે ચીતારાને કહ્યું કે, ' તું બે ચાર દહાડા રહીને એક આરસી લઈ પેલાને ત્યાં જજે. તે વખતે મારા બે અમલદારો તારી સાથે છુપા વેષમાં આવશે. પેલા માણસને તું કહેજે કે, હું તમારી આબેહુબ છબી પાડી લાવ્યો છું. આમ કહીને આરસી

બતાવજે. એટલે તેમાં તેનું પોતાનું મોંઢું દેખાશે. તે ગમે તેવો ચહેરો ફેરવશે તોપણ તેમાં તેનોજ ચહેરો જણાશે,'

બીરબલના કહેવા મુજબ ચીતારો બે દીવસ પછી એક મોટી આરસી લઈ તથા બે અમલદારોને છુપા પોશાકમાં સાથે લઈને પેલા માણસને ત્યાં જઈને કહ્યું કે, ' શેઠ ? હું તમારી અબેહુબ છબી ચીત્રી લાવ્યો છું. જુઓ,'

એમ કહી તેના મોઢા પર આરસી ધરી, આરસીમાં ગમે તેટલો મોઢામાં ફેરફાર કરે તોપણ તે ફેરફાર પ્રમાણે ચહેરો જણાય. પેલાએ જોયું કે, હવે તે ફસ્યો તો ખરો પણ ફીકર નહીં. હવે ફેરવી તોલવું પડશે. તેણે કહ્યું કે, ' તું મને આ આરસી બતાવી શું કરે છે ?'

ચીતારો--તમારી ખરેખરી છબી બતાવું છું '

ઠગ--પણ મેં તને છબી પાડવાનું ક્યારે કહ્યું છે ?

ચીતારો--શેઠ ! તમે ફરી શા માટે જાઓ છો. તમે પોતેજ મને તમારી છબી પાડવાનું કહ્યું છે. હવે મેં તમને તમારી ખરેખરી છબી બતાવી ત્યારે તમે નાકબુલ શા માટે જાઓ છો ? કરેલા ઠરાવ મુજબ મને મારા પઇસા ચુકવી આપો.

ઠગે પઇસા આપવાની ના પાડી. તે જોઈ પેલા બે અમલદારો જે એટલા વખત સુધી શેપચુપ ઉભા હતા તેઓએ કહ્યું કે, ' શેઠ ! તમારે હવે દરબારમાં અમારી સાથે આવવું પડશે. '

ઠગ--તમે મને દરબારમાં લઈ જનાર કોણ ?

તરત પેલા અમલદારોએ પોતાનો છુપો વેશ ઉતારી નાખી અને ખરા પોશાકમાં સામા જઈ ઉભા રહ્યા. આ જોઈ તે ઠગ ગભરાઈ ગયો. તેણે પેલા ચીતારાને પઈશા આપવા માંડ્યા. પણ અમલદારોએ ના પાડી, અને તેને પકડીને દરબારમાં બીરબલ આગળ જઈ ઉભો કીધો. બીરબલે તેની તપાશ કરી તેને ઠગાઈના વાંક માટે અપરાધી ઠરાવી પેલા ચીતારાને પઈશા અપાવી ઠગને ચાર માશના કેદની સજા કીધી.

-0-

# વારતા એકસો બેતાલીસમી

-0:0-

## રમલ જોનારનું અપમાન

-0:0-

એક સમે રાતના શાહને એવું સ્વપ્નું આવ્યું કે, તેના બધા દાંત એકદમ પડી ગયા. માત્ર એક દાંત રહી ગયો. વળતે દિવસે શાહે સવારના રમલ જોનારને બોલાવી તે સ્વપ્નાંનો ખુલાસો પૂછ્યો. રમલ જોનારે રમલ જોઈ કહ્યું કે ' નામવર ! તમારા બધાં સગાંવહાલાં તમારી હયાતીમાં જ ગુજરી જશે.'

આ મૂરખ રમલ જોનારનાં આવા વાક્યો સાંભળી શાહને એકદમ રીસ ચઢવાથી રમલ જોનારને ત્યાંથી તરત કાઢી મુકાવ્યો. થોડીવાર પછી બીરબલ આવ્યો. તે જોઈ તે સંબંધી હકીકત કહી સંભળાવીને શાહે ખુલાસો પૂછ્યો ધીમેથી બીરબલે કહ્યું કે, ' સરકાર ! એ સ્વપ્નનો ખુલાસો ખુલ્લો જ છે, આપ આપના સગા શંબંધીઓથી વધારે લાંબુ આયુષ ભોગવશો. માત્ર એકજ દાંત રહી ગયો તે એકજ સંબંધી આપનાથી વધારે આયુષ ભોગવશે.

બીરબલનો આ ખુલાસો શાંભળી શાહ આનંદ પામ્યો.

-0-

## ભાગ અઢારમો સમાપ્ત.